SUPREME AUDIT INSTITUTION OF INDIA
लोकहितार्थ सत्यनिष्ठा
Dedicated to Truth in Public Interest

# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
# વર્ષ 2024-25 માટેનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ

ગુજરાત સરકાર

**2026નો અહેવાલ ક્રમાંક 2**

(રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ)

# ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકનો
# વર્ષ 2024-25 માટેનો રાજ્યની નાણાકીય પરિસ્થિતિ
# પરનો અહેવાલ

**ગુજરાત સરકાર**

**2026નો અહેવાલ ક્રમાંક 2**

# વિષયસૂચિ


| સામગ્રી | ફકરો / પરિશિષ્ઠ | પૃષ્ઠ |
|---|---|---|
| પ્રસ્તાવના | | vii - x |
| કાર્યલક્ષી સમીક્ષા | | xi - xv |
| **પ્રકરણ I રાજ્યના નાણાકીય બાબતોનો વિહંગાવલોકન** | | |
| રાજ્યની રૂપરેખા | 1.1 | 1 |
| રાજ્યની વસ્તીવિષયક માહિતી | 1.1.1 | 1 |
| રાજ્યનું અર્થતંત્ર | 1.1.2 | 2 |
| ગુજરાતનું રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન અને માથાદીઠ રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન | 1.1.2.1 | 2 |
| સકલ રાજ્ય મૂલ્યવર્ધિત (GSVA) માં ક્ષેત્રીય યોગદાન | 1.1.2.2 | 3 |
| નાણાકીય સ્થિતિની ઝલક | 1.1.3 | 5 |
| ભંડોળોના સ્રોતો અને ઉપયોગ | 1.1.4 | 7 |
| સરકારની અસ્ક્યામતો અને જવાબદારીઓની ઝલક | 1.1.5 | 9 |
| રાજ્યનો એકત્રિત નિધિ | 1.2 | 10 |
| મહેસૂલી આવક | 1.2.1 | 10 |
| મૂડી આવક | 1.2.2 | 26 |
| નાણા પંચના અનુમાનો અને ખરેખર મૂલ્યો | 1.2.3 | 28 |
| ખર્ચ | 1.2.4 | 29 |
| મહેસૂલી ખર્ચ | 1.2.4.1 | 32 |
| મૂડી ખર્ચ | 1.2.4.2 | 42 |
| આકસ્મિક નિધિ | 1.3 | 51 |
| જાહેર હિસાબ | 1.4 | 51 |
| જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો | 1.4.1 | 51 |
| અનામત ભંડોળ | 1.4.2 | 52 |
| એકત્રિત ડૂબત નિધિ | 1.4.2.1 | 54 |
| આપદાના જોખમના વ્યવસ્થાપન માટે ભંડોળ | 1.4.2.2 | 54 |
| રાજ્ય વળતર વનીકરણ ભંડોળ | 1.4.2.3 | 57 |
| બાંયધરી મુક્તિ ભંડોળ | 1.4.2.4 | 58 |
| રોકડ સિલકો | 1.4.3 | 58 |

| સામગ્રી | ફકરો / પરિશિષ્ટ | પૃષ્ઠ |
|---|---|---|
| રોકડ સિલકનું મૂડીરોકાણ | 1.4.3.1 | 58 |
| વ્યાજ ન ધરાવતી થાપણો | 1.4.4 | 61 |
| રાજકોષીય ટકાઉપણું | 1.5 | 61 |
| જાહેર જવાબદારીનું વ્યવસ્થાપન | 1.5.1 | 62 |
| જવાબદારીની રૂપરેખા: ઘટકો | 1.5.1.1 | 63 |
| ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ | 1.5.1.2 | 66 |
| ઋણની રૂપરેખા: પક્વતા અને પરત ચુકવણી | 1.5.1.3 | 68 |
| રાજકોષીય ખાધની નાણાકીય પધ્ધતિ | 1.5.1.4 | 70 |
| ઓડિટ બાદના ખાધના સૂચકાંકો | 1.5.2 | 71 |
| ઓડિટ બાદ જાહેર ઋણ | 1.5.2.1 | 73 |
| રાજકોષીય સિલક: ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિ | 1.5.3 | 73 |
| ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ | 1.5.4 | 76 |
| બાંયધરીઓની સ્થિતિ– આકસ્મિક જવાબદારીઓ | 1.5.5 | 80 |
| નાણાકીય સ્થિરતાના માર્ગો | 1.5.6 | 82 |
| રાજ્યની આવકમાં સુધારો કરવો | 1.5.6.1 | 82 |
| ખર્ચ બાબતના મુદ્દાઓ | 1.5.6.2 | 86 |
| ઉપસંહાર | 1.6 | 88 |
| સારી પ્રથાઓ | 1.7 | 89 |
| ભલામણો | 1.8 | 89 |
| **પ્રકરણ II અંદાજપત્રીય વ્યવસ્થાપન** | | |
| અંદાજપત્રની પ્રક્રિયા | 2.1 | 91 |
| જાતિગત અંદાજપત્ર | 2.1.1 | 92 |
| અંદાજપત્ર પૂર્વાનુમાન અને અપેક્ષા તથા વાસ્તવિક વચ્ચેનું અંતર | 2.2 | 96 |
| અંદાજપત્રીય જોગવાઇઓ અને ખર્ચનું ઘટક/સેવા પ્રમાણે વિશ્લેષણ | 2.2.1 | 99 |
| અંદાજપત્રીય જોગવાઈઓથી વિચલન માટે ખૂટતી/અધૂરી સ્પષ્ટતાઓ | 2.2.2 | 99 |
| અંદાજપત્રીય લક્ષ્યવેધ | 2.3 | 100 |
| વિનિયોગ હિસાબો | 2.4 | 102 |
| અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયા | 2.5 | 103 |
| અધિક ખર્ચ અને તેનું નિયમિતકરણ | 2.5.1 | 103 |
| કેટલાક અનુદાનોમાં સતત અધિક ખર્ચ | 2.5.2 | 104 |

| સામગ્રી | ફકરો / પરિશિષ્ઠ | પૃષ્ઠ |
|---|---|---|
| અનાવશ્યક પૂરક અનુદાન | 2.5.3 | 104 |
| ભંડોળનો અનુચિત પુનર્વિનિયોગ | 2.5.4 | 105 |
| વણવપરાયેલી રકમો અને પરતસોંપણી કરેલા વિનિયોગો અને/અથવા મોટી બચતો/ પરતસોંપણી | 2.5.5 | 107 |
| અંદાજપત્રીય જોગવાઈઓના ઓછા ઉપયોગના કારણે નોંધપાત્ર બચત | 2.5.5.1 | 107 |
| મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ વચ્ચે ખોટું વર્ગીકરણ | 2.5.6 | 110 |
| અંદાજપત્રમાં મુખ્ય નીતિગત જાહેરાતો અને તેનું અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે વાસ્તવિક ભંડોળ | 2.5.7 | 110 |
| અંદાજપત્રમાં નવી બાબતોનો અમલ | 2.5.7.1 | 111 |
| ત્રિમાસિક ખર્ચ મર્યાદાનું પાલન ન કરવું | 2.5.8 | 112 |
| પસંદ કરેલ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું અમલીકરણ | 2.6 | 114 |
| એકલ નોડલ એજન્સી | 2.6.1 | 115 |
| એકલ નોડલ એજન્સી – SPARSH | 2.6.2 | 116 |
| આકસ્મિક નિધિ | 2.7 | 117 |
| આકસ્મિક નિધિમાંથી પેશગી | 2.7.1 | 117 |
| ઉપસંહાર | 2.8 | 118 |
| સારી પ્રથાઓ | 2.9 | 118 |
| ભલામણો | 2.10 | 118 |
| **પ્રકરણ III નાણાકીય અહેવાલની પધ્ધતિઓ** | | |
| રાજ્ય માલિકીની PSU/સત્તાધિકારીઓ દ્વારા અંદાજપત્ર બહારના ઋણ | 3.1 | 119 |
| સરકારની વણચૂકવાયેલ જવાબદારીઓ | 3.2 | 119 |
| વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી | 3.2.1 | 120 |
| રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી હેઠળ બિનમુક્ત જવાબદારીઓ | 3.2.2 | 121 |
| શ્રમિક કલ્યાણ બોર્ડને શ્રમ ઉપકર સ્થાનાંતરિત ન કરવું | 3.2.3 | 122 |
| સ્થાનિક સંસ્થાઓને ઉપકરનું અહસ્તાંતરણ | 3.2.4 | 123 |
| વ્યક્તિગત થાપણ ખાતામાં દંડનું હસ્તાંતરણ ન કરવું | 3.2.5 | 124 |
| રિફંડના પડતર કેસો | 3.2.6 | 125 |
| સરકારના ખાતાઓની બહારના ભંડોળ | 3.3 | 126 |
| જાહેર ખાતા બદલે બેંક ખાતાઓમાં ગુજરાત વિદ્યુત નિયમન આયોગના ભંડોળનું સંચાલન | 3.3.1 | 126 |

| સામગ્રી | ફકરો / પરિશિષ્ઠ | પૃષ્ઠ |
|---|---|---|
| વપરાશી પ્રમાણપત્રો | 3.4 | 127 |
| વપરાશ પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ | 3.4.1 | 128 |
| ઉચ્ચક આકસ્મિક બિલ | 3.5 | 133 |
| વ્યક્તિગત થાપણ ખાતાં | 3.6 | 134 |
| ગૌણ સદર 800 નો ઉપયોગ | 3.7 | 138 |
| ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો | 3.8 | 141 |
| વિભાગીય આંકડાઓનું મેળવણું | 3.9 | 143 |
| રોકડ સિલકોનું મેળવણું | 3.10 | 145 |
| વિભાગીય અધિકારીઓ પાસે પડેલી બિનવપરાયેલ રકમ | 3.11 | 145 |
| ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન | 3.12 | 145 |
| સ્વાયત્ત સંસ્થાઓના હિસાબોની રજૂઆત | 3.13 | 147 |
| અનુદાન અથવા ધીરાણ દ્વારા નોંધપાત્ર રીતે નાણાંપોષિત સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબો રજૂ કરવું | 3.14 | 147 |
| ખાતાઓની સમયબદ્ધતા અને ગુણવત્તા | 3.15 | 150 |
| દુર્વિનિયોગ, નુકસાન અને ચોરી | 3.16 | 150 |
| રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ પર અનુસરણ કાર્યવાહી | 3.17 | 152 |
| ઉપસંહાર | 3.18 | 152 |
| સારી પ્રથાઓ | 3.19 | 152 |
| ભલામણો | 3.20 | 153 |
| **પરિશિષ્ટો** | | |
| રાજ્યની નાણાકીય પરિસ્થિતિની સમય-શ્રેણી વાર વિગતો | 1.1 | 155 |
| વર્ષ 2023-24 અને 2024-25 માટે આવક અને ચુકવણી નો સારાંશ | 1.2 | 163 |
| 31 માર્ચ 2025 ના રોજ ગુજરાત સરકારની નાણાકીય પરિસ્થિતિનો સારાંશ | 1.3 | 168 |
| 2015-2025 માટે રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમના (FRBM) લક્ષ્યાંકો સાથે રાજકોષીય પરિમાણોનું અનુપાલન | 1.4 | 169 |
| અંદાજપત્ર સંબંધિત મહત્વના શબ્દોની શબ્દસૂચિ | 2.1 | 170 |
| જાહેર હિસાબ સમિતિ દ્વારા ઓક્ટોબર 1994 માં નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ | 2.2 | 173 |
| નિયમિત કરવો જરૂરી અગાઉના વર્ષોનો અધિક ખર્ચ | 2.3 | 175 |

| સામગ્રી | ફકરો / પરિશિષ્ઠ | પૃષ્ઠ |
|---|---|---|
| 2022-25 દરમિયાન સતત બચત દર્શાવતા અનુદાનો/વિનિયોગોનું પત્રક | 2.4 | 176 |
| 2022-23 થી 2024-25 દરમિયાન સતત બચત દર્શાવતા અનુદાનો/વિનિયોગોનું પત્રક | 2.5 | 177 |
| અનુદાનો/વિનિયોગો જેમાં બચતની પરતસોંપણી કરવામાં આવી ન હતી | 2.6 | 181 |
| 2022-23 થી 2024-25 ના સમયગાળા દરમિયાન અમલ કરવામાં ન આવેલી નવી બાબતો | 2.7 | 182 |
| માર્ચ 2025 માં કુલ ખર્ચના 75 ટકાથી વધુ ખર્ચ કરવામાં આવ્યો હોય તેવા મુખ્ય સદરનું પત્રક | 2.8 | 190 |
| પેટા-સદરો જેમાં માર્ચ 2025 દરમિયાન 100 ટકા ખર્ચ (₹ 10 કરોડ અને વધુ) કરવામાં આવ્યો હતો | 2.9 | 191 |
| બધા અનુદાનોમાં ત્રિમાસિક ખર્ચના નિવેદનો | 2.10 | 194 |
| 2024-25 દરમિયાન મુખ્ય સદર પ્રમાણે આકસ્મિક ભંડોળમાંથી ખર્ચ અને ભરપાઈ | 2.11 | 198 |
| 2024-25 સુધી વિતરીત સહાયક અનુદાન માટે બાકી વપરાશી પ્રમાણપત્રોનું વિભાગ-વાર વિભાજન | 3.1 | 199 |
| 31 માર્ચ 2025ના રોજ બાકી વિગતવાર આકસ્મિક બિલોની વિભાગ-વાર વિગતો | 3.2 | 200 |
| 31 માર્ચ 2025ના રોજ બાકી રહેલા વિગતવાર આકસ્મિક બિલો | 3.3 | 201 |
| 2024-25 દરમિયાન જ્યાં યોગ્ય ગૌણ સદર ઉપલબ્ધ હતું ત્યાં ગૌણ સદર 800 ના અયોગ્ય ઉપયોગ ના કિસ્સા | 3.4 | 202 |
| સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજૂ કરવાના બાકી હિસાબો દર્શાવતું પત્રક (કલમ 19 અને 20 કિસ્સા; 30 સપ્ટેમ્બર 2025 ના રોજની સ્થિતિ) | 3.5 | 208 |
| સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા રજૂ કરવાના બાકી હિસાબો દર્શાવતું પત્રક (કલમ 14 કેસો; 31 જૂલાઇ 2025 ના રોજની સ્થિતિ) | 3.6 | 213 |
| ચોરી, દુર્વિનીયોગ/સરકારી માલસામાન નું નુકસાન અને આગ/અકસ્માતના કારણે 31 માર્ચ 2025 ના રોજ નુકસાન ની વિભાગ-વાર/શ્રેણી-વાર વિગતો | 3.7 | 229 |

# પ્રસ્તાવના

આ અહેવાલ બંધારણની કલમ 151 હેઠળ ગુજરાતનાં રાજ્યપાલશ્રી સમક્ષ રજૂ કરવા માટે તૈયાર કરવામાં આવ્યો છે.

ગુજરાત સરકારના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલનો હેતુ નાણાકીય વર્ષ દરમિયાન રાજ્યના નાણાકીય કામગીરીનું મૂલ્યાંકન કરવાનો અને નાણાકીય વિગતોના ઑડિટ વિશ્લેષણના આધારે રાજ્ય વિધાનસભાને માહિતી પૂરી પાડવાનો છે. અહેવાલમાં ત્રણ પ્રકરણો છે.

### પ્રકરણ I – રાજ્યના નાણાકીય બાબતોનો વિહંગાવલોકન

આ પ્રકરણમાં અહેવાલના આધાર અને અભિગમનું વર્ણન કરવામાં આવ્યું છે તથા રાજ્યની નાણાકીય પરિસ્થિતિનો વ્યાપક પરિપ્રેક્ષ્ય રજૂ કરવામાં આવ્યો છે. તેમાં મુખ્ય સૂચકાંકો અને રાજ્યની રાજકોષીય સ્થિતિનું સૂક્ષ્મ-રાજકોષીય વિશ્લેષણ તેમજ ખાધ/પુરાંત, દેવાની રૂપરેખા અને જાહેર ખાતાના મુખ્ય વ્યવહારોનો સમાવેશ થાય છે.

### પ્રકરણ II – અંદાજપત્રીય વ્યવસ્થાપન

આ પ્રકરણ રાજ્યના વિનિયોગ હિસાબો પર આધારિત છે અને તેમાં રાજ્ય સરકારના વિનિયોગો અને સંસાધન વિતરણની પ્રાથમિકતાઓ તથા અંદાજપત્રીય વ્યવસ્થાપન સંબંધિત સંવિધાનિક જોગવાઈઓથી થયેલા વિચલન પર અહેવાલ આપે છે.

### પ્રકરણ III – નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

આ પ્રકરણ રાજ્ય સરકારના વિવિધ સત્તાધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા ખાતાઓની ગુણવત્તા તથા રાજ્ય સરકારના વિવિધ વિભાગો દ્વારા લાગુ નાણાકીય નિયમો અને નિયમાવલીઓના પાલન ન થવાના મુદ્દાઓ પર ટિપ્પણી કરે છે.

વિભિન્ન વિભાગોમાં થયેલા કામગીરી ઑડિટ અને પૂર્તતા ઑડિટ તથા વૈધાનિક નિગમો, બોર્ડ અને સરકારી કંપનીઓના ઑડિટમાંથી ઉદભવતા અવલોકનો તથા મહેસૂલી આવક પરના અવલોકનો સામેલ કરતો અહેવાલ અલગથી રજૂ કરવામાં આવે છે.

### રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના ઑડિટ અહેવાલનો આધાર અને અભિગમ

ભારતના સંવિધાનની કલમ 151(2) અનુસાર, રાજ્યના ખાતાઓ સંબંધિત ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષકના અહેવાલો રાજ્યના રાજ્યપાલને રજૂ કરવામાં આવે છે, અને રાજ્યપાલ દ્વારા તે રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકવામાં આવે છે.

પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) વાઉચરો, ચલણો અને તિજોરીઓ અને રાજ્ય સરકારના નિયંત્રણ હેઠળ કાર્યરત આવા હિસાબો જાળવવા માટે જવાબદાર કચેરીઓ અને વિભાગો દ્વારા રજૂ કરાયેલા પ્રારંભિક અને પૂરક હિસાબો, અને ભારતીય રિઝર્વ બેંક (RBI) તરફથી મળેલા પત્રકોમાંથી રાજ્યના વાર્ષિક નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો તૈયાર કરે છે. આ

હિસાબોનું પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-II), ગુજરાત દ્વારા સ્વતંત્ર રીતે ઑડિટ કરવામાં આવે છે અને ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા પ્રમાણિત કરવામાં આવે છે.

રાજ્યના નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો આ અહેવાલ માટે માહિતીનો મુખ્ય સ્રોત બને છે. અન્ય સ્રોતોમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- રાજ્યનું અંદાજપત્ર: નાણાકીય પરિમાણો અને ફાળવણીની પ્રાથમિકતાઓનું મૂલ્યાંકન કરવા માટે, તેમજ અંદાજો સાથે તેના અમલીકરણ અને સંબંધિત નિયમો અને નિર્ધારિત પ્રક્રિયાઓના અનુપાલનની અસરકારકતાનું મૂલ્યાંકન કરવા માટે.
- પ્રધાન મહાલેખાકાર (ઑડિટ-I) કચેરી દ્વારા હાથ ધરવામાં આવેલા ઑડિટના પરિણામો.
- વિભાગીય સત્તાવાળાઓ અને તિજોરી કચેરીઓ (હિસાબી તેમજ MIS પણ) પાસેની અન્ય માહિતી.
- રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની માહિતી અને અર્થશાસ્ત્ર અને રાજ્ય સબંધિત અન્ય આંકડા.
- ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005.
- નાણાં પંચની ભલામણો.
- સીએજી ના વિવિધ ઑડિટ અહેવાલો.
- ભારત સરકારની શ્રેષ્ઠ પ્રથાઓ અને માર્ગદર્શિકાઓ.

12 સપ્ટેમ્બર 2025 એ નાણાં વિભાગ ગુજરાત સરકારના અગ્ર સચિવ સાથે એક પ્રારંભિક બેઠક યોજાઈ હતી જેમાં રાજ્યનો નાણાકીય પરિસ્થિતિ પરનો ઑડિટ અહેવાલ તૈયાર કરવા માટે અનુસરેલ ઑડિટ અભિગમ અને  ઑડિટ માટેના ધ્યાનકેન્દ્રિત ક્ષેત્રોને સમજાવવામાં આવ્યા હતા. ઑડિટને જણાવવામાં આવ્યું હતું કે, નાણાકીય વર્ષ 2026-27 ના અંદાજપત્ર તૈયાર કરવાની કવાયતમાં નાણાં વિભાગની ભારે વ્યસ્તતાને કારણે 04 ફેબ્રુઆરી 2026 પહેલા સમાપન બેઠક યોજાઈ શકી ન હતી. સમાપન બેઠક માટે યોગ્ય તારીખ પસંદ કરવાની પ્રક્રિયા ચાલુ છે. જોકે, અહેવાલમાં ઉઠાવવામાં આવેલા વિવિધ મુદ્દાઓ માટે વિભાગનો પ્રતિભાવ આવ્યો હતો, જે બધાને યોગ્ય રીતે અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવ્યા હતા.

**નોંધ:** મૂળ અંગ્રેજી અહેવાલ પરથી અનુવાદ કરેલ હોઈ, આ અહેવાલમાં રહેલ હકીકત દોષ માટે મૂળ અંગ્રેજી અહેવાલમાં આપેલી વિગતો સાચી ગણવી.

## સરકારના હિસાબોનું માળખું

રાજ્ય સરકારના હિસાબો ત્રણ ભાગમાં રાખવામાં આવે છે:

### 1. રાજ્યની સંચિત નિધિ (ભારતના બંધારણનો અનુચ્છેદ 266(1))

આ ભંડોળમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થતી બધી આવક, રાજ્ય સરકાર દ્વારા એકત્રિત કરવામાં આવતી બધી લોન (બજાર લોન, બૉન્ડ, કેન્દ્ર સરકારની લોન, નાણાકીય સંસ્થાઓની લોન, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરાયેલી ખાસ સિક્યોરિટીઝ વગેરે), ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવતી સાધનોપાય પેશગીઓ અને લોનની ચૂકવણીમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થતી બધી રકમનો સમાવેશ થાય છે. કાયદા અનુસાર અને ભારતના બંધારણ દ્વારા જણાવવામાં આવેલ હેતુઓ અને રીત સિવાય આ ભંડોળમાંથી કોઈ પણ રકમની ફાળવણી કરી શકાતી નથી. ખર્ચની અમુક શ્રેણીઓ (દા.ત., બંધારણીય સત્તાધારીઓના પગાર, લોનની ચુકવણી વગેરે), રાજ્યના એકત્રિત ભંડોળ પર ખર્ચબોજો (બિન-મતપાત્ર ખર્ચ) બનાવે છે અને વિધાનસભા દ્વારા મતદાનને પાત્ર નથી. અન્ય તમામ ખર્ચ (મતપાત્ર ખર્ચ) માટે વિધાનસભા દ્વારા મતદાન કરવામાં આવે છે.

### 2. રાજ્યનું આકસ્મિક ભંડોળ (ભારતના બંધારણનો અનુચ્છેદ 267(2))

આકસ્મિક ભંડોળ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેની રચના કાયદા દ્વારા રાજ્યની વિધાનસભા દ્વારા કરવામાં આવે છે, અને રાજ્યની વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી મળે ત્યાં સુધી અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે પેશગીઓ આપી શકાય એ માટે રાજ્યપાલના હવાલે મુકવામાં આવે છે. ભંડોળની ભરપાઇ રાજ્યના એકત્રિત ભંડોળના સંબંધિત કાર્યલક્ષી મુખ્ય સદર ખાતે ઉધારીને કરવામાં આવે છે.

### 3. રાજ્યનો જાહેર હિસાબ (બંધારણનો અનુચ્છેદ 266(2))

ઉપરોક્ત સિવાય, સરકાર દ્વારા અથવા તેના વતી પ્રાપ્ત થયેલા તમામ અન્ય જાહેર નાણા જેમાં સરકાર બેંકર અથવા ટ્રસ્ટીની ભૂમિકા નિભાવે છે, તે જાહેર હિસાબમાં જમા કરવામાં આવે છે. જાહેર હિસાબમાં પરતચૂકવણીપાત્ર બાબતો જેવી કે નાની બચત, પ્રોવિડન્ટ ફંડ, થાપણો (વ્યાજ સહિતની અને વ્યાજ વગરની), પેશગીઓ, અનામત ભંડોળ (વ્યાજ સહિત અને વ્યાજ વગર), ભરણાં અને ઉચ્ચક સદરો (જે બન્ને છેવટની નોંધ થાય ત્યાં સુધીના કામચલાઉ સદરો છે) સામેલ હોય છે. સરકાર પાસે ઉપલબ્ધ ચોખ્ખી રોકડ સિલકનો પણ જાહેર હિસાબમાં સમાવેશ કરવામાં આવે છે. જાહેર હિસાબ વિધાનસભાના મતને આધિન નથી.

## સરકારના હિસાબોનું માળખું



# કાર્યલક્ષી સમીક્ષા

# કાર્યલક્ષી સમીક્ષા

ગુજરાત રાજ્યની નાણાકીય પરિસ્થિતિ અંગેનો આ અહેવાલ નાણાકીય વર્ષ 2024-25 માટે ગુજરાતની રાજકોષીય સ્થિતિનું સ્વતંત્ર મૂલ્યાંકન પ્રદાન કરે છે.




નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન ગુજરાતની અર્થવ્યવસ્થાએ મધ્યમ વૃદ્ધિ દર્શાવી હતી, જેમાં નાણાકીય વર્ષ 2023-24ની સરખામણીએ સકલ રાજ્ય ઘરેલુ ઉત્પાદનમાં (GSDP) 10.15 ટકા વૃદ્ધિ નોંધાઈ હતી. રાજ્યનો GSDP ભારતના GDPના 8.08 ટકા જેટલો હતો.




બિન-કર આવક અને ભારત સરકાર તરફથી સહાયક અનુદાનમાં થયેલા ઘટાડાને કારણે મેહસુલી આવકમાં 1.89 ટકા ઘટાડો થયો હતો. રાજ્યના ખર્ચ પર મેહસુલી ખર્ચની ઊંચી વૃદ્ધિનો પ્રભાવ રહ્યો હતો, જે પ્રતિબદ્ધ ખર્ચ અને સહાયકીઓમાં વધારાને કારણે હતો.

## મહેસૂલી ખાધ (-)/ પુરાંત (+)

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 ના લક્ષ્યાંકો પ્રમાણે: મહેસૂલી પુરાંત (₹ કરોડમાં)




નાણાકીય વર્ષ 2023-24ની સરખામણીએ મહેસૂલી ખર્ચમાં ₹ 10,326 કરોડના વધારા અને મહેસૂલી આવકમાં ₹ 4,208 કરોડના ઘટાડાને કારણે નાણાકીય વર્ષ 2024-25ની મહેસૂલી પુરાંતમાં 43.41 ટકા ઘટાડો થયો હતો. આનાથી રાજકોષીય જગ્યા સાંકડી થઈ હતી અને મૂડી ખર્ચને પહોંચી વળવા માટે બજાર ઋણમાં વધારો થયો હતો.

### GSDP ની સરખામણીએ રાજકોષીય ખાધની ટકાવારી

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ,2005 અંતર્ગત લક્ષ્યાંક 3%




નાણાકીય વર્ષ 2021માં 5% ના લક્ષ્યાંક ની સામે GSDP ની સરખામણીએ રાજકોષીય ખાધની ટકાવારી 2.50 % હતી

### મહેસૂલી આવકની ટકાવારી તરીકે જાહેર દેવા પર વ્યાજની ચુકવણી

(અંતર જેટલું વધારે, નાણાકીય કામગીરી તેટલી સારી)




### સકલ રાજ્ય ઘરેલુ ઉત્પાદનની સામે કુલ જાહેર દેવાનો અનુપાત

લક્ષ્યાંક : 27.10%




### લક્ષ્યાંકની ટકાવારી ના રૂપે બાકી બાંયધરી

લક્ષ્યાંક: ₹ 20000 કરોડ ની નીચે ( ટકાવારી જેટલી ઓછી, રાજકોષીય સંતુલન વધારે સારું)



રાજ્ય રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન (FRBM) માળખા હેઠળ નિર્ધારિત સ્તર સુધી મહેસૂલ અને રાજકોષીય ખાધોને નિયંત્રિત રાખવામાં રાજ્યએ સફળતા મેળવી હતી. તેમ છતાં, રાજ્યએ નવી વર્ધિત પેન્શન યોજના (NPS), શ્રમ કલ્યાણ બોર્ડને ચૂકવવાનો શ્રમ ઉપકર, ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર, ગુજરાત ગ્રામ વિકાસ ઉપકર, એકત્રિત ડૂબત નિધિ (Consolidated Sinking Fund) તથા વ્યાજની બાકી રકમ જેવી મહત્ત્વપૂર્ણ વણચૂકવાયેલ જવાબદારીઓ આગળ ધપાવી હતી. આ જવાબદારીઓની કુલ રકમ ₹ 12,383.10 કરોડ (નાણાકીય વર્ષ 2024-25) જેટલી હતી, જેના કારણે મહેસૂલી વધારાની તથા રાજકોષીય ખાધની આંકડાકીય સ્થિતિમાં ફેરફાર થાય છે.

## દેવાનું ટકાઉપણું

નાણાકીય વર્ષ 2024-25




ચાલુ વર્ષના આંકડાઓ કરતાં ગયા વર્ષના આંકડાઓ વધુ સારા હતા તેમ છતાં રાજ્યની નાણાકીય સ્થિતિ દેવાના ટકાઉપણાને આધાર આપે છે, તેથી, આવનારા વર્ષોમાં સાવચેતી રાખવી જરૂરી છે.

### 31 માર્ચ 2025 ના રોજની નાણાકીય માહિતી



## ગુજરાતની નાણાકીય સ્થિતિનું ગુણપત્રક

| ઉચ્ચ પ્રાથમિકતા સૂચકાંક *(ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ,2005 અનુસાર)* | | | |
|---|---|---|---|
| પરિમાણ | નાણાકીય વર્ષ 2024-25ના અંક | સીમાચિન્હ (માપદંડ) | નોંધ |
| **મહેસૂલી પુરાંત (GSDP ના ટકા)** | 0.71 ટકા | ≥ 0 (FRBM ધ્યેય) | હાંસલ કરેલી પુરાંત દર્શાવે છે કે વર્તમાન મહેસૂલી આવક રોજ-બરોજ ના વ્યય ને પહોંચી વળવા સક્ષમ છે. |
| **કુલ રાજકોષીય ખાધ (GSDP ના ટકા)** | 1.83 ટકા | ≤ 3 ટકા (FRBM સીમામર્યાદા) | સીમા મર્યાદાની નીચે; નોંધપાત્ર રાજકોષીય જગ્યા |
| **જાહેર દેવું / GSDP** | 14.03 ટકા | < 27.10 ટકા (FRBM ધ્યેય) | નાણાકીય વર્ષ 2023-24 ના 14.12 ટકા થી ચાલુ વર્ષે ઘટાડો; નાણાકીય સદ્ધરતા સુરક્ષા આવરણમાં સુધારો |
| **બાકી બાહેંધરીઓ / GSDP** | 0.05 ટકા | નીચી રાખવી; બાહેંધરી પરત ચૂકવણી ભંડોળ નો આધાર આપવો (સરકારી બાંહેધરી નીતિ) | ખૂબ નીચા; આકસ્મિક ખર્ચ-જવાબદારીનું મર્યાદિત જોખમ |

### અન્ય પ્રાથમિકતા સૂચકાંક

| પરિમાણ | નાણાકીય વર્ષ 2024-25ના અંક | સીમાચિન્હ (માપદંડ) | નોંધ |
|---|---|---|---|
| **પ્રાથમિક બાકી (GSDP ના ટકા ) = (કુલ આવકો – વ્યાજમુક્ત ખર્ચાઓ) / GSDP** | (-) 0.78 ટકા | > 0 વધુ સારું (IMF) | નકારાત્મક અંક, દેવું ટકાઉપણું જોખમ હેઠળ હોવાની સંભાવના દર્શાવે છે. |
| **વ્યાજ ચૂકવણી / મહેસૂલી આવકો** | 12.82 ટકા | ઓછુ વધુ સારૂ; RBI મુજબ >15 ટકા નું જોખમરૂપ ગણાય (નાણાં મંત્રાલય) | વ્યાજના ભારણ પર દેખરેખ રાખવાની જરૂર છે. |

| પરિમાણ | નાણાકીય વર્ષ 2024-25ના અંક | સીમાચિન્હ (માપદંડ) | નોંધ |
|---|---|---|---|
| દેવુંચૂકવણી / મહેસૂલી આવકો (RR) (જાહેર દેવુંપર ચૂકવવા પાત્ર મુદ્દલ +વ્યાજ) ÷ RR | 25.08 ટકા | ઓછુ વધુ સારૂ; જો સતત >25 ટકા આવે તો દેખરેખ રાખવી (વિશ્વ બેન્ક) | ઊંચું; સંભાવિત નાણાકીય સંવેદનશીલતા દર્શાવે છે. |
| વિકાસ દર –વ્યાજ દર વિભેદક (G–r) (વાસ્તવિક GSDP વિકાસદર – વાસ્તવિક અસરકારક વ્યાજ દર) | 4.01 ટકા | >0, દેવું ગતિશીલતાને સમર્થન આપે છે (IMF and Domar Model) | સકારાત્મક સુરક્ષા આવરણ, પરંતુ નાણાકીય વર્ષ 2023-24 કરતાં નાનું (7.10 ટકા). |
| મૂડી ખર્ચનો હિસ્સો = મૂડી ખર્ચ ÷ કુલ ખર્ચ | 24.36 ટકા | ઉચ્ચ હિસ્સો = વધુ ગુણવત્તાયુક્ત મિશ્રણ (RBI) | 2019-20 ની સરખામણીએ મૂડી ખર્ચનો વધુ સારો ઝુકાવ; છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન તરફ મૂડી ખર્ચ વધ્યો છે. |
| પોતાની આવકની મજબૂતી = રાજ્યની પોતાની આવક ÷ મહેસૂલી ખર્ચ | 79.99 ટકા | વધુ આવરણ વધુ સારું (નાણાં મંત્રાલય) | રાજ્યની પોતાની આવક લગભગ 80 ટકા મહેસૂલી ખર્ચ આવરી લે છે; બાકીનો ખર્ચ તબદીલી/અનુદાન મારફતે પૂરો થાય છે |

મજબૂત GSDP વૃદ્ધિ અને પૂરતા મહેસૂલ પુરાંત પર ગુજરાતની નાણાકીય સ્વસ્થતા ટકી રહેલી છે, જે હાલમાં ઉચ્ચ-ગુણક મૂડી ખર્ચના સદ્ગુણ ચક્રને ટેકો આપે છે.

તેમ છતાં, નાણાકીય વર્ષ 2024-25માં મહેસૂલ પુરાંતમાં થયેલા ઘટાડાને ધ્યાનમાં લેતા, જો તેમાં વધુ સંકોચન થાય તો મૂડી ખર્ચ માટે બજાર ઋણ પર વધુ આધાર રાખવો પડશે. આવી સ્થિતિ દીર્ઘકાલીન દેવાના ટકાઉપણાં માટે સંભવિત જોખમો ઊભા કરે છે. આ ઉપરાંત ₹ 12,000 કરોડથી વધુની નિરાકરણ ન થયેલી જવાબદારીઓ સંબંધિત ઑડિટ અવલોકનોને જો ધ્યાનમાં લઈએ તો નાણાકીય સંતુલન પર હજી વધારાનું દબાણ ઊભું થાય છે, જેના પરિણામે રાજકોષીય ખાધ વધુ ઊંડી થવાની તેમજ મહેસૂલ વધારામાં ઘટાડો થવાની શક્યતા છે.

**પરિણામે, રાજકોષીય એકત્રીકરણ તરફનો વર્તમાન માર્ગ સંભવિત માળખાકીય અવરોધોનો સામનો કરી શકે છે, જેના માટે સાવચેતીભર્યું વર્તન અને સંસાધન વ્યવસ્થાપનમાં ફાળવણી કાર્યક્ષમતાની જરૂર છે.**

# પ્રકરણ I

## રાજ્યના નાણાકીય બાબતોનો વિહંગાવલોકન

# પ્રકરણ I

# રાજ્યના નાણાકીય બાબતોનો વિહંગાવલોકન

## 1.1 રાજ્યની રૂપરેખા

ગુજરાત ભારતના પશ્ચિમ કિનારે આવેલું છે, જે પશ્ચિમમાં અરબી સમુદ્ર અને ઉત્તરમાં રાજસ્થાન, પૂર્વમાં મધ્યપ્રદેશ અને દક્ષિણમાં મહારાષ્ટ્ર રાજ્યોથી ઘેરાયેલું છે. રાજ્ય ઉત્તર-પશ્ચિમ કિનારે પાકિસ્તાન સાથે આંતરરાષ્ટ્રીય સરહદ પણ ધરાવે છે. તેનો દરિયાકિનારો 2,340.62 કિમી છે, જે ભારતના મુખ્ય ભૂમિના દરિયાકિનારાના લગભગ ત્રીજા ભાગ જેટલો છે. ભૌગોલિક ક્ષેત્રફળ (1,96,244 ચોરસ કિમી) ની દ્રષ્ટિએ તે છઠ્ઠું સૌથી મોટું રાજ્ય છે અને વસ્તીની દ્રષ્ટિએ આઠમું સૌથી મોટું રાજ્ય છે. અંદાજ મુજબ, રાજ્યની વસ્તી 2015 માં 6.42 કરોડથી વધીને 2025 માં 7.32 કરોડ થઈ ગઈ છે, જે 14.02 ટકાની દશક વૃદ્ધિ દર્શાવે છે. રાજ્યમાં 33 જિલ્લાઓ અને 251 તાલુકા છે.

### 1.1.1 રાજ્યની વસ્તીવિષયક માહિતી

રાષ્ટ્રીય સરેરાશની સરખામણીમાં રાજ્યની વસ્તીવિષયક વિગતો નીચે **કોષ્ટક 1.1** માં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક 1.1: રાજ્યની વસ્તીવિષયક રૂપરેખા**

| ક્રમાંક | વિગતો | ગુજરાત | રાષ્ટ્રીય સરેરાશ |
|---|---|---|---|
| 1. | ગ્રામ્ય વસ્તી, 2025 (ટકા)<br>(ભારત અને રાજ્ય માટે વસ્તીના અંદાજો 2011-2036) | 49.71 | 64.30 |
| 2. | શહેરી વસ્તી, 2025 (ટકા)<br>(ભારત અને રાજ્ય માટે વસ્તીના અંદાજો 2011-2036) | 50.29 | 35.70 |
| 3. | વસ્તીની ગીચતા, 2025 (ચો. કિ.મી. દીઠ)<br>(ભારત અને રાજ્ય માટે વસ્તીના અંદાજો 2011-2036) | 373 | 430 |
| 4. | 1,000 પુરૂષ દીઠ સ્ત્રીઓનું પ્રમાણ, 2025<br>(ભારત અને રાજ્ય માટે વસ્તીના અંદાજો 2011-2036) | 904 | 947 |
| 5. | 1000 જીવિત જન્મ દીઠ બાળમરણનો દર<br>(SRS બુલેટીન સપ્ટેમ્બર 2025 (સંદર્ભનું વર્ષ 2023)) | 20 | 25 |
| 6. | લાખ મહિલાઓ દીઠ માતૃ મૃત્યુદર<br>(ભારતમાં માતૃ મૃત્યુ દર પર SRS બુલેટીન 2021-23) | 3 | 5 |
| 7. | કુલ પ્રજનન દર<br>(NFHS-5, 2019-21) | 1.86 | 1.99 |
| 8. | જન્મ સમયે સંભવિત આયુષ્ય<br>(SRS આધારિત સંક્ષિપ્ત જીવન કોષ્ટકો 2019-23) | 70.4 | 70.3 |
| 9. | ગરીબી રેખાની નીચેની વસ્તી (ટકા)<br>(બહુપરીમાણીય ગરીબી સૂચકાંક, *2023,* (NFHS-5, 2019-21) નીતિ આયોગ) | 11.66 | 14.96 |
| 10. | સાક્ષરતાનો દર<br>(PLFS, 2023-24) | 84.6 | 80.9 |

સ્ત્રોત: દરેક બાબતનો સ્ત્રોત નીચે કૌંસમાં દર્શાવેલ છે.

### 1.1.2 રાજ્યનું અર્થતંત્ર

રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન (GSDP) અને માથાદીઠ રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન રાજ્યના અર્થતંત્રના મહત્વપૂર્ણ સૂચકાંકો છે, જેની હવે પછીના ફકરામાં ચર્ચા કરવામાં આવી છે.

#### 1.1.2.1 ગુજરાતનું રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન અને માથાદીઠ રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન

રાજ્યનું સકલ ઘરેલું ઉત્પાદન **(GSDP)** એ આપેલ સમયગાળામાં રાજ્યની હદમાં ઉત્પાદિત તમામ માલ અને સેવાઓનું મૂલ્ય છે. **GSDP** નો વિકાસ રાજ્યના અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ સૂચકાંક છે, કારણ કે તે સમયગાળા દરમિયાન રાજ્યના આર્થિક વિકાસના સ્તરમાં થયેલા ફેરફારોનું પ્રમાણ દર્શાવે છે.

ગુજરાતના **GSDP** (નોમિનલ) સામેદેશના વાર્ષિક વિકાસના વલણો **કોષ્ટક 1.2** માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક 1.2: સકલ ઘરેલુ ઉત્પાદન અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના વલણો (વર્તમાન ભાવોએ)**

| વર્ષ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| ભારતનો GDP (₹ કરોડમાં) | 1,98,54,096 | 2,35,97,399 | 2,68,90,473 | 3,01,22,956 | 3,30,68,145 |
| ગુજરાતનો GSDP (₹ કરોડમાં) | 16,16,106 | 19,20,927 | 22,03,419 | 24,25,804 | 26,72,025 |
| માથાદીઠ GDP (₹ માં) | 1,46,480 | 1,72,422 | 1,94,451 | 2,15,935 | 2,34,859 |
| માથાદીઠ GSDP (₹ માં) | 2,32,862 | 2,73,290 | 3,09,691 | 3,36,875 | 3,66,700 |

સ્રોત: આંકડાશાસ્ત્ર અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયની રાષ્ટ્રીય આંકડાશાસ્ત્ર કચેરી (MoSPI); અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર.

**GSDP: 2022-23** માટેના કામચલાઉ અંદાજો **(PE)**; 2023-24 માટેના ત્વરિત અંદાજો **(QE)**; 2024-25 માટેના અગ્રિમ અંદાજો **(AE)**

**GDP:** 2023-24 માટેના પ્રથમ સુધારેલા અંદાજો **(FRE)**; 2024-25 માટેના કામચલાઉ અંદાજો **(PE)**

આલેખ 1.1: GDP, GSDP ની વર્ષ-દર-વર્ષ વૃધ્ધિ અને GDP માં GSDP નો હિસ્સો




આલેખ 1.2: ભારતનું માથાદીઠ GDP અને ગુજરાતનું માથાદીઠ GSDP




ઉપરોક્ત આલેખોનું વિશ્લેષણ દર્શાવે છે કે:

- રાષ્ટ્રીય સકલ ઘરેલુ ઉત્પાદનના વિકાસ દરની તુલનાએ, 2021-22 થી 2024-25 ના સમયગાળા દરમિયાન, 2023-24 સિવાય,ગુજરાતનુંરાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનઊંચા દરે વધ્યું હતું, 2021-22 દરમિયાન, ભારત તેમજ ગુજરાત બન્નેએ પાછલા પાંચ વર્ષમાં સૌથી વધુ વૃદ્ધિ દર નોંધાવ્યો છે;
- રાજ્યએ છેલ્લા બે વર્ષ દરમિયાન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદને10 ટકાનો વિકાસ દર જાળવી રાખ્યો છે. રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનઅને માથાદીઠ રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનમાં સતત વધારો રાજ્ય સરકાર માટે નાણાકીય ક્ષમતામાં વધારો સૂચવે છે; અને
- રાજ્યનું માથાદીઠ રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનદેશના માથાદીઠ GDP કરતાં આશરે 1.5 ગણું છે.

### 1.1.2.2 સકલ રાજ્ય મૂલ્યવર્ધિત (GSVA) માં ક્ષેત્રીય યોગદાન

સકલ રાજ્ય મૂલ્યવર્ધિત રાજ્યની અંદર આર્થિક પ્રવૃત્તિઓ દ્વારા ઉમેરાયેલું ચોખ્ખું મૂલ્ય દર્શાવે છે અને રાજ્યના અર્થતંત્રની ક્ષેત્રીય રચના અને વૃદ્ધિનું મૂલ્યાંકન કરવા માટેનો આધાર બનાવે છે.

2024-25 દરમિયાન વિવિધ ક્ષેત્રો દ્વારા ક્ષેત્રીય યોગદાન અને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ગુજરાત રાજ્ય મૂલ્યવર્ધિત માં ક્ષેત્રીય વૃદ્ધિ અનુક્રમે **આલેખ 1.3** અને **આલેખ 1.4** માં દર્શાવવામાં આવી છે.







ઉપરના આલેખમાંથી જોઇ શકાય છે કે:

- રોગચાળા પછીના સમયગાળામાં (2020-21 થી 2024-25) ક્ષેત્રીય વૃદ્ધિમાં તીવ્ર અસ્થિરતા જોવા મળી છે, જેમાં તમામ ક્ષેત્રોમાં અસમાન વસૂલાત જોવા મળી છે;
- જ્યારે તૃતીય ક્ષેત્રે GSVA વૃદ્ધિને સતત ટેકો પૂરો પાડ્યો હતો, તેથી રાજ્યની અર્થવ્યવસ્થાને સ્થિર કરનારા ઘટક તરીકે કામ કર્યું હતું. ત્યારે પ્રાથમિક અને માધ્યમિક ક્ષેત્રોએ વધઘટનો અનુભવ કર્યો હતો, જે બાહ્ય પરિબળ માટે તેમની સંવેદનશીલતા દર્શાવે છે.
- 2024-25 માં, પ્રાથમિક ક્ષેત્રના વિકાસમાં વધારો અને માધ્યમિક ક્ષેત્રના વિકાસમાં ઘટાડો ક્ષેત્રીય ચાલકબળોમાં પરિવર્તન સૂચવે છે, જેમાં તૃતીય ક્ષેત્ર સકલ આર્થિક વિકાસમાં સૌથી સ્થિતિસ્થાપક ફાળો આપનાર રહ્યું છે.

**આલેખ 1.5** નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન દરેક ક્ષેત્રનું બંધારણ તેના મુખ્ય ફાળો આપનારા વિભાગોના સંદર્ભમાં દર્શાવે છે.

**આલેખ1.5: ક્ષેત્ર-વાર વહેંચણી,નાણાકીય વર્ષ 2024-25**



ઉપરનો આલેખ દર્શાવે છે કે 2024-25 દરમિયાન:

- હવામાન અને બીજા બાહ્ય પરિબળો માટે સંવેદનશીલ હોવા છતાં, પ્રાથમિક ક્ષેત્રમાં કૃષિનું વર્ચસ્વ છે;
- ગૌણ ક્ષેત્રનું નેતૃત્વ ઉત્પાદન કરે છે; આ આર્થિક વિસ્તરણના તબક્કા દરમિયાન ઉચ્ચ વૃદ્ધિસ્પષ્ટ કરે છે, અને
- વેપાર-સંબંધિત સેવાઓ દ્વારા સંચાલિત વૈવિધ્યસભર તૃતીય ક્ષેત્ર આર્થિક આંચકાઓ દરમિયાન તેની સ્થિરતા અને તેની સતત વૃદ્ધિ દર્શાવે છે.

### 1.1.3 નાણાકીય સ્થિતિની ઝલક

**કોષ્ટક 1.3** માં ગુજરાત રાજ્ય સરકારના 2023-24 અને 2024-25 ના વર્ષ માટે **નાણાકીય સ્થિતિની** સાથે સાથે અંદાજપત્રીય અંદાજો (BE), સુધારેલા અંદાજો (RE) અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન વર્ષ 2024-25 માટેના વાસ્તવિક નાણાકીય પરિણામોની વિગતો દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 1.3: નાણાકીય સ્થિતિની ઝલક**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | ઘટકો | 2023-24 | 2024-25 | | | BE ના સામે ખરેખર મૂલ્યોનીટકાવારી | GSDP ની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| | | (ખરેખર) | (અંદાજપત્રીય અંદાજો) | (સુધારેલા અંદાજો) | (ખરેખર) | | |
| 1 | કર આવક | 1,73,497.98 | 1,91,195.00 | 1,92,383.73 | 1,85,463.79 | 83.51 | 5.98 |
| | (i) પોતાની કર આવક | 1,34,214.35 | 1,48,949.76 | 1,47,625.76 | 1,40,705.79 | 94.47 | 5.27 |
| | (ii) કેન્દ્રીય કરવેરા અને જકાતમાં હિસ્સો | 39,283.63 | 42,245.24 | 44,757.97 | 44,758.00 | 105.95 | 1.68 |
| 2 | બિન-કર આવક | 23,707.75 | 19,675.28 | 20,308.19 | 18,963.55 | 96.38 | 0.71 |
| 3 | સહાયક અનુદાન અને ફાળો | 25,557.00 | 18,782.89 | 18,839.54 | 14,127.04 | 75.21 | 0.53 |
| **4** | **મહેસૂલી આવક (1+2+3)** | **2,22,762.73** | **2,29,653.17** | **2,31,531.46** | **2,18,554.38** | **95.17** | **8.18** |
| 5 | લોન અને પેશગીઓની વસૂલાત | 1,375.57 | 292.12 | 300.00 | 1,072.20 | 367.04 | 0.04 |
| 6 | અન્ય આવક | 0.00 | 17,500.00 | 1,500.00 | 0.00 | 0.00 | 0.00 |
| 7 | ઉધાર અને અન્ય જવાબદારીઓ[1] | 23,493.26 | 51,521.46 | 16,493.50 | 48,964.89 | 95.04 | 1.83 |

[1] ઉધાર અને અન્ય જવાબદારીઓ = જાહેર ઋણની ચોખ્ખી (આવક બાદ ચુકવણીઓ) + આકસ્મિક નિધિની ચોખ્ખી + જાહેર હિસાબની ચોખ્ખી (આવક બાદ ચુકવણીઓ) + ચોખ્ખા રોકડ સિલક અને બંધ સિલક

| ક્રમાંક | ઘટકો | 2023-24 | 2024-25 | | | BE ના સામે ખરેખર મૂલ્યોનીટકાવારી | GSDP ની સામે ખરેખર મૂલ્યોની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| | | (ખરેખર) | (અંદાજપત્રીય અંદાજો) | (સુધારેલા અંદાજો) | (ખરેખર) | | |
| 8 | મૂડી આવક (5+6+7) | 24,868.83 | 69,313.58 | 18,293.50 | 50,037.09 | 72.19 | 1.87 |
| 9 | કુલ આવક (4+8) | 2,47,631.56 | 2,98,966.75 | 2,49,824.96 | 2,68,591.47 | 89.84 | 10.05 |
| 10 | મહેસૂલી ખર્ચ | 1,89,285.70 | 2,19,831.89 | 2,10,181.22 | 1,99,611.44 | 90.80 | 7.47 |
| 11 | વ્યાજની ચુકવણી | 27,175.63 | 29,953.56 | 28,706.96 | 28,024.73 | 93.56 | 1.05 |
| 12 | મૂડી ખર્ચ | 55,679.25 | 75,688.53 | 70,172.60 | 65,428.32 | 86.44 | 2.45 |
| 13 | લોન અને પેશગીઓ | 2,666.61 | 3,841.77 | 3,548.03 | 3,551.71 | 92.45 | 0.13 |
| 14 | કુલ ખર્ચ(10+12+13) | 2,47,631.56 | 2,99,362.19 | 2,83,901.85 | 2,68,591.47 | 89.72 | 10.05 |
| 15 | મહેસૂલી પુરાંત (+)/ ખાધ (-) (4-10) | (+)33,477.03 | 9,821.28 | 21,350.24 | 18,942.94[2] | 192.88 | 0.71 |
| 16 | રાજકોષીય પુરાંત (+)/ ખાધ (-) {(4+5+6)-14} | (-)23,493.26 | (-)51,916.90 | (-)50,570.39 | (-)48,964.89 | 94.31 | (-)1.83 |
| 17 | પ્રાથમિક ખાધ (-)/ પ્રાથમિક પુરાંત (+) (16+11) | (+)3,682.37 | (-)21,963.34 | (-)21,863.43 | (-)20,940.16[3] | 95.34 | (-)0.78 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને 2024-25 અને 2025-26 માટેના ગુજરાત સરકારના અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

ઉપરના કોષ્ટકના વિશ્લેષણમાં જોવામાં આ છે કે વર્ષ 2024-25 દરમિયાન:

- રાજ્યની મહેસુલી આવક પહેલાના વર્ષ કરતા 1.89 ટકા ઘટી હતી. તે અંદાજપત્રીય અંદાજ કરતા 4.83 ટકા ઓછી હતી અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનના 8.18 ટકા હતી.

- રાજ્યમાં ₹ 18,942.94 કરોડની મહેસુલી પુરાંત નોંધાઈ જે અંદાજપત્રીય અંદાજ કરતા બમણી છે અને મહેસુલી ખર્ચના નિયંત્રણને દર્શાવે છે.

**સારા પાસા.**

- અંદાજપત્રીય અંદાજો સામે પોતાની કરવેરા આવકમાં સ્થિર કામગીરી જોવા મળી હતી **(સંદર્ભ ફકરો 1.2.1A(i))**.

- કેન્દ્રીય કરવેરાનો હિસ્સો અંદાજપત્રીય અંદાજો કરતાં વધી ગયો હતો, જેથી અન્ય આવકના ઘટકોમાં ખાધ આંશિક રીતે સરભર થઈ હતી.

[2] ઓડિટ પછી સમાયોજિત મહેસૂલી પુરાંત ₹ 7,013.97 કરોડ છે (ફકરો 1.5.2 જુઓ).

[3] ઓડિટ પછી સમાયોજિત પ્રાથમિક ખાધ ₹ 33,252.50 કરોડ છે (ફકરો 1.5.2 જુઓ).

- મહેસૂલ પુરાંત ટકી રહી હતી, જે મહેસૂલી આવકમાંથી નિયમિત ખર્ચને પહોંચી વળવાની સતત ક્ષમતા દર્શાવે છે.

**ચિંતાજનક બાબતો.**

- GST વળતર બંધ થવાના કરને અદાજપત્રીય અંદાજોની સામે સહાયક અનુદાનમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો હતો, જે પાછલા વર્ષ કરતા ₹ 11,429.96 કરોડ ઓછુ હતું (સંદર્ભ **ફકરો** 1.2.1 C).
- મૂડી ખર્ચમાં વધારો થયો હોવા છતાં, તે અંદાજપત્ર મુજબ સંપૂર્ણપણે સાકાર થયો નહીં, જેના કારણે તેની વૃદ્ધિ-તરફી અસર ઓછી થઈ.

**જોખમો:**

- રાજકોષીય સિલક મુખ્યત્વે ઊંચા ઉધાર દ્વારા પ્રાપ્ત થઇ હતી, જેના કારણે ભવિષ્યમાં ચુકવણીની જવાબદારીઓમાં વધારો થયો હતો (**સંદર્ભ ફકરો** 1.2.2).
- વ્યાજ ચુકવણીઓ એક પ્રતિબદ્ધ ખર્ચ રહે છે, જે પછીના વર્ષોમાં રાજકોષીય સુગમતાને મર્યાદિત કરે છે.

નાણાકીય વર્ષ 2015-16 થી 2024-25 માટેની રાજ્યની નાણાકીય પરિસ્થિતિની વિગતો ***પરિશિષ્ટ 1.1*** માં આપી છે.

## 1.1.4 ભંડોળોના સ્રોતો અને ઉપયોગ

ચાલુ વર્ષ દરમિયાન રાજ્યના ભંડોળના સ્રોતો અને ઉપયોગના ઘટકોની સરખામણી **આલેખ** 1.6 માં આપવામાં આવી છે.

**આલેખ 1.6: 2024-25 દરમિયાન ભંડોળના સ્રોતો અને ઉપયોગની વિગતો**

*(₹ કરોડમાં)*




* ઉધાર અને અન્ય જવાબદારીઓ = જાહેર ઋણની ચોખ્ખી (આવક *બાદ* ચુકવણીઓ) + આકસ્મિક નિધિની ચોખ્ખી + જાહેર હિસાબની ચોખ્ખી (આવક *બાદ* ચુકવણીઓ) + ચોખ્ખા રોકડ સિલક અને બંધ સિલક

*(₹ કરોડમાં)*




સ્રોત: 2024-25 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

***પરિશિષ્ટ** 1.2* ચાલુ વર્ષ અને સાથે અગાઉના વર્ષ દરમિયાનઆવક અને ચુકવણીઓ અને સકલ રાજકોષીય સ્થિતિની વિગતો પુરી પાડે છે.

ઓડિટ વિશ્લેષણ દર્શાવે છે કે:

- રાજ્ય હજુ પણ મહેસુલ આવકમાંથી તેનો નિયમિત ખર્ચ પૂરો કરી શકે છે, પરંતુ અર્થવ્યવહારના આઘાત માટે ઉપલબ્ધ બફર ઘટી ગયું છે;
- ઉધાર ફક્ત સંપત્તિ સર્જન માટે નહીં, પરંતુ હાજર જવાબદારીઓને રોલ ઓવર કરવા માટે પણ ઉપયોગમાં આવે છે;
- જ્યારે ઉચ્ચ મૂડી ખર્ચ વૃદ્ધિ માટેનો સંકેત આપે છે, ત્યારે મોટા પરિયોજના/યોજનાઓમાં વિલંબ કુલ પરિણામોને અસર કરી શકે છે;
- સામાજિક ક્ષેત્રમાં વધુ મહેસુલ ખર્ચ; અને
- ઊંચા ઉધાર સાથે આરામદાયક રોકડ શેષો સુરક્ષિત તરલતા દર્શાવે છે.

પરિશિષ્ટ દર્શાવે છે કે જ્યારે રાજ્યના મહેસૂલી હિસાબમાં પુરાંત ઉભી થવાનું ચાલુ છે અને તરલતા પર્યાપ્ત રહે છે ત્યારે, 2024-25 માં વધુને વધુ ઋણ અને ઘણા મોટા જાહેર હિસાબના સંચાલન દ્વારા રાજકોષીય સંતુલન ટકાવી રાખવામાં આવી રહ્યું હતું. ઘટતી મહેસૂલી પુરાંત, મૂડી ખર્ચનું ક્ષેત્રીય કેન્દ્રીકરણ અને ઋણ પર વધતી નિર્ભરતા ઉભુ થતું માળખાકીય દબાણ સૂચવે છે જેનેધનિષ્ટ નાણાકીય દેખરેખ જરૂરી છે.

### 1.1.5 સરકારની અસ્ક્યામતો અને જવાબદારીઓની ઝલક

સરકારી હિસાબોમાં સરકારની નાણાકીય જવાબદારીઓ અને ખર્ચમાંથી ઉભી કરવામાં આવેલી અસ્ક્યામતોનો સમાવેશ થાય છે. **પરિશિષ્ટ 1.3** 31માર્ચ 2025 ની સ્થિતિએ આવી જવાબદારીઓ અને સંપત્તિઓનો સારાંશ આપે છે, જે પાછલા વર્ષની સંબંધિત સ્થિતિની તુલનાએ છે. જવાબદારીઓમાં મુખ્યત્વે આંતરિક ઋણ, ભારત સરકાર તરફથી લોન અને પેશગી, જાહેર હિસાબ અને અનામત ભંડોળમાંથી આવકનો સમાવેશ થાય છે. સંપત્તિઓમાં મુખ્યત્વે મૂડી ખર્ચ અને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગી અને રોકડ સિલકનો સમાવેશ થાય છે. **કોષ્ટક 1.4** સરકારની અસક્યામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ આપે છે.

**કોષ્ટક 1.4: અસ્ક્યામતો અને જવાબદારીઓની સ્થિતિનો સારાંશ**

*(₹ કરોડમાં)*

| જવાબદારીઓ | | | | | અસ્ક્યામતો | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | 2023-24 | 2024-25 | ટકામાં વધારો /ઘટાડો | | | 2023-24 | 2024-25 | ટકામાં વધારો /ઘટાડો |
| **એકત્રિત નિધિ** | | | | | | | | | |
| A | આંતરિક ઋણ | 3,35,208.25 | 3,49,002.04 | 4.11 | A | સકલ મૂડી જોગવાઇ | 4,24,580.68 | 4,90,008.99 | 15.41 |
| B | ભારત સરકાર પાસેથી લોન અને પેશગીઓ* | 23,045.24 | 31,378.69 | 36.16 | B | લોન અને પેશગીઓ | 15,653.86 | 18,133.37 | 15.84 |
| **આકસ્મિક નિધિ** | | 200.00 | 200.00 | 0.00 | | | | | |
| **જાહેર હિસાબ** | | | | | | | | | |
| A | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે. | 10,019.83 | 10,121.12 | 1.01 | A | પેશગીઓ | 0.70 | 0.70 | 0.00 |
| B | થાપણો | 46,634.85 | 63,820.81 | 36.85 | B | ઉચ્ચક અને પરચૂરણ | 5,017.27 | 5,425.48 | 8.14 |
| C | અનામત ભંડોળ | 18,452.74 | 21,311.28 | 15.49 | **રોકડ સિલક (અંકિત કરેલા ભંડોળમાં મૂડીરોકાણ સહિત)** | | 37,971.69 | 31,532.66 | (-)16.96 |
| D | ભરણાં | 1,327.97 | 1,989.00 | 49.78 | | | | | |
| | | | | | **કુલ** | | **4,83,224.20** | **5,45,101.20** | **12.81** |
| | | | | | **આવક[4] કરતાં ખર્ચનો સંચિત વધારો** | | (-)48,335.32 | (-)67,278.26 | 39.19 |
| **કુલ** | | **4,34,888.88** | **4,77,822.94** | **9.87** | **કુલ** | | **4,34,888.88** | **4,77,822.94** | **9.87** |

સ્રોત: સંબધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

* 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના માલ અને સેવા વેરાના વળતરમાં ખાધ અને 2023-24 દરમિયાન ₹ 6,497 કરોડ અને 2024-25 દરમિયાન ₹ 10,229 કરોડની ચુકવણીના બદલામાં પ્રાપ્ત થયેલી એક પછી એક લોન સામેલ છે.

[4] આવક કરતાં ખર્ચનો સંચિત વધારો = પાછલા વર્ષની આવક કરતાં ખર્ચનો સંચિત વધારો + જૂના બાકી લેણાં ચૂકવવા માટે ગોઠવણ – મહેસૂલી પુરાંત

**કોષ્ટક 1.4** દર્શાવે છે કે 2024-25 દરમિયાન અસ્ક્યામતોનુ નિર્માણ મજબૂત થયું હતું, પરંતુ તેની સાથે જવાબદારીઓમાં ઝડપી વૃદ્ધિ, જાહેર હિસાબના સદરો હેઠળ નોંધપાત્ર સંચય અને વધતી જતી સંચિત ખાધનો સમાવેશ થાય છે. રોકડ સિલકમાં ઘટાડો અને ઋણમાં વધારો રાજકોષીય સ્થિરતા પર ઉભા થતા દબાણ તરફ નિર્દેશ કરે છે.

## 1.2 રાજ્યનો એકત્રિત નિધિ

રાજ્ય સરકારને મળતી બધી આવક, રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલી બધી લોન, ભારતીય રિઝર્વ બેંક દ્વારા આપવામાં આવતી સાધનોપાય પેશગીઓ અને લોનની પરતચુકવણીમાં રાજ્ય સરકાર દ્વારા પ્રાપ્ત થતી તમામ રકમ રાજ્યના એકત્રિત નિધિના ભાગ બને છે.

### 1.2.1 મહેસૂલી આવક

પાંચ વર્ષના સમયગાળા (2020-25) દરમિયાન રાજ્યનાસકલ ઘરેલુ ઉત્પાદન (GSDP) ના સંદર્ભમાં મહેસૂલી આવકના વલણો અને વૃદ્ધિ **કોષ્ટક 1.5** માં દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક 1.5: મહેસૂલી આવકના વલણો**

*(₹ કરોડમાં)*

| પરિમાણો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| **મહેસૂલી આવક** | **1,28,156** | **1,66,830** | **1,99,408** | **2,22,763** | **2,18,555** |
| **કર આવક** | **90,485** | **1,28,784** | **1,57,843** | **1,73,498** | **1,85,464** |
| પોતાની કર આવક | 70,266 | 97,678 | 1,24,809 | 1,34,214 | 1,40,706 |
| કેન્દ્રિયકરવેરા અને જકાતમાંરાજ્યનો હિસ્સો | 20,219 | 31,106 | 33,034 | 39,284 | 44,758 |
| **બિન-કર આવક** | **10,493** | **14,018** | **18,434** | **23,708** | **18,964** |
| **ભારત સરકાર તરફથી સહાયક અનુદાન** | **27,178** | **24,028** | **23,131** | **25,557** | **14,127** |
| રાજ્યની પોતાની આવક (પોતાની કર અને બિન-કર આવક) | 80,759 | 1,11,696 | 1,43,243 | 1,57,922 | 1,59,670 |
| GSDP(2011-12શ્રેણી) | 16,16,106 | 19,20,927 | 22,03,419 (P) | 24,25,804 (Q) | 26,72,025 (A) |
| **વર્ષ-દર-વર્ષ વૃદ્ધિ દરો(ટકામાં*)*** | | | | | |
| મહેસૂલી આવક | (-)10.28 | 30.18 | 19.53 | 11.71 | (-)1.89 |
| જ્યની પોતાની આવક | (-)16.84 | 38.31 | 28.24 | 10.25 | 1.11 |
| ભારત સરકાર પાસેથી સહાયક અનુદાન | 6.58 | (-)11.59 | (-)3.73 | 10.49 | (-)44.72 |
| GSDP | (-)0.06 | 18.86 | 14.71 | 10.09 | 10.15 |

| પરિમાણો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| **તરલતાનો ગુણોત્તર[5]** | | | | | |
| GSDP ના સંદર્ભમાં આવકની તરલતા | * | 1.60 | 1.33 | 1.16 | * |
| GSDP ના સંદર્ભમાં રાજ્યની પોતાની આવકની તરલતા | * | 2.03 | 1.92 | 1.02 | 0.11 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સ્રોત (GSDP ના આંકડા): અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર.

GSDP: **2022-23 માટેના કામચલાઉ અંદાજો** (PE); **ત્વરિત અંદાજો** (QE) 2023-24**માટે;અગ્રિમ અંદાજો** (AE) 2024-25 **માટે**

*** મહેસૂલ આવક અને રાજ્યની પોતાની મહેસૂલ આવકનો વૃદ્ધિ દર નકારાત્મક હોવાથી,** GSDP **ના સંદર્ભમાં તેમની તરલતાની ગણતરી કરી શકાતી નથી.**

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે:

- મહેસૂલી આવક 2020-21 માં ₹ 1,28,156 કરોડ હતી તે 70.54 ટકા (₹ 90,399 કરોડ) વધીને 2024-25 માં ₹ 2,18,555 કરોડ થઈ, જે 14.28 ટકાના ચક્રવૃદ્ધિ વાર્ષિક વૃદ્ધિ દરે (CAGR) હતી. જોકે, 2020-21 થી 2024-25 સુધી રાજ્યની પોતાની આવક અને કેન્દ્ર તરફથી તબદીલીઓનો CAGR 19.65 ટકા હતો; અને
- 2024-25 દરમિયાન, મહેસૂલ આવકમાં પાછલા વર્ષ કરતા ₹ 4,208 કરોડ (1.89 ટકા) નો ઘટાડો થયો.

આમ, મહામારી પછીના સમયગાળામાં મહેસૂલી આવકમાં સતત વધારો થયો હતો, પરંતુ 2024-25માં વૃદ્ધિની ગતિ નબળી પડી હતી, સતત આર્થિક વિસ્તરણ છતાં પોતાની મહેસૂલી આવકમાં ઓછી તરલતા જોવા મળી હતી. વેરાના વિનિમય પર વધતી જતી નિર્ભરતા અને અનુદાનમાં અસ્થિરતા રાજ્યની મહેસૂલ એકત્રીકરણ ક્ષમતામાં ઉભરતા અવરોધો પર ભાર મુકે છે.

રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે મહેસૂલી આવક અને મહેસૂલી આવકમાં વિવિધ સ્ત્રોતોમાંથી ફાળો **આલેખ 1.7** અને **આલેખ 1.8**માં આપવામાં આવ્યાં છે.

[5] તરલતાનો ગુણોત્તર, મૂળ ચલમાં આપેલા ફેરફારના સંદર્ભમાં રાજકોષીય ચલની પ્રતિભાવશીલતાનું પ્રમાણ દર્શાવે છે. ઉદાહરણ તરીકે, GSDP ના સંદર્ભમાં 1.16 પર મહેસૂલી તરલતા સૂચવે છે કે જો GSDP એક ટકા વધે તો મહેસૂલી આવક 1.16 ટકા વધે છે.

**આલેખ 1.7.: GSDP ની ટકાવારી તરીકે મહેસૂલી આવક**




**આલેખ 1.8. : મહેસૂલી આવકમાં ફાળો**




ઉપરોક્ત આલેખમાંથી જોવા મળતા 2020-25 દરમિયાનના મહેસૂલી આવકના વલણો દર્શાવે છે કે:

- 2024-25 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (73.06 ટકા) રાજ્યના પોતાના સંસાધનો (**ફકરા 1.2.1(A)** ઘટક-વાર વિગતો જુઓ) માંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કરની તબદીલી (ફકરા 1.2.1(B) ઘટક-વાર વિગતો જુઓ) અને સહાયક અનુદાન (**ફકરા 1.2.1(C)** ઘટક-વાર વિગતો જુઓ) એ મળીને 26.94 ટકા ફાળો આપ્યો હતો; અને
- રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનના પ્રમાણમાં મહેસૂલી આવક 2020-24 ના સમયગાળા દરમિયાન વધતી જતી હોવાનું વલણ દર્શાવે છે, જે 2023-24 માં 9.18 ટકાથી ઘટીને 2024-25 માં 8.18 ટકા થઈ ગઈ હતી.

મહેસૂલી આવકમાં રાજ્યના પોતાના સંસાધનોનું વર્ચસ્વ પ્રમાણમાં મજબૂત નાણાકીય સ્વાયત્તતા દર્શાવે છે; જોકે, કેન્દ્રીય તબદીલીના અનુરૂપ સમર્થનના અભાવે કર અને બિન-કર આવક વૃદ્ધિને ટકાવી રાખવા માટે રાજ્ય પર વધુ જવાબદારી પણ મૂકે છે.

કેન્દ્રીય કરની તબદીલી અને સહાયક અનુદાનનો સંયુક્ત હિસ્સો, નોંધપાત્ર હોવા છતાં, પોતાની આવક માટે ગૌણ રહે છે, જેનો અર્થ એ છે કે રાજ્યના પોતાના મહેસૂલી કમગીરીમાં કોઈપણ ઘટાડો સકલ મહેસૂલી સ્થિરતા પર સીધી અને તાત્કાલિક અસર કરશે.

સતત આર્થિક વૃદ્ધિ છતાં, 2024-25 માં રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનના પ્રમાણમાં મહેસૂલી આવકમાં ઘટાડો, મહેસૂલીતરલતામાં નબળાઈ સૂચવે છે, અર્થતંત્રમાં વધતી વૃદ્ધિ પ્રમાણસર ઓછા મહેસૂલી લાભો આપે છે.

## A. રાજ્યના પોતાના સંસાધનો

**આલેખ 1.9: રાજ્યની પોતાની આવકની વિગતો**




## (i) પોતાની કર આવક

પોતાની કરવેરા આવક એ રાજ્ય સરકાર દ્વારા બંધારણ હેઠળ વસૂલ કરવામાં આવેલા કરવેરા દ્વારા એકત્રિત કરવામાં આવતી આવક છે. નાણાકીય વર્ષ 2023-24 માટે વાસ્તવિક આંકડા, અને બજેટ અંદાજ (BE), સુધારેલ અંદાજ (RE), અને નાણાકીય વર્ષ 2024-25 માટે પોતાના કરવેરા આવકના વાસ્તવિક આંકડા **કોષ્ટક** 1.6 માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક 1.6: પોતાની કર આવક: 2023-24 (ખરેખર) અને 2024-25 (BE, RE, અને ખરેખર)**

*(₹ કરોડમાં)*

| મહેસૂલી સદર | 2023-24 (ખરેખર) | 2024-25 (BE) | 2024-25 (RE) | 2024-25 (ખરેખર) |
|---|---|---|---|---|
| રાજ્ય માલ અને સેવા વેરો | 58,010 | 74,597 | 74,750 | 65,840 |
| વેચાણ, વ્યાપાર વગેરે પર કરવેરા | 33,127 | 33,900 | 33,213 | 33,112 |
| સ્ટેમ્પ અને નોંધણી ફી | 15,334 | 16,000 | 16,500 | 17,445 |
| વીજળી પર કરવેરા અને જકાત | 11,514 | 11,754 | 11,749 | 11,736 |
| વાહનો પર કર | 5,568 | 5,600 | 5,677 | 5,908 |
| જમીન મહેસૂલ | 8,558 | 5,510 | 4,004 | 4,801 |
| રાજ્ય આબકારી | 200 | 155 | 200 | 201 |
| અન્ય વેરા | 1,903 | 1,434 | 1,533 | 1,663 |
| **પોતાની કર આવક** | **1,34,214** | **1,48,950** | **1,47,626** | **1,40,706** |
| રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતે પોતાની કર આવક | 5.53 | 5.33 | 5.52 | 5.27 |
| મહેસૂલી આવકની ટકાવારીની રીતે પોતાની કર આવક | 60.25 | 64.86 | 63.76 | 64.38 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને વર્ષ 2024-25 અને 2025-26 માટેનું ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

**કોષ્ટક 1.6** દર્શાવે છે કે રાજ્યનો પોતાની કર આવકનો આધાર રાજ્ય માલ અને સેવા વેરા (SGST) માં કેન્દ્રિત રહે છે. રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારીમાં પોતાની કર આવકમાં ઘટાડો સાથે અંદાજપત્ર SGSTની વસૂલાત સામે ખામીઓ, આવકમાં ઉભરતી અવરોધો તરફ નિર્દેશ કરે છે અને આગાહીની ચોકસાઈ અને કરવેરા આધાર પ્રતિભાવ પર સતત દેખરેખ રાખવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

2020-21 થી 2024-25 ના સમયગાળા દરમિયાન પોતાની કર આવક અને તેના ઘટકોના વલણો અનુક્રમે **આલેખ 1.10** અને **આલેખ 1.11** માં દર્શાવવામાં આવ્યા છે.

**આલેખ1.10: નાણાકીય વર્ષ 2020-21 થી નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન પોતાની કર આવકના વલણો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રાજ્યની અન્ય કર આવકમાં રાજ્ય માલ અને સેવા વેરાનો મુખ્ય ફાળો રહ્યો છે, જેનો હિસ્સો 2023-24 માં 43.22 ટકા હતો તે 2024-25 માં વધીને 46.79 ટકા થયો છે, ત્યારબાદ વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરો (23.53 ટકા), સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી (12.40 ટકા) અને વીજળી પરના કર અને જકાત (8.34 ટકા) આવે છે.

**આલેખ 1.11: રાજ્યની પોતાની કર આવકના મુખ્ય ઘટકો**

*(₹ કરોડમાં)*




ઉપરોક્ત કોષ્ટક અને આલેખ પરથી જોઈ શકાય છે કે:

- રાજ્ય માલ અને સેવા વેરો, વાહનો પરના કર, રાજ્ય આબકારી અને સ્ટેમ્પ અને નોંધણી ફીમાં છેલ્લા પાંચ વર્ષમાં વધારો થયો છે;
- રાજ્યનો પોતાનો વેચાણ વેરો/મૂલ્યવર્ધિત વેરામાંથી કરવેરા પાંચ વર્ષના ઉચ્ચતમ સ્તર ₹ 36,984 કરોડ સુધી પહોંચ્યા પછી, 2023-24માં ઘટીને ₹ 33,127 કરોડ થયો અને 2024-25માં તે જ સ્તરે રહ્યો; અને
- વધુ વિશ્લેષણમાં જાણવા મળ્યું કે જમીન મહેસૂલ (***પરિશિષ્ટ 1.1*** **જૂઓ**), 2023-24માં અચાનક ₹ 8,558 કરોડ સુધી વધ્યા પછી, 2024-25માં ઘટીને ₹ 4,801 કરોડ થયો હતો, જે 2022-23 (₹ 4,480 કરોડ) ના સ્તર સાથે વ્યાપક રીતે તુલનાત્મક સ્તરે પાછો ફર્યો.

## (ii) બિન-કર આવક

રાજ્યની બિન-કર આવક એટલે રાજ્ય સરકારને કર સિવાયના અન્ય સ્રોતોમાંથી મળેલું ભાડું, ફી, રોયલ્ટી અને અન્ય આવક.

નાણાકીય વર્ષ 2023-24 માટે વાસ્તવિક અને અંદાજપત્રીય અંદાજ (BE), સુધારેલ અંદાજ (RE), અને નાણાકીય વર્ષ 2024-25 માટે બિન-કર આવકના ખરેખર મૂલ્યો **કોષ્ટક 1.7** માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક 1.12: મુખ્ય બિન-કર આવક: 2023-24 (ખરેખર) અને 2024-25 (અંદાજપત્રીય અંદાજો, સુધારેલા અંદાજોઅને ખરેખર મૂલ્યો)**

*(₹ કરોડમાં)*

| બિન-કર આવક | 2023-24 (ખરેખર) | 2024-25 (BE) | 2024-25 (RE) | 2024-25 (ખરેખર) |
|---|---|---|---|---|
| બિન-લોહ ખાણકામ અને ધાતુ ઉદ્યોગ | 5,815 | 4,379 | 5,576 | 5,814 |
| ડિવિડન્ડ અને નફો | 757 | 600 | 2,550 | 2,396 |
| મોટી અને મધ્યમ સિંચાઇ | 2,093 | 2,354 | 2,026 | 2,248 |
| બંદરો અને દીવાદાંડીઓ | 1,478 | 1,500 | 1,700 | 1,800 |
| વ્યાજની આવક | 2,703 | 2,000 | 1,662 | 1,587 |
| વપરાશકર્તા શુલ્ક[6] | 2,977 | 2,272 | 1,711 | 1,109 |
| અન્ય | 7,885 | 6,570 | 5,083 | 4,010 |
| કુલ | **23,708** | **19,675** | **20,308** | **18,964** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોઅને 2024-25 અને 2025-26 માટેના ગુજરાત સરકારનું અંદાજપત્રીય પ્રકાશન નં. 1.

2020-21 થી 2024-25 ના સમયગાળા દરમિયાન બિન-કર આવક અને તેના ઘટકોના વલણો અનુક્રમે **આલેખ 1.12** અને **આલેખ 1.13** માં દર્શાવવામાં આવ્યા છે.

**આલેખ 1.12: બિન-કર આવકમાં વલણો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

6 મુખ્ય સદર 0202, 0210, 0215, 1054 અને 1452 ને લગતા શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠા અને સ્વચ્છતા, પરિવહન અને પ્રવાસન હેઠળ કરવેરા સિવાયની આવકનો વપરાશકર્તા શુલ્ક માં સમાવેશ થાય છે. મુખ્ય અને મધ્યમ સિંચાઈ (વપરાશકર્તા શુલ્ક) હેઠળ કરવેરા સિવાયની આવકમાં મુખ્ય સદર 0700 અને 0701 નો ઉપયોગ વપરાશકર્તા શુલ્કમાં સમાવેશ થાય છે.

**આલેખ 1.13: રાજ્યની બિન-કર આવકના મુખ્ય ઘટકો**

*(₹ કરોડમાં)*




છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્યની બિન-કર આવક મહેસૂલી આવકના 8.19 ટકા અને 10.64 ટકાની વચ્ચે રહી હતી. વર્ષ 2024-25 દરમિયાન, બિન-કરવેરા આવકમાં પાછલા વર્ષ કરતાં ₹ 4,744 કરોડ (20.01 ટકા)નો ઘટાડો થયો હતો. બિન-કર આવકમાં ઘટાડો મુખ્યત્વે આના કારણે થયો હતો:

- શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ: સામાન્ય અને ટેકનિકલ શિક્ષણ હેઠળ વધુ પડતી ચૂકવણી, અન્ય આવક અને ટ્યુશન અને અન્ય ફીની ઓછી વસૂલાતને કારણે ₹ 1,266.03 કરોડનો ઘટાડો;
- વ્યાજની આવક: સામાન્ય નાણાં અને વેપાર સંસ્થાઓ તરફથી ઓછા વ્યાજ, સામાજિક સુરક્ષા અને કલ્યાણ માટેની લોન અને રોકડ સિલકના મૂડીરોકાણના કારણે ₹ 1,116.24 કરોડનો ઘટાડો;
- વિવિધ સામાન્ય સેવાઓ: દાવા વગરની થાપણો હેઠળ ઓછી આવકના કારણે ₹ 1,011.79 કરોડનો ઘટાડો;

- અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો: અન્ય આવક હેઠળ ઓછી આવકના કારણે ₹ 645.82 કરોડનો ઘટાડો; અને
- શહેરી વિકાસ: નાના અને મધ્યમ શહેરોના સંકલિત વિકાસ હેઠળ ઓછી આવકના કારણે ₹ 645.22 કરોડનો ઘટાડો.

જોકે, ઉપરોક્ત બાબતો આંશિક રીતે અન્ય સંસ્થાઓ તરફથી ડિવિડન્ડ અને નફા હેઠળની આવકમાં નોંધપાત્ર વધારા દ્વારા સરભર કરવામાં આવી હતી, જે 2023-24માં ₹ 116 કરોડ હતી તે વધીને 2024-25માં ₹ 1,969 કરોડ થઈ હતી.

આ રીતે, 2024-25 માં રાજ્યની બિન-કર આવકનો આધાર નબળો પડ્યો હતો, જેમાં સકલ આવક અંદાજ કરતાં ઓછી રહી હતી અને ખાણકામ સંબંધિત આવક પર ભારે આધાર રાખ્યો હતો. વપરાશકર્તા ચાર્જ, વ્યાજ આવક અને પરચુરણ આવકમાં ઘટાડો મર્યાદિત ખર્ચ વસૂલાત અને ઘટેલા વૈવિધ્યકરણ તરફ નિર્દેશ કરે છે.

### (iii) સરકારની સૂચનાઓનુ બિન-અનુપાલન

નાણા વિભાગે 05 જુલાઈ 2022 ના રોજ પરિપત્ર ક્રમાંક જનવ (ભાષાકીય)/10/2011/182190/A દ્વારા તમામ સરકારી સંસ્થાઓને તેમના વણવપરાયેલા ભંડોળ ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓ (GSFS) માં જમા કરાવવાનો નિર્દેશ આપ્યો હતો, જે બેંકો કરતા વધુ વ્યાજ દર આપે છે, અને GSFS કોઈપણ સમયે જમા કરાયેલ રકમ ઉપાડવાની સુવિધા પણ પૂરી પાડે છે. તે વધુમાં આદેશ આપે છે કે કાર્યકારી મૂડીની જરૂરિયાતો પૂર્ણ કર્યા પછી, કોઈપણ વણવપરાયેલા ભંડોળને તાત્કાલિક અથવા દસ દિવસની અંદર જમા કરાવવા જરૂરી છે જેથી સરકારી નાણાંનો શ્રેષ્ઠ ઉપયોગ થાય અને વ્યાજની કમાણી મહત્તમ થાય.

**કેસ સ્ટડી 1: મિશન નિયામક, ગુજરાત રાજ્ય ઇલેક્ટ્રોનિક મિશન, ગાંધીનગર**

ઓડીટે નોંધ્યું કે, ગુજરાત રાજ્ય ઇલેક્ટ્રોનિક મિશન, ગાંધીનગર (GSEM)એ ઓગસ્ટ 2023અને જૂન 2025વચ્ચે એચડીએફસીબેંકના બચત ખાતામાં ઇલેક્ટ્રોનિક્સ નીતિ સંબંધિત ₹ 144.62 કરોડનું ભંડોળ રાખ્યું હતું, જેનાથી GSFSદ્વારા આપવામાં આવતા 7 ટકા વ્યાજને બદલે માત્ર 3.5 ટકા વ્યાજ મળ્યું હતું. GSEMઓટો-ફિક્સ્ડ ડિપોઝિટ સુવિધાનો ઉપયોગ કરવામાં પણ નિષ્ફળ ગયું હતું, જે નબળા આંતરિક નિયંત્રણો અને સક્રિય નાણાકીય વ્યવસ્થાપનનો અભાવ દર્શાવે છે. અનુદાનના ભંડોળ પર વ્યાજ રાજ્યને મળવું જોઈએ, જેના પરિણામે સરકારી તિજોરીને નુકસાન થયું હતું. ગુજરાત સરકારના પરિપત્રનું પાલન ન કરવાના કારણે આ ખામી સર્જાઈ હતી, જે નાણાકીય સમજદારીનો અભાવ દર્શાવે છે.

GSEMએ જવાબ આપ્યો કે GSFSમાં ભંડોળ જાળવવામાં આવ્યું ન હતું કારણ કે રાજ્ય સરકાર તરફથી મંજૂરી મળ્યા પછી તરત જ સબસિડી જારી કરવામાં આવે છે. ચુકવણીમાં વિલંબ/ચૂક ટાળવા માટે, સમયસર સબસિડી જારી કરવાના મુખ્ય આદેશને પૂર્ણ કરવા માટે ભંડોળની તરલતા મહત્વપૂર્ણ હતી. વધુમાં, મેળવેલ વાસ્તવિક વ્યાજ રાજ્યનાએકત્રિત નિધિમાં જમા કરવામાં આવ્યું હતું.

GSFS દ્વારા અનુસરવામાં આવતા ભંડોળ જમા અને ઉપાડના નિયમો અનુસાર, આ જવાબ સ્વીકાર્ય નથી.

**કેસ સ્ટડી 2: જળ સંસાધન વિભાગ દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને સ્વાયત્ત સંસ્થાને ભંડોળ આપવામાં આવ્યું**

2022-23 થી 2024-25 ના સમયગાળા માટે NWRWSKD માં અનુદાનના ઓડિટ દરમિયાન, એવું ધ્યાન પર આવ્યું હતું કે 31 માર્ચ 2025 ના અંત સુધીમાં, ગુજરાત જળ સંસાધન વિકાસ નિગમ (GWRDC), એક PSU અને જળ અને જમીન વ્યવસ્થાપન સંસ્થા (WALMI), એક સ્વાયત્ત સંસ્થા, ના બેંક ખાતાઓમાં અનુક્રમે ₹ 135.16 કરોડ અને ₹ 9.49 કરોડ જમા કરવામાં આવ્યા હતા. PSU અને AB એ નાણા વિભાગના પરિપત્રનું પાલન કર્યું ન હતું. જવાબની રાહ જોવાઈ રહી છે.

**કેસ સ્ટડી 3: સામાન્ય વહીવટ વિભાગ દ્વારા સ્વાયત્ત સંસ્થાઓને ભંડોળ આપવામાં આવ્યું**

GAD ના 2022-23 થી 2024-25 ના સમયગાળા માટેના અનુદાનના ઓડિટ દરમિયાન, ઓડિટમાં રેકોર્ડ પરથી ધ્યાન પર આવ્યું હતું કે પાંચ સ્વાયત્ત સંસ્થાઓએ[7] બેંક ખાતાઓમાં ₹ 22.61 કરોડ રાખ્યા હતા. વધુમાં, સચિવાલય જીમખાના, એક સ્વાયત્ત સંસ્થાએ બેંક ખાતા અને તેના દ્વારા રાખવામાં આવેલીસિલકોની વિગતો આપી ન હતી. સ્વાયત્ત સંસ્થાએ નાણા વિભાગના પરિપત્રનું પાલન કર્યું નથી. જવાબની રાહ જોવાઈ રહી છે.

### (iv) પાછલા વર્ષોની બિનઉપયોગી સિલકોને ખોટી રીતે મહેસૂલી આવક તરીકે જમા કરવામાં આવી.

મુખ્ય અને ગૌણ સદરોની યાદીની કલમ 3.10 માં જણાવવામાં આવ્યું છે કે 'વધારે ચૂકવણીની વસૂલાત', ભલે તે રોકડમાં કરવામાં આવે અથવા તે જ નાણાકીય વર્ષ દરમિયાન બિલમાંથી ઓછા ઉપાડ દ્વારા કરવામાં આવે જેમાં આવી વધુ ચૂકવણી કરવામાં આવી હોય, તેને સંબંધિત સેવા સદરો હેઠળ ખર્ચમાં ઘટાડો' તરીકે નોંધવામાં આવશે. આ કલમ એ પણ નિર્ધારિત કરે છે કે પાછલા વર્ષ(ઓ) ને લગતી વધુ ચૂકવણીની વસૂલાતને સંબંધિત મુખ્ય સદર નીચે અલગ ગૌણ સદર'કપાત-અધિક ચૂકવણીની વસૂલાત' (કોડ '911')હેઠળ નોંધવામાં આવશે.

વધુમાં, સરકારી હિસાબી નિયમો, 1990 એવી પણ જોગવાઈ કરે છે કે 'વધારે ચૂકવણીની વસૂલાત', ભલે રોકડમાં કરવામાં આવે અથવા ચુકવણી વાઉચરમાંથી કપાત દ્વારા, સંબંધિત ખર્ચના વડા હેઠળ હંમેશા 'ખર્ચમાં ઘટાડો' તરીકે ગણવામાં આવશે, પછી ભલે આવી વસૂલાત કયા વર્ષ સાથે સંબંધિત હોય.

[7] (i) સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA), (ii) ગુજરાત સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સોસાયટી (GSIDS), (iii) બિન-નિવાસી ગુજરાતી ફાઉન્ડેશન (NRGF), (iv) ગુજરાત માહિતી પંચ (GIC), અને (v) ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂટ ફોર ટ્રાન્સફોર્મેશન (GRIT).

**કેસ સ્ટડી: બિનઉપયોગી સિલકોને ખોટી રીતે મહેસૂલી આવક તરીકે જમા લીધી**

ઓડિટે યાદૃચ્છિક રીતે 71 આવકના ચલણો તપસ્યા (જુલાઈ 2025) જેની કિંમત ₹ 1,396.80 કરોડ હતી, જે 2024-25 દરમિયાન મહેસૂલી આવક તરીકે સરકારી હિસાબોમાં જમા કરવામાં આવ્યા હતા, આમાંથી, 41 આવકના ચલણો, જેની કિંમત ₹ 1,108.42 કરોડ (નમુનાની આવકની રકમના 79.35 ટકા) હતી જે અગાઉના વર્ષોની બિનઉપયોગી રકમ દર્શાવે છે, તેને 2024-25 દરમિયાન સંબંધિત સેવા સદરો હેઠળ ખર્ચમાં ઘટાડો' તરીકે જમા કરવાના બદલે મહેસૂલી આવક તરીકે સરકારી હિસાબોમાં અનિયમિત રીતે જમા કરવામાં આવ્યા હતા. ત્યારબાદ, *A&E* ઓફિસે ₹ 833.73 કરોડની ટ્રાન્સફર એન્ટ્રીઓ હાથ ધરી (જુલાઈ 2025).

આ રાજ્ય સરકારની મહેસૂલી આવકનું અયોગ્ય ચિત્ર રજૂ કરે છે અને પછીના વર્ષોના અંદાજપત્રીયઅંદાજ પર તેની અસર પડે છે.

બિનઉપયોગી સિલકની યોગ્ય નોંધ કરવા માટે અનુસરવામાં આવનારી પદ્ધતિ પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક)ની કચેરી અને નાણા વિભાગ વચ્ચે ચર્ચા હેઠળ છે. એ ઉલ્લેખ કરવો યોગ્ય છે કે 2021-22થી ગુજરાત સરકારના અગાઉના રાજ્ય નાણાકીય ઓડિટ અહેવાલોમાં દર્શાવવામાં આવ્યું હોવા છતાં, મહેસૂલી આવક તરીકે સરકારી હિસાબોમાં બિનઉપયોગી સિલકની ભૂલભરેલી નોંધ કરવાનું ચાલુ રહ્યું હતું.

## B. કેન્દ્રિય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો

કેન્દ્રિય કરવેરા અને જકાતમાં રાજ્યના હિસ્સાના ઘટકોના વલણો **કોષ્ટક 1.8** માં દર્શાવ્યા છે.

**કોષ્ટક 1.8: કેન્દ્રિય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો**

*(₹ કરોડમાં)*

| ઘટકો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| પ્રત્યક્ષ કરવેરા | | | | | |
| કોર્પોરેશન વેરો | 6,083.86 | 9,242.59 | 11,079.34 | 11,791.15 | 12,700.33 |
| કોર્પોરેશન વેરા સિવાયની આવક પર કરવેરા | 6,235.13 | 9,158.49 | 10,810.28 | 13,617.32 | 16,196.81 |
| મિલકત વેરો | 0.00 | 1.90 | 0.00 | 0.00 | 0.00 |
| પેટા સરવાળો | **12,318.99** | **18,402.98** | **21,889.62** | **25,408.47** | **28,897.14** |
| અપ્રત્યક્ષ કરવેરા | | | | | |
| કેન્દ્રિય માલ અને સેવા વેરો | 6,030.60 | 8,815.20 | 9,332.69 | 11,922.14 | 13,072.06 |
| સીમા શુલ્ક | 1,088.95 | 2,243.09 | 1,298.32 | 1,376.65 | 2,277.15 |
| કેન્દ્રિય આબકારી જકાત | 681.76 | 1,229.22 | 407.36 | 520.95 | 438.22 |
| સેવા વેરો | 84.49 | 384.47 | 51.65 | 7.33 | 1.42 |
| અન્ય | 13.74 | 30.82 | 54.36 | 48.09 | 72.01 |
| પેટા-સરવાળો | **7,899.54** | **12,702.80** | **11,144.38** | **13,875.16** | **15,860.86** |
| કુલ | **20,218.53** | **31,105.78** | **33,034.00** | **39,283.63** | **44,758.00** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત કોષ્ટકમાંથી જોઇ શકાય છે કે:

- 2024-25 માં કેન્દ્રીય કરવેરાની તબદીલીના ₹ 44,758.00 કરોડે ગયા વર્ષની સરખામણીમાં 13.94 ટકાનો વધારો નોંધાવ્યો હતો;
- પાછલા વર્ષની સરખામણીમાં પ્રત્યક્ષ કરવેરા 13.73 ટકા વધ્યા હતા જ્યારે અપ્રત્યક્ષ કરવેરા 14.31 ટકા જેટલા વધ્યા હતા;
- કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યના હિસ્સામાં પ્રત્યક્ષ કરનો હિસ્સો 64.57 ટકા હતો; અને
- અન્ય હેઠળ કોર્પોરેશન કરવેરા; કોર્પોરેશન કરવેરા સિવાયની આવક પર વેરો; કેન્દ્રીય માલ અને સેવા વેરો; સીમા શુલ્ક; અને અન્ય કરવેરા અને ચીજવસ્તુઓ અને સેવાઓ પર જકાત, ગયા વર્ષ કરતાં વધુ હતી.

2020-21 થી 2024-25 ના સમયગાળા દરમિયાન રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનમાં કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યના હિસ્સાની ટકાવારીના વલણો **આલેખ 1.14** માં દર્શાવવામાં આવ્યા છે.

**આલેખ 1.14: GSDP સામે કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યના કુલ હિસ્સાની ટકાવારીના**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.14** દર્શાવે છે કે 2022-23માં ઘટાડો થયો હોવા છતાં, GSDP સામે કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યના કુલ હિસ્સાની ટકાવારીના 2020-21 માં 1.25 ટકા હતો તે વધીને 2024-25 માં 1.68 ટકા થયો હતો. આ રાજ્યના અર્થતંત્રની તુલનાએ કેન્દ્રીય કર વિનિમયમાં મજબૂત વલણ દર્શાવે છે.

## C. ભારત સરકાર તરફથી સહાયક અનુદાન

2020-25 દરમિયાન ભારત સરકાર તરફથી મળેલા સહાયક અનુદાનના ઘટકો **કોષ્ટક 1.9** માં દર્શાવવામાં આવ્યા છે.

**કોષ્ટક 1.9: ભારત સરકાર તરફથી સહાયક અનુદાન**

(₹ *કરોડમાં*)

| વિગતો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ | 8,166.58 | 9,450.08 | 9,549.86 | 9,468.25 | 8,624.70 |
| નાણા પંચનું અનુદાન | 5,672.50 | 4,002.42 | 5,304.63 | 5,257.89 | 4,159.96 |
| અન્ય અનુદાનો (GST ના વળતર સહિત) | 13,339.21 | 10,575.09 | 8,276.64 | 10,830.86 | 1,342.38 |
| કુલ | **27,178.29** | **24,027.59** | **23,131.13** | **25,557.00** | **14,127.04** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે:

- કુલ સહાયક અનુદાન 2020-21 માં ₹ 27,178.29 કરોડથી ઘટીને 2024-25 માં ₹ 14,127.04 કરોડ થયું હતું, જેનું મુખ્ય કારણ અન્ય અનુદાનમા તીવ્ર ઘટાડો હતો; અને
- 2024-25 માં, ત્રણેય ઘટકો – કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ, નાણા પંચનું અનુદાન અને અન્ય અનુદાન હેઠળ ફાળો 2023-24 માં ફાળાની તુલનાએ ઘટ્યો છે.

2020-21 થી 2024-25 ના સમયગાળા દરમિયાન ભારત સરકાર તરફથી રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની સામે સહાયક અનુદાનની ટકાવારીના વલણો **આલેખ 1.15**માં દર્શાવવામાં આવ્યા છે

**આલેખ 1.15: રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની સામે ભારત સરકાર તરફથી સહાયક અનુદાનની ટકાવારી**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.15** નું વિશ્લેષણ દર્શાવે છે કે:

- રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારીની રીતેસહાયક અનુદાન 2020-21 માં 1.68 ટકા હતું તે સતત ઘટતું રહીને 2024-25 માં 0.53 ટકા થયું હતું, 2022-23 અને 2023-24 દરમિયાન 1.05 ટકાની આસપાસ માત્ર થોડા સમય માટે સ્થિર રહ્યું હતું;
- 2024-25 માં પાછલા વર્ષની તુલનાએ લગભગ ૫૦ ટકાનો ઘટાડો થયો હતો; અને

- આ સમયગાળા દરમિયાન રાજ્યના અર્થતંત્રમાં અનુદાનના સંબંધિત યોગદાનમાં નોંધપાત્ર ઘટાડો દર્શાવે છે, જેનાથી રાજ્યની પોતાની આવકના એકત્રીકરણ અને ઋણ પર નિર્ભરતા વધી છે.

અર્થતંત્રમાં અનુદાનનો હિસ્સો ઘટતો જાય છે, ખર્ચનું ધિરાણ રાજ્યની પોતાની આવક અને ઋણ પર વધુને વધુ આધાર રાખે છે, જેનાથી મહેસૂલની તરલતા અને સમજપૂર્વકના ઋણના વ્યવસ્થાપનનું મહત્વ વધે છે.

### (i) કેન્દ્રીય પુરસ્કૃત યોજનાઓ માટે અનુદાન

2024-25 દરમિયાન કેન્દ્રિય પુરસ્કૃત યોજનાઓ માટે ₹ 8,624.70 કરોડના અનુદાનમાંથી, **કોષ્ટક 1.10** માં દર્શાવેલ યોજનાઓ માટે મુખ્ય ફાળવણી કરવામાં આવી હતી.

**કોષ્ટક 1.10: ભારત સરકાર તરફથી સહાયક અનુદાન**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | યોજનાનુ નામ | 2023-24 રકમ | 2024-25 રકમ | પાછલા વર્ષ કરતાં ટકાવારીમાં ફેરફાર |
|---|---|---|---|---|
| 1 | પ્રધાન મંત્રી આવાસ યોજના (PMAY)- ગ્રામ્ય | 559.25 | 1,302.49 | 132.90 |
| 2 | સમગ્ર શિક્ષણ | 1,132.53 | 1,245.54 | 9.98 |
| 3 | શહેરી કાયાકલ્પ મિશન-500 શહેરો | 317.39 | 877.30 | 176.41 |
| 4 | રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમ અને રાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન | 926.97 | 839.15 | (-)9.47 |
| 5 | સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0 | 1,126.80 | 601.32 | (-)46.63 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઓડિટમાં વિશ્લેષણમાં સામે આવ્યું હતું કે સક્ષમ આંગણવાડી અને પોષણ **2.0** માં ઘટાડો મુખ્યત્વે ભારત સરકાર દ્વારા યોજના હેઠળ ઓછું અનુદાન છુટું કરવાના કારણેહતો.

### (ii) પંદરમા નાણા પંચના અનુદાન

પંદરમા નાણા પંચ (૧૫મું નાણા પંચ) દ્વારા રાજ્યોને પંચાયતી રાજ સંસ્થાઓ, શહેરી સ્થાનિક સંસ્થાઓ, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ (SDRF), રાજ્ય આપદા નિવારણ ભંડોળ (SDMF) અને આરોગ્ય ક્ષેત્ર માટે અનુદાનઆપવામાં આવ્યું હતું. ૧૫મા નાણાકીય વર્ષ દ્વારા કરવામાં આવેલી આ પાંચ અનુદાનો માટે ₹ 6,437.49 કરોડની ભલામણ સામે, રાજ્ય સરકારને વર્ષ 2024-25 માં ₹ 5,233.56 કરોડ મળ્યા હતા[8]. ભારત સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલાઅનુદાનની વિગતો **કોષ્ટક 1.11** માં આપવામાં આવી છે.

[8] કોષ્ટક 1.9 માં 2024-25 માટેના નાણાકીયહિસાબોમુજબ, 2024-25 દરમિયાન પ્રાપ્ત થયેલા નાણા પંચના અનુદાન (ફક્ત 2024-25 માટે નહીં)નો સમાવેશ થાય છે. જ્યારે, કોષ્ટક 1.11 માં ફક્ત એ જ અનુદાનનો સમાવેશ થાય છે, જે ફક્ત નાણાકીય વર્ષ 2024-25 માટે જ હતા, જેમ કે નાણા વિભાગ દ્વારા પૂરી પાડવામાં આવી છે.

**કોષ્ટક 1.11: 15મા નાણા પંચ દ્વારા ભલામણ કરવામાં આવેલી રકમો સામે રાજ્ય સરકારને મળેલી રકમોની વિગતો**

**(₹ કરોડમાં)**

| તબદીલીઓ | 2024-25 માટે 15[મા] નાણા પંચની ભલામણ | 2024-25 દરમિયાન ભારત સરકાર દ્વારા ખરેખર છુટ્ટું કરાયેલ | રાજ્ય સરકાર દ્વારા છુટ્ટું કરાયેલ (ભારત સરકાર દ્વારા છુટી કરાયેલ રકમના કુલ ટકા) |
|---|---|---|---|
| **(i) પંચાયતી રાજની સંસ્થાઓને અનુદાન** | **2,619.00** | **2,610.99** | **2,610.99 (100.00)** |
| a) કામગીરી/બંધન અનુદાન | 1,571.40 | 1,566.59 | 1,566.59 (100.00) |
| b) મુક્ત અનુદાન | 1,047.60 | 1,044.40 | 1,044.40 (100.00) |
| **(ii) શહેરી સ્થાનિક સંસ્થાઓને અનુદાન** | **1349.00** | **630.41** | **630.41 (46.73)** |
| a) 10 લાખથી અધિક વસતીવાળા શહેરો- હવાની ગુણવત્તાનું અનુદાન | 236.00 | 197.56 | 197.56 (100.00) |
| b) 10 લાખથી અધિક વસતીવાળા શહેરો– સેવા સ્તરનું બેન્ચમાર્ક અનુદાન | 474.00 | 432.85 | 432.85 (100.00) |
| c) 10 લાખથી અધિક વસતીવાળા શહેરો સિવાયના- મૂળ અનુદાન (40%) | 255.60 | 0.00 | 0.00 (NA) |
| d) 10 લાખથી અધિક વસતીવાળા શહેરો- ટાઈડ ગ્રાન્ટ (60%) સ્વચ્છતા ઘન કચરાના વ્યવસ્થાપન માટે 30% અનુદાન અને પેય જળ માટે 30% (વરસાદી પાણીના સંગ્રહ અને પુનર્ચક્રણ (રિસાયક્લિંગ) સહિત))અનુદાન | 383.40 | 0.00 | 0.00 (NA) |
| **(iii) આરોગ્ય ક્ષેત્ર માટે અનુદાન** | 692.59 | 692.59 | 0.00 (0.00) |
| **સ્થાનિક સંસ્થાઓ માટે કુલ (i+ii+iii)** | **4,660.59** | **3,933.99** | **3,241.40 (82.39)** |
| (iv) રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ (SDRF)- કેન્દ્રીય હિસ્સો | 1533.00 | 1226.00 | 1226.00 (100.00) |
| (v) રાજ્ય આપદા નિવારણ ભંડોળ (SDMF)- કેન્દ્રીય હિસ્સો | 243.90 | 73.17 | 73.17 (100.00) |
| **SDRMF માટે કુલ (iv+v)** | **1,776.90** | **1,299.57** | **1,299.57 (100.00)** |
| **સકલ કુલ[9]** | **6,437.49** | **5,233.56** | **4,540.97 (86.77)** |

સ્રોત: ગુજરાત સરકારનો નાણા વિભાગ.

ઓડિટમાં જોવા મળ્યું કે 15[મા]નાણા પંચની ભલામણ સામે, ભારતસરકાર દ્વારા 15[મા]નાણા પંચનું અનુદાન ઓછું છુટ્ટું કરવાનું કારણ નીચે દર્શાવેલ ભંડોળ છુટ્ટું કરવા સંબંધિત નિયમો અને શરતોનું પાલનન થયું તે હતું.

[9] એકંદર કુલમાં SDRF અને SDMF માં રાજ્ય સરકારનો મેળ ખાતો હિસ્સો શામેલ નથી.

શહેરી સ્થાનિક સંસ્થાઓને અનુદાનના કિસ્સામાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગે જણાવ્યું હતું (ડિસેમ્બર 2025) કે 10 લાખથી અધિક વસતીવાળા શહેરો-હવાની ગુણવત્તા માટે અનુદાન' હેઠળ, હવાની ગુણવત્તા બગડવાના કારણે, ₹ 59 કરોડની રકમ પાત્રતાની રકમ કરતાં ઓછી ફાળવવામાં આવી હતી, અને હવાની ગુણવત્તા માટે કામગીરી અનુદાન તરીકે ₹ 20.56 કરોડ પ્રાપ્ત થયા હતા. વિભાગે વધુમાં જણાવ્યું હતું કે ભારત સરકારે નિર્ધારિત પોર્ટલ પર મહાનગર નિગમોની અહેવાલ કરેલી સેવા સ્તરની બેન્ચમાર્ક સિદ્ધિઓના આધારે ઘટાડેલી ગ્રાન્ટ ફાળવી હતી. '10 લાખથી અધિક વસતીવાળા શહેરોસિવાય - મૂળભૂત તેમજ ટાઈડ ગ્રાન્ટ' હેઠળ, ભારત સરકાર તરફથી 2023-24 માટે બીજો હપ્તો પ્રાપ્ત થયા પછી અને ભારત સરકારને તેનું અનુદાનની તબદીલીનું પ્રમાણપત્ર (GTC) રજૂ કર્યા પછી અનુદાનની ચુકવણી કરવામાં આવશે.

પંચાયતી રાજની સંસ્થાઓને આપવામાં આવેલા અનુદાનના કિસ્સામાં, પંચાયતો, ગ્રામીણ વિકાસ અને ગ્રામીણ ગૃહનિર્માણ વિભાગે જણાવ્યું હતું (ડિસેમ્બર 2025) કે ચોથા રાજ્ય નાણાં પંચની રચનામાં વિલંબ થવાને કારણે 2024-25 દરમિયાન ફક્ત પ્રથમ હપ્તો મળવાને કારણેઅનુદાન ઓછું છૂટું થયું હતું.

રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ અને રાજ્ય આપ્તિ વ્યવસ્થાપન ભંડોળ ને અનુદાનના કિસ્સામાં, મહેસૂલ વિભાગે જણાવ્યું છે (ડિસેમ્બર 2025)કે ભારત સરકારે ઓછું અનુદાન છૂટું કર્યું છે.

વધુમાં, આરોગ્ય ક્ષેત્ર માટે અનુદાનના કિસ્સામાં, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ (ડિસેમ્બર 2025) ને નવેમ્બર 2025 માં 15મા નાણા પંચ દ્વારા ભલામણ કરાયેલ અનુદાનના 100 ટકા પ્રાપ્ત થયા હતા.

### (i) રાજ્ય નાણા પંચ

બંધારણની કલમ 243I એ રાજ્ય સરકાર માટે 73મા બંધારણીય સુધારાના અમલના એક વર્ષની અંદર રાજ્ય નાણાં પંચ (SFC) ની રચના કરવાનું અને ત્યારબાદ દર પાંચ વર્ષે પંચાયતી રાજની સંસ્થાઓની નાણાકીય સ્થિતિની સમીક્ષા કરવા અને ભંડોળની સોંપણી કરવા માટે રાજ્યપાલને ભલામણો કરવા માટે ફરજિયાત કર્યું હતું.

રાજ્ય નાણાં પંચના બંધારણની સ્થિતિ, તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને ગુજરાત સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી અને અમલમાં મુકવામાં આવેલી ભલામણો **કોષ્ટક 1.12** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 1.12: રાજ્ય નાણા પંચની રચનાની સ્થિતિ અને તેમના દ્વારા કરવામાં આવેલી ભલામણો અને 31 માર્ચ 2025 ની સ્થિતિએ ગુજરાત સરકાર દ્વારા સ્વીકારવામાં આવેલી અને અમલમાં મુકવામાં આવેલી ભલામણો**

| વિભાગો | રાજ્ય નાણા પંચ | બંધારણનું વર્ષ | ભલામણોની સંખ્યા | | |
|---|---|---|---|---|---|
| | | | નાણા પંચ દ્વારા કરવામાં આવેલી | રાજ્ય સરકાર દ્વારા સ્વીકારાયેલી | રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી |
| પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ | પ્રથમ | 1994 | 52 | 27 | 27 |
| | દ્વિતિય | 2003 | 41 | 21 | 21 |
| | તૃતીય | 2011 | 33 | 22 | 13 |
| શહેરી વિકાસ અને શહેરી આવાસન | પ્રથમ | 1994 | 64 | 53 | 34 |
| | દ્વિતિય | 2003 | 42 | 20 | 14 |
| | તૃતીય | 2011 | 37 | 25 | 02 |

સ્રોતઃ ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ અને શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

ત્રીજા નાણા પંચની ભલામણોના કિસ્સામાં, જેનો અમલ હજુ બાકી છે, પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામીણ વિકાસ વિભાગે જણાવ્યું હતું (ડિસેમ્બર 2025) કે ત્રીજા નાણા પંચની નવ ભલામણોનો અમલ થઇ રહ્યો છે. વિભાગે વધુમાં જણાવ્યું હતું (ડિસેમ્બર 2025) કે, રાજ્ય સરકાર દ્વારા 04 નવેમ્બર 2024 ના રોજ ચોથા નાણા પંચની રચના કરવામાં આવી હતી અને તેનો વચગાળાનો અહેવાલ 15 માર્ચ 2025 ના રોજ રાજ્યપાલને સુપરત કરવામાં આવ્યો હતો, પરંતુ પંચ દ્વારા અંતિમ અહેવાલ અને ભલામણો હજુ સુધી કરવામાં આવી નથી (ડિસેમ્બર 2025).

નાણા પંચની ભલામણના અમલીકરણ અંગેની માહિતી શહેરી વિકાસ અને શહેરી આવાસન વિભાગ પાસેથી માંગવામાં આવી હતી (જૂન 2025), જોકે, વારંવાર યાદ અપાવવા છતાં (ઓક્ટોબર અને નવેમ્બર 2025) તેમના પ્રતિભાવની રાહ જોવાઈ રહી હતી (જાન્યુઆરી 2026).

### 1.2.2 મૂડી આવક

મૂડી આવકમાં જુદી જુદી મૂડી આવકોનો સમાવેશ થાય છે, જેમ કે વિનિવેશમાંથી મળેલી રકમ, લોન અને પેશગીઓની વસૂલાત, આંતરિક સ્રોતોમાંથી ઋણની આવક (બજાર લોન, નાણાકીય સંસ્થાઓ/વાણિજ્યિક બેંકો પાસેથી ઉધાર) અને ભારત સરકાર પાસેથી લોન અને પેશગીઓ. જાહેર ઋણનીચુકવણી બાદ જાહેર ઋણની ચોખ્ખી આવક વત્તા અન્ય મૂડી આવક એ ચોખ્ખી મૂડી આવક છે.

નીચેનું **કોષ્ટક 1.13** માં ચોખ્ખી મૂડી આવકની વૃદ્ધિ અને બંધારણના વલણો દર્શાવે છે.

## કોષ્ટક 1.13: ચોખ્ખી મૂડી આવકની વૃદ્ધિ અને બંધારણના વલણો

(₹ કરોડમાં)

| રાજ્યની આવકના સ્રોતો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| **મૂડી આવક** | **68,981** | **47,123** | **52,587** | **41,768** | **52,325** |
| જાહેર ઋણની આવક | 58,857 | 46,968 | 52,333 | 40,392 | 51,253 |
| *આંતરિક ઋણ* | 47,508 | 33,293 | 46,463 | 34,902 | 42,054 |
| *ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ* | 11,349 | 13,675 | 5,870 | 5,490 | 9,199 |
| જાહેર ઋણની પરતચુકવણી | 17,922 | 24,436 | 22,159 | 26,136 | 29,126 |
| *આંતરિક ઋણ* | 17,139 | 23,518 | 20,991 | 24,959 | 28,260 |
| *ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ* | 783 | 918 | 1,168 | 1,177 | 866 |
| **ચોખ્ખી જાહેર ઋણની આવક** | **40,935** | **22,532** | **30,174** | **14,256** | **22,127** |
| પરચુરણ મૂડી આવક | 9,968 | 0 | 0 | 0 | 0 |
| લોન અને પેશગીઓની વસૂલાત | 155 | 155 | 254 | 1,376 | 1,072 |
| **બિન-ઋણ મૂડી આવક** | **10,124** | **155** | **254** | **1,376** | **1,072** |
| **ચોખ્ખી મૂડી આવક** | **51,059** | **22,687** | **30,428** | **15,632** | **23,199** |
| **વર્ષ-દર-વર્ષ વૃધ્ધિનો દરો (ટકામાં)** | | | | | |
| રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન | (-)0.06 | 18.86 | 14.71 | 10.09 | 10.15 |
| મૂડી આવક | 57.04 | (-)31.69 | 11.60 | (-)20.57 | 25.28 |
| ઋણ મૂડી આવક | 35.33 | (-)20.20 | 11.42 | (-)22.82 | 26.89 |
| *આંતરિક ઋણ* | 11.28 | (-)29.92 | 39.56 | (-)24.88 | 20.49 |
| *ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ* | 1,323.96 | 20.50 | (-)57.07 | (-)6.47 | 67.56 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરના કોષ્ટકમાંથી જોઇ શકાય છે કે:

- 2024-25 માં મૂડી આવકમાં પાછલા વર્ષ કરતાં ₹ 10,557 કરોડ (25.28 ટકા) જેટલો વધારો થયો હતો;
- જાહેર દેવાની આવકપાછલા વર્ષ કરતાં ₹ 10,861 કરોડ (26.89 ટકા) જેટલી વધી હતી, જે મુખ્યત્વે બજાર લોન વધુ ઉધાર લેવાના કારણે હતું; અને
- જાહેર દેવાની પરતચુકવણીમાં પાછલા વર્ષ કરતાં ₹ 2,990 કરોડ (11.44 ટકા)નો વધારો થયો હતો.

મૂડી અને ઋણની આવકને રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે **આલેખ 1.16** માં દર્શાવવામાં આવી છે.

**આલેખ 1.16: રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી રૂપે મૂડી અને ઋણની આવકો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.16**માંથી જોઇ શકાય છે કે:

- રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનના ટકાવારી તરીકે મૂડી આવક 2020-21 માં 4.27 ટકાથી ઘટીને 2024-25 માં 1.96 ટકા થઈ ગઈ હતી, અને
- આ જ સમયગાળા દરમિયાન રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે ઋણની આવક પણ 3.64 ટકાથી ઘટીને 1.92 ટકા થઈ ગઈ હતી.

આથી, મૂડી આવક ખૂબ જ અસ્થિર રહે છે અને મુખ્યત્વે ઋણથી ભંડોળપુરૂ પાડવામાં આવે છે. નવી ઉધારીનો વધતો જતો હિસ્સો હાલના ઋણની ચૂકવણી માટે ઉપયોગમાં લેવાય છે, જ્યારે બિન-ઋણ મૂડી સ્રોતો નબળા રહે છે. આંતરિક ઋણ પર વધતી જતી નિર્ભરતા ઋણના ટકાઉપણા પર ઉભરતા દબાણ પર ભાર મૂકે છે.

## 1.2.3 નાણા પંચના અનુમાનો અને ખરેખર મૂલ્યો

પંદરમા નાણા પંચ મુજબ, કેન્દ્રીય કરવેરામાંથી ચોખ્ખી આવકમાં રાજ્યનો હિસ્સો 2020-21 માટે 3.398 ટકા અને 2021-25 ના સમયગાળા માટે 3.478 ટકા નક્કી કરવામાં આવ્યો હતો.

નાણાકીય વર્ષ 2020-21 થી નાણાકીય વર્ષ 2024-25 માટે 15મા નાણા પંચ દ્વારા અંદાજિત આવક, ખાધ અને રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનઅને વાસ્તવિક આંકડા **કોષ્ટક 1.14** માં આપ્યા છે.

**કોષ્ટક1.14:15[મા] નાણા પંચના અનુમાનોની સામે ખરેખર મૂલ્યો**

*(₹ કરોડમાં)*

| | 2020-21 | | 2021-22 | | 2022-23 | | 2023-24 | | 2024-25 | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | અનુમાન | ખરેખર | અનુમાન | ખરેખર | અનુમાન | ખરેખર | અનુમાન | ખરેખર | અનુમાન | ખરેખર |
| GSDP (2011-12 શ્રેણી-વર્તમાન ભાવો) | 16,33,455 | 16,16,106 | 14,51,704 | 19,20,927 | 15,89,616 | 22,03,419 | 17,79,070 | 24,25,804 | 19,99,513 | 26,72,025 |
| પોતાની મહેસૂલી આવક | 1,34,196 | 80,759 | 95,401 | 1,11,696 | 1,06,354 | 1,43,243 | 1,21,677 | 1,57,922 | 1,39,905 | 1,59,670 |
| રાજ્યની પોતાની કર આવક | 1,13,732 | 70,266 | 80,705 | 97,678 | 90,122 | 1,24,809 | 1,03,317 | 1,34,214 | 1,19,043 | 1,40,706 |
| રાજ્યની પોતાની બિન-કર આવક | 20,464 | 10,493 | 14,696 | 14,018 | 16,232 | 18,434 | 18,360 | 23,708 | 20,862 | 18,964 |
| કેન્દ્રના કરવેરા/જકાતમાં રાજ્યનો હિસ્સો | 29,059 | 20,219 | 22,906 | 31,106 | 25,481 | 33,034 | 28,672 | 39,284 | 32,574 | 44,758 |
| GSDP ની ટકાવારી તરીકે મહેસૂલી ખાધ (-)/પુરાંત (+) | (-)2.50 | (-)1.40 | (-)0.60 | 0.33 | (-)1.00 | 0.90 | (-)1.40 | 1.38 | (-)2.00 | 0.71 |
| GSDP ની ટકાવારી તરીકે રાજકોષીય ખાધ (-)/પુરાંત (+) | (-)4.50 | (-)2.50 | (-)4.00 | (-)1.18 | (-)3.50 | (-)0.76 | (-)3.00 | (-)0.97 | (-)3.00 | (-)1.83 |

સ્રોત: સંબંધિત નાણા પંચના અહેવાલો અને સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

## 1.2.4 ખર્ચ

સરકારી ખર્ચને મહેસૂલી ખર્ચ, મૂડી ખર્ચ અને લોન અને પેશગીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે. મહેસૂલી ખર્ચમાં વહીવટી અને મહેકમના ખર્ચ સહિત વિભાગોની જાળવણી, સમારકામ અને રોજિંદા કામકાજ માટેના ખર્ચનો સમાવેશ થાય છે. મૂડી ખર્ચ યોજનાઓના પ્રારંભિક બાંધકામ અને અસ્ક્યામતોમાં મંજૂર થયેલા સુધારાઅથવા ઉમેરા સાથે સંબંધિત છે. લોન અને પોશગીઓમાં સરકાર દ્વારા જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને અન્ય સંસ્થાઓને પૂરા પાડવામાં આવતા ભંડોળનો સમાવેશ થાય છે, જે સમય જતાં વસૂલાતપાત્ર છે. ખર્ચની વિગતો, રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે કુલ ખર્ચ અને તેના ઘટકોનો હિસ્સો અનુક્રમે **કોષ્ટક 1.15, આલેખ 1.17** અને **આલેખ 1.18** માં આપવામાં આવ્યો છે.

**કોષ્ટક 1.15: કુલ ખર્ચ અને તેનું બંધારણ**

*(₹ કરોડમાં)*

| પરિમાણો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ(TE) | **1,78,718** | **1,89,677** | **2,16,508** | **2,47,632** | **2,68,592** |
| મહેસૂલી ખર્ચ(RE) | 1,50,704 | 1,60,421 | 1,79,543 | 1,89,286 | 1,99,612 |
| મૂડી ખર્ચ(CE) | 26,781 | 28,185 | 35,499 | 55,679 | 65,428 |
| લોન અને પેશગીઓ | 1,233 | 1,071 | 1,466 | 2,667 | 3,552 |
| આકસ્મિક નિધિનો વિનિયોગ | - | - | - | - | - |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન રાજ્ય દ્વારા કરવામાં આવેલા કુલ ₹ 2,68,592 કરોડના ખર્ચમાંથી, ₹ 14,127 કરોડનો એક ભાગ નાણા પંચનું અનુદાન, કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે અનુદાન વગેરે જેવા પસાર કરેલાવ્યવહારોનો હતો.

કોષ્ટકના વધુ વિશ્લેષણમાં સામે આવ્યું હતું કે:

- રાજ્યનો કુલ ખર્ચ 2020-21 માં ₹ 1,78,718 કરોડથી 50.29 ટકા વધીને 2024-25માં ₹ 2,68,592 થયો છે,
- 2024-25 દરમિયાન, તે પાછલા વર્ષ કરતાં 8.46 ટકા વધ્યો છે

**ચાર્ટ 1.17: GSDP ની ટકાવારીની રીતે કુલ ખર્ચ**




**ચાર્ટ 1.18: કુલ ખર્ચમાં ઘટકોનો હિસ્સો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઓડિટમાં ધ્યાન પર આવ્યું હતું કે:

- 2020-25 દરમિયાન કુલ ખર્ચનો મુખ્ય ઘટક મહેસૂલ ખર્ચ રહ્યો હતો, જે 2024-25માં કુલ ખર્ચના 74 ટકા હતો;
- મૂડી ખર્ચનો હિસ્સો 2020-21 માં 15 ટકાથી વધીને 2024-25 માં 25 ટકા થયો હતો;

- રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે, 2020-25ના સમયગાળા દરમિયાન કુલ ખર્ચ 2022-23 માં સૌથી ઓછો 9.83 ટકા રહ્યો હતો; અને
- બીજી બાજુ, GSDPની ટકાવારી તરીકે મહેસૂલ ખર્ચ 2020-21માં 9.33 ટકાથી ધીમે ધીમે ઘટીને 2024-25 માં 7.47 ટકા થયો હતો.

## ક્ષેત્ર-મુજબ કુલ ખર્ચ

ખર્ચનું ક્ષેત્ર-વાર બંધારણ **કોષ્ટક 1.16** માં આપવામાં આવ્યું છે અને કુલ ખર્ચમાં વિવિધ ક્ષેત્રોનો સંબંધિત હિસ્સો **આલેખ 1.19** માં દર્શાવવામાં આવ્યો છે.

**કોષ્ટક 1.16: ક્ષેત્ર-વાર કુલ ખર્ચ**

*(₹ કરોડમાં)*

| પરિમાણો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| સામાન્ય સેવાઓ | 52,559 | 56,973 | 62,089 | 67,857 | 72,221 |
| સામાજીક સેવાઓ | 67,856 | 76,627 | 87,929 | 1,00,955 | 1,09,365 |
| આર્થિક સેવાઓ | 56,680 | 54,594 | 64,547 | 75,598 | 82,669 |
| લોન અને પેશગીઓ | 1,233 | 1,071 | 1,466 | 2,667 | 3,552 |
| સહાયક અનુદાન અને સ્થાનિક સંસ્થાઓ અને પંચાયતી રાજની સંસ્થાઓને ફાળો | 390 | 412 | 477 | 555 | 785 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.16** ક્ષેત્રીય ખર્ચમાં સતત વિસ્તરણ સૂચવે છે, જેમાં સામાજિક અને આર્થિક સેવાઓ પર વધુ ભાર મૂકવામાં આવી રહ્યો છે અને સાથે સાથે સામાન્ય સેવાઓ હેઠળ પ્રતિબદ્ધ ખર્ચમાં પણ વધારો થઈ રહ્યો છે જે નીતિગત પ્રાથમિકતા અને વિકાસલક્ષી ઉદ્દેશ્યને પ્રતિબિંબિત કરે છે.

**આલેખ 1.19: કુલ ખર્ચમાં વિવિધ ક્ષેત્રોનો સંબંધિત હિસ્સો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત આલેખ પરથી જોઈ શકાય છે કે 2020-25 દરમિયાન સામાન્ય, સામાજિક અને આર્થિક સેવાઓના સંબંધિત હિસ્સાની ગતિવિધિમાં સ્થિરતા જોવા મળી હતી, જેમાં નજીવી આંતર-વર્ષીય ફેરફાર હતી.

#### 1.2.4.1 મહેસૂલી ખર્ચ

ભૂતકાળની જવાબદારીઓ માટે સેવાઓ અને ચુકવણીના વર્તમાન સ્તરને જાળવી રાખવા માટે મહેસૂલી ખર્ચ કરવામાં આવે છે. આમ, તે રાજ્યની માળખાગત સુવિધાઓ અને સેવાના માળખામાં કોઈ વધારામાં પરિણમતું નથી. મહેસૂલ ખર્ચની વૃદ્ધિ, કુલ ખર્ચ સાથે તેનો ગુણોત્તર, રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનઅને મહેસૂલ આવક **કોષ્ટક 1.17** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 1.17: મહેસૂલી ખર્ચ–મૂળ પરિમાણો**

*(₹ કરોડમાં)*

| પરિમાણો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| કુલ ખર્ચ (TE) | 1,78,718 | 1,89,677 | 2,16,508 | 2,47,632 | 2,68,592 |
| **મહેસૂલી ખર્ચ (RE)** | **1,50,704** | **1,60,421** | **1,79,543** | **1,89,286** | **1,99,612** |
| મહેસૂલી આવકની ટકાવારી રૂપે મહેસૂલી ખર્ચ | 117.59 | 96.16 | 90.04 | 84.97 | 91.33 |
| કુલ ખર્ચની ટકાવારી રૂપે મહેસૂલી ખર્ચ | 84.33 | 84.58 | 82.93 | 76.44 | 74.32 |
| મહેસૂલી ખર્ચ/GSDP(ટકા) | 9.33 | 8.35 | 8.15 | 7.80 | 7.47 |
| **વર્ષેવર્ષ વૃધ્ધિ (ટકામાં)** | | | | | |
| મહેસૂલી ખર્ચ | 6.96 | 6.45 | 11.92 | 5.43 | 5.46 |
| GSDPની વૃધ્ધિ | -0.06 | 18.86 | 14.71 | 10.09 | 10.15 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

- મહેસૂલી ખર્ચ 2020-21 માં ₹ 1,50,704 કરોડ હતો તે સતત વધીને 2024-25 માં ₹ 1,99,612 કરોડ થયો હતો, જે સમયગાળા (2020-25) દરમિયાન ₹ 48,908 કરોડ (5.46 ટકા) નો વધારો દર્શાવે છે;
- 2024-25 માં, રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે મહેસૂલી ખર્ચ 7.47 ટકા હતો અને મહેસૂલી આવકની ટકાવારી તરીકે 91.33 ટકા હતો; અને
- 2024-25 માં મહેસૂલી ખર્ચમાં પાછલા વર્ષ કરતા વધારો મુખ્યત્વે સામાન્ય શિક્ષણ પર ₹ 2,584.86 કરોડનો વધુ ખર્ચ; પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો પર ₹ 2,159.01 કરોડનો વધુ ખર્ચ; પરિવાર કલ્યાણ પર ₹ 1,424.13 કરોડનો વધારાનો ખર્ચ; અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો માટે ₹ 1,382.64 કરોડ અને ઉદ્યોગો માટે ₹ 1,216.66 કરોડ જેટલા વધુ ખર્ચ ના હિસાબે થયો હતો.

આ સમયગાળા દરમિયાન મહેસૂલ ખર્ચમાં સતત વધારો આવર્તકખર્ચની પ્રતિબદ્ધતાઓમાં ધીમે ધીમે વિસ્તરણ સૂચવે છે, જે મધ્યમ ગાળામાં ખર્ચની ગોઠવણ માટે ઉપલબ્ધ સુગમતાને ઘટાડી શકે છે.

2024-25માં મહેસૂલ આવકના 91 ટકાથી વધુ હિસ્સો ધરાવતો મહેસૂલી ખર્ચ પ્રમાણમાં મર્યાદિત મહેસૂલી પુરાંતનો ગાળો સૂચવે છે, જે વર્તમાન અને મૂડી ખર્ચ બંને જરૂરિયાતોને ટેકો આપવા માટે મહેસૂલી વૃદ્ધિને ટકાવી રાખવાના મહત્વ પર ભાર મૂકે છે.

## A. ક્ષેત્ર-વાર મહેસૂલી ખર્ચ

મહેસૂલી ખર્ચનું ક્ષેત્ર-વાર બંધારણ **કોષ્ટક 1.18** માં આપવામાં આવ્યું છે અને મહેસૂલી ખર્ચમાં વિવિધ ક્ષેત્રોનો સંબંધિત હિસ્સો **આલેખ 1.20**માં દર્શાવવામાં આવ્યો છે. વિગતવાર ક્ષેત્ર-વાર ખર્ચ ***પરિશિષ્ટ 1.2*** માં આપવામાં આવ્યો છે.

**કોષ્ટક 1.18: ક્ષેત્ર-વાર મહેસૂલી ખર્ચ**

*(₹ કરોડમાં)*

| પરિમાણો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| સામાન્ય સેવાઓ | 52,074 | 56,423 | 61,269 | 66,705 | 71,192 |
| સામાજીક સેવાઓ | 60,816 | 68,254 | 75,125 | 78,686 | 83,640 |
| આર્થિક સેવાઓ | 37,424 | 35,332 | 42,672 | 43,340 | 43,995 |
| સહાયક અનુદાન અને ફાળો | 390 | 412 | 477 | 555 | 785 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.20: મહેસૂલી ખર્ચમાં જુદા જુદા ક્ષેત્રોનો સંબંધિત હિસ્સો**




**કોષ્ટક 1.18** અને **આલેખ 1.20** દર્શાવે છે કે:

- સામાન્ય સેવાઓએ 2020-21 થી 2024-25 દરમિયાન 35–36 ટકાનો સ્થિર હિસ્સો જાળવી રાખ્યો હતો, જેમાં ખર્ચ 2020-21 માં ₹ 52,074 કરોડ હતો તે વધીને 2024-25 માં ₹ 71,192 કરોડ થયો હતો;

- સમગ્ર સમયગાળા દરમિયાન સામાજીક સેવાઓનો હિસ્સો સૌથી મોટો ઘટક હતો, જેમાં 2020-21 માં 40 ટકાથી વધીને 2024-25 માં 42 ટકા થયો અને ખર્ચ ₹ 60,816 કરોડથી વધીને ₹ 83,640 કરોડ થયો હતો;
- ખર્ચ ₹ 37,424 કરોડથી વધીને ₹ 43,995 કરોડ થયો હોવા છતાં, આર્થિક સેવાઓનો હિસ્સો 2020-21 માં 25 ટકાથી ઘટીને 2024-25 માં 22 ટકા થયો હતો; અને
- 2020-21 થી 2024-25 દરમિયાન સહાયક અનુદાન અને ફાળો ટકાવારીની દ્રષ્ટિએ નજીવો રહ્યો હતો, જોકે ખર્ચ ₹ 390 કરોડથી વધીને ₹ 785 કરોડ થયો હતો.

સામાજિક સેવાઓનો વધતો હિસ્સો સામાજિક ક્ષેત્રના પરિણામો પર સતત ભાર મૂકે છે, જ્યારે પુનરાવર્તિત ખર્ચ પ્રતિબદ્ધતાઓમાં વધારો પણ દર્શાવે છે. વધુમાં, સહાયક અનુદાન અને ફાળાનો સીમાંત હિસ્સો સીધીતબદીલી દ્વારા મર્યાદિત નાણાકીય વિકેન્દ્રીકરણ સૂચવે છે.

## B. મહેસૂલી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોષ્ટક 1.19 માં** ચાલુ વર્ષ અને પાછલા વર્ષ દરમિયાન રાજ્યના મહેસૂલી ખર્ચ સંબંધિત હિસાબોનાવિવિધ  સદરો હેઠળ નોંધપાત્ર ફેરફારોની વિગતો આપવામાં આવી છે.

**કોષ્ટક 1.19: 2023-24 ની સરખામણીએ 2024-25 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ફેરફારો**

*(₹ કરોડમાં)*

| હિસાબી મુખ્ય સદર | 2023-24 | 2024-25 | ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | રકમ | ટકા |
| 2202-સામાન્ય શિક્ષણ | 32,501.67 | 35,086.52 | 2,584.85 | 7.95 |
| 2071-પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો | 24,371.35 | 26,530.36 | 2,159.01 | 8.86 |
| 2211-પરિવાર કલ્યાણ | 4,412.39 | 5,836.51 | 1,424.12 | 32.28 |
| 2515- અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | 2,804.75 | 4,187.39 | 1,382.64 | 49.30 |
| 2852-ઉદ્યોગો | 4,830.74 | 6,047.40 | 1,216.66 | 25.19 |
| 2210- તબીબી અને જાહેર આરોગ્ય | 9,465.71 | 10,375.56 | 909.85 | 9.61 |
| 2049-વ્યાજની ચુકવણી | 27,175.63 | 28,024.73 | 849.10 | 3.12 |
| 2810-નવી અને નવીનીકરણીયઊર્જા | 233.61 | 1,004.83 | 771.22 | 330.13 |
| 2055-પોલીસ | 7,070.93 | 7,617.47 | 546.54 | 7.73 |
| 3435-ઇકોલોજી અને પર્યાવરણ | 600.41 | 163.55 | (-)436.86 | (-)72.76 |
| 2505-ગ્રામીણ રોજગાર | 1,104.91 | 645.18 | (-)459.73 | (-)41.61 |
| 2401-પાક સંવર્ધન | 3,532.17 | 2,972.32 | (-)559.85 | (-)15.85 |
| 2245-કુદરતી આપદાઓના હિસાબે રાહત | 1,746.75 | 947.75 | (-)799.00 | (-)45.74 |
| 3054-માર્ગો અને પુલો | 4,552.91 | 2,916.39 | (-)1,636.52 | (-)35.94 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

સામાન્ય શિક્ષણ, પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો, પરિવાર કલ્યાણ, અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો, ઉદ્યોગો, તબીબી અને જાહેર આરોગ્ય, વ્યાજની ચુકવણી, નવી અને નવીનીકરણીય ઉર્જા

અને પોલીસ સંબંધિત મુખ્ય હિસાબી સદરો હેઠળ મહેસૂલી ખર્ચમાં ગયા વર્ષના સમાન ખર્ચની તુલનામાં વધારો થયો છે.

આ વધારો મુખ્યત્વે શિક્ષકો અને અન્ય સેવાઓ (સામાન્ય શિક્ષણ હેઠળ); નિવૃત્તિ ભથ્થાં (પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો હેઠળ); માતૃત્વ અને બાળ આરોગ્ય (પરિવાર કલ્યાણ હેઠળ); સામુદાયિક વિકાસ (અન્ય ગ્રામીણ વિકાસ કાર્યક્રમો); અન્ય ખર્ચ (ઉદ્યોગો હેઠળ) અને જિલ્લા પોલીસ (પોલીસ હેઠળ) પરના ખર્ચમાં વધારાને કારણે થયો હતો.

બીજી તરફ, માર્ગો અને પુલો, કુદરતી આફતોને હિસાબે રાહત, પાક સંવર્ધન, ગ્રામીણ રોજગાર અને ઇકોલોજી અને પર્યાવરણમાં 2024-25 દરમિયાન મહેસૂલી ખર્ચમાં ઘટાડો નોંધાયો હતો, કારણ કે અનુક્રમે રસ્તાના કામો, અનામત ભંડોળ/થાપણ હિસાબોમાં તબદીલી (SDRF), પાક વીમો, રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર બાંયધરી યોજના, અને પર્યાવરણીય આયોજન અને સંકલન, અને નદીઓના પ્રદૂષણ નિવારણ પર ખર્ચમાં ઘટાડો થયો હતો.

## C. પ્રતિબધ્ધ ખર્ચ

રાજ્ય સરકારના મહેસૂલ ખાતા પરના પ્રતિબદ્ધ ખર્ચમાં મુખ્યત્વે વ્યાજની ચૂકવણી; પગાર અને વેતન પરનો ખર્ચ; અને પેન્શનનો સમાવેશ થાય છે. તેનો સરકારી સંસાધનો પર પ્રથમ ચાર્જ છે. ઉચ્ચ પ્રતિબદ્ધ ખર્ચ સરકારને વિકાસ ક્ષેત્ર માટે ઓછી સુગમતા આપે છે. પ્રતિબદ્ધ ખર્ચના ઘટકો **કોષ્ટક 1.20** માં આપવામાં આવ્યા છે અને પ્રતિબદ્ધ ખર્ચ મહેસૂલ પ્રાપ્તિની ટકાવારી તરીકે આપવામાં આવ્યો છે અને અન્ય ખર્ચ માટે બાકી રહેલ નાણાકીય જગ્યા **આલેખ 1.21** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 1.20: પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો**

*(₹ કરોડમાં)*

| પ્રતિબધ્ધ ખર્ચના ઘટકો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| પગાર અને વેતન | 25,046 | 26,694 | 31,995 | 45,035 | 60,427 |
| પેન્શન પરનો ખર્ચ | 18,570 | 20,160 | 22,435 | 24,371 | 26,530 |
| વ્યાજની ચુકવણી | 24,203 | 25,188 | 25,354 | 27,176 | 28,025 |
| કુલ | **67,819** | **72,042** | **79,784** | **96,582** | **1,14,982** |
| મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે પ્રતિબધ્ધ ખર્ચ | **45.00** | **44.91** | **44.44** | **51.03** | **57.60** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.20માં** પગાર અને વેતનમાં પંચાયતો/સ્થાનિક સંસ્થાઓ/અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થા માટે સહાયક અનુદાનનો પણ સમાવેશ થાય છે. વિભાગોએ 2024-25 થી શહેરી સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થા માટે અલગ હેતુ સદરો દાખલ કર્યા છે, જે અગાઉના વર્ષોમાં સહાયક અનુદાન સામાન્ય સાથે નોંધવામાં આવ્યા હતા.

**આલેખ 1.21:મહેસૂલી આવકની ટકાવારી તરીકે પ્રતિબધ્ધ ખર્ચ અને બાકી રહેતી નાણાકીય જગ્યા**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.21** દર્શાવે છે કે,

- મહેસૂલી આવકની ટકાવારી તરીકે પ્રતિબદ્ધ ખર્ચ 2020-21 માં 53 ટકાથી ઘટીને 2022-23 માં 40 ટકા થયો હતો અને 2024-25 માં ફરીથી વધીને 53 ટકા થયો હતો; અને
- મહેસૂલી આવકની ટકાવારી તરીકે પ્રતિબદ્ધ ખર્ચ 2023-24 માં 43 ટકાથી વધીને 2024-25 માં 53 ટકા થયો હતો, જેના કારણે બાકીના નાણાકીય ક્ષેત્રમાં અનુરૂપ ઘટાડો થયો હતો.

પ્રતિબદ્ધ ખર્ચના ઘટકોની ચર્ચા હવે પછીના ફકરામાં કરવામાં આવી છે.

### *પગાર અને વેતન*

પગાર અને વેતન પરનો ખર્ચ, જેમાં પંચાયતોને પગાર અને ભથ્થા માટે સહાયક અનુદાનનો સમાવેશ થાય છે, તે 2020-21 માં ₹ 25,046 કરોડ હતો તે ₹ 35,381 કરોડ (141.26 ટકા) જેટલો વધીને 2024-25 માં ₹ 60,427 કરોડ થયો હતો. તે 2024-25 દરમિયાન મહેસૂલી આવકના 27.65 ટકા અને મહેસૂલ ખર્ચના 30.27 ટકા હતો.

### *વ્યાજની ચુકવણી*

વ્યાજની ચુકવણી ₹ 3,822 કરોડ (15.79 ટકા) જેટલી વધીને 2020-21 માં ₹ 24,203 કરોડથી 2024-25 માં ₹ 28,025 કરોડ થઈ ગઈ હતી. 2024-25 દરમિયાન, બજાર લોન પર વ્યાજની ચુકવણી કુલ વ્યાજની ચુકવણીના 78.92 ટકા રહી હતી જ્યારે રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરાયેલી વિશેષ બાંયધરીઓ પર વ્યાજની ચુકવણી કુલ વ્યાજની ચુકવણીના 7.27 ટકા હતી. મહેસૂલીઆવકની ટકાવારી તરીકે, વ્યાજની ચુકવણી પર ખર્ચ 2023-24 માં 12.20 ટકાથી વધીને 2024-25 માં 12.82 ટકા થયો. ઉપરાંત, મહેસૂલી ખર્ચમાં વ્યાજની ચુકવણીનો હિસ્સો 2023-24 માં 14.36 ટકાથી ઘટીને 2024-25 માં 14.04 ટકા થયો હતો.

***પેન્શનની ચુકવણી***

ગુજરાત રાજ્યમાં 5.36 લાખ પેન્શનરો[10] હતા (ફેબ્રુઆરી 2024). 2020-25 દરમિયાન પેન્શન પરનો ખર્ચ સતત વધ્યો હતો.

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ કરવામાં આવેલા ખુલાસામાં, રાજ્ય સરકારે 2024-25 માટે મહેસૂલી આવકની ટકાવારી તરીકે 11.90 ટકા જેટલો પેન્શનની ચૂકવણીનો અંદાજ લગાવ્યો હતો (ફેબ્રુઆરી ૨૦૨૪). જોકે, વર્ષ દરમિયાન તે 12.14 ટકાથી વધુ રહ્યો હતો. 2024-25 દરમિયાન મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે પેન્શન ચૂકવણીનો હિસ્સો મહેસૂલી ખર્ચના 13.29 ટકા હતો. વધુમાં, મહેસૂલી આવકની ટકાવારી તરીકે પેન્શનની ચૂકવણી પાંચ વર્ષ (2020-2025) માં તેના સૌથી નીચા સ્તરે હતી, જે 2023-24 માં 10.94 ટકા હતી.

પ્રતિબદ્ધ ખર્ચમાં વલણો રાજ્યના ખર્ચ માળખાની મજબૂતાઇમાં ધીમે ધીમે વધારો દર્શાવે છે. પગાર અને વેતન પરના ખર્ચમાં નોંધપાત્ર વધારો, પુનરાવર્તિત જવાબદારીઓના વિસ્તરણ તરફ નિર્દેશ કરે છે. વ્યાજની ચુકવણીમાં વધારો, જે મોટાભાગે બજાર લોન દ્વારા સંચાલિત છે, તે વધતી જતી ઋણની સેવાની પ્રતિબદ્ધતાઓ અને મહેસૂલી સંસાધનોના ઉચ્ચ ઉપયોગને પ્રતિબિંબિત કરે છે.

વધુમાં, પેન્શન ખર્ચમાં સતત વૃદ્ધિ, જે 2024-25 દરમિયાન ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ અંદાજિત સ્તર કરતાં વધી ગઈ હતી, તે લાંબા ગાળાની જવાબદારીઓમાં વધારો દર્શાવે છે.

## D. રોકડ સહાય

નાણાકીય વર્ષો 2020-21થી 2024-25 માટે વિભાગ-વાર રોકડ સહાય **કોષ્ટક 1.21** માં દર્શાવી છે.

**કોષ્ટક 1.21: નાણાકીય વર્ષો 2020-21 થી 2024-25 દરમિયાન વિભાગ-વાર રોકડ સહાય**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | વિભાગો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| 1 | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર | 2,265 | 1,835 | 2,345 | 11,706 | 11,807 |
| 2 | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 5,443 | 4,530 | 4,095 | 5,835 | 6,700 |
| 3 | અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહક બાબતો | 896 | 633 | 1,429 | 1,304 | 1,737 |
| 4 | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ | - | - | 59 | 715 | 1,184 |
| 5 | ઊર્જા અને પેટ્રોક્મિકલ્સ વિભાગ | 9,178 | 10,834 | 12,104 | 720 | 1,123 |
| 6 | અન્ય વિભાગો | 4,359 | 4,503 | 5,717 | 7,753 | 3,661 |
| કુલ રોકડ સહાય | | **22,141[11]** | **22,335** | **25,749** | **28,033** | **26,212** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

[10] 2024-25 માટે 'રાજકીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ રાજકોષીય નીતિ વ્યૂહરચના નિવેદન (ફેબ્રુઆરી 2024) મુજબ, રાજ્યમાં 5.36 લાખ પેન્શનરો હતા. આ ગુજરાત સરકારી અને સહાયિત સંસ્થાઓના પેન્શનરો છે અને તેમાં સામાજિક સુરક્ષા પેન્શનરોનો સમાવેશ થતો નથી.

[11] વર્ષ 2020-21 માં કૃષિ ક્ષેત્રે, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ દ્વારા મૂડી હિસાબ હેઠળ ₹ 36.38 કરોડની રોકડ સહાયની જોગવાઈ પણ કરવામાં આવી હતી.

ચાલુ વર્ષ દરમિયાન રોકડ સહાયમાં ગયા વર્ષ કરતા ₹ 1,821 કરોડ (6.50 ટકા)નો ઘટાડો થયો છે. આ ઘટાડો મુખ્યત્વે સામાજિક ન્યાય અને સશક્તિકરણ (₹ 1,711 કરોડ); શહેરી વિકાસ અને શહેરી આવાસન (₹ 829 કરોડ); આદિજાતિ વિકાસ (₹ 631 કરોડ) અને નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા (₹ 447 કરોડ)માં થયો હતો.

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને 2024-25 દરમિયાન ₹ 11,807 કરોડની રોકડ સહાય મળી હતી (રોકડ સહાય પરના કુલ ખર્ચના 45 ટકા). આ રોકડ સહાયનો મોટો હિસ્સો ઇંધણના ભાવ અને વીજળી ખરીદી ગોઠવણ ચાર્જ (₹ 6,147 કરોડ); ગુજરાત વીજ નિયંત્રક આયોગે (GERC) કૃષિ ટેરિફ માટે વળતર (₹ 1,794 કરોડ); ખેડૂતોને વ્યાજ માટે નાણાકીય સહાય (₹ 1,392 કરોડ); અને ખેડૂતોને હોર્સપાવર આધારિત ટેરિફ (₹ 1,100 કરોડ) હતો.

ઉદ્યોગ અને ખાણ વિભાગમાં, 2024-25 દરમિયાન મળેલી કુલ ₹ 6,700 કરોડની રોકડ સહાયમાંથી (રોકડ સહાય પરના કુલ ખર્ચના 26 ટકા), ₹ 2,097 કરોડ કાપડ ઉદ્યોગના વિકાસ માટે હતા, ₹ 2,005 કરોડ મોટા ઉદ્યોગોને સહાય તરીકે અને ₹ 1,405 કરોડ ઉદ્યોગોને સહાય તરીકે આપવામાં આવ્યા હતા.

2024-25 દરમિયાન અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા સબસિડી તરીકે મળેલા ₹ 1,737 કરોડ (સબસિડી પરના કુલ ખર્ચના 7 ટકા)માંથી, ₹ 405 કરોડ અન્ન સુરક્ષા (50 ટકા કેન્દ્રીય) યોજનાને સહાય તરીકે અને ₹ 375 કરોડ વિસ્તૃત રાજ્ય PNG-LPG સહાય યોજનાને સહાય તરીકે પૂરા પાડવામાં આવ્યા હતા.

ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમને પણ 2024-25 માં બિન-કિફાયતી રૂટો પર કામગીરી, વિદ્યાર્થી છૂટછાટો વગેરે માટે વળતર આપવા માટે ₹ 984 કરોડની રોકડ સહાય આપવામાં આવી હતી.

**કોષ્ટક 1.21** 2020-21 થી 2024-25 ના સમયગાળા દરમિયાન રોકડ સહાયના ખર્ચના પુનર્ગઠનનો સંકેત આપે છે, જે કૃષિ રોકડ સહાયમાં નોંધપાત્ર વધારો, ઔદ્યોગિક ક્ષેત્રોને સતત ટેકો અને ઊર્જા-સંબંધિત રોકડ સહાયના પુનર્ગઠન દ્વારા વર્ગીકૃત થયેલ છે. જ્યારે 2024-25 માં સકલ રોકડ સહાયનો બોજ ઓછો થયો હતો, ત્યારે બદલાતું બંધારણ, બદલાતી નીતિગત પ્રાથમિકતાઓ પર પ્રકાશ પાડે છે અને રોકડ સહાયના કાર્યક્રમો પર સતત દેખરેખ રાખવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

રોકડ સહાય મહેસૂલી ખર્ચનો ભાગ હોવાથી, તેનો વિસ્તરણ આવર્તક રાજકોષીય પ્રતિબદ્ધતાઓમાં વધારો કરે છે અને બિન-પ્રતિબદ્ધ અને મૂડી ખર્ચ માટે ઉપલબ્ધ મહેસૂલી આવકનો હિસ્સો ઘટાડે છે. સબસિડીનું બદલાતું બંધારણ પ્રતિબદ્ધ ખર્ચ પર પણ અસર કરે છે. જોકે રોકડ સહાય નીતિ-આધારિત છે અને, સૈદ્ધાંતિક રીતે, પગાર, પેન્શન અને વ્યાજ ચુકવણી કરતાં વધુ સમાયોજિત કરી શકાય છે, તાજેતરના રોકડ સહાયના વધારાનું પ્રમાણ અને સાતત્ય, ખાસ કરીને કૃષિ અને ઉદ્યોગમાં, અર્ધ-પ્રતિબદ્ધ ખર્ચ દબાણના ઉદભવને સૂચવે છે. વધુમાં, ઊર્જા-સંબંધિત રોકડ સહાયનું પુનર્ગઠન અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી જેવા નવા ક્ષેત્રોમાં રોકડ સહાયનો ઉદ્ભવ નીતિગત પ્રાથમિકતાઓમાં ફેરફાર સૂચવે છે.

મહેસૂલી આવક, મહેસૂલી ખર્ચ, કુલ ખર્ચ અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની ટકાવારી તરીકે રોકડ સહાટના વલણો **આલેખ 1.22** માં દર્શાવવામાં આવ્યા છે.

**આલેખ 1.22: રોકડ સહાયના વલણનું વિશ્લેષણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત આલેખ 2020-21 થી 2024-25 દરમિયાન મહેસૂલી આવક, કુલ ખર્ચ અને રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદનની તુલનાએરોકડ સહાયમાં ઘટાડો દર્શાવે છે, જેમાં વચ્ચે નાની વધઘટ જોવા મળે છે.

## E. રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય

રાજ્ય સરકાર દ્વારા સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને પગાર અને ભથ્થાં, અન્ય પરચુરણ ખર્ચ અને મૂડી અસ્કયામતોના નિર્માણના ખર્ચને પહોંચી વળવા માટે સહાયક અનુદાન દ્વારા નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે. 2020-25 દરમિયાન સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને આપવામાં આવેલી નાણાકીય સહાયની વિગતો **કોષ્ટક 1.22**માં આપવામાં આવી છે.

**કોષ્ટક 1.22: સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય**

*(₹ કરોડમાં)*

| સંસ્થાઓ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| **(A) સ્થાનિક સંસ્થાઓ** | | | | | |
| મહાનગર નિગમો અને નગરપાલિકાઓ | 8,719.10 | 11,652.14 | 14,640.21 | 10,412.29 | 10,324.35 |
| મહાનગર નિગમો અને નગરપાલિકાઓને મૂડી અસ્ક્યામતોના નિર્માણ માટે સહાયક અનુદાન | 620.01 | 1,130.37 | 8,121.2 | 2,218.31 | 3,327.64 |
| જીલ્લા પરિષદો અને અન્ય પંચાયતી રાજની સંસ્થાઓ | 24,322.86 | 24,388.47 | 33,654.64 | 33,155.54 | 47,620.16 |
| પંચાયતી રાજની સંસ્થાઓને મૂડી અસ્ક્યામતોના નિર્માણ માટે સહાયક અનુદાન | 34.58 | 75.39 | 931.99 | 1,999.5 | 2,429.64 |
| **કુલ (A)** | **33,041.96** | **36,040.61** | **48,294.85** | **43,567.83** | **57,944.51** |
| **(B) અન્ય** | | | | | |
| યુનિવર્સિટીઓ | 3,409.24 | 3,349.94 | 3,255.89 | 1,944.98 | 1,530.61 |
| વિકાસ સત્તામંડળો | 1,901.53 | 1,887.62 | 170.88 | 215.25 | 1,473.69 |
| સહકારી સંસ્થાઓ | 202.87 | 367.93 | 46.63 | 73.89 | 792.84 |
| અન્ય સ્વાયત્ત સંસ્થાઓ | 697.88 | 926.74 | 1,003.62 | 5,177.19 | 4,037.77 |
| જાહેર ક્ષેત્રના ઉપક્રમો | 95.03 | 118.61 | 189.39 | 1,234.38 | 823.69 |
| બિન-સરકારી સંસ્થાઓ | 1,596.89 | 2,351.80 | 1,514.92 | 2,385.33 | 2,879.45 |
| અન્ય | 23,691.95 | 24,764.54 | 26,276.92 | 27,581.85 | 15,854.51 |
| **કુલ (B)** | **31,595.39** | **33,767.18** | **32,458.25** | **38,612.87** | **27,392.56** |
| **કુલ (A+B)** | **64,637.35** | **69,807.79** | **80,753.10** | **82,180.70** | **85,337.07** |
| **મૂડી અસ્ક્યામતોના નિર્માણ માટે કુલ સહાયક અનુદાન** | **1,208.22** | **2,077.86** | **9,400.13** | **4,675.14** | **6,241.38** |
| મહેસૂલી ખર્ચ | 1,50,704 | 1,60,421 | 1,79,543 | 1,89,286 | 1,99,612 |
| મહેસૂલી ખર્ચની ટકાવારીની રીતે સહાય | 0.80 | 1.30 | 5.24 | 2.47 | 3.13 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે, સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને નાણાકીય સહાય પાંચ વર્ષના સમયગાળા દરમિયાન સતત વધીને 2020-21 માં ₹ 64,637.35 કરોડથી 2024-25 માં ₹ 85,337.07 કરોડ થઈ હતી, એટલે કે 2020-21 થી 32 ટકા.

રાજ્ય સરકારને 2024-25 દરમિયાન પંચાયતી રાજ સંસ્થાઓ (PRI) અને શહેરી સ્થાનિક સંસ્થાઓ (ULB) ને આગળ મોકલવા માટે કેન્દ્ર સરકાર તરફથી નાણા પંચના અનુદાન[12] તરીકે અનુક્રમે ₹ 1,272 કરોડ અને ₹ 1,555 કરોડ પ્રાપ્ત થયા હતા[13]. આ ઉપરાંત, પંચાયતી રાજની સંસ્થાઓને અન્ય કેન્દ્રીય સહાય તરીકે ₹ 3,927.18 કરોડ અને ULB ને ₹ 53.25 કરોડ પણ પ્રાપ્ત થયા હતા. આ ઉપરાંત, રાજ્ય સરકારે ગ્રાન્ટ-ઇન-એઇડ દ્વારા રાજ્ય ભંડોળના ખર્ચમાંથી 2024-25 દરમિયાન પીઆરઆઈને ₹ 42,421 કરોડ અને શહેરી સ્થાનિક સંસ્થાને ₹ 8,716 કરોડની નાણાકીય સહાય પણ પૂરી પાડી હતી.

2024-25 દરમિયાન, નાણાકીય સહાયના મુખ્ય પ્રાપ્તકર્તાઓ આ હતા,

- જિલ્લા પરિષદોને પ્રાથમિક શિક્ષણ માટે જાળવણી ગ્રાન્ટ (₹ 16,405.94 કરોડ);
- જિલ્લા પરિષદોમાં પંચાયતોના પ્રાથમિક શિક્ષકોને નિવૃત્તિ અને નિવૃત્તિ ભથ્થું (₹ 7,733.16 કરોડ);
- શૈક્ષણિક સુવિધાઓની જોગવાઈ - ગ્રામ પંચાયતોને જાળવણી ગ્રાન્ટ (₹ 3,411.32 કરોડ);
- મહાનગરપાલિકાઓને વિકાસ કાર્ય માટે મહાનગરપાલિકાને UDP-49-પ્રોત્સાહન ગ્રાન્ટ (₹ 2,572.65 કરોડ);
- મ્યુનિસિપલ પરિષદોને પ્રાથમિક શિક્ષણ માટે જાળવણી અનુદાન (₹ 2,312.05 કરોડ);
- ગ્રામ પંચાયતોમાં ઉચ્ચતર માધ્યમિક શાળાઓ માટે અનુદાન (₹ 1,324.37 કરોડ);
- જિલ્લા પરિષદોને નાના ખેડૂતો/સીમાંત ખેડૂતોને સહાય (₹ 1,248.57 કરોડ);
- પ્રાથમિક પંચાયતો, શિક્ષકો અને જિલ્લા પરિષદોને ગ્રેચ્યુટી (₹ 1,225.71 કરોડ); અને
- 15મા નાણાપંચની ભલામણથી જિલ્લા પરિષદોને PRIs ને મજબૂત બનાવવા માટે સંયુક્ત ગ્રાન્ટ (₹ 1,062.66 કરોડ).

વધુમાં, 2024-25 દરમિયાન 'અન્ય' શ્રેણી હેઠળ ગ્રાન્ટ મેળવનાર સંસ્થાઓને રાજ્ય સરકાર તરફથી નાણાકીય સહાય (લગભગ 19 ટકા) મળી હતી. જોકે, 'અન્ય' શ્રેણી હેઠળ ગ્રાન્ટ મેળવનાર સંસ્થાઓની સામૂહિક નોંધણી અને રાજ્ય સરકારના સંબંધિત ગ્રાન્ટ-છુટી કરનાર વિભાગો સાથે ઉભી કરેલી અસ્ક્યામતોની વિગતોનો અભાવ ચિંતાનો વિષય હતો, કારણ કે તેનાથી આવા વ્યવહારો અપારદર્શક બન્યા હતા.

સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે નાણાકીય સહાયનું સકલ પ્રમાણ 2023-24 માં 2.47 ટકાથી વધીને 2024-25 માં 3.13 ટકા થયું હતું.

નાણાકીય સહાયની ધ્યાન પર આવેલી ભાત જાહેર સેવાઓ પુરી પાડવામાં સ્થાનિક સંસ્થાઓ, ખાસ કરીને પંચાયતી રાજની સંસ્થાઓની ભૂમિકાને ધીમે ધીમે મજબૂત બનાવવાનું સૂચવે છે. એ

12 અહીં નાણાં પંચના અનુદાન કોષ્ટક 1.9 માં આપેલા આંકડાઓ સાથે મેળ ખાતા નથી, કારણ કે આ ફકરાના આંકડા ફક્ત નાણાકીય વર્ષ 2024-25 માટે જ આપવામાં આવેલા અનુદાનના પ્રકાશન સાથે સંબંધિત છે.

13 તેમાં પાછલા વર્ષોના નાણા પંચના અનુદાન સંબંધિત શહેરી સ્થાનિક સંસ્થાઓને ₹ 377.49 કરોડનો સમાવેશ થાય છે.

જ સમયે, મહાનગરપાલિકાઓ, અન્ય સંસ્થાઓ અને મૂડી અસ્ક્યામતોના નિર્માણ માટેની સહાયમાં પરિવર્તન સૂચવે છે કે આવી તબદીલીઓનું અગાઉથી આયોજન કરવામાં આવે અને વધુ અનુમાનિત રીતે કરવામાં આવે. મહેસૂલ ખર્ચમાં સહાયનો વધતો હિસ્સો મહેસૂલી સંસાધનો પર વધતા દબાણનો પણ સંકેત આપે છે, જે ટકાઉપણું અને અસરકારકતા પર દેખરેખ રાખવાના મહત્વ પર ભાર મૂકે છે.

### 1.2.4.2 મૂડી ખર્ચ

મૂડી ખર્ચ મુખ્યત્વે રસ્તાઓ, ઇમારતો વગેરે જેવી સ્થિર માળખાગત અસ્ક્યામતોના નિર્માણ પરનો ખર્ચ છે. કેન્દ્ર અને રાજ્ય બંનેમાં મૂડી ખર્ચ બજેટ સહાય અને વધારાના બજેટ સંસાધનો/બજેટ બહારના ઉધારમાંથી પૂર્ણ કરવામાં આવે છે. તેમાં રાજ્ય સરકાર દ્વારા કંપનીઓ/નિગમોમાં કરવામાં આવેલા રોકાણોનો પણ સમાવેશ થાય છે. છેલ્લા પાંચ વર્ષ, એટલે કે 2020-25 દરમિયાન રાજ્યમાં મૂડી ખર્ચનું વલણ **આલેખ 1.23** માં આપવામાં આવ્યો છે.

**આલેખ 1.23: રાજ્યમાં મૂડી ખર્ચ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

₹ 65,428 કરોડના મૂડી ખર્ચ ઉપરાંત, રાજ્ય સરકારે સ્થાનિક સંસ્થાઓ અને અન્ય સંસ્થાઓને મૂડી અસ્ક્યામતો ઉભી કરવા માટે સહાયક અનુદાન તરીકે ₹ 6,241.38 કરોડ તબદીલ કર્યા હતા. વધુમાં, ઋણની આવકની તુલનામાં મૂડી ખર્ચની ટકાવારી 127.66 ટકા હતી, જે દર્શાવે છે કે ઋણ પ્રમાણસર માળખાકીય વિકાસમાં રૂપાંતરિત થયું હતું.

રાજ્યમાં મૂડી ખર્ચમાં એકંદરે વધારો થયો હતો, જે અસ્ક્યામતોના નિર્માણ અને માળખાગત વિકાસ પર સતત ભાર મૂકવાનું સૂચન કરે છે; જોકે, વર્ષ-દર-વર્ષ વધારો અસમાન હતો. મૂડી ખર્ચમાં વધારો વધતા મહેસૂલી ખર્ચ અને પ્રતિબદ્ધ જવાબદારીઓ સાથે સુસંગત છે, જે આવા રોકાણોને ટેકો આપવા માટે ઋણ પર વધુ નિર્ભરતા સૂચવે છે.

## A. ક્ષેત્ર-વાર મૂડી ખર્ચ

મૂડી ખર્ચનું ક્ષેત્રવાર બંધારણ **કોષ્ટક 1.23** માં આપવામાં આવ્યું છે. ક્ષેત્ર-વાર ખર્ચની વિગતવાર માહિતી ***પરિશિષ્ટ 1.2*** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 1.23: ક્ષેત્ર-વાર મૂડી ખર્ચ**

***(₹ કરોડમાં)***

| પરિમાણો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| સામાન્ય સેવાઓ | 485 | 550 | 820 | 1,152 | 1,029 |
| સામાજીક સેવાઓ | 7,040 | 8,373 | 12,804 | 22,269 | 25,725 |
| આર્થિક સેવાઓ | 19,256 | 19,262 | 21,875 | 32,258 | 38,674 |
| લોન અને પેશગીઓ | 1,233 | 1,071 | 1,466 | 2,667 | 3,552 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે કે સામાજિક સેવાઓ અને આર્થિક સેવાઓમાં મૂડી ખર્ચ સતત વધી રહ્યો છે.

**આલેખ 1.24: મૂડી ખર્ચમાં જુદા જુદા ક્ષેત્રોનો સંબંધિત હિસ્સો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત આલેખ પરથી એવું જોવા મળે છે કે મૂડી ખર્ચની ટકાવારી તરીકે, આર્થિક સેવાઓમાં ખર્ચ ઘટી રહ્યો છે જ્યારે સામાન્ય અને સામાજિક સેવાઓમાં તે વધી રહ્યો છે.

## B. મૂડી ખર્ચમાં મુખ્ય ફેરફારો

**કોષ્ટક 1.24** 2023-24 અને 2024-25 દરમિયાન રાજ્યના મૂડી ખર્ચ સંબંધિત વિવિધ હિસાબોના સદરો હેઠળ નોંધપાત્ર ફેરફારો પર પ્રકાશ પાડે છે.

**કોષ્ટક 1.24: 2023-24 ની તુલનાએ 2024-25 દરમિયાન મૂડી ખર્ચમાં ફેરફારો**

(₹ કરોડમાં)

| હિસાબના મુખ્ય સદરો | 2023-24 | 2024-25 | ફેરફાર | |
|---|---|---|---|---|
| | | | રકમ | ટકા |
| 5054-માર્ગ અને મકાનો માટે મૂડી જોગવાઈ | 11,146.00 | 16,513.22 | 5,367.22 | 48.15 |
| 4210-આરોગ્ય અને જાહેર આરોગ્ય માટે મૂડી જોગવાઈ | 2,003.49 | 3,480.38 | 1,476.89 | 73.72 |
| 4856-પેટ્રોકેમિકલ્સ ઉદ્યોગ માટે મૂડી જોગવાઈ | 0.00 | 1,000.00 | 1,000.00 | NA |
| 4875-અન્ય ઉદ્યોગ માટે મૂડી જોગવાઈ | 364.32 | 1,271.01 | 906.69 | 248.87 |
| 5452-પ્રવાસન માટે મૂડી જોગવાઈ | 720.18 | 1,433.26 | 713.08 | 99.01 |
| 4202-શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ માટે મૂડી જોગવાઇ | 3,494.62 | 4,093.74 | 599.12 | 17.14 |
| 4215-પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે મૂડીજોગવાઈ | 5,463.68 | 5,989.13 | 525.45 | 9.62 |
| 4217-શહેરી વિકાસ માટે મૂડી જોગવાઈ | 9,859.61 | 10,281.06 | 421.45 | 4.27 |
| 4711-પુર નિયંત્રણ યોજનાઓ માટે મૂડી જોગવાઇ | 389.92 | 691.30 | 301.38 | 77.29 |
| 4702-નાની સિંચાઇ માટેમૂડી જોગવાઈ | 1,871.60 | 2,164.62 | 293.02 | 15.66 |
| 4406- વનસંવર્ધન અને વન્ય જીવનમાટે મૂડી જોગવાઈ | 887.20 | 1,175.16 | 287.96 | 32.46 |
| 4250- અન્ય સામાજીક સવાઓ માટે મૂડી જોગવાઈ | 212.54 | 478.24 | 265.70 | 125.01 |
| 4801- ઊર્જા યોજનાઓ માટે મૂડી જોગવાઈ | 4,325.59 | 4,132.19 | -193.40 | -4.47 |
| 4059-જાહેર બાંધકામ માટે મૂડી જોગવાઈ | 730.34 | 317.95 | -412.39 | -56.47 |
| 4701-મધ્યમ સિંચાઇ માટે મૂડી જોગવાઈ | 4,810.75 | 4,204.09 | -606.66 | -12.61 |
| 4700-મોટી સિંચાઇ માટે મૂડી જોગવાઈ | 2,718.60 | 1,386.55 | -1,332.05 | -49.00 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

રસ્તાઓ અને પુલો, તબીબી અને જાહેર આરોગ્ય, પેટ્રોકેમિકલ ઉદ્યોગો, અન્ય ઉદ્યોગો, પ્રવાસન, શિક્ષણ, રમતગમત, કલા અનેસંસ્કૃતિ, પાણી પુરવઠો અને સ્વચ્છતા, શહેરી વિકાસ, પૂર નિયંત્રણ યોજનાઓ, ગૌણ સિંચાઈ, વનસંવર્ધન અને વન્યજીવન અને અન્ય સામાજિક સેવાઓ પર મૂડી ખર્ચ સંબંધિત મુખ્ય સદરો હેઠળ મૂડી ખર્ચમાં ગયા વર્ષના અનુરૂપ ખર્ચની તુલનામાં વધારો થયો છે.

આ વધારો મુખ્યત્વે માર્ગના બાંધકામો અને આદિવાસી વિસ્તાર પેટા-યોજના (રસ્તાઓ અને પુલો હેઠળ); હોસ્પિટલ અને દવાખાનાઓ (તબીબી અને જાહેર આરોગ્ય હેઠળ); જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોમાં રોકાણ (પેટ્રોકેમિકલ ઉદ્યોગો હેઠળ); અન્ય ખર્ચ (અન્ય ઉદ્યોગો હેઠળ); અને વૃધ્ધિ અને પ્રચાર (પર્યટન હેઠળ); પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ (શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ હેઠળ), અને ગ્રામીણ પાણી પુરવઠો (પાણી પુરવઠો અને સ્વચ્છતા હેઠળ) પર ખર્ચમાં વધારાને કારણે થયો હતો.

બીજી તરફ, મુખ્ય સિંચાઈ, મધ્યમ સિંચાઈ, જાહેર બાંધકામ અને વીજળી યોજનાઓ પરના મૂડી ખર્ચમાં 2024-25 દરમિયાન પાછલા વર્ષની સરખામણીમાં ઘટાડો નોંધાયો હતો, કારણ કે જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમો (નર્મદા યોજના જૂથ), ઉદ્વહન સિંચાઈ યોજનાઓ અને અન્ય કામો (નાબાર્ડ) માં સિંચાઈ સંબંધિત કામો, ઓફિસના મકાનનું બાંધકામ, અને જાહેર ક્ષેત્ર અને પ્રવાહન અને વિતરણમાં અન્ય ઉપક્રમોમાં રોકાણમાં ઘટાડો થયો હતો.

એકંદરે, પેટર્ન પરંપરાગત માળખાગત સુવિધાઓમાં મધ્યસ્થતાની સાથે, કનેક્ટિવિટી, સામાજિક માળખાગત સુવિધાઓ અને પસંદગીના ઉદ્યોગો પર વધુ ધ્યાન કેન્દ્રિત કરીને મૂડી ખર્ચના પુનર્નિર્દેશિત વિસ્તરણને પ્રતિબિંબિત કરે છે.

## C. કંપનીઓ, નિગમો અને અન્ય સંસ્થાઓમાં મૂડીરોકાણની ગુણવત્તા

31 માર્ચ 2025 ની સ્થિતિએ, કંપનીઓ, નિગમો અને અન્ય સંસ્થાઓમાં રાજ્ય સરકારનું રોકાણ ₹ 1,43,302 કરોડ જેટલું હતું, જેમાં સરકારી કંપનીઓ (₹ 1,34,613 કરોડ), સહકારી મંડળીઓ (₹ 430 કરોડ), વૈધાનિક નિગમો (₹ 8,169 કરોડ), અન્ય જોઇન્ટ સ્ટોક કંપનીઓ અને ભાગીદારીઓ (₹ 76 કરોડ) અને ગ્રામીણ બેંકો (₹ 14 કરોડ) નો સમાવેશ થાય છે.

કંપનીઓ, નિગમો અને સહકારી બેંકો અને સોસાયટીઓમાં વર્ષના અંતે રોકાણના વલણો અને આ રોકાણો પરનું વળતર **આલેખ 1.25** માં દર્શાવવામાં આવ્યું છે. સરકારી ઉધારી પરના સરેરાશ વ્યાજ દરની સરખામણીમાં કરવામાં આવેલા રોકાણ પરના વળતરનો દર **આલેખ 1.26** માં દર્શાવવામાં આવ્યો છે.

**ચાર્ટ 1.25: મૂડીરોકાણ અને વળતર**




**ચાર્ટ 1.26: સરકારી ઉધાર પરના સરેરાશ વ્યાજ દરની સરખામણીમાં કરવામાં આવેલા રોકાણ પર વળતરનો દર**



2024-25 દરમિયાન, રોકાણ પર વળતર ₹ 2,396 કરોડ[14] (6.53 ટકા) હતું (ઐતિહાસિક ખર્ચ પર આધારિત, ચોખ્ખા વર્તમાન મૂલ્યના આધારે નહીં). 2020-25 દરમિયાન વળતર ફક્ત 0.08 ટકા અને 1.67 ટકાની વચ્ચે હતું જ્યારે રાજ્ય સરકારે તેના ઉધાર પર ચૂકવવામાં આવેલ સરેરાશ વ્યાજ દર[15] સમાન સમયગાળા દરમિયાન 6.53 ટકા અને 7.29 ટકાની વચ્ચે હતો. છેલ્લા પાંચ વર્ષમાં, સરકારી ઉધારના ખર્ચ અને જાહેર ક્ષેત્રના સાહસોમાં રોકાણ પરના વળતરમાં તફાવત ₹ 7,931 કરોડ[16] જેટલો હતો.

એવું સામે આવ્યું હતું કે નાણાકીય વર્ષ 2024-25 સુધી 63 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ₹ 1,24,629 કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. 63 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી, ફક્ત છ[17]રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ નાણાકીય વર્ષ 2024-25 દરમિયાન ₹ 2,188.26 કરોડનું વળતર આપ્યું હતું, જે કુલ રોકાણના 1.75 ટકા હતું. જોકે, સરકારે સરેરાશ 6.53 ટકાના વ્યાજ દરે ભંડોળ ઉધાર લીધું હતું.

ઉપરોક્ત ડેટા દર્શાવે છે કે આ સમયગાળા દરમિયાન રાજ્યના રોકાણોમાં સતત વધારો થયો હોવા છતાં, આ રોકાણોમાંથી મળેલું વળતર સામાન્ય રહ્યુંહતું. રોકાણ પર વળતરનો દર તમામ વર્ષોમાં સરકારી ઉધારી પરના સરેરાશ વ્યાજ દર કરતા સતત ઓછો હતો, જોકે 2023-24 અને 2024-25 માં થોડો સુધારો જોવા મળ્યો હતો.

છેલ્લા બે વર્ષમાં ડિવિડન્ડની આવકમાં નોંધપાત્ર વધારો થયો છે, તેમ છતાં રોકાણનો આધાર ધીમે ધીમે જ વધ્યો છે, જે દર્શાવે છે કે વળતરમાં સુધારો ગુજરાત સરકારના નાણા વિભાગે 24 એપ્રિલ 2023 ના રોજ 31 માર્ચ 2023 ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોદ્વારા ડિવિડન્ડ વિતરણ અંગે માર્ગદર્શિકા અંગેનો સરકારી ઠરાવથી પ્રભાવિત થયો હોઇ શકે છે (જે પછીના ફકરામાં વિસ્તરણથી દર્શાવેલ છે).

એકંદરે, વલણો સૂચવે છે કે જ્યારે રાજ્યએ તેના રોકાણ પોર્ટફોલિયોનું વિસ્તરણ કરવાનું ચાલુ રાખ્યું છે, ત્યારે નાણાકીય વળતર ઉધારના ખર્ચ કરતા ધીમી ગતિએ વધ્યું છે.

## *ડિવિડન્ડની નીતિ અને તેની અસર*

નફાકારક સાહસોમાંથી લઘુત્તમ વળતર ફરજિયાત બનાવતી એક સુવ્યાખ્યાયિત ડિવિડન્ડ નીતિ, રાજ્ય સરકારને રાજ્યના જાહેર ક્ષેત્રના સાહસોમાં કરેલા રોકાણોમાંથી તેના વળતરને શ્રેષ્ઠ બનાવવા અને રાજ્યના જાહેર ક્ષેત્રના સાહસોની નાણાકીય કામગીરીનું નિરીક્ષણ વધારવા સક્ષમ બનાવે છે. ગુજરાત સરકારનાનાણા વિભાગે ઓક્ટોબર 1994 માં સૂચનાઓ જારી કરી હતી જેમાં તમામ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોને સરકારને મહત્તમ ડિવિડન્ડ ચૂકવવાનું ફરજિયાત કરવામાં

---

14 સરકારી કંપનીઓ (₹ 2,359.76 કરોડ); સહકારી સંસ્થાઓ અને સ્થાનિક સંસ્થાઓ (₹ 1.27 કરોડ); અને અન્ય જોઇન્ટ સ્ટોક કંપનીઓ અને ભાગીદારી (₹ 35.37 કરોડ).

15 માલ અને સેવા વેરાનાવળતરના બદલામાં એક પછી એક લોન વિના બાકી દેવા પર સરેરાશ વ્યાજ દર (ટકા).

16 2020-21થી 2024-25 દરમિયાન સરકારી ઉધારના ખર્ચ અને રોકાણ પરના વળતરમાં તફાવતની સરેરાશ.

17 (i)ગુજરાત રાજ્ય મૂડીરોકાણ, (ii) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ, (iii) ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ, (iv) ગુજરાત ગ્રામોદ્યોગ વેચાણ નિગમ લિમિટેડ, (v) ગુજરાત ગેસ લિમિટેડ, અને (vi) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ.

આવ્યું હતું. જોકે, સૂચનામાં રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોદ્વારા ચૂકવવા માટેના ડિવિડન્ડનો લઘુત્તમ/મહત્તમ દર સૂચવવામાં આવ્યો ન હતો.

તાજેતરમાં, ગુજરાત સરકારના નાણા વિભાગે 24 એપ્રિલ 2023 ના રોજ 31 માર્ચ 2023 ના રોજ પૂરા થતા નાણાકીય વર્ષ માટે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોદ્વારા ડિવિડન્ડ વિતરણ અંગે માર્ગદર્શિકા અંગેનો સરકારી ઠરાવ બહાર પાડ્યો હતો. માર્ગદર્શિકામાં, અન્ય બાબતોની સાથે, જણાવવામાં આવ્યું હતું કે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ કરવેરા બાદના નફાના 30 ટકા અથવા નેટવર્થના પાંચ ટકા, જે વધારે હોય એટલું ઓછામાં ઓછું વાર્ષિક ડિવિડન્ડ ચૂકવવું પડશે, જે હાલની કાયદાકીય જોગવાઈઓ હેઠળ માન્ય મહત્તમ ડિવિડન્ડને આધીન છે. માર્ગદર્શિકામાં વધુમાં જોગવાઈ કરવામાં આવી હતી કે જો ઓછું અથવા શૂન્ય ડિવિડન્ડ ચૂકવવાનો પ્રસ્તાવ કરવામાં આવે, તો તેને નાણા વિભાગની મંજૂરી સાથે વાજબી ઠેરવવું જરૂરી છે. માર્ગદર્શિકામાં સૂચવવામાં આવ્યું હતું કે આ સંદર્ભમાં જો કોઈ મુક્તિ માંગવામાં આવે તો તે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોદ્વારા તેમના વહીવટી વિભાગ દ્વારા ગુજરાત સરકારના નાણા વિભાગને સંબંધિત નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિક ગાળાના અંત પહેલા રજૂ કરવું જોઇએ. જો કે, આ માર્ગદર્શિકા કલમ 8 કંપનીઓ અથવા એવી કંપનીઓને લાગુ પડશે નહીં જેમણે નુકસાન સંચિત કર્યું હોય અથવા અન્ય કોઈપણ કાયદાની હાલની જોગવાઈઓ હેઠળ અન્યથા સંચાલિત કરવામાં આવી હોય.

## ડિવિડન્ડની બિન-વસુલાતથી ગુમાવેલ આવક

પાછલા નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન, ગુજરાતમાં 80 સક્રિય રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી, 53 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ નફો નોંધાવ્યો હતો. 2023-24 ના તેમના નાણાકીય પત્રકો મુજબ, આ 53 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી, 20 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ નફો કર્યો હતો અને તેમનું સંચિત નુકસાન ન હતું. આમાંથી, ફક્ત આઠ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોગુજરાત સરકારને ડિવિડન્ડ ચૂકવવા માટે જવાબદાર હતા કારણ કે બાકીના 12 રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં ગુજરાત સરકાર કોઈ ઇક્વિટી શેર ધરવતી ન હતી.

હાલની રાજ્યની નીતિ મુજબ, નફાકારક રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોદ્વારા કરવેરા બાદના નફાના ઓછામાં ઓછા 30 ટકા અથવા નેટવર્થના પાંચ ટકા, જે વધારે હોય તે ડિવિડન્ડ તરીકે ચૂકવવા જરૂરી છે. આઠ નફાકારક રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાંથી કુલ ₹ 558.13 કરોડનું પાત્ર ડિવિડન્ડ ચૂકવવાનું બનતું હતું.

પાંચ[18] રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોતરફથી ફક્ત ₹ 487.46 કરોડ પ્રાપ્ત થયા હતા. આમાંથી, ફક્ત બે[19] રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ નિર્ધારિત ડિવિડન્ડ પૂર્ણ રૂપે ચૂકવ્યું હતું, જ્યારે ત્રણ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો[20] એ ચૂકવવા પાત્ર કરતાં વધુ ચૂકવ્યું હતું.

---

18 (i)ગુજરાત રાજ્ય મૂડીરોકાણ, (ii) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ, (iii) ગુજરાત ગેસ લિમિટેડ, (iv) ગુજરાત ગ્રામોદ્યોગ વેચાણ નિગમ લિમિટેડ, અને (v) ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમ લિમિટેડ.

19 (i)ગુજરાત ગેસ લિમિટેડ, અને (ii) ગાંધીનગર રેલવે અને શહેરી વિકાસ નિગમલિમિટેડ.

20 (i)ગુજરાત રાજ્ય મૂડીરોકાણ, (ii) ગુજરાત ખનીજ વિકાસ નિગમ લિમિટેડ, અને (iii) ગુજરાત ગ્રામોદ્યોગ વેચાણ નિગમ લિમિટેડ.

વધુમાં, બાકીના ત્રણ નફો કરતા રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોપૈકી, બે[21] રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોએ નાણા વિભાગ પાસેથી મુક્તિ માંગી હતી અને એક[22] રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમે કોઈ ડિવિડન્ડ ચૂકવ્યું ન હતું. આ ત્રણ રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમોમાં નાણાકીય વર્ષ 2023-24 દરમિયાન ન મળેલી ડિવિડન્ડની રકમ ₹ 193.54 કરોડ થઈ હતી.

**કેસ સ્ટડી: સ્માર્ટ સિટી યોજનામાં રોકાણનું ખોટું હિસાબીવર્ગીકરણ**

ભારત સરકારના શહેરી વિકાસ મંત્રાલય દ્વારા જૂન, 2015 ના સ્માર્ટ સિટીઝ મિશન સ્ટેટમેન્ટ અને માર્ગદર્શિકા અનુસાર, "વિશેષ હેતુ માટેનું સાધન (SPV) એ કંપની એક્ટ, 2013 હેઠળ શહેર સ્તરે સ્થાપિત એક મર્યાદિત કંપની હશે, જેમાં રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ અને શહેરી સ્થાનિક સંસ્થાઓ 50:50 ઇક્વિટી શેરહોલ્ડિંગ ધરાવતા પ્રમોટર હશે. SPV માં ઇક્વિટી હિસ્સો લેવા માટે ખાનગી ક્ષેત્ર અથવા નાણાકીય સંસ્થાઓનો વિચાર કરી શકાય છે, જો કે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ અને શહેરી સ્થાનિક સંસ્થાના 50:50 ની શેરહોલ્ડિંગની રીત જાળવી રાખવામાં આવે અને રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ અને શહેરી સ્થાનિક સંસ્થાપાસે સંયુક્ત રીતે બહુમતી શેરહોલ્ડિંગ અને SPV પર નિયંત્રણ હોય."

ગુજરાતમાં છ સ્માર્ટ સિટી કંપનીઓની રચના કરવામાં આવી હતી, જેમાં (i) સ્માર્ટ સિટી અમદાવાદ ડેવલપમેન્ટ લિમિટેડ; (ii) દાહોદ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ; (iii) ગાંધીનગર સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ; (iv) રાજકોટ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ; (v) સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડ; અને (vi) વડોદરા સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિમિટેડનો સમાવેશ થાય છે. એવું જોવામાં આવ્યું હતું કે આ કંપનીઓમાં રાજ્ય સરકારનો હિસ્સો ખર્ચના મૂડી સદર હેઠળ દર્શાવવામાં આવતો નથી અને નાણાકીય હિસાબોમાં 'પત્રક 19 - સરકારના રોકાણોનું વિગતવાર પત્રકમાં પણ પ્રતિબિંબિત થતો નથી.

## E. રાજ્ય સરકાર દ્વારા લોન અને પેશગીઓ

સહકારી મંડળીઓ, નિગમો અને કંપનીઓમાં રોકાણ ઉપરાંત, રાજ્ય સરકાર ઘણી સંસ્થાઓ/સંસ્થાઓને લોન અને પેશગી પણ આપી રહી છે. **કોષ્ટક 1.25** 31 માર્ચ 2025 ના રોજ બાકી લોન અને પેશગીઓની સ્થિતિ અને છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રાજ્ય સરકાર દ્વારા લેવામાં આવેલા ઋણ પર વ્યાજની ચૂકવણી સામે વ્યાજની આવક રજૂ કરે છે.

**કોષ્ટક 1.25: 2020-25 દરમિયાન વિતરિત અને વસૂલ કરેલી લોનનું પ્રમાણ**

*(₹ કરોડમાં)*

| લોનની રકમ/વ્યાજની આવક/ઋણની કિંમત | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| બાકી લોનની ખૂલતી સિલક | 10,485 | 12,235* | 13,151 | 14,363 | 15,654 |
| વર્ષ દરમિયાન આપેલી લોન | 1,233 | 1,071 | 1,466 | 2,667 | 3,552 |
| વર્ષ દરમિયાન વસૂલ કરેલી લોન | 155 | 155 | 254 | 1,376 | 1,072 |

---

[21] (i)ગુજરાતરાજ્ય નાણાકીય સેવાલિમિટેડ અને(ii) ગુજરાતશહેરી વિકાસ કંપની લિમિટેડ

[22] ગુજરાત રાજ્ય ઘેટા અને ઉન વિકાસ નિગમલિમિટેડ

| લોનની રકમ/વ્યાજની આવક/ઋણની કિંમત | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| બાકી લોનની બંધ સિલક | 11,563 | 13,151 | 14,363 | 15,654 | 18,134 |
| જેના માટે શરતો નક્કી કરવામાં આવી નથી એવી લોન | 632 | 446 | 674 | 1,684 | 2,565 |
| વર્ષ દરમિયાન ચોખ્ખો વધારો | 1,078 | 916 | 1,212 | 1,291 | 2,480 |
| આપેલી લોન પર વ્યાજની આવક | 63 | 77 | 45 | 79 | 84 |
| બાકી લોન અને પેશગીઓની ટકાવારી તરીકે વ્યાજની આવક | 0.57 | 0.61 | 0.33 | 0.53 | 0.50 |
| સરકારના બાકી ઋણ પર વ્યાજની ચુકવણી (ઋણ લેવાનો ખર્ચ) | 24,203 | 25,188 | 25,354 | 27,176 | 28,025 |
| સરકારના બાકી રહેલા ઋણ પર ચૂકવેલું વ્યાજનો સરેરાશ દર (ટકા) | 7.29 | 7.12 | 6.77 | 6.84 | 6.53 |
| ચૂકવેલા વ્યાજનો દર અને મળેલા વ્યાજના દર વચ્ચેનો તફાવત (ટકા) | 6.72 | 6.51 | 6.44 | 6.31 | 6.03 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

*પ્રોફોર્મા સુધારાના કારણેખૂલતી સિલક પાછલા વર્ષ કરતાંજુદી પડે છે.

કોષ્ટક દર્શાવે છે કે સરકાર દ્વારા આપવામાં આવેલી કુલ બાકી લોન અને પેશગીઓ, 2023-24 ના અંતે ₹ 15,654 કરોડ હતી તે વધીને 2024-25 ના અંતે ₹ 18,134 કરોડ થઈ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન અને પેશગીઓ (₹ 3,552 કરોડ) માંથી, ₹ 3,139 કરોડ સામાજિક સેવાઓ માટે, ₹ 296 કરોડ આર્થિક સેવાઓ માટે અને ₹ 117 કરોડ સરકારી કર્મચારીઓ અને વિવિધ હેતુઓ માટે આપવામાં આવ્યા હતા. સામાજિક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોનનો મોટો ભાગ શહેરી વિકાસ (₹ 1460 કરોડ) માટે ઉપયોગમાં લેવાયો હતો; અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, અન્ય પછાત વર્ગો અને લઘુમતીઓના કલ્યાણ (₹ 971 કરોડ) માટે. આર્થિક સેવાઓ હેઠળ આપવામાં આવેલી લોન પરિવહન ક્ષેત્ર (₹ 253 કરોડ) માં ગઈ હતી.

2024-25 માં લોન અને પેશગીની વસૂલાત ₹ 1,072 કરોડ હતી. વર્ષ દરમિયાન આપવામાં આવેલી લોન અને પેશગીઓ પર વ્યાજની આવકમાં ₹ પાંચ કરોડનો વધારો થયો હતો.

વધુમાં, વર્ષ દરમિયાન આપવામાં આવેલી કુલ લોન (₹ 3,552 કરોડ)માંથી, ₹ 2,565 કરોડની લોન વહીવટી વિભાગો અથવા નાણા વિભાગ દ્વારા લોનની ચુકવણી માટે નિયમો અને શરતો અને ચૂકવવાપાત્ર વ્યાજ દર નક્કી કર્યા વિના આપવામાં આવી હતી.

ઓડિટમાં ધ્યાન પર આવ્યું હતું કે નબળી નાણાકીય સ્થિતિને કારણે, ગુજરાત રાજ્ય માર્ગ પરિવહન નિગમ (GSRTC) વર્ષોથી તેના દ્વારા એકત્રિત કરાયેલ યાત્રી વેરો સરકારના હિસાબમાં જમા કરાવી શક્યું નથી અને તેના કર્મચારીઓને સાતમા પગાર પંચની બાકી રકમ ચૂકવી શક્યું નથી. GSRTC દ્વારા તેના ખર્ચને પહોંચી વળવા માટે યાત્રિ વેરાનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. વહીવટી વિભાગ (બંદરો અને પરિવહન), નાણા વિભાગની મંજૂરીથી, બાકી યાત્રિ વેરો (વર્ષ 2024-25 માટે) ને GSRTC ને આપવામાં આવેલી લોન (₹ 253.29 કરોડ) તરીકે ગણવામાં આવ્યો હતો. જોકે, સંબંધિત મંજૂરી આદેશોમાં GSRTC દ્વારા ચૂકવવાપાત્ર વ્યાજ દર અને ચૂકવણીનું સમયપત્રક સૂચવવામાં આવ્યું ન હતું. 31 માર્ચ 2025 ની સ્થિતિએ, GSRTC પાસે ₹ 2,930.69 કરોડની લોનની બાકી સિલક હતી.

**કોષ્ટક 1.25** ની તપાસ દર્શાવે છે કે 2020-21 થી 2024-25 ના સમયગાળા દરમિયાન રાજ્યની બાકી લોન અને પેશગીઓમાં સતત વધારો થયો છે, જેનું કારણ વધુ ચુકવણી હતું જે વસૂલાત કરતાં સતત વધી ગયું હતું. તાજેતરના વર્ષોમાં લોનની વસૂલાત સુધરતી હતી, પરંતુ નવી પેશગીઓની તુલનામાં તે સાધારણ રહી હતી, જેના પરિણામે બાકી લોનની બંધ સિલક વધી હતી.

લોનનો નોંધપાત્ર અને વધતો જતો હિસ્સો સ્થાયી નિયમો અને શરતો વિના રહ્યો હતો, જેના કારણે દેખરેખ અને વસૂલાત પર અસર પડી હતી. લોન પર વ્યાજની આવક ઓછી રહી હતી અને બાકી લોનના એક ટકાથી ઓછી હતી, જ્યારે રાજ્યના ઉધારનો સરેરાશ ખર્ચ સમગ્ર સમયગાળા દરમિયાન છ ટકાથી વધુ રહ્યો. પરિણામે, ચૂકવવામાં આવતા વ્યાજ દર અને પ્રાપ્ત વ્યાજ દર વચ્ચેનો વધતો તફાવત દર્શાવે છે કે ધિરાણ કામગીરીએ ઉધાર ખર્ચની તુલનામાં મર્યાદિત નાણાકીય વળતર આપ્યું હતું.

## F. નિષ્ક્રિય લોન ખાતાઓ

વર્ષ 2009-25 થી વિવિધ સંસ્થાઓ/સત્તાવાળાઓને પાછલા વર્ષોમાં આપવામાં આવેલી ₹ 833.30 કરોડની લોનની બાકી રકમ નિષ્ક્રિય રહી હતી જેમાં ખાસ કરીને ગ્રાહક ઉદ્યોગો અને પાણી પુરવઠો અને સવચ્છ્તા માટે ઉંચી સિલક હતી જે **કોષ્ટક 1.16માં** દર્શાવેલ છે.

**કોષ્ટક 1.26: નિષ્ક્રિય લોન ખાતાઓ**

*(₹ કરોડમાં)*

| મુખ્ય સદર | | 2009-25 |
|---|---|---|
| 6075 | પરચૂરણ સામાન્ય સેવાઓ માટે લોન | 11.51 |
| 6202 | શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ માટે લોન | 20.43 |
| 6215 | પાણી પુરવઠો અને સ્વચ્છતા માટે લોન | 323.73 |
| 6404 | ડેરી વિકાસ માટે લોન | 63.00 |
| 6702 | ગૌણ સિંચાઇ માટે લોન | 25.79 |
| 6855 | ખાતર ઉદ્યોગ માટે લોન | 12.15 |
| 6859 | દૂરસંચાર અને ઇલેક્ટ્રોનિક્સ ઉદ્યાગો માટે લાન | 5.90 |
| 6860 | ગ્રાહક ઉદ્યોગો માટે લોન | 358.76 |
| 7052 | વહાણવટા માટે લોન | 9.41 |
| 7452 | પ્રવાસન માટે લોન | 2.62 |
| **કુલ બાકી સિલકો** | | **833.30** |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

લાંબા સમય સુધી આ નિષ્ક્રિય સિલક પડી રહેવી એ મર્યાદિત વસૂલાત અને અનુવર્તી કાર્યવાહી સૂચવે છે, ભંડોળ વળતર ઉત્પન્ન કર્યા વિના અથવા ઉત્પાદક ઉપયોગ માટે પુનઃચક્રિત થયા વિના બંધ રહે છે. સામાજિક, આર્થિક અને ઔદ્યોગિક ક્ષેત્રોમાં આવા ખાતાઓનો ફેલાવો લોન દેખરેખ, બંધ કરવાની અથવા પતાવટની પ્રક્રિયામાં પ્રણાલીગત સમસ્યાઓ તરફ નિર્દેશ કરે છે.

## 1.3 આકસ્મિક નિધિ

આકસ્મિક ભંડોળ એ એક પેશગી છે જે રાજ્ય વિધાનસભા દ્વારા કાયદા દ્વારા સ્થાપિત કરવામાં આવે છે અને રાજ્ય વિધાનસભા દ્વારા આવા ખર્ચની મંજૂરી ન મળે ત્યાં સુધી અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે પેશગીઓ આપી શકાય તે માટે રાજ્યપાલના હવાલે મૂકવામાં આવે છે. રાજ્યના એકત્રિત નિધિને લગતા કાર્યકારી મુખ્ય સદરને ખર્ચ ઉધારીને ભંડોળની વસૂલાત કરવામાં આવે છે. ગુજરાત સરકારના આકસ્મિક ભંડોળમાં ₹ 200 કરોડનું ભંડોળ છે. 01 એપ્રિલ 2025 ના રોજ, કોઈ બાકી રહેલી સિલક ન હતી. વધુમાં, 2024-25 દરમિયાન, અણધાર્યા ખર્ચને પહોંચી વળવા માટે આકસ્મિક ભંડોળમાંથી ₹ 33.15 કરોડની રકમ ઉપાડવામાં આવી હતી અને તે વર્ષ દરમિયાન વસૂલ કરવામાં આવી હતી.

## 1.4 જાહેર હિસાબ

અમુક વ્યવહારો, જેમ કે નાની બચત, ભવિષ્ય નિધિ, અનામત ભંડોળ, થાપણો, ઉચ્ચક, ભરણાંવગેરે, જે એકત્રિત નિધિનો ભાગ નથી, તેના સંદર્ભમાં આવક અને ચુકવણી, બંધારણની કલમ 266 (2) હેઠળ સ્થાપિત જાહેર હિસાબમાં રાખવામાં આવે છે અને રાજ્ય વિધાનસભા દ્વારા મતદાનને પાત્ર નથી. સરકાર આ સંદર્ભમાં બેંકર તરીકે કાર્ય કરે છે. વર્ષ દરમિયાન ચુકવણી પછીની બાકી રકમ એ વિવિધ હેતુઓ માટે ઉપયોગ માટે સરકાર પાસે ઉપલબ્ધ ભંડોળ છે.

### 1.4.1 જાહેર હિસાબમાં ચોખ્ખી સિલકો

માર્ચ 2025 ના અંતમાં રાજ્યના જાહેર હિસાબમાં ઘટક-વાર ચોખ્ખી સિલક નીચે મુજબ હતી:

**કોષ્ટક 1.27: વર્ષની 31 માર્ચ સુધીમાં જાહેર હિસાબમાં ઘટક-વાર ચોખ્ખી સિલક**

*(₹ કરોડમાં)*

| ક્ષેત્ર | પેટા-ક્ષેત્ર | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| **I. નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે.** | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે. | 10,445.80 | 10,179.76 | 9,993.84 | 10,019.83 | 10,121.12 |
| **J. અનામત ભંડોળ** | (a) વ્યાજ ધરાવતા અનામત ભંડોળ | 1,073.02 | 1,527.94 | 2,673.90 | 3,487.90 | 3,135.79 |
| | (b) વ્યાજ વગરના અનામત ભંડોળ | 6,911.30 | 9,216.94 | 12,054.35 | 14,964.84 | 18,175.49 |
| **K. થાપણો અને પેશગીઓ** | (a) વ્યાજ ધરાવતી થાપણો | 14,476.68 | 14,476.34 | 14,127.01 | 13,964.53 | 16,916.01 |
| | (b) વ્યાજ વગરની થાપણો | 22,478.03 | 22,415.43 | 23,177.28 | 32,669.99 | 46,904.47 |
| | (c) પેશગીઓ | (-)0.70 | (-)0.70 | (-)0.70 | (-)0.70 | (-)0.70 |
| | (a) ઉચ્ચક | (-)321.72 | (-)296.69 | (-)295.85 | (-)369.33 | (-)249.88 |

| ક્ષેત્ર | પેટા-ક્ષેત્ર | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| L. ઉચ્ચક અને પ્રકિર્ણ | (b) અન્ય હિસાબો[23] | (-)2,704.49 | (-)267.37 | (-)2,945.47 | (-)4,647.37 | (-)5,174.26 |
| | (c) વિદેશી સરકારો પાસેના ખાતાઓ | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 | (-)0.59 |
| | (d) પ્રકિર્ણ | 0.00 | 0.00 | 0.00 | 0.00 | 0.00 |
| M. ભરણાં | (a) મની ઓર્ડર અને અન્ય ભરણાં | 868.58 | 963.11 | 977.53 | 1,329.59 | 1,990.75 |
| | (b)આંતર-સરકારી ગોઠવણ ખાતું | (-)1.94 | (-)1.99 | (-)1.70 | (-)1.62 | (-)1.75 |
| કુલ | | **53,223.97** | **58,212.18** | **59,759.60** | **71,417.07** | **91,816.45** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

નોંધ: +ve જમા સિલક દર્શાવે છે અને –ve ઉધાર સિલક દર્શાવે છે.

રાજ્યના જાહેર હિસાબમાં ચોખ્ખી સિલક 2020-21 માં ₹ 53,233.97 કરોડથી વધીને 2024-25 માં ₹ 91,816.45 કરોડ થઈ હતી. 2024-25 દરમિયાન, જાહેર હિસાબ ચોખ્ખી સિલક પાછલા વર્ષ કરતા 28.56 ટકા વધી હતી.

**કોષ્ટક 1.27** જાહેર હિસાબ હેઠળ ચોખ્ખી સિલકમાં નોંધપાત્ર અને સ્થિર વધારો દર્શાવેછે, જે 2020-21 માં ₹ 53,233.97 કરોડથી વધીને 2024-25 માં ₹ 91,816.45 કરોડ થયો છે, જે મુખ્યત્વે અનામત ભંડોળ અને વ્યાજ વિનાની થાપણો હેઠળના સંચય દ્વારા પ્રેરિત છે. જ્યારે નાની બચત અને ભવિષ્યનિધિ હેઠળની સિલક વ્યાપક પણે સ્થિર રહી હતી, ત્યારે વ્યાજ વિનાના અનામત ભંડોળ અને થાપણોમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો, જે એકત્રિત નિધિની બહાર ભંડોળનો વધુ સંચય દર્શાવે છે.

એજ સમયે, ઉચ્ચક અને વિવિધ સદરો હેઠળ વર્ષોથી ચાલી આવતી નકારાત્મક સિલક, જે બાકી ગોઠવણો અને સમાધાન કરવાની સમસ્યાઓ તરફ નિર્દેશ કરે છે. ભરણાંની સિલકમાં પણ ધીમે ધીમે વધારો થયો હતો. એકંદરે, જાહેર હિસાબની સિલકનું વધતું કદ ઉચ્ચ વિશ્વાસપાત્ર જવાબદારીઓને પ્રતિબિંબિત કરે છે અને સમયસર સમાધાન, સમાધાન અને દેખરેખના મહત્વ પર ભાર મૂકે છે.

### 1.4.2 અનામત ભંડોળ

રાજ્ય સરકારના જાહેર હિસાબ હેઠળ ચોક્કસ અને નિર્ધારિતહેતુઓ માટે અનામત ભંડોળની સ્થાપનાકરવામાં આવે છે. આ ભંડોળ રાજ્યના એકત્રિત નિધિમાંથી ફાળો અથવા અનુદાનમાંથી પુરૂ પાડવામાં આવે છે.

31 માર્ચ 2025 સુધીમાં આ અનામત ભંડોળમાં રહેલા ભંડોળની સિલકો **કોષ્ટક 1.28** માં આપવામાં આવી છે.

[23] L - અન્ય ખાતાઓ હેઠળ સસ્પેન્સ અને પરચુરણમાં રોકડ સિલક રોકાણ હિસાબ, કાયમી રોકડ પેશગી અને વિભાગીય સિલકનો સમાવેશ થતો નથી.

**કોષ્ટક 1.28: મુખ્ય અનામત ભંડોળોની વિગતો**

(₹ કરોડમાં)

| ક્રમાંક | અનામત ભંડોળનું નામ | 1 એપ્રિલ 2024 ના રોજ ખૂલતી સિલક | વર્ષ દરમિયાન આવક | વ્યાજની આવક | વર્ષ દરમિયાન પરત ચુકવણી | 31 માર્ચ 2025 ના રોજ સિલક |
|---|---|---|---|---|---|---|
| ક | વ્યાજ ધરાવતા અનામત ભંડોળો | | | | | |
| 1 | રાજ્ય વળતર વનીકરણ ભંડોળ | 1,136.22 | 477.48 | 0.00 | 309.99 | 1,303.71 |
| 2 | રાજ્ય આપદા નિવારણ ભંડોળ | 1,076.60 | 73.17 | 78.27 | 121.65 | 1,106.39 |
| 3 | રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ | 1,275.04 | 803.85 | 121.53 | 1,474.76 | 725.66 |
| | **કુલ** | **3,487.87** | **1,354.50** | **199.80** | **1,906.41** | **3,135.76** |
| ખ | વ્યાજ ન ધરાવતા અનામત ભંડોળો | | | | | |
| 1 | ડૂબત નિધિ | 12,878.39 | 2,945.93[24] | 0 | 0.04 | 15,824.28 |
| 2 | બાંયધરી મુક્તિ ભંડોળ | 892.18 | 46.77 | 0.00 | 0.00 | 938.95 |
| 3 | સામાન્ય વિમા ભંડોળ | 554.57 | 253.35 | 0.00 | 120.08 | 687.84 |
| 4 | કૃષિ હેતુઓ માટે વિકાસ ભંડોળ | 542.62 | 88.20 | 0.00 | 0.22 | 630.60 |
| 5 | સરકરી બિન-વાણિજ્યિક વિભાગો-છાપખાના નું ઘસારા ભંડોળ | 27.76 | 0.00 | 0.00 | 0.71 | 27.05 |
| 6 | શૈક્ષણિક હેતુઓ માટે વિકાસ ભંડોળ | 60.92 | 30.00 | 0.00 | 33.11 | 57.81 |
| | **કુલ** | **14,956.44** | **3,364.25** | **0** | **154.16** | **18,166.53** |

સ્રોત: 2024-25 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો અને પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાત દ્વારા આપવામાં આવેલી માહિતી.

2024-25 દરમિયાન, રાજ્યએ જાહેર હિસાબ હેઠળ 18 અનામત ભંડોળોનું સંચાલન કર્યું હતું, જેમાં 31 માર્ચ 2025 સુધીમાં ₹ 21,311.28 કરોડની સંચિત સિલક હતી, જેમાંથી ₹ 16,173.35 કરોડ જે લગભગ ત્રણ-ચતુર્થાંશનું રોકાણ કરવામાં આવ્યું હતું, જે સક્રિય ભંડોળ વ્યવસ્થાપન દર્શાવે છે. બાકી રકમ મુખ્યત્વે 13 બિન-વ્યાજ-ધારક અનામત ભંડોળમાં રાખવામાં આવી હતી, જે ₹ 18,175.49 કરોડ હતી, જ્યારે પાંચ વ્યાજ-ધારક અનામત ભંડોળ ₹ 3,135.79 કરોડ હતું.

વ્યાજ-ધારક શ્રેણીમાં, આપદા પ્રતિભાવ અને આપદા નિવારણ ભંડોળમાં વર્ષ દરમિયાન નોંધપાત્ર આવક અને જાવક નોંધાઈ હતી, જે તેમના કાર્યકારી ઉપયોગને પ્રતિબિંબિત કરે છે, જ્યારે વળતર વનીકરણ ભંડોળ હેઠળની સિલકમાં ચોખ્ખો વધારો જોવા મળ્યો હતો. વ્યાજ વગરના ભંડોળમાં,

[24] મુખ્ય સદર 2048-101 હેઠળ સંકલિત એકત્રિત ડૂબત ભંડોળમાં રાજ્ય સરકારના ફાળાના ₹ 2,000 કરોડનો અને ઉપાર્જિત વ્યાજના સમાયોજનના કારણે ₹ 945.93 કરોડનો સમાવેશ થાય છે.

ડૂબત નિધિ સૌથી મોટો ઘટક હતો અને વર્ષ દરમિયાન તેમાં નોંધપાત્ર વધારો થયો હતો, જ્યારે અન્ય ભંડોળમાં પ્રમાણમાં સામાન્ય હિલચાલ જોવા મળી હતી.

એકંદરે, અનામત ભંડોળની રચના અને વૃદ્ધિ ચોક્કસ હેતુઓ માટે સંસાધનોની વધતી જતી ફાળવણી સૂચવે છે, જે ભંડોળના ઉપયોગ, રોકાણ અને તેમના ઉદ્દેશ્યો સાથે સંરેખણ પર સતત દેખરેખ રાખવાના મહત્વ પર ભાર મૂકે છે.

### 1.4.2.1 એકત્રિત ડૂબત નિધિ

રાજ્ય સરકારે 2003-04 માં બાકી જવાબદારીઓની ઋણમુક્તિ માટે એક સંકલિત ડૂબત ભંડોળ (CSF) ની રચના કરી હતી. ભંડોળનું સંચાલન કરવા માટે જવાબદાર ભારતીય રિઝર્વ બેંકે નાણાકીય વર્ષ 2007-08 થી સરકારના આંતરિક ઋણ અને જાહેર હિસાબની જવાબદારીઓનો સમાવેશ કરવા માટે એકત્રિત ડૂબત નિધિના વ્યાપની વ્યાખ્યા કરતી માર્ગદર્શિકા જારી કરી હતી. વધુમાં, રાજ્ય સરકારના ઠરાવ (2017-18) મુજબ, એકત્રિત ડૂબત નિધિ માટે ભંડોળનો લઘુત્તમ ભંડોળ વર્ષ 2018-19 થી રાજ્યની બાકી જવાબદારીઓના પાંચ ટકા હોવો જોઈએ અને ત્યારબાદ તેને રોલિંગ ધોરણે જાળવી રાખવો જોઈએ.

2024-25 દરમિયાન, સરકારે એકત્રિત ડૂબત નિધિ માં ₹ 2,945.93 કરોડનો ફાળો આપ્યો હતો. 2024-25 દરમિયાન એકત્રિત ડૂબત નિધિ માં ₹ 4,396.48 કરોડનો ફાળો ઓછો હતો[25], કારણ કે ભંડોળમાં બંધ સિલક ₹ 20,220.75 કરોડના લઘુત્તમ ભંડોળ સામે ₹ 15,824.27 કરોડ હતી. પરિણામે, વર્ષ દરમિયાન મહેસૂલી પુરાંત વધારે પડતી દર્શાવાઇ હતી અને રાજકોષીય ખાધ ઓછી દર્શાવાઇ હતી.

31 માર્ચ 2025 સુધીમાં, કુલ ₹ 15,824.27 કરોડના ભંડોળમાંથી, ₹ 15,494.44 કરોડનું રોકાણ ભારતીય રિઝર્વ બેંક માં કરવામાં આવ્યું હતું. રાજ્ય સરકારે 2024-25 દરમિયાન ભંડોળમાં ₹ 945.93 કરોડનું વ્યાજ જમા કર્યું હતું.

### 1.4.2.2 આપદાના જોખમના વ્યવસ્થાપન માટે ભંડોળ

13[મા] નાણા પંચની ભલામણો અનુસાર, રાજ્ય સરકાર 2011-12 થી રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ (SDRF) ચલાવી રહી છે. તે વ્યાજ ધરાવતું અનામત ભંડોળ છે.

ભારત સરકારની માર્ગદર્શિકા (સપ્ટેમ્બર 2010) ના સંદર્ભમાં, કેન્દ્ર અને રાજ્ય સરકારોએ 75:25 ના ગુણોત્તરમાં ભંડોળમાં યોગદાન આપવું જરૂરી હતું. 15[મા] નાણાપંચે વર્ષ 2020-21 થી આપદા જોખમ વ્યવસ્થાપન માટે બે અલગ અલગ ભંડોળ હેઠળ રાજ્યોને કેન્દ્રીય ફાળવણીને વિભાજીત કરવાની ભલામણ કરી હતી. 75 ટકા કેન્દ્રીય ફાળવણીમાંથી, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ

---

25 ₹ 4,396.48 કરોડ = ₹ 20,220.75 કરોડ (₹ 4,04,415.04 કરોડની રાજ્યની જવાબદારીઓના પાંચ ટકા નું વર્ષ 2023-24 માટે જાળવવાનું લઘુતમ કોર્પસ) [-] ₹ 15,824.27 કરોડ એકત્રિત ડૂબત નિધિની બંધ સિલક. જીએસટીના વળતરમાં ઘટ ની અવેજી માં મળેલી 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040.17 કરોડની મળેલી એક પછી એક લોન રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન અને 2024-25 દરમિયાન અનુક્રમે ₹ 6,497 કરોડ અને ₹ 10,229 કરોડની ચુકવણીને અહીં બાકીદારીઓમાં ગણવામાં લેવામાં આવેલ નથી.

(SDRF) નો હિસ્સો 80 ટકા અને રાજ્ય આપદા નિવારણ ભંડોળ (SDMF) નો હિસ્સો 20 ટકા રહેશે. બંને ભંડોળ માટે અલગ ખાતા ચલાવવાના હતા.

અને 2024-25 દરમિયાન અનુક્રમે ₹ 6,497 કરોડ અને ₹ 10,229 કરોડની ચુકવણીને અહીં બાકીદારીઓમાં ગણવામાં લેવામાં આવેલ નથી.

### *રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ*

01 એપ્રિલ 2024 ના રોજ, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળપાસે ₹ 1,275.04 કરોડની ખૂલતી સિલક હતી. 2024-25 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 799.73 કરોડ (₹ 600.00 કરોડ કેન્દ્રીય હિસ્સો અને ₹ 199.73 કરોડ રાજ્યનો હિસ્સો) ભંડોળમાં તબદીલ કર્યા હતા. કુલ ઉપલબ્ધ ₹ 2,074.77 કરોડના ભંડોળમાંથી, રાજ્ય સરકારે વર્ષ દરમિયાન કુદરતી આફતો પર રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાંથી ₹ 1,474.76 કરોડનો ખર્ચ કર્યો હતો. તેને ₹ 121.53 કરોડનું વ્યાજ પણ મળ્યું હતું અને માર્ચ 2025 ના અંત સુધીમાં ₹ 4.11 કરોડનું વણવપરાયેલું અનુદાન છોડી દીધું હતું, જેથી ₹ 725.66 કરોડ બાકી રહ્યા હતા. વધુમાં, રાજ્ય સરકારે કુદરતી આફતોને કારણે રાજ્યના અંદાજપત્રમાંથી ₹ 74.85 કરોડનો ખર્ચ પણ કર્યો હતો. આમ, રાજ્ય સરકારે આ હિસાબે વર્ષ દરમિયાન ₹ 1,549.61 કરોડનો ખર્ચ કર્યો હતો.

વર્ષ દરમિયાન રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં આવક અને ખર્ચની વિગતો નીચે **આલેખ 1.27** માં આપવામાં આવી છે.

**આલેખ 1.27: રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ(SDRF)માં આવક અને ખર્ચની વિગતો**

| | | | | |
|---|---|---|---|---|
| SDRF માં ખૂલતી સિલક | ₹ 1,275.04 કરોડ | | | |
| | વત્તા<br>વર્ષદરમિયાન SDRFમાં તબદીલ થયેલી રકમ (₹ 600.00 કરોડ કેન્દ્રીય હિસ્સો)<br>વત્તા<br>વર્ષદરમિયાન SDRF માં તબદીલ થયેલી રકમ (₹ 199.73 કરોડરાજ્યનો હિસ્સો)<br>વત્તા<br>વર્ષદરમિયાન SDRF માં તબદીલ થયેલી રકમ (₹ 121.53 કરોડ મળેલું વ્યાજ) | ₹ 921.26 કરોડ | | |
| | | બાદ<br>વર્ષ દરમિયાન SDRF માંથી થયેલ ખર્ચ (₹ 1,474.76 કરોડ)<br>બાદ<br>અગાઉના અનુદાનની પરત સોંપણી (₹ 4.11 કરોડ) | ₹ 1,478.87 કરોડ | |
| | | | SDRF માં બંધ સિલક | ₹ 725.66 કરોડ |

સ્રોત: વર્ષ 2024-25 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

### *રાજ્ય આપદા નિવારણ ભંડોળ*

રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળઉપરાંત, રાજ્ય સરકાર રાજ્ય આપદા નિવારણ ભંડોળ (SDMF) પણ જાળવે છે. આ ભંડોળની રચના ફેબ્રુઆરી 2023 માં કરવામાં આવી હતી. 2024-25 દરમિયાન, રાજ્ય સરકારને કેન્દ્ર સરકાર તરફથી SDMF માટે કોઈ રકમ મળી ન હતી પરંતુ કેન્દ્ર સરકાર તરફથી NDMF તરફથી ₹ 73.17 કરોડ પ્રાપ્ત થયા હતા અને ભંડોળમાંથી રોકાણ પર વ્યાજ તરીકે ₹ 78.27 કરોડ મળ્યા હતા. આ ભંડોળ રાજ્ય આપદા નિવારણ ભંડોળ માં તબદીલ કરવામાં આવ્યું હતું.

01 એપ્રિલ 2024 ના રોજ, રાજ્ય આપદા નિવારણ ભંડોળ પાસે ₹ 1,076.60 કરોડની ખૂલતી સિલક હતી. વર્ષ દરમિયાન રાજ્ય આપદા નિવારણ ભંડોળ તરફથી ખર્ચ તરીકે ₹ 121.65 કરોડ મુખ્ય સદર 2245 માં સરભર કરવામાં આવ્યા હતા.

### કેસ સ્ટડી: *રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળની સિલક ઓછી દર્શાવવી*

રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ ની રચના આપદા વ્યવસ્થાપન અધિનિયમ, 2005 ની કલમ 48 (1) (a) હેઠળ કરવામાં આવી હતી. ગૃહ મંત્રાલય દ્વારા રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળના વહીવટ માટે જારી કરવામાં આવેલી માર્ગદર્શિકામાં જણાવવામાં આવ્યું છે કે રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળનો ઉપયોગ આપદાઓના પીડિતોને તાત્કાલિક રાહત પૂરી પાડવા માટેના ખર્ચને પહોંચી વળવા માટે કરવામાં આવશે.

2020-21 થી 2022-23 દરમિયાન, ગુજરાતે અનેક આફતોનો સામનો કર્યો હતો - પૂર, ભારે વરસાદ, ચક્રવાત તૌકતે અને COVID-19 - જેમાં આપદા વ્યવસ્થાપન અધિનિયમ, 2005 મુજબ રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળ/ રાજ્ય આપદા નિવારણ ભંડોળ/ રાષ્ટ્રીય આપદા પ્રતિભાવ ભંડોળદ્વારા કટોકટીમાં રાહત ભંડોળ પૂરું પાડવાની જરૂર હતી. ગુજરાત નાણાકીય નિયમો (1971) ના નિયમ 154 હેઠળ, ચોક્કસ હેતુ માટે પ્રાપ્ત અનુદાનનો ઉપયોગ ફક્ત તે હેતુ માટે જ થવો જોઈએ.

ગુજરાત સરકારના મહેસૂલ વિભાગ ના રાહત નિયામક અને હોદ્દાની રૂઇએ સચિવના કાર્યાલયના રેકોર્ડની 2020-21 થી 2022-23 ના સમયગાળા માટે ચકાસણી દરમિયાન, ઓડિટમાં ધ્યાનમાં આવ્યું કે જીલ્લા વિકાસ અધિકારીઅને મામલતદારો જેવી કચેરીઓએ ભંડોળના યોગ્ય સદર (8121-00-122-SDRF) ને બદલે અયોગ્ય આવકના સદર (0250-00-800-01/02) હેઠળ ₹ 58.27 કરોડની વણવપરાયેલી SDRF નું અનુદાન જમા કરાવ્યું હતું.

આમ, બિનઉપયોગી અનુદાનનેઆવકના સદર 0250-00-800-02 માં જમા કરાવવાથી, જે અન્ય સામાજિક સેવાઓ માટે હતી, તેને ભંડળના સદર 8121-00-122-SDRF માં જમા કરવાના કારણે, રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળમાં ₹ 58.27 કરોડનો ખર્ચ વધારે દર્શાવાયો હતો.

પરિણામે, 2022-23 થી દર વર્ષે રાજ્ય આપદા પ્રતિભાવ ભંડોળની બાકી રકમ નાણાકીય હિસાબોમાં ₹ 58.27 કરોડ જેટલી ઓછી બતાવવામાં આવી છે.

વર્ષ 2021-22 માટેનારાજ્યની આર્થિક પરિસ્થિતિ પરના ઓડિટ અહેવાલમાં વિભાગના ધ્યાન પર આવી જ બાબત લાવવામાં આવી હતી. વિભાગ દ્વારા સુધારણા કાર્યવાહી, જો કોઈ હોય, તો તે ઓડિટને જણાવવામાં આવી નથી.

વિભાગે જરૂરી સૂચનાઓ જારી કરવી જોઈએ જેથી અનામત ભંડોળમાંથી ઉપયોગમાં લેવાયેલી અથવા લેવામાં આવેલી બિનઉપયોગી રકમ મહેસૂલી આવક તરીકે નહીં, પરંતુ સંબંધિત અનામત ભંડોળમાં પાછી જમા થાય.

### 1.4.2.3 રાજ્ય વળતર વનીકરણ ભંડોળ

ભારત સરકારના પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન મંત્રાલય દ્વારા જારી કરાયેલી સૂચનાઓનું પાલન કરીને, રાજ્ય સરકારોએ વળતર વનીકરણ હાથ ધરવા માટે વપરાશકર્તા એજન્સીઓ પાસેથી પ્રાપ્ત થતી રકમ માટે રાજ્યના જાહેર હિસાબમાં વ્યાજ ધારક વિભાગ હેઠળ રાજ્ય વળતર વનીકરણ ભંડોળ સ્થાપિત કરવું જરૂરી છે.

વર્ષ 2024-25 દરમિયાન, વપરાશકર્તા એજન્સીઓએ રાષ્ટ્રીય વળતર વનીકરણ થાપણોમાં ₹ 530.53 કરોડ જમા કરાવ્યા હતા. આમાંથી, ₹ 477.48 કરોડ (પાછલા વર્ષમાં ₹ 387.04 કરોડ) રાજ્ય સરકારને રાજ્ય વળતર વનીકરણ ભંડોળમાં પ્રાપ્ત થયા હતા. સરકારે ભંડોળમાંથી ₹ 309.99 કરોડ ખર્ચ્યા હતા અને વર્ષ દરમિયાન કોઈ રકમનું રોકાણ કર્યું ન હતું. 31 માર્ચ 2025 ના રોજ રાજ્ય વળતર વનીકરણ ભંડોળમાં બાકી રકમ ₹ 1,303.71 કરોડ હતી.

### 1.4.2.4 બાંયધરી મુક્તિ ભંડોળ

બારમા નાણાપંચે સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓમાંથી ઉદ્ભવતી આકસ્મિક જવાબદારીઓને પહોંચી વળવા માટે બાંયધરી મુક્તિ ભંડોળ (GRF) ની સ્થાપના કરવાની ભલામણ કરી હતી. ગુજરાત સરકારે રાજ્યના જાહેર ક્ષેત્રના ઉપક્રમો, રાજ્ય સહકારી મંડળીઓ વગેરે જેવી વિવિધ સંસ્થાઓ દ્વારા લેવામાં આવતી લોન પર તેના દ્વારા આપવામાં આવતી બાંયધરી માટે બાંયધરી મુક્તિ ભંડોળની રચના કરી છે. ભંડોળનું સંચાલન કરતી ભારતીય રિઝર્વ બેંકની માર્ગદર્શિકા અનુસાર, ભંડોળમાં સંચય ધીમે ધીમે બાકી બાંયધરીના પાંચ ટકાના ઇચ્છનીય સ્તર સુધી વધારવાનો છે.

31 માર્ચ 2025 ના રોજ, ભંડોળમાં બંધ સિલક ₹ 938.85 કરોડ હતી, જે ન્યૂનતમ જરૂરી ભંડોળ[26] ની સામે ₹ 71.05 કરોડ હતું. 2024-25 દરમિયાન ભંડોળમાં ₹ 46.77 કરોડનું વ્યાજ જમા કરવામાં આવ્યું હતું. કુલ ભંડોળ ₹ 938.95 કરોડમાંથી, ₹ 675.26 કરોડનું રોકાણ ભારતીય રિઝર્વ બેંકમાં કરવામાં આવ્યું હતું.

### 1.4.3 રોકડ સિલકો

ભારતીય રિઝર્વ બેંકસાથેના કરાર મુજબ, રાજ્ય સરકારે બેંક સાથે ઓછામાં ઓછી ₹ 2.80 કરોડની દૈનિક રોકડ સિલક જાળવવી આવશ્યક છે. જો સિલક કોઈપણ દિવસે સંમત ન્યૂનતમ કરતાં ઓછી થઈ જાય, તો વખતોવખત સામાન્ય સાધનોપાય પેશગી (WMA)/ખાસ સાધનોપાય પેશગી (SWMA)/ઓવરડ્રાફ્ટ (OD) લઈને ખાધ ભરપાઈ કરવામાં આવે છે. રાજ્ય સરકારને સામાન્ય સાધનોપાય પેશગી માટેની મર્યાદા 30 જૂન 2024 સુધી ₹ 2,518 કરોડ અને 01 જુલાઈ 2024 થી ₹ 3,092 કરોડ હતી જે 31 માર્ચ 2025 સુધી યથાવત છે.

રાજ્ય સરકારે 2024-25 દરમિયાન RBI સાથે લઘુત્તમ દૈનિક રોકડ સિલક જાળવી રાખી હતી અને વર્ષ દરમિયાન કોઈ WMA/SWMA/ODનો ઉપયોગ કરવામાં આવ્યો ન હતો.

### 1.4.3.1 રોકડ સિલકનું મૂડીરોકાણ

2024-25 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા રોકડ સિલકમાંથી કરવામાં આવેલા રોકડ સિલક અને મૂડીરોકાણની વિગતો **કોષ્ટક 1.29** માં દર્શાવેલ છે.

[26] ₹ 71.05 કરોડ=વર્ષ 2024-25 ના અંતે બાકી બાંયધરીના 5 ટકા (₹ 1,420.94 કરોડ)

**કોષ્ટક 1.29: રોકડ સિલકો અને રોકડ સિલકોનું રોકાણ**

*(₹ કરોડમાં)*

| રોકડ સિલક અને રોકડ સિલકોનું મૂડીરોકાણ | 1 એપ્રિલ 2024 ના રોજ ખૂલતી સિલક | 31 માર્ચ 2025 ના રોજબંધ સિલક | વધારો (+)/ ઘટાડો (-) |
|---|---|---|---|
| (A) સામાન્ય રોકડ સિલક | | | |
| ભારતીય રિઝર્વ બેંકમાં થાપણો | 263.95 | (-)7.21 | (-)271.16 |
| રોકડ સિલક મૂડીરોકાણ હિસાબમાં રાખવામાં આવેલા રોકાણો (તિજોરી બિલો) | 24,524.60 | 15,366.25 | (-)9,158.35 |
| **કુલ (A)** | **24,788.55** | **15,359.04** | **(-)9,429.51** |
| (B) અન્ય રોકડ સિલકો અને રોકાણો | | | |
| વિભાગીય અધિકારીઓ જેવા કે જાહેર બાંધકામ, વન, જીલ્લા કલેક્ટરો વગેરે પાસે રોકડ. | 1.85 | (-)0.38 | (-)2.23 |
| આકસ્મિક ખર્ચ માટે વિભાગીય અધિકારીઓ પાસે કાયમી પેશગીઓ | 0.30 | 0.30 | 0.00 |
| અંકિત કરેલા ભંડોળોમાં મૂડીરોકાણ | 13,180.99 | 16,173.70 | 2,992.71 |
| **કુલ (B)** | **13,183.14** | **16,173.62** | **2,990.48** |
| **કુલ રોકડ સિલકો (A)+ (B)** | **37,971.69** | **31,532.66** | **(-)6,439.03** |
| **મેળવેલું વ્યાજ** | 1,785[27] | 1,503[28] | (-)282 |

સ્રોત: વર્ષ 2024-25 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.29** 2024-25 દરમિયાન રાજ્યની સકલ રોકડ સિલકમાં ઘટાડો દર્શાવે છે, જેમાં કુલ રોકડ સિલક 1 એપ્રિલ 2024 ના રોજ ₹ 37,971.69 કરોડથી ઘટીને 31 માર્ચ 2025 ના રોજ ₹ 31,532.66 કરોડ થઇ હતી. આ ઘટાડો મુખ્યત્વે રોકડ સિલક મૂડીરોકાણ હિસાબ હેઠળ રાખવામાં આવેલા રોકાણોમાં નોંધપાત્ર ઘટાડાને કારણે થયો હતો, જ્યારે ભારતીય રિઝર્વ બેંકમાં થાપણોમાં પણ વર્ષ દરમિયાન ઘટાડો થયો હતો.

તેનાથી વિપરીત, અંકિત કરેલા ભંડોળના રોકાણમાં વધારો થયો હતો, જે સામાન્ય રોકડ સિલકમાં ઘટાડાને આંશિક રીતે સરભર કરે છે. રોકાણપાત્ર પુરાંતના નીચલા સ્તર સાથે સુસંગત રોકડ સિલક પર વ્યાજમાં ઘટાડો થયો હતો. એકંદરે, રોકડ સિલકમાં થતી હિલચાલ વર્ષ દરમિયાન સક્રિય રોકડ વ્યવસ્થાપન દર્શાવે છે, જેમાં સામાન્ય રોકડ સિલકનો ઉપયોગ વધ્યો છે અને નિર્ધારિત ભંડોળના ઉચ્ચ રોકાણની સાથે, શ્રેષ્ઠ પ્રવાહિતા વ્યવસ્થાપન સુનિશ્ચિત કરવા માટે સતત દેખરેખની જરૂરિયાત પર ભાર મૂકે છે.

પાંચ વર્ષના સમયગાળા (2020-25) દરમિયાન રાજ્યના રોકડ સિલકના રોકાણો નીચે આપેલ છે.

---

[27] ડૂબત નિધિ - રોકાણ ખાતા પર વ્યાજ મળ્યું: ₹ 758 કરોડ; બાંયધરી મુક્તિ ભંડોળ - રોકાણ ખાતા પર વ્યાજ મળ્યું: ₹ 43 કરોડ; અને રોકડ સિલક (તિજોરી બિલો) ના રોકાણ પર વ્યાજ મળ્યું: ₹ 984 કરોડ.

[28] ડૂબત નિધિ - રોકાણ ખાતા પર વ્યાજ મળ્યું: ₹ 946 કરોડ; બાંયધરી મુક્તિ ભંડોળ - રોકાણ ખાતા પર વ્યાજ મળ્યું: ₹ 47 કરોડ; અને રોકડ સિલક (તિજોરી બિલો) ના રોકાણ પર વ્યાજ મળ્યું: ₹ 510 કરોડ.

**કોષ્ટક 1.30: રોકડ સિલક મૂડીરોકાણ હિસાબ (મુખ્ય સદર -8673)**

*(₹ કરોડમાં)*

| વર્ષ | ખૂલતી સિલક | બંધ સિલક | વધારો(+)/ઘટાડો(-) | મળેલું વ્યાજ |
|---|---|---|---|---|
| 2020-21 | 10,347.99 | 10,472.20 | 124.21 | 96.86 |
| 2021-22 | 10,472.20 | 12,828.49 | 2,356.29 | 130.57 |
| 2022-23 | 12,828.49 | 25,422.96 | 12,594.47 | 138.07 |
| 2023-24 | 25,422.96 | 24,524.60 | (-)898.36 | 983.89 |
| 2024-25 | 24,524.60 | 15,366.25 | (-)9,158.35 | 510.39 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

2020-25 દરમિયાન રાજ્ય સરકારના રોકડ સિલકમૂડીરોકાણના વલણના વિશ્લેષણમાં જોવામાં આવ્યું હતું કે 2024-25 દરમિયાન રોકાણમાં ઘટાડો થયો હતો. ચાલુ વર્ષ દરમિયાન, રોકડ સિલકમૂડીરોકાણ હિસાબમાં રાખવામાં આવેલા રોકાણો (₹ 15,366.25 કરોડ) રાજ્યના વાર્ષિક અંદાજપત્રીય અંદાજ (₹ 3,32,465.05 કરોડ) ના 4.62 ટકા હતા.

**આલેખ 1.28**, 2020-25 દરમિયાન રાજ્ય સરકાર દ્વારા ઉભી કરવામાં આવેલી બજાર લોન અને રોકડ સિલક મૂડી રોકાણ ખાતામાં સંબંધિત વર્ષના અંતે ઉપલબ્ધ સિલકની તુલના કરે છે.

**આલેખ 1.28: રોકડ સિલક મૂડીરોકાણ હિસાબમાં રાખવામાં આવેલા રોકાણોની સામે બજારની લોનમાં થયેલો વધારો.**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરના **આલેખ 1.28** પરથી જોઈ શકાય છે કે, 2024-25 દરમિયાન, રાજ્ય સરકારે બજારમાંથી ₹ 38,200 કરોડ એકત્ર કર્યા હતા. બીજી તરફ, 31 માર્ચ 2025 સુધીમાં રોકડ સિલક મૂડીરોકાણ હિસાબમાં ઉપલબ્ધ સિલક ₹ 15,366 કરોડ હતી. વધુમાં એવું પણ ધ્યાન પર આવ્યું હતું કે 2024-25 દરમિયાન, બાકી રહેલી બજાર લોન પર ₹ 22,118.17 કરોડનું વ્યાજ ચુકવવામાં આવ્યું હતું જ્યારે રોકડ સિલક મુડીરોકાણ હિસાબમાંથી કરવામાં આવેલા રોકાણ પર ₹ 510.39 કરોડનું વ્યાજ મળ્યું હતું.

**આલેખ 1.28** દર્શાવે છે કે રાજ્ય પાસે સામાન્ય રીતે સમગ્ર સમયગાળા દરમિયાન પૂરતી રોકડ હતી અને તેને ભારતીય રિઝર્વ બેંક પાસેથી ઓવરડ્રાફ્ટ લેવાની જરૂર નહતી. રોકડ સિલકમાં

ફેરફાર મુખ્યત્વે ભંડોળની અછતને બદલે, રોકાણનો સમય, ખર્ચ અને ફાજલ ભંડોળના રોકાણના કારણે દેખાય છે. એકંદરે, આ ભાત સૂચવે છે કે રોકડનું સંચાલન વાજબી રીતે સારી રીતે કરવામાં આવ્યું હતું, જ્યારે દૈનિક ચુકવણીની જરૂરિયાતો સરળતાથી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવા માટે પ્રવાહિતા પર દેખરેખ રાખવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

### 1.4.4 વ્યાજ ન ધરાવતી થાપણો

ન્યાયાધીશો દ્વારા આપવામાં આવેલા આદેશો અનુસાર વિવિધ કેસોમાં થાપણ તરીકે અદાલતોને નાણાં મળે છે. આ થાપણ, જે વ્યાજ વગરની હોય છે, તેને બે શ્રેણીઓમાં વર્ગીકૃત કરવામાં આવે છે, જેમ કે (i) સિવિલ ડિપોઝિટ, અને (ii) ક્રિમિનલ અદાલત ડિપોઝિટ, અને રાજ્ય સરકારના જાહેર હિસાબમાં રાખવામાં આવે છે. ગુજરાતની માનનીય વડી અદાલતે 2009 માં તમામ અદાલતોને નિર્દેશ આપ્યો હતો કે વ્યક્તિગત લેજર ખાતામાં રાખવામાં આવેલી રકમ સંબંધિત કોર્ટના રજિસ્ટ્રાર દ્વારા રાષ્ટ્રીયકૃત બેંકોમાં ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ કરવી જોઈએ.

ઓડિટમાં એવું સામે આવ્યું હતું કે કાયદા વિભાગ/નાણા વિભાગે ફિક્સ્ડ ડિપોઝિટમાં રોકાણ કરેલી રકમની નોંધ કરવા માટે પ્રણાલી તૈયાર કરવા માટે સરકારી ઠરાવ/સૂચના જારી કરી નથી.

## 1.5 રાજકોષીય ટકાઉપણું

રાજકોષીય ટકાઉપણું એ સરકારની તેની આવક અને ખર્ચનું સંચાલન કરવાની ક્ષમતા છે જે ખાતરી કરે છે કે તે તેની વર્તમાન અને ભવિષ્યની જવાબદારીઓ જેમ કે જાહેર સેવાઓ, માળખાગત સુવિધાઓ અને ઋણની પરત ચુકવણીને વધુ પડતા ઉધાર લીધા વિના અથવા બિનટકાઉ ઋણ એકઠા કર્યા વિના પૂર્ણ કરી શકે છે. તેનો અર્થ લાંબા ગાળે આવક ઉભી કરવા અને ખર્ચ વચ્ચે સ્થિર સંતુલન જાળવવાનો છે. **આલેખ 1.29** અને **આલેખ 1.30** અનુક્રમે નાણાકીય વર્ષ 2020-25 દરમિયાન રાજ્યની આવક અને ખર્ચને GSDP ના ટકાવારી તરીકે દર્શાવે છે.

**આલેખ 1.29: રાજ્યની આવક**




**આલેખ 1.30: રાજ્યનો ખર્ચ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.29** નું વિશ્લેષણ દર્શાવે છે કે:

- રાજ્યની પોતાનીઆવક મહેસૂલ GSDP ની ટકાવારી તરીકે, 2020-21 માં 5.00 ટકાથી વધીને 2023-24 માં 6.51 ટકા થયો, અને ત્યારબાદ 2024-25 માં ઘટીને 5.98 ટકા થયો;
- GSDP ના ટકાવારી તરીકે કેન્દ્રીય કરવેરા અને જકાતમાં હિસ્સો 1.25 ટકા અને 1.68 ટકા વચ્ચે વ્યાપકપણે સ્થિર રહ્યો; અને
- પરિણામે, GSDP ની તુલનામાં ઉધાર સિવાય કુલ આવક 2020-21 માં 8.56 ટકાથી વધીને 2023-24 માં 9.24 ટકા થઈ, જે 2024-25 માં 8.22 ટકા સુધી મધ્યસ્થી થાય તે પહેલાં.

આલેખનું વાંચન સૂચવે છે કે રાજ્યએ તેની ટૂંકા ગાળાની તરલતા જરૂરિયાતોને મોટાભાગે સામાન્ય મર્યાદામાં, જે સાધનોપાય પેશગીઓ પર મર્યાદિત અને કામચલાઉ નિર્ભરતા અને સતત ઓવરડ્રાફ્ટના તણાવ વિના સંચાલિત કરી હતી. આ ભાત સૂચવે છે કે આવક અને ખર્ચ વચ્ચેના કોઈપણ ટૂંકા ગાળાના અંતરને સતત ઉધાર લેવાને બદલે નિયમિત રોકડ વ્યવસ્થાપન પદ્ધતિઓ દ્વારા ઉકેલવામાં આવ્યા હતા. એકંદરે, આ વલણ વ્યવસ્થિત પ્રવાહિતા વ્યવસ્થાપનને પ્રતિબિંબિત કરે છે, જ્યારે ટૂંકા ગાળાની નાણાકીય વ્યવસ્થાઓ કામચલાઉ રહે અને માળખાકીય રોકડ તાણમાં પરિણમે નહીં તેની ખાતરી કરવા માટે સતત દેખરેખના મહત્વ પર પણ ભાર મૂકે છે.

**આલેખ 1.30** પરથી સ્પષ્ટ થાય છે કે:

- કુલ ખર્ચ, 2020-21 માં GSDP ની ટકાવારી તરીકે 11.06 ટકાથી ઘટીને 2022-23 માં 9.83 ટકા થયો, અને ત્યારબાદ 2024-25 માં લગભગ 10.05 ટકા પર સ્થિર રહ્યો હતો;
- મહેસૂલી ખર્ચ 2020-21 માં 9.33 ટકાથી સતત ઘટીને 2024-25 માં 7.47 ટકા થયો હતો; અને
- મૂડી ખર્ચ 2021-22 માં 1.47 ટકાથી વધીને 2024-25 માં 2.45 ટકા થયો હતો, જે મૂડી નિર્માણ તરફના પરિવર્તનનો સંકેત આપે છે.

આલેખની સમીક્ષા દર્શાવે છે કે રાજ્યએ સતત પ્રવાહિતા તણાવનો અનુભવ કર્યો નથી, રોકડ વ્યવસ્થાપન આ સમયગાળા દરમિયાન સ્વીકાર્ય મર્યાદામાં રહ્યું છે. ટૂંકા ગાળાના રોકડ દબાણના કિસ્સાઓ, જો કોઈ હોય, તો તે કામચલાઉ અને તાત્કાલિક નિયમિત હોય તેવું લાગે છે, જેમાં ઓવરડ્રાફ્ટ પર લાંબા સમય સુધી નિર્ભરતા રહી નથી. એકંદરે, આ વલણ રોકડ પ્રવાહનું સમજદારીપૂર્વક સંચાલન અને આવક અને ખર્ચ વચ્ચે પૂરતું સંકલન સૂચવે છે.

### 1.5.1 જાહેર જવાબદારીનું વ્યવસ્થાપન

જાહેર જવાબદારીનું સંચાલન એ સરકારની જવાબદારીઓનું સંચાલન કરવા માટે એક વ્યૂહરચના સ્થાપિત કરવાની અને અમલમાં મુકવાની પ્રક્રિયા છે જેથી જરૂરી ભંડોળ એકત્ર કરી શકાય, તેના જોખમો અને ખર્ચના ઉદ્દેશ્યો પ્રાપ્ત કરી શકાય, અને સરકારે કાયદા અથવા અન્ય કોઈપણ વાર્ષિક

અંદાજપત્રીય જાહેરાતો દ્વારા નિર્ધારિત કરેલા કોઈપણ અન્ય સાર્વભૌમ ઋણના વ્યવસ્થાપનના લક્ષ્યોને પૂર્ણ કરી શકાય.

રાજ્યની બાકી જાહેર જવાબદારી[29] અને 2020-21 થી 2024-25 ના વર્ષો માટે GSDP માં તેની ટકાવારી **આલેખ 1.31** માં દર્શાવવામાં આવી છે.

**આલેખ 1.31: બાકી જાહેર જવાબદારીનું વલણ**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.
**સ્રોત** (GSDP **ના આંકડા**): અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગુજરાત સરકાર.

**આલેખ 1.31** દર્શાવે છે કે:

- રાજ્યની બાકી જાહેર જવાબદારીઓ 2020-21 માં ₹ 3,57,892 કરોડથી વધીને 2024-25 માં ₹ 4,59,460 કરોડ થઈ હતી;
- જોકે, GSDP સામો જવાબદારીઓનો ગુણોત્તર, 2020-21 માં 21.57 ટકાથી ઘટીને 2023-24 માં 16.67 ટકા થયો હતો, જે સંબંધિત ઋણની સ્થિતિમાં સુધારો દર્શાવે છે; અને
- 2024-25 માં, બાકી જવાબદારીઓમાં સતત વધારો થવા છતાં, ગુણોત્તર થોડો વધીને 16.99 ટકા થયો હતો.

### 1.5.1.1 જવાબદારીની રૂપરેખા: ઘટકો

રાજ્ય સરકારની કુલ જવાબદારીઓ સામાન્ય રીતે રાજ્યના આંતરિક ઋણ (બજાર લોન, ભારતીય રિઝર્વ બેંકતરફથી સાધનોપાય પેશગીઓ, રાષ્ટ્રીય નાની બચત ભંડોળને જારી કરાયેલી વિશેષ બાંયધરીઓ, નાણાકીય સંસ્થાઓ તરફથી લોન, વગેરે), કેન્દ્ર સરકાર તરફથી લોન અને પેશગીઓ અને જાહેર હિસાબની જવાબદારીઓ બનાવે છે. છેલ્લા પાંચ વર્ષ (2020-25) દરમિયાન રાજ્યના ઘટક-વાર જવાબદારી વલણો **કોષ્ટક 1.31** માં રજૂ કરવામાં આવ્યા છે.

[29] ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે વિશેષ વ્યવસ્થા હેઠળના ઉધારને રાજ્યનું દેવું ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના જી.એસ.ટી. ના વળતરમાં ખાધના બદલામાં મળેલી એક પછી એક લોનને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદન સામે કુલ જાહેર દેવાની ટકાવારીની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવી નથી અને 2024-25 દરમિયાન અનુક્રમે ₹ 6,497 કરોડ અને ₹ 10,229 કરોડની ચુકવણીને અહીં બાકીદારીઓમાં ગણવામાં લેવામાં આવેલ નથી.

**કોષ્ટક 1.31: ઘટક-વાર જવાબદારીના વલણો**

(₹ *કરોડમાં*)

| રાજકોષીય જવાબદારીઓના ઘટકો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| **બાકી જાહેર જવાબદારીઓ** | **3,57,892** | **3,80,798** | **4,12,372** | **4,20,180** | **4,59,460** |
| જાહેર ઋણ | 3,08,029 | 3,30,557 | 3,60,725 | 3,58,253 | 3,80,381 |
| *આંતરિક ઋણ* | *2,90,030* | *2,99,801* | *3,25,267* | *3,35,208* | *3,49,002* |
| *ભારત સરકાર પાસેથી લોન*[30] | *17,999* | *30,756* | *35,458* | *23,045* | *31,379* |
| જાહેર હિસાબની જવાબદારીઓ | 49,863 | 50,241 | 51,647 | 61,927 | 79,079 |
| *નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે.* | *10,446* | *10,180* | *9,994* | *10,020* | *10,121* |
| *વ્યાજ ધરાવતા અનામત ભંડોળ* | *1,073* | *1,528* | *2,674* | *3,488* | *3,136* |
| *વ્યાજ વગરના અનામત ભંડોળ* | *1,389* | *1,641* | *1,675* | *1,784* | *2,002* |
| *વ્યાજ ધરાવતી થાપણો* | *14,477* | *14,476* | *14,127* | *13,965* | *16,916* |
| *વ્યાજ વગરની થાપણો* | *22,478* | *22,416* | *23,177* | *32,670* | *46,904* |
| બાકી કુલ જવાબદારીનો વૃધ્ધિ દર(ટકા) | 13.45 | 6.40 | 8.29 | 1.89 | 9.35 |
| સકલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન (GSDP) | 16,16,106 | 19,20,927 | 22,03,419 | 24,25,804 | 26,72,025 |
| બાકી જાહેર જવાબદારી/GSDP (ટકા) | 21.57 | 18.66 | 17.70 | 16.67 | 16.99 |
| ઉધાર અને અન્ય જવાબદારીઓ | | | | | |
| *કુલ આવક* | 1,23,325 | 1,08,894 | 1,17,751 | 1,18,121 | 1,64,939 |
| *કુલ પરત ચુકવણી* | 80,888 | 85,984 | 86,171 | 93,586 | 1,25,659 |
| *ઉપલબ્ધ ચોખ્ખું ભંડોળ* | 42,437 | 22,910 | 31,580 | 24,535 | 39,280 |
| *પરત ચુકવણીઓ / આવક* (ટકા) | 65.59 | 78.96 | 73.18 | 79.23 | 76.19 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.31** નું વિશ્લેષણ દર્શાવે છે કે રાજ્યની બાકી જાહેર જવાબદારીઓ 2020-25 દરમિયાન સતત વધીને 2024-25 માં ₹ 4,59,460 કરોડ સુધી પહોંચી ગઈ, જે મુખ્યત્વે આંતરિક ઋણની વૃદ્ધિ અને જાહેર હિસાબની જવાબદારીઓમાં તીવ્ર વધારો, ખાસ કરીને વ્યાજ ન આપતી થાપણોને કારણે થઈ હતી. જ્યારે જાહેર ઋણ કુલ જવાબદારીઓમાં મુખ્ય ઘટક રહ્યું હતું, ત્યારે છેલ્લા બે

[30] ભારત સરકાર તરફથી મળેલી લોનમાં માલ અને સેવા વેરાના વળતરમાં ઘટાડાના બદલામાં મળેલી એક-પછી-એક લોનનો સમાવેશ થાય છે. (2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડ અને 2023-24 દરમિયાન ₹ 6,497 કરોડ અને 2024-25 દરમિયાન ₹ 10,229 કરોડની ચુકવણી). GSDP ને બાકી જાહેર જવાબદારીના ટકાવારીની ગણતરી માટે આને ધ્યાનમાં લેવામાં આવ્યા નથી

વર્ષમાં જાહેર હિસાબની જવાબદારીઓનો હિસ્સો નોંધપાત્ર રીતે વધ્યો છે, જે વિશ્વાસપાત્ર ભંડોળના ઉચ્ચ સંચયને પ્રતિબિંબિત કરે છે.

સંપૂર્ણ જવાબદારીઓમાં વધારો થયો હોવા છતાં, આ સમયગાળા દરમિયાન બાકી જાહેર જવાબદારીઓનો GSDP સામે ગુણોત્તર ઘટ્યો હતો, જે દર્શાવે છે કે આર્થિક વૃદ્ધિએ જવાબદારીઓના વિકાસને વ્યાપકપણે પાછળ છોડી દીધો હતો, જોકે 2024-25 માં નજીવો વધારો જોવા મળ્યો હતો. આ સમયગાળા દરમિયાન ઉધાર નોંધપાત્ર ચુકવણી સાથે હતા, ચુકવણીઓ સતત પ્રાપ્તિના મોટા ભાગને શોષી લેતી હતી, જેનાથી ઉપલબ્ધ ચોખ્ખા ભંડોળમાં ઘટાડો થયો હતો. એકંદરે, વલણો સુધારેલા ઋણના ટકાઉપણાના સૂચકાંકો સાથે રાજ્યની જવાબદારીના આધારનું ધીમે ધીમે વિસ્તરણ સૂચવે છે.

માર્ચ 2024 અને માર્ચ 2025 ના અંતમાં બાકી જાહેર જવાબદારીઓ અથવા રાજ્ય સરકારની નાણાકીય જવાબદારીઓનું ઘટક-વાર વિભાજન અનુક્રમે **આલેખ 1.32** અને **આલેખ 1.33** માં દર્શાવવામાં આવ્યું છે.

**આલેખ 1.32:**
**31-03-2024 ના રોજ બાકી જાહેર જવાબદારીઓના ઘટકો (₹ કરોડમાં)**




બાકી જવાબદારીઓ
₹ 4,20,180 કરોડ

**આલેખ 1.33:**
**31-03-2025 ના રોજ બાકી જાહેર જવાબદારીઓના ઘટકો (₹ કરોડમાં)**




બાકી જવાબદારીઓ
₹ 4,59,460 કરોડ

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

ઉપરોક્ત આલેખ દર્શાવે છે કે 2023-24 અને 2024-25 દરમિયાન રાજ્ય સરકારની કુલ બાકી જાહેર જવાબદારીઓમાં આંતરિક ઋણ અનુક્રમે 80 ટકા અને 76 ટકા હતું. આંતરિક ઋણ મુખ્યત્વે રાજ્ય વિકાસ લોન જારી કરીને બજારના ઉધારનો સમાવેશ કરતું હતું. 2024-25 દરમિયાન આંતરિક ઋણ પર વ્યાજ પેટે ₹ 25,108 કરોડ ચૂકવવામાં આવ્યા હતા.

નીચેનો **આલેખ 1.34** 2020-25 દરમિયાન રાજ્ય સરકારના આંતરિક ઋણ (આવક અને અને ચુકવણી) નું વલણ દર્શાવે છે.

**આલેખ 1.34: 2020-25 દરમિયાન લીધેલા આંતરિક ઋણની સામે પરત ચુકવણી**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.34** મુજબ, ઓડિટમાં ધ્યાન પર આવ્યું હતું કે:

- રાજ્યનું એકત્રિત આંતરિક ઋણ 2020-21 માં ₹ 47,508 કરોડથી ઘટીને 2024-25 માં ₹ 42,054 કરોડ થયું હતું;
- બીજી બાજુ, આ જ સમયગાળા દરમિયાન, આંતરિક ઋણની ચુકવણી ₹ 17,139 કરોડ થી વધીને ₹ 28,286 કરોડ થઈ હતી; અને
- પરિણામે, આંતરિક ઋણની ટકાવારી તરીકે ચુકવણી 2020-21 માં 36.08 ટકાથી વધીને 2024-25 માં 67.20 ટકા થઈ હતી.

આ આંકડા સંકુચિત થતી નાણાકીય સ્થિતિ દર્શાવે છે, જેમાં લીધેલા ઋણ અને તેની પરતફેર વચ્ચેનો અંતર ઘટતો જાય છે. આંતરિક ઋણ ઉઠાવવામાં ચઢાવ-ઉતાર જોવા મળ્યા છે—જે 2020-21માં ₹ 47,508 કરોડમાંથી ઘટીને 2024-25માં ₹ 42,054 કરોડ રહ્યા છે—જ્યારે પરતફેર સતત વધી રહી છે અને ₹ 28,260 કરોડના ઉચ્ચ સ્તરે પહોંચી છે. પરિણામે, પરતફેરનું પ્રમાણ 36.08 ટકા પરથી વધીને 67.20 ટકા થયું છે. તેમ છતાં, મૂળભૂત નાણાકીય પરિમાણો સ્વીકાર્ય મર્યાદાઓની અંદર છે.

### 1.5.1.2 ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ

ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ આદર્શ રીતે મૂડી નિર્માણ અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ માટે થવો જોઈએ. વર્તમાન વપરાશને પહોંચી વળવા અને બાકી લોન પર વ્યાજની ચુકવણી માટે ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ ટકાઉ નથી. **કોષ્ટક 1.32** અને **આલેખ 1.35** અનુક્રમે 2020-25 દરમિયાન ઉધાર લીધેલા ભંડોળના ઉપયોગ અને વલણો દર્શાવે છે.

**કોષ્ટક 1.32: ઉધાર લીધેલા ભંડોળનો ઉપયોગ**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | વર્ષ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| 1. | કુલ લીધેલું ઉધાર (જાહેર ઋણની આવક) | 58,857 | 46,968 | 52,333 | 40,392 | 51,253 |
| 2. | કુલ ઉધાર પર મુદ્દલની ચુકવણી | 17,922 | 24,436 | 22,159 | 26,136 | 29,126 |
| 3. | ચોખ્ખી લોન અને પેશગીઓ | 1,078 | 916 | 1,212 | 1,291 | 2,480 |
| 4. | મૂડી ખર્ચ માટે ઉપલબ્ધ ચોખ્ખું લીધેલું ઉધાર | 16,813 | 21,616 | 28,962 | 12,965 | 19,647 |
| 5. | મહેસૂલી ખર્ચ કરવા માટે ઉપલબ્ધ કુલ ઉધારનો ભાગ (5= 1-2-3-4) | 23,044 | 0 | 0 | 0 | 0 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.32** દર્શાવે છે કે, ચુકવણી અને ચોખ્ખી લોન અને પેશગીઓ પૂર્ણ કર્યા પછી, ઉધારનો નોંધપાત્ર હિસ્સો સમગ્ર સમયગાળા દરમિયાન મૂડી ખર્ચ માટે ઉપયોગમાં લેવાયો હતો, જેમાં મૂડી ખર્ચ માટે ઉપલબ્ધ ચોખ્ખી રકમ ઉધારના સ્તર અને ચુકવણીની જવાબદારીઓ અનુસાર વર્ષ પ્રમાણે બદલાતી રહે છે. મહત્વપૂર્ણ વાત એ છે કે, 2021-22 થી 2024-25 દરમિયાન ઉધારનો કોઈ ભાગ મહેસૂલ ખર્ચને પૂર્ણ કરવા માટે ઉપયોગમાં લેવાયો ન હતો, જે દેવા દ્વારા મૂડી નિર્માણના ધિરાણના સિદ્ધાંતનું પાલન સૂચવે છે.

**આલેખ 1.35: ઉધાર લીધેલા ભંડોળના ઉપયોગના વલણો**




સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**આલેખ 1.35** પરથી જોઈ શકાય છે કે:

- ચુકવણીનો હિસ્સો 2020-21 માં 30 ટકાથી વધીને 2024-25 માં 57 ટકા થયો હતો, જે ઋણની સેવા માટે વધુ ફાળવણી દર્શાવે છે;

- જાહેર ઋણમાંથી મળતો ચોખ્ખો મૂડી ખર્ચ, આ સમયગાળા દરમિયાન 29 ટકાથી વધીને 38 ટકા થયો હતો, જે મૂડી ખર્ચ પર જાહેર ઋણના ઉધારનો ઉપયોગ કરવા પર પ્રમાણમાં વધુ ભાર મૂકે છે;
- મહેસૂલી ખર્ચ, જે કોવિડ સમયગાળા દરમિયાન 2020-21 માં 39 ટકા હતો, તે 2021-22 થી શૂન્ય રહ્યો; અને
- 2020-21 થી 2024-25 દરમિયાન ચોખ્ખી લોન અને પેશગીઓ નજીવી રહી.

કુલ મળીને, આ રૂઝાન ઉધાર લીધેલા નાણાંનો વ્યાપક રીતે સુવિચારિત ઉપયોગ દર્શાવે છે, સાથે જ મૂડી ખર્ચ માટે ઉપલબ્ધ સંસાધનોના સ્તરમાં વર્ષ પ્રમાણે થતા ફેરફારો પણ સૂચવે છે.

### 1.5.1.3 ઋણની રૂપરેખા: પક્વતા અને પરત ચુકવણી

ઋણની પરિપક્વતા અને ચુકવણીની રૂપરેખાઋણની ચુકવણી અથવા ઋણની સેવા માટે સરકારની પ્રતિબદ્ધતા દર્શાવે છે.

### A. જાહેર ઋણ

જાહેર ઋણમાં આંતરિક ઋણ અને ભારત સરકાર તરફથી મળેલા લોન અને પેશગીઓનો સમાવેશ થાય છે. વર્ષ 2024-25 માટે ₹ 3,80,380.72 કરોડના બાકી જાહેર ઋણની પરિપક્વતાની રૂપરેખા, **આલેખ 1.36** માં બતાવ્યા પ્રમાણે છે.

**આલેખ 1.36: જાહેર ઋણની પરિપક્વતાની રૂપરેખા**

**(₹ કરોડમાં)**




સ્રોત: વર્ષ 2024-25 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

31 માર્ચ 2025 ના રોજ બાકી રહેલા જાહેર ઋણની પરિપક્વતાનીરૂપરેખા દર્શાવે છે કે:

- કુલ જાહેર ઋણના 56.90 ટકા (₹ 2,16,439 કરોડ) આગામી 5 વર્ષમાં ચૂકવવાપાત્ર થશે; અને
- કુલ જાહેર ઋણના 92.89 ટકા (₹ 3,80,380.72 કરોડ) આગામી 10 વર્ષમાં ચૂકવવાપાત્ર થશે.

રાજ્યની બાકી જાહેર દેવાની પરિપક્વતા રૂપરેખા (₹ 3,80,380.72 કરોડ) પ્રમાણમાં આગળના વર્ષોમાં વધુ ભાર ધરાવતી પરતફેર સમયસૂચિ દર્શાવે છે, જે મધ્યમ ગાળામાં નાણાકીય દબાણ

પર નજર રાખવાની આવશ્યકતા સૂચવે છે. કુલ દેવાની જવાબદારીમાં થી 57 ટકા (₹ 2,16,439 કરોડ) માત્ર પાંચ વર્ષમાં પરિપક્વ થવાની છે, જેમાંથી સર્વોચ્ચ હિસ્સો (₹ 97,033 કરોડ) 4-5 વર્ષના ગાળામાં આવનાર છે.

## B. બજાર લોનની પરત ચુકવણી

બજારની લોનનો ઉલ્લેખ ખુલ્લા બજારમાં લેવામાં આવતી અને 12 મહિનાથી વધુ મુદત ધરાવતી લોન તરીકે છે.

**આલેખ 1.37** આગામી વર્ષોમાં બજાર લોનની ચુકવણીનું સમયપત્રક દર્શાવે છે.

**આલેખ 1.37: બજાર લોનની પરત ચુકવણીનું સમયપત્રક**




સ્રોત: નાણાકીય હિસાબો અનેગુજરાત સરકારના નાણા વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી.

**આલેખ 1.37** દર્શાવે છે કે:

- ₹ 1,84,985 કરોડની મૂળ રકમ અને તેના પર ₹ 14,049 કરોડનું વ્યાજ, આગામી 5 વર્ષમાં ચૂકવવાપાત્ર થશે; અને
- ₹ 3,08,285 કરોડની બજાર લોનની મૂળ રકમ અને તેના પર ₹ 22,964 કરોડનું વ્યાજ, આગામી 10 વર્ષમાં ચૂકવવાપાત્ર થશે.

માર્કેટ લોન માટેની પરતફેર સમયસૂચિ મધ્યમ ગાળામાં શિખર પર પહોંચતા પાછળના વર્ષોમાં વધુ નાણાકીય ભાર દર્શાવે છે. કુલ જવાબદારીમાંથી નોંધપાત્ર રકમ ₹ 1,98,834 કરોડ આગામી પાંચ વર્ષમાં પરતફેર માટે બાકી છે. ખાસ કરીને 4-5 વર્ષના ગાળામાં નાણાકીય દબાણ વધુ તીવ્ર બનવાનું દર્શાય છે.

આથી, રાજ્યને વર્ષ 2 થી 5 દરમિયાન એક મહત્વપૂર્ણ "પરતફેર ઉછાળો (Repayment Hump)"નો સામનો કરવો પડશે. પરિપક્વ થતી માર્કેટ લોનની ઊંચી રકમ સાથે નોંધપાત્ર વ્યાજ બાધ્યતાઓને ધ્યાનમાં લેતા, વિકાસ દરમાં ઘટાડો થાય તેવી પરિસ્થિતિમાં સંભવિત પ્રવાહિતાની અછત (Liquidity Crunch) માટે રાજ્યએ પૂર્વ તૈયારીઓ રાખવાની આવશ્યકતાનું સંકેત આપે છે.

### 1.5.1.4 રાજકોષીય ખાધની નાણાકીય પધ્ધતિ

**કોષ્ટક 1.33**, 2020-25 દરમિયાન રાજકોષીય ખાધની નાણાકીય ભાત દર્શાવે છે.

**કોષ્ટક 1.33: રાજકોષીય ખાધ અને તેની નાણાકીય ભાતના ઘટકો**

**(₹ કરોડમાં)**

| વિગતો | | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| રાજકોષીય ખાધ (-)/પુરાંત (+) | | (-)40,438 | (-)22,692 | (-)16,846 | (-)23,493 | (-)48,965 |
| FD/GSDP (ટકા) | | (-)2.50 | (-)1.18 | (-)0.76 | (-)0.97 | (-)1.83 |
| **રાજકોષીય ખાધ/પુરાંતનું બંધારણ** | | | | | | |
| 1 | મહેસૂલી ખાધ (-) /પુરાત (+) | (-)22,548 | 6,409 | 19,865 | 33,477 | 18,943 |
| 2 | ચોખ્ખો મૂડી ખર્ચ | (-)16,813 | (-)28,185 | (-)35,499 | 55,679 | (-)65,428 |
| 3 | ચોખ્ખી લોન અને પેશગીઓ | (-)1,077 | (-)916 | (-)1,212 | (-)1,291 | (-)2,480 |
| **રાજકોષીય ખાધની ધિરાણની ભાત *** | | | | | | |
| 1 | બજારમાંથી ઉધાર | 33,280 | 13,554 | 28,300 | 11,948 | 16,280 |
| 2 | રાષ્ટ્રીય નાના બચત ભંડોળ ને જારી કરેલી વિશેષ બાંયધરીઓ | (-)3,630 | (-)3,629 | (-)3,629 | (-)3,629 | (-)3,629 |
| 3 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 718 | (-)150 | 801 | 1,623 | 1,144 |
| 4 | ભારત સરકાર પાસેથી લોન | 10,566 | 12,757 | 4,702 | 4,314 | 8,333 |
| 5 | નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે | (-)155 | (-)266 | (-)186 | 26 | 101 |
| 6 | થાપણો અને પેશગીઓ | 2,356 | (-)63 | 413 | 9,330 | 17,186 |
| 7 | ઉચ્ચક અને પરચુરણ | (-)1,161 | 2,462 | (-)2,677 | (-)1,775 | (-)408 |
| 8 | ભરણાં | 130 | 94 | 15 | 352 | 661 |
| 9 | અનામત ભડોળ | (-)8,849 | 2,761 | 3,983 | 3,724 | 2,858 |
| 10 | આકસ્મિક નિધિ | 0 | 0 | (-)20 | 20 | 0 |
| **કુલ** | | **33,255** | **27,520** | **31,702** | **25,933** | **42,526** |
| રોકડ સિલકમાં વધારો (+)/ઘટાડો(-) | | (+)7,183 | (-)4,828 | (-)14,856 | (-)2,440 | (-)6,439 |

*તમામ આંકડા વર્ષ દરમિયાન ચુકવણીઓની જાવક બાદના છે.
નકારવાચક (-) આંકડા દર્શાવે છે કે સંબંધિત ઘટક હેઠળ પ્રાપ્તિ કરતાં જાવક વધુ હતી.

સોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.33** મુજબ રાજ્યએ 2020-25 દરમિયાન રાજકોષીય ખાધ નોંધાવી હતી. આ ખાધ 2022-23 સુધી ધીમે ધીમે ઘટતી ગઈ હતી, પરંતુ 2024-25માં ફરી વધીને ₹ 48,965 કરોડ સુધી પહોંચી હતી.

GSDPના ટકાવાર પ્રમાણમાં રાજકોષીય ખાધ મધ્યમ સ્તરે રહી હોવા છતાં, તેની રચનામાં સમયાંતરે ફેરફાર થયો હતો, 2021-22થી મહેસૂલી ખાધ (Revenue Deficit) મહેસૂલી પુરાત (Revenue Surplus) માં પરિવર્તિત થઈ હતી, જેનો અંશતઃ પ્રભાવ વધેલા મૂડી ખર્ચ તેમજ નેટ ઋણ અને એડવાન્સિસથી સમતોલ થયો હતો. રાજકોષીય ખાધની વ્યવસ્થા મુખ્યત્વે બજારમાંથી

ઉધાર તેમજ ભારત સરકાર પાસેથી લેવાયેલા ઋણ, થાપણો અને પેશગીઓ, અને અનામત ભડોળ માં થયેલા હલનચલન દ્વારા પૂરક આધાર મળ્યો હતો.

**આલેખ 1.38** જળ પ્રવાહ આલેખ થી રાજકોષીય ખાધનું ધિરાણ વર્ષ 2024-25 માટે દર્શાવે છે.

**આલેખ 1.38: જળ પ્રવાહ આલેખ દ્વારા રજૂ થતું રાજકોષીય ખાધનું ધિરાણ**

*(₹ કરોડમાં)*




સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

બજારમાંથી ઉધાર, ભારત સરકાર તરફથી લોન, થાપણો અને પેશગીઓ અને ઉચ્ચક અને પ્રકીર્ણમાં ગયા વર્ષની સરખામણીમાં ચોખ્ખા વધારાને કારણે વર્ષ દરમિયાન રાજકોષીય ખાધમાં વધારો થયો છે.

આથી, રાજ્યના જાહેર નાણાં વ્યવસ્થાપનમાં વિશ્વસ્તીય બાકીદારીઓ પર વધતી નિર્ભરતા જોવા મળે છે.

## 1.5.2 ઓડિટ બાદના ખાધના સૂચકાંકો

રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનીયમ મુજબ, રાજ્ય સરકારે ખાધ, ઋણની ટોચમર્યાદા અને બાંયધરી વગેરે જેવા રાજકોષીય સૂચકાંકો માટે નિર્ધારિત લક્ષ્યોનું પાલન સુનિશ્ચિત કરવું આવશ્યક છે. રાજ્ય માટે નક્કી કરાયેલ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધ વિવિધ પરિસ્થિતિઓને કારણે પ્રભાવિત થાય છે, જેમ કે મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે ખોટું વર્ગીકરણ. આ ઉપરાંત, જવાબદારીઓને મુલતવી રાખવી, સેસ/રોયલ્ટી એકત્રિત નિધિમાં જમા ન કરાવવી, અને ડૂબત અને મુક્તિ ભંડોળ પણ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધને અસર કરે છે. વાસ્તવિક મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધ ગણવા માટે, મહેસૂલી ખર્ચ/મૂડી ખર્ચ અને/અથવા ખોટા વર્ગીકરણ જેવી કોઈપણ ખોટા વર્ગીકરણની અસરનો સમાવેશ કરવાની જરૂર છે અને આવી અનિયમિતતાઓની અસરને ઉલટાવી દેવાની જરૂર છે. ઓડિટમાં તપાસ કર્યા પછી મહેસૂલીપુરાંત અને રાજકોષીય ખાધનું વિશ્લેષણ **કોષ્ટક 1.34** માં આપવામાં આવ્યું છે.

**કોષ્ટક 1.34: ઓડિટ દ્વારા તપાસ બાદ મહેસૂલી પુરાંત અને રાજકોષીય ખાધ**

| વિગતો | મહેસૂલી પુરાંત પર અસર [ઓછી દર્શાવાઇ (-)/ વધુ દર્શાવાઇ (+)] (₹ કરોડમાં) | રાજકોષીય ખાધ પર અસર (ઓછી દર્શાવાઇ) (₹ કરોડમાં) | ફકરાનો સંદર્ભ |
|---|---|---|---|
| એકત્રિત ડૂબત નિધિમાં રાજ્ય સરકારના ફાળામાં ઘટ | (+) 4,396.48 | 4,396.48 | 1.4.2.1 |
| મોટર સ્પીરીટ સેસ | (+) 4,169.29 | 4,169.29 | 3.2.4 |
| ગ્રામ વિકાસ સેસ | (+) 66.50 | 66.50 | 3.2.4 |
| લેબર સેસ તબદીલ ન થવી | (+) 3,518.97 | 3,518.97 | 3.2.3 |
| મોટર વાહનનો દંડ પીએલએ માં તબદીલ ન થવો | (+) 87.91 | 87.91 | 3.2.5 |
| રાષ્ટ્રીય પેન્શન યોજનીમાં (NPS) માં સરકારનો ફાળો. | (+) 72.46 | 72.46 | 3.2.2 |
| મૂડી ખર્ચનું મહેસૂલી ખર્ચ તરીકે અયોગ્ય વર્ગીકરણ | (-) 454.13 | - | 2.5.6 |
| વ્યાજની જવાબદારીઓ પૂર્ણ ન થવી | (+) 70.76 | 70.76 | 3.2.1 |
| પડતર રિફન્ડના કેસો | (+) 0.73 | 0.73 | 3.2.6 |
| **કુલ** | **(+)11,928.97** | **12,383.10** | |

સ્રોત: 2024-25 માટેના નાણાકીય હિસાબો અને ઓડિટ વિશ્લેષણ

ઉપરોક્ત કોષ્ટક પરથી જોઈ શકાય છે તેમ, જો ઓછું યોગદાન, જવાબદારીઓનો નિકાલ ન કરવો અને ખોટા વર્ગીકરણની બાબતોને ધ્યાને લેવામાં આવે તો:

- વર્ષ દરમિયાન મહેસૂલી પુરાંતમાં ₹ 11,928.97 કરોડ વધારે દર્શાવાયા છે. આમ, ફકરા 1.5.3 માં ઉલ્લેખ કરેલી ₹ 18,942.94 કરોડની મહેસૂલી પુરાંત સામે, રાજ્યની વાસ્તવિક મહેસૂલી પુરાંત[31] ₹ 7,013.97 કરોડ રહેશે;
- 2024-25 માં રાજકોષીય ખાધ ₹ 12,383.10 કરોડ જેટલી ઓછી દર્શાવવામાં આવી હતી. એ જ ફકરામાં ઉલ્લેખિત ₹ 48,964.89 કરોડની રાજકોષીય ખાધ સામે, 2024-25 દરમિયાન વાસ્તવિક રાજકોષીય ખાધ[32] ₹ 61,347.99 કરોડ જેટલી રહેશે.

**કોષ્ટક 1.34** દર્શાવે છે કે, ઓડિટ તપાસના આધારે, મહેસૂલી પુરાંત ₹ 11,928.97 કરોડ જેટલી વધારે દર્શાવવામાં આવી હતી અને રાજકોષીય ખાધ ₹ 12,383.10 કરોડ જેટલી ઓછી દર્શાવવામાં આવી હતી, જે મુખ્યત્વે વૈધાનિક ઉપકર અને લેવી તબદીલ ન થવા, એકત્રિત ડૂબત ભંડોળ અને રાષ્ટ્રીય પેન્શન માં ફાળામાં ઘટાડો અને ચોક્કસ વ્યાજની જવાબદારીઓ પરિપૂર્ણ ન થવાના કારણે હતો. આ આંશિક રીતે મૂડી ખર્ચના મહેસૂલી ખર્ચ તરીકે ખોટા વર્ગીકરણ દ્વારા સરભર કરવામાં આવ્યા હતા. એકંદરે, ગોઠવણો દર્શાવે છે કે ચોક્કસ હિસાબી અને પાલન-સંબંધિત મુદ્દાઓનો અહેવાલ કરાયેલા રાજકોષીય સૂચકાંકો પર નોંધપાત્ર પ્રભાવ હતો, જે સમયસર તબદીલી, ખર્ચનું

[31] ₹ 18,942.94 કરોડ વત્તા (-) ₹ 11,928.97 કરોડ

[32] ₹ 48,964.89 કરોડ વત્તા ₹ 12,383.10 કરોડ

યોગ્ય વર્ગીકરણ અને ચોક્કસ રાજકોષીય સ્થિતિ રજૂ કરવા માટે જવાબદારીઓની સંપૂર્ણ માન્યતાના મહત્વ પર ભાર મૂકે છે.

### 1.5.2.1 ઓડિટ બાદ જાહેર ઋણ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 ની કલમ 2 (i), "કુલ બાકી દેવા/જવાબદારીઓ" ને વ્યાખ્યાયિત કરે છે જેમાં ફક્ત રાજ્યના સંકલિત ભંડોળ અને જાહેર હિસાબ પરની જવાબદારીઓનો સમાવેશ થાય છે. જો કે, જાહેર ક્ષેત્રના ઉપક્રમો અને ખાસ હેતુ સાધનો દ્વારા ઉધાર જ્યાં મુદ્દલ/અથવા વ્યાજ રાજ્યના અંદાજપત્રમાંથી ચૂકવવાનું હોય છે તે પણ રાજ્યના એકત્રિત નિધિ અને રાજ્યના જાહેર હિસાબ હેઠળની જવાબદારીઓ છે.

એવું ધ્યાન પર આવ્યું હતું કે ગુજરાત રાજ્ય મૂડીરોકાણ લિમિટેડ (GSIL) એ રાજ્ય સરકારના નિર્દેશો (જુલાઈ 2018) અનુસાર ગુજરાત રાજ્ય પેટ્રોલિયમ નિગમ લિમિટેડ (GSPC) ના ₹ 6,000 કરોડના નોંધાયેલા અપરિવર્તનીય ડિબેન્ચરો (NCDs) ને હસ્તગત કરી લીધા છે. વધુમાં, રાજ્ય સરકારે આ અપરિવર્તનીય ડિબેન્ચરો પર વ્યાજ અને મુદ્દલ ચુકવણી માટે GSIL ને ટેકો આપવાનો નિર્ણય લીધો છે. તે મુજબ, 2019-20 થી 2024-25 ના સમયગાળા દરમિયાન, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ દ્વારા આ અપરિવર્તનીય ડિબેન્ચરો પર વ્યાજ ચુકવણી માટે ₹ 2,548.75 કરોડનો ખર્ચ નોધવામાં આવ્યો હતો, જેમાં વર્ષ 2024-25 દરમિયાન ચૂકવવામાં આવેલા ₹ 296.82 કરોડનો સમાવેશ થાય છે. આ અપરિવર્તનીય ડિબેન્ચરો પર વાર્ષિક વ્યાજની ચુકવણીથી રાજ્યના પ્રતિબદ્ધ મહેસૂલી ખર્ચમાં વધારો થયો છે.

### 1.5.3 રાજકોષીય સિલક: ખાધ અને કુલ ઋણના લક્ષ્યાંકોની સિધ્ધિ

ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 મુજબ, રાજ્ય સરકારે 2007-08 સુધીમાં મહેસૂલી ખાધ નાબૂદ કરવી અને ત્યારબાદ મહેસૂલી પુરાંત જાળવી રાખવાની હતી; અને 2008-09 સુધીમાં રાજકોષીય ખાધને અંદાજિત GSDP ના ત્રણ ટકા સુધી ઘટાડવી અને ત્યારબાદ તે જ સ્તર જાળવી રાખવું જરૂરી હતું. 2020-21 ના નાણાકીય વર્ષ માટે જાન્યુઆરી 2021 માં GSDP માં રાજકોષીય ખાધનો લક્ષ્યાંક વધારીને પાંચ ટકા કરવામાં આવ્યો હતો. ત્યારબાદના વર્ષોમાં, રાજકોષીય ખાધ માટે GSDP ની લક્ષ્યાંક મર્યાદા ત્રણ ટકા રહી. કાયદામાં વધુમાં એવી કલ્પના કરવામાં આવી હતી કે રાજ્ય સરકાર 2011-12 સુધીમાં જાહેર ઋણના GSDP ના ગુણોત્તરને 27.10 ટકા સુધી મર્યાદિત કરશે અને ત્યારબાદ તેને જાળવી રાખશે. વધુમાં, રાજ્ય સરકાર પાસેથી 2007-08 સુધીમાં બાકી બાંયધરીઓને ₹ 20,000 કરોડ સુધી મર્યાદિત રાખવાની અપેક્ષા રાખતી હતી.

છેલ્લા પાંચ વર્ષ (2020-25) દરમિયાન ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં નિર્ધારિત મુખ્ય રાજકોષીય પરિમાણોનું વલણ વિશ્લેષણ **કોષ્ટક 1.35** માં આપવામાં આવ્યું છે. છેલ્લા 10 વર્ષના રાજકોષીય પરિમાણોની વિગતો ***પરિશિષ્ટ 1.4*** માં દર્શાવેલ છે.

**કોષ્ટક 1.35: ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમની જોગવાઇઓનું અનુપાલન**

| રાજકોષીય પરિબળો | | સિધ્ધિ | | | | |
|---|---|---|---|---|---|---|
| | | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
| મહેસૂલી ખાધ (-) / પુરાંત (+) (₹ કરોડમાં) | T[33] | મહેસૂલી પુરાંત | | | | |
| | A[34] | (-)22,548 | 6,409 | 19,865 | 33,477 | 18,943 |
| રાજકોષીય ખાધ (-) / પુરાંત (+) (GSDPની ટકાવારી તરીકે) | T | (-)5.00 | (-)3.00 | (-)3.00 | (-)3.00 | (-)3.00 |
| | A | (-)2.50 | (-)1.18 | (-)0.76 | (-)0.97 | (-)1.83 |
| કુલ જાહેર ઋણ અને GSDP નો ગુણોત્તર (ટકા) | T | 27.10 | | | | |
| | A[35] | 18.49 | 16.05 | 15.36 | 14.12 | 14.03 |
| મહેસૂલી આવકની ટકાવારી તરીકે જાહેર ઋણ પર વ્યાજની ચુકવણી | T | 13.39 | 14.13 | 13.63 | 12.52 | 11.80 |
| | A | 17.18 | 13.87 | 11.76 | 11.21 | 11.75 |
| બાકી બાંયધરીઓ (₹ કરોડમાં) | T | ₹ 20,000 કરોડથી નીચે | | | | |
| | A | 3,656 | 3,089 | 1,473 | 1,463 | 1,421 |

સ્રોત: અંદાજપત્રીય પ્રકાશન અનેસંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.35** દર્શાવે છે કે રાજ્ય 2020-25 દરમિયાન ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ હેઠળ નિર્ધારિત રાજકોષીય મર્યાદામાં રહ્યું. GSDP ની ટકાવારી તરીકે રાજકોષીય ખાધ બધા વર્ષોમાં નિર્ધારિત ટોચમર્યાદાથી ઘણી નીચે રહી હતી, જ્યારે GSDP માં જાહેર ઋણનો ગુણોત્તર ઘટવાનું વલણ દર્શાવે છે અને નિર્ધારિત મર્યાદા કરતાં નોંધપાત્ર રીતે ઓછો રહ્યો હતો.

2020-21 માં મહેસૂલી ખાધ નોંધાવ્યા બાદ, રાજ્યએ પછીના વર્ષોમાં મહેસૂલીપુરાંત પ્રાપ્ત કરી હતી, જોકે તેનું પ્રમાણ બદલાતું રહ્યું હતું. તાજેતરના વર્ષોમાં મહેસૂલીઆવકની ટકાવારી તરીકે વ્યાજની ચૂકવણી સામાન્ય રીતે નિર્ધારિત ધોરણો સાથે સુસંગત હતી, અને બાકી બાંયધરીઓ વૈધાનિક સારી રીતે ટોચમર્યાદાની અંદર રહી હતી.

પંદરમા નાણા પંચ દ્વારા નિર્ધારિત લક્ષ્યો અને 2024-25 દરમિયાન GSDP ના સંદર્ભમાં મુખ્ય રાજકોષીય સમૂહની સિદ્ધિઓની સરખામણીમાં રાજ્યના અંદાજપત્રમાં અંદાજિત લક્ષ્યો **કોષ્ટક 1.36** અને **આલેખ 1.39** માં આપવામાં આવ્યા છે.

33 લક્ષ્યાંક

34 સિધ્ધિ

35 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, ખાસ હેતુ હેઠળના ઉધારને નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે રાજ્યનું દેવું ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના માલ અને સેવા વેરાનીવળતરમાં ખાધના બદલામાં પ્રાપ્ત થયેલી એક પછી એક લોન અને 2023-24 અને 2024-25 દરમિયાન ₹ 6,497 કરોડ અને ₹ 10,229 કરોડની ચુકવણીને GSDP પર કુલ જાહેર ઋણની ટકાવારીની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવી નથી.

### કોષ્ટક 1.36: વર્ષ 2024-25 માટે મુખ્ય રાજકોષીય પરિમાણોની બાબતમાં લક્ષ્યાંકોની સામે સિધ્ધીઓ

(₹ *કરોડમાં*)

| રાજકોષીય ચલાંકો | 15મા નાણા પંચે નક્કી કરેલા લક્ષ્યાંકો | અંદાજપત્ર માં લક્ષ્યાંકો | ખરેખર મૂલ્યો | ખરેખર મૂલ્યોની ટકાવારીમાં ફેરફાર | |
|---|---|---|---|---|---|
| | | | | 15મા નાણા પંચના લક્ષ્યાંકો | અંદાજપત્રમાં લક્ષ્યાંકો |
| મહેસૂલી પુરાંત (+) /GSDP (ટકા) | 2.00 | 0.35 | 0.71 | (-)1.29 | 0.36 |
| રાજકોષીય ખાધ (-)/GSDP(ટકા) | (-) 3.00 | (-) 1.86 | (-) 1.83 | 1.17 | 0.03 |
| કુલ બાકી જવાબદારી/GSDP(ટકા) | 30.30 | NA | 16.99[36] | (-)13.31 | NA |

સ્રોત: 15મા નાણા પંચની ભલામણો, અંદાજપત્રીય પ્રકાશન અને નાણાકીય હિસાબો.

NA: ઉપલબ્ધ નથી.

### આલેખ 1.39: રાજકોષીય પરિમાણોમાં GSDP સંબંધિત પુરાંત/ખાધ




સ્રોત: 15મા નાણા પંચની ભલામણો, અંદાજપત્રીય પ્રકાશન અને નાણાકીય હિસાબો.

ઉપર જોઈ શકાય છે તેમ, GSDP ની ટકાવારી તરીકે લક્ષ્યાંકિત મહેસૂલી પુરાંત સિવાય, 15મા નાણા પંચદ્વારા નિર્ધારિત બધા રાજકોષીય લક્ષ્યો 2024-25 દરમિયાન પ્રાપ્ત થયા હતા. ઉપરાંત, અંદાજપત્રીય અંદાજમાં અનુમાનિત બધા લક્ષ્યો 2024-25 દરમિયાન રાજ્ય દ્વારા પ્રાપ્ત થયા હતા.

કુલ મળીને, આ રૂઝાનો GFR અધિનિયમના પરિમાણો સાથે વ્યાપક અનુસરણ દર્શાવે છે, જોકે વર્ષવાર થતા ફેરફારોને ધ્યાનમાં રાખીને સતત દેખરેખ રાખવાની જરૂરિયાત સૂચિત થાય છે જેથી અનુસરણ યથાવત્ રહી શકે.

પાંચ વર્ષના સમયગાળા (2020-25) દરમિયાન ઓડિટ પછી પુરાંત/ખાધના વલણો **આલેખ 1.40** માં દર્શાવવામાં આવ્યા છે.

[36] ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, ખાસ હેતુ હેઠળના ઉધારને નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે રાજ્યનું દેવું ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના માલ અને સેવા વેરાની ખાધનાવળતર તરીકે પ્રાપ્ત થયેલી એક પછી એક લોન અને 2023-24 અને 2024-25 દરમિયાન ₹ 6,497 કરોડ અને ₹ 10,229 કરોડની ચુકવણીને GSDP પર કુલ જાહેર દેવાની ટકાવારીની ગણતરી માટે ધ્યાનમાં લેવામાં આવી નથી.

**આલેખ 1.40: ઓડિટ પછી પુરાંત/ખાધના વલણોનું વિશ્લેષણ**




સ્રોત: ઓડિટમાં વિશ્લેષણ.

**આલેખ 1.40** માં પોસ્ટ ઓડિટ આંકડાઓની સમીક્ષા દર્શાવે છે કે આ સમયગાળા દરમિયાન GSDP ના ટકાવારી તરીકે રાજકોષીય ખાધ નિર્ધારિત ટોચમર્યાદાથી નીચે રહી હતી, અને ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ ના સમયગાળા દરમિયાન ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમમાં કલ્પના કરાયેલ મહેસૂલ પુરાંતનો લક્ષ્યાંક પ્રાપ્ત થયો ન હતો. GSDP ના ટકાવારી તરીકે રાજકોષીય ખાધ અને મહેસૂલ પુરાંતની હિલચાલ એકબીજા સાથે સંરેખિત છે જે મૂડી ખર્ચ માટે રાજકોષીય જગ્યા દર્શાવે છે.

## 1.5.4 ઋણના ટકાઉપણાનું વિશ્લેષણ

જો ઉધાર લેનાર, આ કિસ્સામાં રાજ્ય, હાલમાં અને ભવિષ્યમાં, એટલે કે ઋણ-GSDP નોગુણોત્તર અનિયંત્રિત પ્રમાણમાં ન વધે તો ઋણ ટકાઉ માનવામાં આવે છે. ઋણના ટકાઉપણાના સૂચકાંકો તે મુજબ સમયસર વ્યાજ ચુકવણી દ્વારા દેવાની ચુકવણી કરવાની અને વર્તમાન અને નિયમિત આવકના સ્ત્રોતોમાંથી ઋણની ચુકવણીની ક્ષમતાની તપાસ કરીને ઉધાર લેનારની ક્રેડિટ યોગ્યતા અને પ્રવાહિતાની સ્થિતિનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરે છે. **કોષ્ટક** 1.37 માં 2020-21 થી 2024-25 ના સમયગાળા માટે રાજ્ય સરકારના દેવાનું ટકાઉપણું, GSDP નું ટકાઉપણું, બાકી ઋણનો વિકાસ દર, વ્યાજની ચુકવણી, મહેસૂલી આવકનો ગુણોત્તર અને રાજ્યને ઉપલબ્ધ ચોખ્ખા ઋણનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.

### કોષ્ટક 1.37: ઋણના ટકાઉપણાના સૂચકાંકોના વલણો

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | ઋણના ટકાઉપણાના દર્શકો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| 1 | સકલ જવાબદારીઓ અથવા સકલ ઋણ[37] | 3,48,670 | 3,58,536 | 3,90,110 | 4,04,415 | 4,53,924 |
| 2 | સકલ ઋણની વૃધ્ધિનો દર (ટકા) | 10.53 | 2.83 | 8.81 | 3.67 | 12.24 |
| 3 | GSDP (નોમીનલ કિમતો) | 16,16,106 | 19,20,927 | 22,03,419 | 24,25,804 | 26,72,025 |
| 4 | અંકિત GSDP વૃધ્ધિ (ટકા) | (-)0.06 | 18.86 | 14.71 | 10.09 | 10.15 |
| 5 | સકલ ઋણ /GSDP (ટકા) | 21.57 | 18.66 | 17.70 | 16.67 | 16.99 |
| 6 | સકલ ઋણની સામે પરત ચુકવણી[38] (ટકા) | 85.22 | 102.09 | 94.71 | 102.24 | 93.18 |
| 7 | સકલ ઉધારની ટકાવારી તરીકે ચોખ્ખુ ઉપલબ્ધ ઉધાર | 14.78 | (-)2.09 | 5.29 | (-)2.24 | 6.82 |
| 8 | સકલ ઋણ પર વ્યાજની ચુકવણી | 24,203 | 25,188 | 25,354 | 27,176 | 28,025 |
| 9 | સકલ ઋણ પર વ્યાજનો અસરકારક દર[39] (ટકા) | 7.83 | 7.65 | 7.30 | 7.53 | 7.46 |
| 10 | મહેસૂલી આવક સામે વ્યાજની ચુકવણી (ટકા) | 18.89 | 15.10 | 12.71 | 12.20 | 12.82 |
| 11 | મહેસૂલી ખાધ (-) /પુરાંત (+) | (-)22,548 | 6,409 | 19,865 | 33,477 | 18,943 |

---

37 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે વિશેષ હેતુ હેઠળના ઉધારને રાજ્યના દેવા તરીકે ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના માલ અને સેવા વેરાનાવળતરની ખાધના બદલામાં પ્રાપ્ત થયેલી એક પછી એક લોન અને 2023-24 અને 2024-25 દરમિયાન ₹ 6,497 કરોડ અને ₹ 10,229 કરોડની ચુકવણીને એકંદર જવાબદારીઓ/દેવા માટે ધ્યાનમાં લેવામાં આવી નથી.

38 કુલ ઉધારની ચુકવણી = ઉધારની ચુકવણી (દા.ત. કુલ ઋણ (મુદ્દલ) વત્તા વ્યાજની ચુકવણી)/કુલ ઉધાર*100

39 કુલ ઋણ પર અસરકારક વ્યાજ દરની ગણતરી અનામત ભંડોળ, વ્યાજ ન આપતી થાપણો અને મૂડી ખર્ચ માટે રાજ્યને 50 વર્ષ સુધી વ્યાજમુક્ત કેન્દ્રીય સહાયને સમાયોજિત કરીને કરવામાં આવી છે.
વ્યાજનો અસરકારક દર = વ્યાજની ચુકવણી/ઋણના ખૂલતા અને બંધ સિલકની સરેરાશ (વ્યાજ ન આપતી જવાબદારીઓ સિવાય) * 100

| ક્રમાંક | ઋણના ટકાઉપણાના દર્શકો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| 12 | પ્રાથમિક આવકની સિલક (PRB)[40] | 1,655 | 31,597 | 45,219 | 60,653 | 46,968 |
| 13 | પ્રાથમિક સિલક (PB)[41] | (-)16,235 | 2,496 | 8,508 | 3,683 | (-)20,940 |
| 14 | પ્રાથમિક સિલક/GSDP (ટકા) | (-)1.00 | 0.13 | 0.39 | 0.15 | (-)0.78 |
| 15 | વ્યાજનો દર[42] અને સકલ ઋણ પર વ્યાજના અસરકારક દર વચ્ચેનો તફાવત | (-)0.37 | 0.16 | 1.91 | 10.47 | 1.92 |
| 16 | તરલતાનું વ્યવસ્થાપન[43] (RBI પાસે ઉપલબ્ધ નાણાકીય સમાવેશ કરવાના સાધનોનો ઉપયોગ) (બનાવોની સંખ્યામાં) | 0 | 0 | 0 | 0 | 0 |
| 17 | ઋણની સ્થિરતા (ક્વોન્ટમ સ્પ્રેડ [44] + પ્રાથમિક સિલક) | (-)41,857 | 39,907 | 35,192 | 12,919 | (-)10,461 |
| 18 | ડોમર માપદંડ | | | | | |
| a | GSDP (in constant terms) | 12,41,118 | 13,65,587 | 14,65,998 | 15,97,015 | 17,09,811 |
| b | વાસ્તવિક વૃધ્ધિ (in constant terms) | (-)1.91 | 10.03 | 7.35 | 8.94 | 7.06 |
| c | CPI પર આધારિત ફુગાવો (ટકા) | 5.31 | 5.50 | 6.93 | 5.70 | 4.41 |
| d | વ્યાજનો અસરકારક દર | 7.83 | 7.65 | 7.30 | 7.53 | 7.46 |
| e | વ્યાજનો વાસ્તવિક અસરકારક દર (વ્યાજનો અસરકારક દર-ફુગાવો) | 2.52 | 2.15 | 0.37 | 1.83 | 3.05 |

40 PRB: મહેસૂલી આવક -મહેસૂલી ખર્ચ (વ્યાજની ચુકવણી બાદ), જ્યાં (-) PB પ્રાથમિક ખાધ સૂચવે છે અને ઉલટું.

41 PB: કુલ આવક (ઋણ સિવાય) -કુલ ખર્ચ (વ્યાજની ચુકવણી બાદ), જ્યાં (-) PB પ્રાથમિક ખાધ સૂચવે છે અને ઉલટું.

42 વ્યાજની આવકના અસરકારક દર દ્વારા માપવામાં આવેલ મૂડીરોકાણ પર વળતર.
વ્યાજનો દર = વ્યાજની આવક/લોન અને પેશગીઓના ખૂલતા અને બંધ સ્ટોકની સરેરાશ *100

43 પ્રવાહિતાનું વ્યવસ્થાપન: SDF, સાધનોપાય પેશગીઅને ઓવરડ્રાફ્ટસામે મેળવેલ રકમ.

44 ક્વોન્ટમ સ્પ્રેડ = વ્યાજ સ્પ્રેડ * દેવું (વ્યાજ વગરની જવાબદારીઓ સિવાય)
વ્યાજ સ્પ્રેડ = GSDP નોમિનલ ગ્રોથ - વ્યાજનો અસરકારક દર.

| ક્રમાંક | ઋણના ટકાઉપણાના દર્શકો | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|
| f | વ્યાજની વૃધ્ધિનો વિભેદક (વાસ્તવિક વૃધ્ધિ – વ્યાજનો અસરકારક વાસ્તવિક દર) | (-)4.43 | 7.88 | 6.98 | 7.10 | 4.01 |

સ્રોતઃ સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

**કોષ્ટક 1.37** માં દર્શાવ્યા મુજબ વિવિધ ઋણના ટકાઉપણાના સૂચકાંકોના વિશ્લેષણમાં નીચે મુજબ સામે આવ્યું હતુંઃ

- **GSDP, પ્રાથમિક સિલક અને વૃદ્ધિ વ્યાજ વિભેદક (GID) ની ટકાવારી તરીકે ઋણ:**

  2020-25 દરમિયાન કુલ જવાબદારીઓ-GSDP ગુણોત્તર દ્વારા માપવામાં આવતા રાજ્યના દેવાનો બોજ સરેરાશ 18 ટકાથી વધુ હતો. 2019-20 ના છેલ્લા ત્રિમાસિક ગાળામાં દેખાયેલા રોગચાળાને કારણે આર્થિક પ્રવૃત્તિમાં વિક્ષેપ પડ્યો હતો, જેના કારણે રાજ્યની નાણાકીય સ્થિતિ પર અસર પડી હતી. 2020-21 થી 2024-25 ના પાંચ વર્ષના સમયગાળા દરમિયાન, 2020-21 માં સકલ ઋણ-GSDP નો ગુણોત્તર સૌથી વધુ 21.57 ટકા હતો. ત્યારબાદ, તે પછીના ચાર વર્ષમાં 20 ટકાથી નીચે રહ્યો હતો. રોગચાળા પછીના વર્ષોમાં આર્થિક સુધારાને ધ્યાનમાં રાખીને, રાજ્યના દેવાનો બોજ ઓછો થવા લાગ્યો હતો,જે 2021-22 માં જોવા મળેલી નોંધપાત્ર નજીવી વૃદ્ધિને આભારી છે, જે નીચા પાયાના પ્રભાવને કારણે હતી, ત્યારબાદ આગામી બે વર્ષમાં સતત બે આંકડાની અંકિત વૃદ્ધિને આભારી છે.

  પ્રાથમિક બેલેન્સ અનેવૃધ્ધિ વ્યાજ વિભેદક (GID), જેને ડેટ-GSDP ગુણોત્તર માટે ઓટોમેટિક સ્ટેબિલાઇઝર તરીકે ઓળખવામાં આવે છે, જે 2021-2024 દરમિયાન અનુકૂળ રહ્યું હતું, એ જ સમયગાળા દરમિયાન રાજ્યના ઋણના બોજામાં સતત ઘટાડો કરવામાં ફાળો આપ્યો હતો. જોકે, 2024-25 માં પ્રાથમિક સિલક નકારાત્મક હતી પરંતુ GID હકારાત્મક રહ્યો હતો. સકલ જવાબદારી-GSDP ગુણોત્તર, જે 2020-21માં 21.57 ટકાથી ધીમે ધીમે ઘટીને 2023-24 માં 16.67 ટકા થયો હતો પરંતુ 2024-25 માં તેમાં થોડો વધીને 16.99 થયો હતો.

  2021-2024 દરમિયાન, પ્રાથમિક સિલક અને GID બંને સતત હકારાત્મક ક્ષેત્રમાં રહ્યા હતા, જેનાથી રાજ્યને રાજકોષીય ગોઠવણ વિના તેના ઋણનો બોજ ઘટાડવામાં મદદ મળી. આ હકીકત પરથી સ્પષ્ટ થાય છે કે રાજ્ય આ જ સમયગાળા દરમિયાન મહેસૂલી પુરાંત ઉભી કરવામાં સક્ષમ રહ્યું હતું. 2020-24 દરમિયાન સરેરાશ વાસ્તવિક વૃદ્ધિ દર સરેરાશ ફુગાવાના દર કરતા વધારે હતો, જેનો અર્થ એ થયો કે રાજ્ય ફુગાવા દ્વારા નહીં પણ આર્થિક વૃદ્ધિ દ્વારા તેના ઋણ- GSDP ગુણોત્તરને ઘટાડવામાં સક્ષમ હતું. જોકે, 2024-25 માં અનુકૂળ GID નકારાત્મક પ્રાથમિક ખાધની અસરને ઘટાડવામાં અસમર્થ રહ્યું હતું, જેના પરિણામે ઋણ-જીએસડીપી ગુણોત્તરમાં એક ટકાથી ઓછા પોઇન્ટનો નજીવો વધારો થયો.

ડોમર માપદંડ મુજબ, વાસ્તવિક વૃદ્ધિ વાસ્તવિક વ્યાજ દર કરતા વધારે રહી, જેના કારણે 2021-25 દરમિયાન GID અનુકૂળ રહેવામાં મદદ મળી.

- **મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે વ્યાજની ચુકવણી:** 2024-25 સિવાય, પાંચ વર્ષમાં મહેસૂલી આવકની ટકાવારી તરીકે કુલ ઋણ પર વ્યાજ ચુકવણી ઘટી રહી છે. 2020-25 ના સમયગાળા દરમિયાન મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે, 2023-24 માં થયેલા થોડા વધારાને બાદ કરતાં, તે ઘટી રહ્યો છે. એકંદરે, આ ટકાઉ ઋણના માર્ગને ટેકો આપે છે.
- **ઉધારની પરિપક્વતાની રૂપરેખા:** રાજ્યના ઉધારની પરિપક્વતાની રૂપરેખા દર્શાવે છે કે 31 માર્ચ 2025 સુધીમાં કુલ ઉધારના 43.10 ટકા (₹ 163,942.08 કરોડ) પાંચ વર્ષથી વધુ સમય પછી ચૂકવવાપાત્ર છે જે ઋણનો લાંબોસમયગાળો દર્શાવે છે, જેનાથી આગામી ટૂંકા અને મધ્યમ ગાળામાં રોલ-ઓવરનું (roll-over) જોખમ મર્યાદિત છે.
- **તરલતાનું વ્યવસ્થાપન:** 2020-25 દરમિયાન, રાજ્ય સરકારે કોઈ પણ સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સુવિધાનો લાભ લીધો ન હતો. આ સારી તરલતા અને રાજકોષીય વ્યવસ્થાપન દર્શાવે છે.

### 1.5.5 બાંયધરીઓની સ્થિતિ– આકસ્મિક જવાબદારીઓ

જેમના માટે રાજ્ય સરકાર દ્વારા બાંયધરી લંબાવવામાં આવી છે તે ઉધાર લેનારાઓ દ્વારા કસૂરના કિસ્સામાં બાંયધરીઓ એ રાજ્યના એકત્રિત નિધિ પર બોજો ધરાવતી આકસ્મિક જવાબદારીઓ છે. નાણાકીય હિસાબોના પત્રક નં. 20 માં રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરીઓની વિગતો આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવેલી બાંયધરી અને છેલ્લા પાંચ વર્ષથી બાકી રહેલી બાંયધરીની મહત્તમ રકમ **કોષ્ટક 1.38** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 1.38: ગુજરાત સરકારે આપેલી બાંયધરીઓ**

*(₹ કરોડમાં)*

| બાંયધરીઓ | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 હેઠળ સરકારી બાંયધરી પર ટોચમર્યાદા | 20,000 | 20,000 | 20,000 | 20,000 | 20,000 |
| વર્ષ દરમિયાન મહત્તમ બાંયધરીની રકમ | 11,751 | 10,757 | 9,951 | 9,541 | 9,534 |
| વર્ષની શરૂઆતમાં બાંયધરીઓની બાકી રકમ | 4,462 | 3,656 | 3,089* | 1,473 | 1,463 |
| વર્ષના અંતે બાંયધરીઓની બાકી રકમ | 3,656 | 3,089* | 1,473 | 1,463 | 1,421 |
| મહેસૂલી આવકની સામે વર્ષના અંતે બાંયધરીઓની બાકી રકમની ટકાવારી | 2.85 | 1.85 | 0.74 | 0.66 | 0.65 |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

*પાછલા વર્ષ કરતાં ફેરફાર પ્રોફોર્મા સુધારાના કારણે હતો.

ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 મુજબ બાકી બાંયધરીઓની મર્યાદા ₹ 20,000 કરોડ નક્કી કરવામાં આવી છે. 2024-25 દરમિયાન, રાજ્ય સરકારે ₹ 42 કરોડની બાંયધરીઓ રદ કરી

હતી. ₹ 1,421 કરોડની કુલ બાકી બાંયધરીઓમાંથી 24 ટકા (₹ 345 કરોડ) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના સંદર્ભમાં હતી; 19 ટકા (₹ 273 કરોડ) વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનના સંદર્ભમાં હતી; અને 16 ટકા (₹ 222 કરોડ) ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડના સંદર્ભમાં હતી. બાકી ગેરંટી (₹ 1,421 કરોડ) રાજ્ય સરકારની મહેસૂલી આવક (₹ 2,18,555 કરોડ)ના 0.65 ટકા જેટલી હતી. ₹ 1,421 કરોડની બાકી બાંયધરી પણ ગુજરાત રાજકોષીય જવાબદારી અધિનિયમ, 2005 હેઠળ નિર્ધારિત ₹ 20,000 કરોડની મર્યાદામાં હતી.

2024-25 દરમિયાન, રાજ્ય સરકારને રાજ્ય સ્તરની સંસ્થાઓ પાસેથી ગેરંટી ફી તરીકે ₹ 0.15 કરોડ મળ્યા હતા. 2024-25 માટે કોઈ અંદાજપત્રીય અંદાજ નહતો. વધુમાં, 2024-25 દરમિયાન ગેરંટી મંગાવવા બદલ રાજ્ય સરકાર દ્વારા કોઈ રકમ ચૂકવવામાં આવી ન હતી.

**કેસ સ્ટડી: ગુજરાત સ્ટેટ ફાઇનાન્શિયલ સર્વિસીસ લિમિટેડને નાણા વિભાગ દ્વારા રાહતના પત્રો આપવામાં આવી રહ્યા છે.**

ભારતના બંધારણના અનુચ્છેદ 293 માં રાજ્યના ઉધાર લેવા માટે અને રાજ્યના એકત્રિત નિધિની જામીનગીરી પર આપવામાં આવતી બાંયધરીઓની જોગવાઈ છે. ગુજરાત રાજ્ય બાંયધરી અધિનિયમ, 1963 બાંયધરી આપવા અંગે રાજ્યની કારોબારી સત્તાની મર્યાદા નક્કી કરવા માટેનું માળખું પૂરું પાડે છે. રાજ્ય વિધાનસભા સમયાંતરે આવી મર્યાદાઓ નક્કી કરે છે.

ભારતી સરકારના હિસાબી ધોરણ - 1, સંઘ, રાજ્ય સરકારો અને કેન્દ્રશાસિત પ્રદેશ સરકારો (વિધાનમંડળ સાથે) દ્વારા આપવામાં આવતી બાંયધરીઓના સંદર્ભમાં ખુલાસાના ધોરણો નક્કી કરે છે, જેમાં કોર્પોરેશનોને કાર્યકારી મૂડી પૂરી પાડવા માટેની બાંયધરીનો સમાવેશ થાય છે. વધુમાં, રાજ્ય સરકારની બાંયધરી પર કાર્યકારી જૂથ (RBI દ્વારા રચાયેલ) ના અહેવાલ, તેના અહેવાલ (સપ્ટેમ્બર 2023) ના ફકરા 2.7 અને 2.8 માં, સૂચન કરવામાં આવ્યું છે કે રાજ્ય સરકારો પણ જાહેર એજન્સી અથવા સાહસના ધિરાણકર્તા અથવા સપ્લાયરને લેટર ઓફ કમ્ફર્ટ (LoC) જારી કરે. LoC સરકાર માટે ગંભીર પ્રતિષ્ઠાનું જોખમ ઊભું કરી શકે છે અને જો તેમાં રાજ્ય સરકાર દ્વારા પ્રતિષ્ઠાને નુકસાન ટાળવા માટે ચુકવણી કરવાની જરૂર હોય, તો એવું સૂચન કરવામાં આવે છે કે રાજ્ય સરકારે આવી LoCs ને તેની કુલ આકસ્મિક જવાબદારીઓના ભાગ રૂપે સામેલ કરવી જોઈએ.

ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓ લિમિટેડ (GSFS) એક રાજ્ય જાહેર ક્ષેત્રની કંપની છે અને ભારતીય રિઝર્વ બેંકમાં નોન-બેંકિંગ નાણાકીય કંપની (NBFC) તરીકે નોંધાયેલ છે. રાજ્ય સરકાર દ્વારા તેને ગુજરાત સરકાર દ્વારા નિયંત્રિત વિવિધ સંસ્થાઓ અને જાહેર ક્ષેત્રની કંપનીઓના વધારાના ભંડોળનું સંચાલન કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. આમ, તે વિવિધ રાજ્ય-માલિકીની સંસ્થાઓ માટે ઇન-હાઉસ ફંડ મેનેજર તરીકે કાર્ય કરે છે. રાજ્ય સરકારે તમામ રાજ્ય સરકાર-માલિકીની સંસ્થાઓને તેમના તમામ વધારાના ભંડોળ GSFS માં મૂકવાનો નિર્દેશ આપ્યો છે.

સરકારી સંસ્થાઓ પાસેથી GSFS દ્વારા પ્રાપ્ત ભંડોળ અન્ય રાજ્ય-માલિકીની સંસ્થાઓને, જેમને ભંડોળની જરૂર હોય છે, તેમને અન્ય નાણાકીય સંસ્થાઓની તુલનામાં ઓછા વ્યાજ દરે પૂરા પાડવામાં આવે છે. આ તેમને ઊંચા ઉધાર લેવાના ખર્ચથી બચાવે છે.

ઓડિટમાં જોવામાં આવ્યું હતું કે નાણા વિભાગે GSFS ને એક કમ્ફર્ટ લેટર જારી કર્યો હતો (ઓગસ્ટ 2023), જેમાં જણાવાયું છે કે સરકાર એકમ, પેરેન્ટ વિભાગ અને ફાઇનાન્સ વિભાગ સાથે સંકલન કરીને લોનની ચુકવણીના મુદ્દાને ઉકેલવા માટે યોગ્ય રીતે હસ્તક્ષેપ કરવાની બાંયધરી આપે છે. વધુમાં, પેરેન્ટ વિભાગ તેના વહીવટી નિયંત્રણ હેઠળની એંકમ સાથે પ્રયાસ કરશે અને કામ કરશે જેથી ખાતરી કરી શકાય કે ચુકવણીની જવાબદારીને પૂર્ણ કરવા માટે જરૂરી આંતરિક સંસાધનો એકત્રિત કરવામાં આવે અથવા જો તે યોગ્ય લાગે, તો બજેટની જરૂરિયાતને આધીન, બજેટરી સપોર્ટ દ્વારા તે પૂરું પાડવામાં આવશે. GSFS એ 31 ડિસેમ્બર 2024 ના રોજ રાજ્ય જાહેર ક્ષેત્રના ઉપક્રમોને ₹ 7,997 કરોડની લોન આપી છે અને આ નાણાકીય ખાતાઓના નિવેદનો 9 અને 20 માં પ્રતિબિંબિત નથી.

રાજ્ય સરકારની બાંયધરી પર કાર્યકારી જૂથ (આરબીઆઈ દ્વારા રચાયેલ) ના સૂચનોને ધ્યાનમાં રાખીને, નાણા વિભાગના ધ્યાન પર (ઓગસ્ટ 2025) લાવવામાં આવ્યું હતું કે GSFS દ્વારા આપવામાં આવેલી લોનને રાજ્યના નાણાકીય ખાતાઓમાં સ્ટેટમેન્ટ 9 અને 20 માં સમાવવાની જરૂર છે, જેથી સરકારી ગેરંટી અને સંકળાયેલા જોખમોનું વ્યાપક ચિત્ર મળી શકે.

### 1.5.6 નાણાકીય સ્થિરતાના માર્ગો

આવક વધારીને અને ખર્ચને તર્કસંગત બનાવીને ખાધમાં સુધારો કરી શકાય છે. આમાં કર પાલનને મજબૂત બનાવવું, કર આધારને વિસ્તૃત કરવો, વપરાશકર્તા ચાર્જમાં સુધારો કરવો અને નિષ્ક્રિય સરકારી સંપત્તિઓનું મુદ્રીકરણ કરવું શામેલ છે. ખર્ચની બાજુએ, રોકડ સહાયમાં વધુ સારું લક્ષ્યીકરણ, પગાર અને પેન્શન વૃદ્ધિને નિયંત્રિત કરવી અને ખર્ચનું યોગ્ય વર્ગીકરણ સુનિશ્ચિત કરવું એ મુખ્ય પરિબળો છે. ઉત્પાદક મૂડી રોકાણને પ્રાથમિકતા આપવી અને પારદર્શક અને કાર્યક્ષમ ઉધાર દ્વારા દેવાનું સંચાલન સુધારવાથી નાણાકીય દબાણ વધુ ઓછું થઈ શકે છે. આ પગલાં સામૂહિક રીતે નાણાકીય જગ્યા બનાવે છે અને ટકાઉ રીતે આવક, નાણાકીય અને પ્રાથમિક ખાધ ઘટાડવામાં મદદ કરે છે. આની ચર્ચા આગામી ફકરામાં કરવામાં આવી છે.

#### 1.5.6.1 રાજ્યની આવકમાં સુધારો કરવો

આવકની અપ્રચલિત સંભાવના, જેનો અસરકારક રીતે ઉપયોગ કરવામાં આવે તો, તે નાણાકીય જગ્યામાં નોંધપાત્ર વધારો કરી શકે છે અને ઋણ પર નિર્ભરતા ઘટાડી શકે છે. રાજ્ય GST, સ્ટેમ્પ ડ્યુટી અને આબકારી જેવા મુખ્ય વેરાના પ્રવાહોના મૂલ્યાંકન, ઓછું મૂલ્યાંકન અને મર્યાદિત અમલીકરણ પદ્ધતિઓમાં બિનકાર્યક્ષમતા આવક વૃદ્ધિમાં ઘટાડો તરફ દોરી જશે. ઓછા વપરાશકર્તા શુલ્ક, નબળી ખર્ચ વસૂલાત અને જાહેર સંપત્તિ અને રોકાણો પર ઓછા શ્રેષ્ઠ વળતર સાથે કરવેરા સિવાયની આવક પણ નાણાકીય જગ્યામાં અવરોધ ઉભો કરે છે. બાકી રકમની સમયસર વસૂલાત (કર અને બિન-કર) નાણાકીય જગ્યાને વધારવા તરફનું બીજું પગલું છે.

#### A. આવકની પાછલી બાકી

આવકની પાછલી બાકી મહેસૂલ સરકારને મળવાપાત્ર આવકની વસૂલાતમાં વિલંબ દર્શાવે છે. 31 માર્ચ 2025 સુધીમાં સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી; નશાબંધી અને આબકારી; વાહનો પરના કર

અને માલ અને યાત્રીઓ પર કર; વીજળી પરના કર અને જકાત; અને GST/VAT/વેચાણ વેરાની પાછલી બાકી **કોષ્ટક 1.39** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 1.39: આવકની પાછલી બાકી**

**(₹ કરોડમાં)**

| ક્રમાંક | આવકનું સદર | 31 માર્ચ 2025 ના રોજ કુલ બાકી રકમ | 31 માર્ચ 2025 ના રોજ પાંચ વર્ષ કરતાં વધુ માટે બાકી રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 1. | નશાબંધી અને આબકારી | 97.31 | 97.31 | કોર્ટ કેસો સંબંધિતઃ ₹ 78.24 કરોડ; ₹ 19.07 કોર્ટ કેસ સિવાયના. |
| 2. | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 276.70 | 134.73 | હાઈકોર્ટ અને અન્ય ન્યાયિક સત્તાવાળાઓ દ્વારા વસૂલાત પર રોક લગાવવામાં આવી: ₹ 30.81 કરોડ; વસૂલાત પ્રમાણપત્રો દ્વારા આવરી લેવામાં આવતી માંગ: ₹ 5.37 કરોડ; ₹ 240.52 કરોડના બાકી બાકી રહેલા કારણો રજૂ કરવામાં આવ્યા ન હતા. |
| 3. | વાહનો પર વેરો અને માલસામાન અને યાત્રીઓ પર કર | 1,426.05 | 1,100.12 | બાકી રકમની વસૂલાત ન થવાનું મુખ્ય કારણ વાહન માલિક દ્વારા મોટર વાહન વિભાગને જાણ કર્યા વિના જૂના વાહનોને સ્ક્રેપ/વેચી નાખવામાં આવે છે. તેથી, આવા વાહનો પર દંડ સાથેનો વેરો દર વર્ષે વધી રહ્યો છે.<br>વિભાગે એમ પણ જણાવ્યું હતું કે સ્ક્રેપ નીતિના અમલીકરણ અને કેન્દ્ર સરકારની માર્ગદર્શિકાને કારણે ટેક્સમાં ₹ 700 કરોડ રૂપિયાનો ઘટાડો થવાની શક્યતા છે. |
| 4. | GST/VAT/વેચાણ વેરો | 84,135.43 | 45,293.91 | વસૂલાત પ્રમાણપત્રો જારી: ₹ 1,088.39 કરોડ; હાઈકોર્ટ અને અન્ય ન્યાયિક સત્તાવાળાઓ દ્વારા વસૂલાત પર રોક: ₹ 11,917.40 કરોડ; સરકાર-વિભાગ સત્તાવાળાઓ દ્વારા વસૂલાત પર રોક: ₹ 13,455.09 કરોડ; નાદાર વેપારીઓ: ₹ 12,988.17 કરોડ; માંડી વાળવાની શક્યતા: ₹ 10.51 કરોડ; ₹ 44,675.87 કરોડના બાકી બાકી લેણાંના કારણો રજૂ કરવામાં આવ્યા ન હતા. |
| | કુલ | **85,935.49** | **46,626.07** | |

| ક્રમાંક | આવકનું સદર | 31 માર્ચ 2025 ના રોજ કુલ બાકી રકમ | 31 માર્ચ 2025 ના રોજ પાંચ વર્ષ કરતાં વધુ માટે બાકી રકમ | નોંધ |
|---|---|---|---|---|
| 5. | પાણીનો ખર્ચ | 13,656.37 | 9,907.56 | મોટાભાગની બાકી રકમ વિવિધ સરકારી સંસ્થાઓને પૂરા પાડવામાં આવતા પાણીના બિલની બાકી છે. |
| | સકલ કુલ | **99,591.86** | **56,533.63** | |

સ્રોત: વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી.

મહેસૂલ બાકી રકમ અંગેના નિવેદનમાં સૂચવવામાં આવ્યું છે કે 31 માર્ચ 2025 સુધીમાં રાજ્ય પાસે કુલ ₹ 99,591.86 કરોડ બાકી બાકી હતા, જેમાંથી ₹ 56,533.63 કરોડ પાંચ વર્ષથી વધુ સમયથી બાકી રકમના હતા, જે નોંધપાત્ર લાંબા સમયથી બાકી વસૂલાત તરફ નિર્દેશ કરે છે. બાકી રકમ મુખ્યત્વે GST/VAT/વેચાણ વેરો અને પાણી ચાર્જ હેઠળ કેન્દ્રિત હતી, જે એકસાથે બાકી રકમનો મોટો ભાગ હતો. બાકી રકમનો મોટો ભાગ કોર્ટ કેસ, વસૂલાત પર રોક, ડીલરોની નાદારી અથવા બાકી વસૂલાત પ્રમાણપત્રોને કારણે વિવાદમાં હતો, જ્યારે ઘણા કિસ્સાઓમાં વસૂલાત ન થવાના કારણો રજૂ કરવામાં આવ્યા ન હતા. એકંદરે, લાંબા સમયથી બાકી રકમનો સંગ્રહ આવક વસૂલાતમાં સતત પડકારો સૂચવે છે અને સતત દેખરેખના મહત્વને પ્રકાશિત કરે છે.

ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર; પેટ્રોલિયમ નિયામક; અને વીજળી ડ્યુટી કલેક્ટરે જણાવ્યું હતું કે સંબંધિત વિભાગ પાસે કોઈ બાકી રકમ નથી (નવેમ્બર 2025).

## B. બાકી આકારણી

બાકી આકારણી સંભવિત આવક દર્શાવે છે જે આકારણીમાં વિલંબના કારણે રોકાઇ ગઇ છે.

GST/VAT/સેલ્સ ટેક્સ અને વ્યવસાય વેરાના સંદર્ભમાં વર્ષની શરૂઆતમાં પડતર કેસ, વર્ષ દરમિયાન આકારણીપાત્ર થયેલા કેસો, વર્ષ દરમિયાન નિકાલ કરાયેલા કેસ અને વર્ષના અંતે અંતિમ સ્વરૂપ આપવાના બાકી કેસોની માહિતી **કોષ્ટક 1.40**માં આપવામાં આવી છે.

**કોષ્ટક 1.40: બાકી આકારણી**

| ક્રમાંક | મહેસૂલી સદર | 2024-25 ની શરૂઆત માં બાકી કેસો | 2024-25 દરમિયાન આકાર-ણીપાત્ર નવા કેસો | આકાર-ણીપાત્ર કુલ કેસો | 2024-25 દરમિયાન નિકાલ થયેલા કેસો | વર્ષના અંતે સિલક | નિકાલની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| 1. | મૂલ્યવર્ધિત વેરો (VAT) | 409 | 5,639 | 6,048 | 3,039 | 3,009 | 50.25 |
| 2. | વ્યવસાય વેરો | 22,434 | 749 | 23,183 | 4,338 | 1,8845 | 18.71 |
| | કુલ | **22,843** | **6,388** | **29,231** | **7,377** | **21,854** | **25.24** |

સ્રોત: વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી.

નશાબંધી અને આબકારી નિયામક; ભૂસ્તરશાસ્ત્ર અને ખાણ કમિશનર; પેટ્રોલિયમ નિયામક; વીજળી ડ્યુટી કલેક્ટર; સ્ટેમ્પ અધિક્ષક અને નોંધણી મહાનિરીક્ષક; અને પરિવહન કમિશનરે નવેમ્બર 2025 માં જાણ કરી હતી કે 31 માર્ચ 2025 સુધીના સમયગાળા માટે સંબંધિત વિભાગ પાસે કોઈ આકારણી બાકી નથી.

## C. વિભાગો દ્વારા શોધી કઢાયેલ કરચોરી

વિભાગો દ્વારા શોધાયેલ કરચોરીના કેસો, અંતિમ સ્વરૂપ આપવામાં આવેલા કેસો અને વધારાના કરવેરા ની માંગણીઓ રાજ્ય સરકારના મહેસૂલ વસૂલાતના પ્રયાસોના મહત્વપૂર્ણ સૂચક છે.

ત્રણ વિભાગો (નાણા; મહેસૂલ; અને બંદર અને પરિવહન) દ્વારા શોધાયેલ કરવેરાની ચોરીના કેસો, અંતિમ સ્વરૂપ આપવામાં આવેલા કેસો અને આ વિભાગો દ્વારા આપવામાં આવેલા અહેવાલ મુજબ વધારાના કરવેરાની માંગણીઓ **કોષ્ટક 1.41**માં આપવામાં આવી છે:

**કોષ્ટક 1.41: કરચોરી ના કેસો**

| ક્રમાંક | મહેસૂલી સદર | 01 એપ્રિલ 2024 ના રોજ બાકી કેસો | 2024-25 દરમિયાન ધ્યાન પર આવેલા કેસોની સંખ્યા | કુલ | આકારણી/તપાસ પૂર્ણ થઇ હોય અને દંડ વગેરે સહિત વધારાનું માંગણું ઉભું કરવામાં આવ્યુ એવા કેસોની સંખ્યા | | 31 માર્ચ 2025 ના રોજ અંતિમ રૂપ આપવા ના બાકી કેસોની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | કેસોની સંખ્યા | માંગણાની રકમ (₹ કરોડમાં) | |
| 1. | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | 50,539 | 1,553 | 52,092 | 21,625 | 80.23 | 30,467 |
| 2. | વાહનો પર વેરો અને માલસામાન અને યાત્રીઓ પર કરવેરા | 1,11,421 | 71,292 | 1,82,713 | 71,292 | 270.06 | 1,11,421 |
| 3. | GST/VAT/ વેચાણ વેરો | 773 | 386 | 1159 | 397 | 996.99 | 762 |
| કુલ | | **1,62,733** | **73,231** | **2,35,964** | **93,314** | **1,347.28** | **1,42,650** |

સ્રોત: વિભાગો દ્વારા આપવામાં આવેલી માહિતી.

નશાબંધી અને આબકારી નિયામક; ભૂસ્તરશાસ્ત્ર અને ખાણકામ કમિશનર; પેટ્રોલિયમ નિયામક; વીજળી વેરા કલેક્ટર; અને પરિવહન કમિશનરે માહિતી આપી હતી(નવેમ્બર 2025) કે તેમના વિભાગોમાં કરચોરીનો કોઈ કેસ નથી.

**કોષ્ટક 1.41** કરચોરીના કેસોની મોટી અને સતત બાકી દર્શાવે છે, જેમાં વર્ષ દરમિયાન નોંધપાત્ર વધારાને કારણે 31 માર્ચ 2025 સુધીમાં કુલ કેસ વધીને 2.36 લાખ થયા છે. નોંધપાત્ર સંખ્યામાં કેસોમાં મૂલ્યાંકન અને તપાસ પૂર્ણ થઈ હતી, જેના પરિણામે ₹ 1,347.28 કરોડની વધારાની માંગ ઉભી થઈ હતી, પરંતુ વર્ષના અંતે કેસોની મોટી સંખ્યા(1.43 લાખ) અંતિમ સ્વરૂપ માટે બાકી રહી હતી. વાહનો અને માલસામાન અને મુસાફરો પરના કર અને સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફીમાં આ બાકી ખાસ કરીને સ્પષ્ટ હતી, જે સમયસર નિકાલમાં ક્ષમતા અને પ્રક્રિયાગત અવરોધો સૂચવે છે.

એકંદરે, આ ભાત આકારણી કરાયેલ માંગણીઓની ઝડપી પૂર્ણતા અને પ્રાપ્તિમાં સતત પડકારો સાથે ચાલુ શોધ પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે.

### 1.5.6.2 ખર્ચ બાબતના મુદ્દાઓ

#### A. પ્રતિબદ્ધ ખર્ચ અને સહાયક અનુદાનમાંથી રાજકોષીય તણાવ

**આલેખ 1.41** અને **આલેખ 1.42** નાણાકીય વર્ષ 2020-25 દરમિયાન પ્રતિબદ્ધ ખર્ચ અને અનુદાનને અનુક્રમે મહેસૂલી આવક અને મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે દર્શાવે છે.







2024-25 માં, રાજ્યના પ્રતિબદ્ધ ખર્ચ ₹ 1,14,982 કરોડ જેમાં પગાર (₹ 60,427 કરોડ), પેન્શન (₹ 26,530 કરોડ) અને વ્યાજનીચુકવણી (₹ 28,025 કરોડ)નો સમાવેશ થાય છે, તે મહેસૂલી આવકનો આશરે 53 ટકા જેટલો હિસ્સો છે. વધુમાં, સબસિડી ₹ 26,212 કરોડ જેટલી હતી, જેનાથી કુલ કઠોર ખર્ચ ₹ 1,41,194 કરોડ થયો હતો, જે રાજ્યની મહેસૂલી આવકના લગભગ 65 ટકા હતો. આવા ખર્ચનું ઊંચું અને અનિશ્ચિત સ્વરૂપ રાજકોષીય અવકાશનેસંકુચિત કરે છે, જે રાજ્યની મૂડી રોકાણ અને વિકાસલક્ષી પ્રાથમિકતાઓ માટે સંસાધનોની ફાળવણી કરવાની ક્ષમતાને મર્યાદિત કરે છે.

#### B. અપૂર્ણ યોજનાઓમાં રોકાયેલી મૂડી

અપૂર્ણ યોજનાઓ/કામોમાં ભંડોળ રોકવાથી ખર્ચની ગુણવત્તા પર નકારાત્મક અસર પડે છે અને રાજ્યને લાંબા સમય સુધી ઇચ્છિત લાભોથી વંચિત રાખે છે.

માર્ચ 2025 ના અંતે, ₹ 10 કરોડ કે તેથી વધુ મૂલ્યના 200 મૂડી કામો, જેની પૂર્ણતાની તારીખો 31 માર્ચ 2025 ના રોજ અથવા તે પહેલાં હતી, તે અપૂર્ણ હતા જેના પર ₹ 18,144.66 કરોડનો ખર્ચ થયો હતો. અપૂર્ણ યોજનાઓની વર્ષ-વાર અને વિભાગ-વાર વિગતો અનુક્રમે **કોષ્ટક 1.42** અને **કોષ્ટક 1.43** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 1.42: 31 માર્ચ 2025 ની સ્થિતિએ અપૂર્ણ યોજનાઓની વય-વાર રૂપરેખા**

| શરૂઆતનું વર્ષ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ (31 માર્ચ 2025 ના રોજ) |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| 2013-2014 | 4 | 1,981.68 | 2,219.46 |
| 2014-2015 | 1 | 505.69 | 564.85 |
| 2016-2017 | 4 | 152.79 | 99.48 |
| 2017-2018 | 5 | 813.15 | 781.38 |
| 2018-2019 | 7 | 1,041.79 | 1,068.16 |
| 2019-2020 | 12 | 2,112.37 | 2,060.20 |
| 2020-2021 | 19 | 6,532.91 | 4,789.25 |
| 2021-2022 | 33 | 2,571.30 | 2,322.24 |
| 2022-2023 | 52 | 3,648.55 | 2,673.68 |
| 2023-2024 | 55 | 2,555.30 | 1,500.12 |
| 2024-2025 | 8 | 900.95 | 65.84 |
| **કુલ** | **200** | **22,816.48** | **18,144.66** |

**કોષ્ટક 1.43: 31 માર્ચ 2025 ની સ્થિતિએ અપૂર્ણ યોજનાઓની વિભાગ-વાર રૂપરેખા**

| વિભાગ | અપૂર્ણ યોજનાઓની સંખ્યા | અંદાજીત ખર્ચ | ખર્ચ |
|---|---|---|---|
| | (સંખ્યા) | (₹ કરોડમાં) | |
| માર્ગ અને મકાન | 166 | 7,978.85 | 5,740.44 |
| નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠો અને કલ્પસર | 34 | 14,837.63 | 12,404.22 |
| **કુલ** | **200** | **22,816.48** | **18,144.66** |

સ્રોત: વર્ષ 2024-25 માટેના રાજ્ય સરકારના નાણાકીય હિસાબોનું **પરિશિષ્ટ IX**

એ જોઇ શકાય છે કે પ્રારંભિક અંદાજપત્રીય ખર્ચના સંદર્ભમાં, 31 માર્ચ 2025 સુધીમાં, માર્ગ અને મકાન વિભાગે 166 અધૂરી યોજનાઓ પર 71.95 ટકા ખર્ચ કર્યો હતો જ્યારે નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે 34 અપૂર્ણ યોજનાઓ પર 83.60 ટકા ખર્ચ કર્યો હતો.

ઉપરોક્તમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના યોજનાના અમલીકરણ એકમો (PIU), રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ; અને મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલી મૂડી કામોનો સમાવેશ થતો નથી. તેવી જ રીતે, ગુજરાત પોલીસ આવાસન નિગમ લિમિટેડ દ્વારા ગૃહ વિભાગ માટે હાથ ધરવામાં આવેલા મૂડી કામોનો પણ ઉપરોક્ત કામોમાં સમાવેશ થતો નથી. વધુમાં, નર્મદા, જળ સંસાધન, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગને લગતા કેટલાક સિંચાઈ કામો સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડદ્વારા હાથ ધરવામાં આવે છે.

વર્ષ 2024-25 (રાજ્ય સરકાર દ્વારા પૂરી પાડવામાં આવેલ) ના નાણાકીય હિસાબો **પરિશિષ્ટ-IX** (સરકારની પ્રતિબદ્ધતાઓ-અપૂર્ણ મૂડી કામોની યાદી) માં અપૂર્ણ માહિતીને કારણે, ઓડિટ 31 માર્ચ 2025 ના રોજ વાસ્તવિક પ્રગતિશીલ ખર્ચ, કામની ભૌતિક પ્રગતિ, બાકી ચુકવણીની સ્થિતિ (ભવિષ્યની જવાબદારી) અને સુધારેલ ખર્ચ, જો કોઈ હોય તો, તે નક્કી કરી શક્યું ન હતું.

## C. રાજકોષીય અવકાશ પર બિન-વિસર્જિત જવાબદારીઓ

જો સમયસર નિકાલ ન કરાયેલી/મુલતવી રાખેલી જવાબદારીઓનો ઉકેલ લાવવામાં ન આવે તો, ભવિષ્યના વિકાસ અને માળખાગત ખર્ચ માટે ઉપલબ્ધ નાણાકીય જગ્યામાં ઘટાડો થશે.

પારદર્શિતા અને વિશ્વસનીયતાનો અભાવ સર્જવા ઉપરાંત, આ રાજ્યની ટકાઉ રીતે સંસાધનો એકત્ર કરવાની ક્ષમતાને નબળી પાડે છે, જેના કારણે સકલ નાણાકીય સ્વાસ્થ્ય અને લાંબા ગાળાના ટકાઉપણા પર અસર પડે છે.

ઓડિટમાં અવલોકનમાં એવું સામે આવ્યું હતું કે રાજ્ય સરકારે વર્ષોથી અનેક પરિપૂર્ણ ન થયેલી જવાબદારીઓ એકઠી કરી છે, જે નાણાકીય ટકાઉપણા માટે નોંધપાત્ર અસરો ધરાવે છે. આમાં શામેલ છે

- વૈધાનિક ભંડોળ/સેસની બિન-તબદીલી અંદર
    - ₹ 4,396.48 કરોડ જેટલી એકત્રિત ડૂબત ભંડોળ (CSF) **(ફકરો 1.4.2.1 જુઓ)**;
    - ₹ 3,518.97 કરોડની રકમ જેટલો મકાન અને અન્ય બાંધકામ શ્રમયોગી કલ્યાણ ઉપકર **(ફકરો 3.2.3 જુઓ)**;
- ₹ 87.91 કરોડ જેટલા મોટર વાહન દંડની PLA માં બિન-તબદીલી **(ફકરો 3.2.5 જુઓ)**.
- રાષ્ટ્રીય પેન્શન યોજના (NPS) માં રાજ્ય સરકારના યોગદાનની ₹ 72.46 કરોડ ઓછી/બિન-તબદીલી **(ફકરો 3.2.2 જુઓ)**.
- કુલ ₹ 70.76 કરોડની વ્યાજની પરિપૂર્ણ ન થયેલી જવાબદારીઓ **(ફકરો 3.2.1 જુઓ)**.
- ₹ 0.73 કરોડના બાકી રિફંડ કેસો **(ફકરો 3.2.6 જુઓ)**.

વર્ષ દરમિયાન પરિપૂર્ણ ન થયોલી જવાબદારીઓમાં શામેલ છે:

- મોટર સ્પિરિટ સેસ ₹ 4,169.29 કરોડ જેટલી **(ફકરો 3.2.4 જુઓ)**,
- ખર્ચ બાદ કર્યા પછી ગ્રામીણ વિકાસ સેસ ₹ 66.50 કરોડ **(ફકરો 3.2.4 જુઓ)**,

પરિપૂર્ણ ન થયેલી એવી જવાબદારીઓનું સંચિત મૂલ્ય ₹ 12,383.10 કરોડ હતું, જે વર્ષ 2024-25 માટે GSDP ના 0.46 ટકા અને રાજકોષીય ખાધના 25.29 ટકા જેટલું છે.

ઓડિટની ભલામણ છે કે રાજ્ય સરકાર બધી અદા થયેલી ન હોય તેવી જવાબદારીઓને પારદર્શક રીતે જાહેર કરે અને તેનું નિરાકરણ કરે અને ભવિષ્યના નાણાકીય તણાવને ટાળવા માટે આ જવાબદારીઓને સમયસર પૂર્ણ કરવા માટે જોગવાઈઓ કરે.

## 1.6 ઉપસંહાર

- 2024-25 દરમિયાન, મહેસૂલી આવકમાં પાછલા વર્ષ કરતાં ₹ 4,208 કરોડ (1.89 ટકાનો) ઘટાડો થયો હતો. 2024-25 દરમિયાન મહેસૂલી આવકનો નોંધપાત્ર હિસ્સો (73.06 ટકા) રાજ્યના પોતાના સંસાધનોમાંથી આવ્યો હતો, જ્યારે કેન્દ્રીય કર ટ્રાન્સફર અને સહાયક સહાયનો સંયુક્ત ફાળો 26.94 ટકા હતો.
- 2024-25 દરમિયાન વાસ્તવિક મૂડી ખર્ચ 2024-25 દરમિયાનના અંદાજપત્રીય અનુમાનો (મૂડી ખર્ચ માટે) ના 85 ટકા હતો.

- રાજ્ય સરકાર મહેસૂલી ખર્ચની ટકાવારી તરીકે તેના પ્રતિબદ્ધ ખર્ચને ઘટાડવામાં અસમર્થ રહી હતી કારણ કે તે 2020-21 માં 45 ટકાથી વધીને 2024-25 માં 58 ટકા થઈ હતી.
- અદા ન કરાયેલી જવાબદારીઓ વર્ષ 2024-25 માટે રાજકોષીય ખાધના 25.29 ટકા જેટલી છે.
- મહેસૂલી આવકની ટકાવારી તરીકે વ્યાજની આવક 2023-24 માં 1.21 ટકા હતી તે ઘટીને 2024-25 માં 0.73 ટકા થઈ ગઈ છે.
- રાજ્યે પાંચ વર્ષના સમયગાળા દરમિયાન મહેસૂલી પુરાંત નોંધાવી હતી, જોકે, 2023-24 માં ₹ 33,477 કરોડની ટોચ પર પહોંચ્યા પછી, પુરાંત 2024-25 માં ઘટીને ₹ 18,943 કરોડ થઈ હતી.
- રાજકોષીય ખાધ પાંચ વર્ષ દરમિયાન સતત અને અસ્થિર રહી હતી, 2024-25 માં તીવ્ર વધારો જોવા મળ્યોહતો. આ ઉપરાંત, મૂડી ખર્ચમાં પણ વૃદ્ધિમાન રૂઝાન નોંધાયો હતો, જે સંપત્તિ સર્જન અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર સતત ધ્યાન દર્શાવે છે અને નાણાકીય ખાધ દ્વારા CAPEX ને નાણાંકીય પુરવઠો કરવાની ક્ષમતા પ્રતિબિંબિત કરે છે.

## 1.7 સારી પ્રથાઓ

- રાજ્યે છેલ્લા 10 વર્ષમાં તમામ રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપનના લક્ષ્યો હાંસલ કર્યા છે, સિવાય કે કોવિડ ના સમયમાં મહેસૂલી પુરાંત (***પરિશિષ્ટ 1.4*** જુઓ).
- રાજ્યે બજાર લોન ચૂકવવા માટે ગાદી પૂરી પાડવા માટે એકત્રિત ડૂબત ભંડોળ અને આકસ્મિક જવાબદારીઓની ચુકવણી માટે ગાદી પૂરી પાડવા માટે બાંયધરી મુક્તિ ભંડોળની સ્થાપના કરીને વધુ સારા નાણાકીય વ્યવસ્થાપન માટે પહેલ કરી છે.

## 1.8 ભલામણો

- પંચ દ્વારા કરવામાં આવેલી ભલામણો પર વિચારણા કરવી જોઇએ અને સ્વીકારવામાં આવેલી ભલામણોનો રાજ્ય સરકાર દ્વારા સમયબદ્ધ રીતે અમલ કરવો જોઇએ.
- રાજ્ય સરકારે તમામ યોજનાઓ ઝડપથી પૂર્ણ કરવા માટે અસરકારક પગલાં લેવા જોઇએ જેથી ઇચ્છિત લાભો વધુ વિલંબ વિના લાભાર્થીઓ સુધી પહોંચે.

# પ્રકરણ II

## અંદાજપત્રીય વ્યવસ્થાપન

# પ્રકરણ II
# અંદાજપત્રીય વ્યવસ્થાપન

આ પ્રકરણ ગુજરાતની અંદાજપત્રીય પ્રક્રિયાની સમીક્ષા કરે છે, જેમાં અંદાજપત્રના અંદાજો અને વાસ્તવિક ખર્ચ વચ્ચેના નોંધપાત્ર તફાવતોને વધુ ખર્ચ, સતત બચત અને અંતિમ ક્ષણે ભંડોળ પરત કરવા જેવી સમસ્યાઓ સહિત દર્શાવે છે. તે નાણાકીય આયોજન, નિયંત્રણ અને અનુપાલનમાં નબળાઇઓને રેખાંકિત કરે છે અને વાસ્તવલક્ષી અંદાજપત્ર બનાવવું, ભંડોળનો સમયસર ઉપયોગ કરવો તેમજ આધુનિક પદ્ધતિઓ જેવી કે જાતિગત અંદાજપત્ર (gender budget) તથા હરિત અંદાજપત્ર (green budget) બનાવવાની જરૂરિયાત પર ભાર મૂકે છે.

આ સૂચનાઓનું સત્તાધિકારીઓ કેટલાઅંશે પાલન કરતા હતા તે જાણવા માટે, ઑડિટે, સામાન્ય વહીવટી વિભાગ હેઠળ અનુદાન સંખ્યા 31, 32, 33, 34 અને 35 તથા નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ હેઠળ અનુદાન સંખ્યા 64, 65, 66 અને 67 નું સંચાલન કરતાં વહીવટી વિભાગો/ નિયંત્રક અધિકારીઓના દસ્તાવેજોની 2022-23 થી 2024-25 સુધીના ત્રણ વર્ષના સમયગાળામાં પરીક્ષણરૂપે ચકાસણી કરી હતી. ઑડિટના તારણોની ચર્ચા, સંબંધિત પ્રકરણોના સંબંધિત ફકરાઓમાંમાં કરવામાં આવી છે.

## 2.1 અંદાજપત્રની પ્રક્રિયા

ભારતના બંધારણની કલમ 202ના અનુપાલનમાં, દરેક નાણાકીય વર્ષ માટે, રાજ્યની અંદાજિત આવક અને ખર્ચનું પત્રક, જેને "વાર્ષિક નાણાકીય નિવેદન (અંદાજપત્ર)" કહેવામાં આવે છે, તેને રાજ્યની વિધાનસભા સમક્ષ રજૂ કરવાનું હોય છે. ખર્ચના અંદાજો, ખર્ચની 'બિન-મતપાત્ર (ચાર્જ્ડ)' અને 'મતપાત્ર (વોટેડ)' બાબતો[1] ને અલગથી દર્શાવે છે અને મહેસૂલ ખાતા પરના ખર્ચને અન્ય ખર્ચથી અલગ પાડે છે. રાજ્ય સરકાર દ્વારા કોઈપણ ખર્ચ કરતાં પહેલાં વિધાનસભાની મંજૂરી મેળવવી આવશ્યક છે.

ગુજરાત અંદાજપત્ર નિયમાવલિ, 1983 મુજબ, વિવિધ વિભાગો પાસેથી અંદાજો મેળવી વાર્ષિક અંદાજપત્ર તૈયાર કરવાની જવાબદારી નાણાં વિભાગની છે. વિભાગીય આવક અને ખર્ચના અંદાજો વિભાગના વડાઓની સલાહ અનુસાર નિયંત્રક અધિકારીઓ દ્વારા તૈયાર કરીને નિર્ધારિત તારીખે નાણાં વિભાગને મોકલવામાં આવે છે. નાણાં વિભાગ આ અંદાજો સંકલિત કરીને 'અનુદાન માટેની માંગણી' તરીકે ઓળખાતા વિગતવાર અંદાજો તૈયાર કરે છે. રાજ્યના અંદાજપત્ર માં **આલેખ 2.1** માં દર્શાવ્યા મુજબ નીચેના દસ્તાવેજો સમાવવામાં આવે છે. અંદાજપત્રીય શબ્દસૂચિ ***પરિશિષ્ટ 2.1*** માં આપેલ છે.

[1] **બિન-મતપાત્ર ખર્ચ**: ખર્ચના કેટલાક વર્ગો (દા.ત. બંધારણીય અધિકારીઓના પગાર, લોનની પરત ચૂકવણી વગેરે) રાજ્યના સંચિત નિધિ પર લગાવવાના હોય છે અને વિધાનસભા દ્વારા મતને પાત્ર નથી હોતા. **મતપાત્ર ખર્ચ**: અન્ય તમામ ખર્ચ વિધાનસભા દ્વારા મતને પાત્ર હોય છે.

**આલેખ 2.1: રાજ્ય અંદાજપત્ર દસ્તાવેજોની વિગતો**




વર્ષ 2024-25 માટેના વિનિયોગ હિસાબો મુજબ, 2024-25 દરમિયાન વિધાનસભા દ્વારા મંજૂર કરવામાં આવેલ કુલ રકમો (મૂળ અને પૂરક જોગવાઈઓ બન્ને), કરેલો ખર્ચ અને બચત નીચે **આલેખ 2.2** માં દર્શાવેલ છે.

**આલેખ 2.2: 2024-25 માટે ગુજરાતના અંદાજપત્ર અને ખર્ચનો સારાંશ**




સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો

નાણાંકીય વર્ષ 2024-25 દરમિયાન 209 અનુદાનો/વિનિયોગો પૈકી 195 માં ₹ 38,677.65 કરોડની બચત અને ત્રણમાં ₹ 584.74 કરોડની અધિક દ્વારા સરભર થઇ હતી, જેના પરિણામસ્વરૂપ ₹ 38,092.91 કરોડની ચોખ્ખી બચત થઈ હતી. ૧૧ ગ્રાન્ટ/વિનિયોગના કિસ્સામાં કોઈ બચત/વધારા નહોતી.

## 2.1.1 જાતિગત અંદાજપત્ર

સંયુકત રાષ્ટ્રસંઘના એજન્ડા 2030 ના ટકાઉ વિકાસ લક્ષ્યો (સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ - Sustainable Development Goals (SDGs)) ગરીબી હટાવવી, ગ્રહનું રક્ષણ કરવું અને તમામ લોકો સુખ અને શાંતિનો આનંદ લે તે સુનિશ્ચિત કરવા માટેની વૈશ્વિક હાકલ છે. 17 (SDGs) માંથી, લક્ષ્ય 5

નો ધ્યેય, સ્ત્રીઓ અને છોકરીઓ સામેના તમામ પ્રકારના ભેદભાવનો અંત લાવીને જાતિગત સમાનતા હાંસલ કરવી અને તમામ સ્ત્રીઓનુ સશક્તિકરણ કરવાનો છે. જાતિગત સમાનતા એ માત્ર પાયાનો માનવ અધિકાર નથી પણ ટકાઉ ભવિષ્ય માટે પણ અતિ મહત્વની છે.

રાજ્ય સરકારે જાતિગત સમાનતા સહિત 17 (SDGs) ને આવરી લઇને ગુજરાત સસ્ટેનેબલ વિઝન 2030 પહેલેથીજ તૈયાર કર્યું છે. સ્ત્રીઓના સશક્તિકરણ અને જાતિગત સમાનતા માટે ઇચ્છિત પરિણામ મેળવવા માટે રાજ્ય સરકાર સ્ત્રીઓ અને છોકરીઓ ના વિકાસ માટે ઘણી યોજનાઓનો અમલ કરી રહી છે. નાણાકીય વર્ષ 2014-15 થી, રાજ્ય સરકાર સ્ત્રી-લક્ષી નાણાકીય ફાળવણીઓનો સમાવેશ કરતા જાતિગત અંદાજપત્ર જાહેર કરી રહી છે.

**કોષ્ટક 2.1** છેલ્લા પાંચ વર્ષ (2020-25) દરમિયાન જાતિગત અંદાજપત્રમાં રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી ફાળવણી દર્શાવે છે, જ્યારે **આલેખ 2.3** એ જ સમય ગાળામાં રાજ્યના કુલ અંદાજપત્ર અને રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનની (GSDP) સામે જાતિગત અંદાજપત્રની ટકાવારી દર્શાવે છે.

**કોષ્ટક 2.1: 2020-25 દરમિયાન જાતિગત અંદાજપત્ર હેઠળ ફાળવણી**

*(₹ કરોડમાં)*

| | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| જાતિગત અંદાજપત્ર | 78,418.48 | 87,111.11 | 96,937.25 | 1,04,986.71 | 1,24,310.23 |
| કુલ અંદાજપત્ર | 2,28,776.39 | 2,39,389.22 | 2,74,758.01 | 3,19,379.28 | 3,40,520.13 |
| રાજ્યનું સકલ ઘરેલુ ઉત્પાદન | 16,16,106 | 19,20,927 | 22,03,419 | 24,25,804 | 26,72,025 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો.

આ આંકડા, 2020-21 થી 2024-25 દરમિયાન જાતિગત અંદાજપત્ર હેઠળની ફાળવણીઓમાં સ્થિર અને ગતિમાન વધારો દર્શાવે છે, જે ₹ 78,418 કરોડથી વધીને ₹ 1.24 લાખ કરોડ થયો છે, અને તે મોટાભાગે રાજ્યના કુલ અંદાજપત્રના વિસ્તરણ તથા GSDP વૃદ્ધિની સાથે ગતિમાં રહ્યો છે. આ સમયગાળા દરમિયાન કુલ અંદાજપત્ર અને GSDP પણ સતત વધ્યા હોવા છતાં, જાતીય-પ્રતિસાદી ફાળવણીઓમાં થયેલો નિરપેક્ષ વધારો અને તે એકવારની અથવા સ્થાયી પ્રતિબદ્ધતા તરીકે નહીં પરંતુ નાણાકીય માળખામાં જાતીય-કેન્દ્રિત હસ્તક્ષેપોને ક્રમશઃ ઊંચી પ્રાથમિકતા આપવામાં આવી રહી છે તે સૂચવે છે.

**આલેખ 2.3: કુલ અંદાજપત્ર અને GSDPના ટકા તરીકે જાતિગત અંદાજપત્ર**




ઉપર દર્શાવેલ આલેખમાં જોઇ શકાય છે કે, જાતિગત અંદાજપત્રમાં ફાળવણી 2020-21માં ₹ 78,418.48 કરોડથી વધીને 2024-25 માં ₹ 1,24,310.23 કરોડ થઇ હતી. કુલ અંદાજપત્રની ટકાવારી રૂપે જાતિગત અંદાજપત્રનો હિસ્સો 2020-21 માં 34.28 ટકા થી વધીને 2021-22 માં 36.39 ટકા થયો હતો પરંતુ 2023-24 માં ઘટીને 32.87 ટકા થયો હતો, ત્યારબાદ 2024-25 માં તે વધીને 36.51 ટકા થયો હતો. રાજ્યના સકલ ઘરેલુ ઉત્પાદનમાં તેનો હિસ્સો 2020-21 માં 4.85 ટકા હતો તે 2023-24 માં ઘટીને 4.65 ટકા થયો હતો.

ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળનું જાતિગત રિસોર્સ સેન્ટર જાતિગત અંદાજપત્ર દસ્તાવેજમાં વિવિધ વિભાગો દ્વારા અમલમાં મૂકાતી યોજનાઓનું સંકલન કરવા માટે જવાબદાર છે. 2024-25 માટેના જાતિગત અંદાજપત્રીય દસ્તાવેજમાં 804 યોજનાઓને 'ક' અને 'ખ' શ્રેણીઓમાં વર્ગીકૃત કરી છે.

1. શ્રેણી 'ક' – 100 ટકા મહિલાલક્ષી યોજનાઓ (138 યોજનાઓ); અને
2. શ્રેણી 'ખ' – જોગવાઈના 30-99 ટકા મહિલા-લક્ષી ઘટક ધરાવતી યોજનાઓ (666 યોજનાઓ).

નાણાકીય વર્ષ 2023-24 થી, શ્રેણી ક અને શ્રેણી ખ યોજનાઓ હેઠળ 2021-22 નો વાસ્તવિક ખર્ચ, 2022-23 ના અંદાજપત્રીય અંદાજો અને સુધારેલા અંદાજો અને 2023-24 ના અંદાજપત્રીય અંદાજો આપવામાં આવી રહ્યા છે. જુદા જુદા વિભાગોના અંદાજપત્રીય અંદાજો સાથે જાતિગત અંદાજપત્રની વિવિધ યોજનાઓના મેપીંગની વિગતો મહિલા અને બાળ કલ્યાણ વિભાગ પાસેથી માગવામાં આવી હતી. જો કે, જરૂરી વિગતો આજ દિન (નવેમ્બર 2025) સુધી ઑડિટને આપવામાં આવી ન હતી, જેના અભાવે, વાસ્તવિક ખર્ચની પુષ્ટિ કરી શકાઇ ન હતી.

ઓડિટે 2024-25 ના સમયગાળામાં શ્રેણી 'ક' અને શ્રેણી 'ખ' હેઠળની કેટલીક પસંદગીની યોજનાઓ માટે થયેલા ખર્ચ અને આવરી લેવાયેલા લાભાર્થીઓની વિગતો માંગી હતી (જૂન 2025). વિભાગે વિગતો રજૂ કરી નથી (જાન્યુઆરી 2026).

મહિલા અને બાળ કલ્યાણ વિભાગે જાતિગત અંદાજપત્રમાં દર્શાવેલ દરેક જોગવાઈની સામે ખર્ચ પર દેખરેખ માટે પગલાં લેવા જોઇએ.

**કેસ સ્ટડી 1: જાતિગત વિશિષ્ટ યોજના માટે અંદાજપત્રીય જોગવાઇઓ અને વાસ્તવિક ખર્ચ**

સામાન્ય વહીવટી વિભાગે “UPSC study centre” નામની જાતિગત વિશિષ્ટ શ્રેણી ‘ખ’ યોજના સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (સ્પીપા) મારફતે અમલમાં મૂકી હતી. ઓડિટે નોંધ્યું કે જાતિગત અંદાજપત્ર દસ્તાવેજમાં દર્શાવેલા અંદાજની તુલનામાં વાસ્તવિક ખર્ચ બહુ ઓછો હતો. ઉપરોક્ત યોજના હેઠળ, પુરૂષ અને મહિલા તાલીમાર્થીઓની વિગત અને સ્પીપા દ્વારા આપવામાં આવેલ વૃત્તિકા (stipend) વિશેની માહિતી નીચેના **કોષ્ટક 2.2** માં આપવામાં આવી છે:

**કોષ્ટક 2.2 : સ્પીપા દ્વારા જાતિગત વિશિષ્ટ યોજનાના ના સંદર્ભમાં કરવામાં આવેલા ખર્ચાઓ**

| વર્ષ | જાતિગત અંદાજપત્ર મુજબ જોગવાઈ (₹ કરોડમાં) | વર્ષ દરમ્યાન મહિલા તાલીમાર્થીઓને ચૂકવવામાં આવેલ વૃત્તિકા (₹માં) | અંદાજપત્રમાં જોગવાઈ ના સંદર્ભમાં કરેલ વપરાશ (ટકા માં) | તાલીમાર્થીઓની કુલ સંખ્યા | મહિલા તાલીમાર્થીઓની કુલ સંખ્યા |
|---|---|---|---|---|---|
| 2022-23 | 10.38 | 7,54,000 | 0.73 | 338 | 132 |
| 2023-24 | 19.67 | 14,24,000 | 0.74 | 473 | 171 |
| 2024-25 | 23.10 | 15,28,782 | 0.66 | 463 | 184 |

સ્રોત: વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી

વિભાગ દ્વારા યોજના સામે કરવામાં આવેલ વધુ પડતી ઊંચી જોગવાઈનું કોઈ કારણ આપવામાં આવ્યું નથી (નવેમ્બર 2025)

**કેસ સ્ટડી 2: પાણી પુરવઠા વિભાગની જાતિગત વિશિષ્ટ યોજના**

જાતિગત અંદાજપત્ર દસ્તાવેજ મુજબ, નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ પાસે એક શ્રેણી ‘ક’ યોજના[2] અને નવ[3] શ્રેણી ‘ખ’ યોજનાઓ છે. પાણી પુરવઠા વિભાગે અમલમાં મૂકાયેલી શ્રેણી ‘ક’ યોજનામાં થયેલા ખર્ચની વિગતો આપી હતી પરંતુ લાભાર્થીઓની સંખ્યાની વિગતો આપી નથી. વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલી બે શ્રેણી ‘ખ’ યોજનાઓની બાબતમાં જણાવવામાં આવ્યું કે તેઓ જાતીગત-વિશિષ્ટ યોજનાઓ નથી.

નર્મદા અને જળસંપત્તિ વિભાગ દ્વારા અમલમાં મૂકાયેલી બાકી રહેલી સાત શ્રેણી ‘ખ’ યોજનાઓ માટે થયેલા ખર્ચ અને મહિલા લાભાર્થીઓની સંખ્યાની વિગતો આપવામાં આવી નથી.

[2] મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના (પાણી પુરવઠા)

[3] (i) પ્રધાન મંત્રી કૃષિ સિંચાઇ યોજના – દરેક ટીંપે વધુ પાક – સૂક્ષ્મ સિંચાઇ (ii) સરદાર સરોવર પરિયોજના (નર્મદા), (iii) મોટી અને મધ્યમ સિંચાઇ યોજના (iv) નાની સિંચાઇ યોજના (v) વિસ્તાર વિકાસ અને અન્ય, (vi) પૂર નિયંત્રણ, કાંસ અને દરિયાઇ ધોવાણ પ્રતિરોધક કામો (vii) સિંચાઇ (જળસંપત્તિ), (viii) ગ્રામીણ પાણી પુરવઠા યોજના અને (ix) શહેરી પાણી પુરવઠા યોજના (પાણી પુરવઠા)

વિભાગને સૂચિત કરવામાં આવ્યું હતું (સપ્ટેમ્બર 2025) તેમજ વારંવાર સ્મૃતિપત્રો પાઠવ્યા છતાં (ઓક્ટોબર અને નવેમ્બર 2025) તેમનો જવાબ બાકી છે (જાન્યુઆરી 2026).

## 2.2 અંદાજપત્ર પૂર્વાનુમાન અને અપેક્ષા તથા વાસ્તવિક વચ્ચેનું અંતર

કર વહીવટ/અન્ય આવક અને જાહેર ખર્ચનું કાર્યક્ષમ સંચાલન, સંસાધનોના શ્રેષ્ઠ ઉપયોગ, યોજના અમલીકરણ અને દેખરેખ ક્ષમતાને મજબૂત કરવા અને નાણાકીય લક્ષ્યાંકો હાંસલ કરવામાં સંતુલન જાળવે છે. સતત બચત/વધારાનો ખર્ચ તે અંદાજપત્ર બનાવવાની પાયાની પ્રક્રિયાઓમાં સુધારાની જરૂરિયાત દર્શાવે છે.

2024-25માં કુલ અંદાજપત્રીય જોગવાઈ ₹ 3,40,520.13 કરોડ હતી. વર્ષ દરમિયાનનો વાસ્તવિક ખર્ચ ₹ 3,02,427.22 કરોડ હતો. આથી 2024-25માં ₹ 38,092.91 કરોડની બચત થઈ હતી, જેની સામે ₹ 38,111.65 કરોડ પરત આપવામાં આવ્યા હતા. વિગતો **કોષ્ટક 2.3** માં આપવામાં આવી છે.

**કોષ્ટક 2.3: 2024-25 ના વર્ષ દરમ્યાન અંદાજપત્રીય જોગવાઈની સામે ખર્ચની વિગતો**

*(₹ કરોડમાં)*

| મતપાત્ર/ બિન-મતપાત્ર | ખર્ચનો પ્રકાર | અંદાજપત્ર (મૂળ) | અંદાજપત્ર (પૂરક) | કુલ અંદાજપત્ર (મૂળ+પૂરક) | વાસ્તવિક ખર્ચ | ચોખ્ખો અધિક (+) / બચત | 2024-25 દરમ્યાન પરતસોંપણી કર્યા | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | રકમ | ટકા |
| મતપાત્ર | મહેસૂલ | 1,93,171.70 | 5,772.20 | 1,98,943.90 | 1,74,607.53 | 24,336.37 | 24,760.76 | 25.28 |
| | મૂડી | 75,952.41 | 1,880.58 | 77,832.99 | 66,730.49 | 11,102.50 | 10,922.71 | 100.00 |
| | લોન અને પેશગીઓ | 3,841.77 | 100.02 | 3,941.79 | 3,551.71 | 390.08 | 441.70 | 0.00 |
| | **કુલ** | **2,72,965.88** | **7,752.80** | **2,80,718.68** | **2,44,889.73** | **35,828.95** | **36,125.19** | **6.40** |
| બિન-મતપાત્ર | મહેસૂલ | 30,327.16 | 280.26 | 30,607.42 | 28,331.28 | 2,276.14 | 1,959.23 | 3.32 |
| | મૂડી | 87.14 | 20.49 | 107.63 | 80.43 | 27.20 | 27.21 | 14.03 |
| | જાહેર દેવું | 29,084.86 | 1.53 | 29,086.39 | 29,125.77 | (+)39.38 | 0.02 | 11.21 |
| | લોન અને પેશગીઓ | 0.01 | 0.00 | 0.01 | 0.00 | 0.01 | 0.01 | 12.45 |
| | **કુલ** | **59,499.17** | **302.28** | **59,801.45** | **57,537.48** | **2,263.97** | **1,986.47** | **12.87** |
| **એકંદર કુલ** | | **3,32,465.05** | **8,055.08** | **3,40,520.13** | **3,02,427.21** | **38,092.92** | **38,111.65** | **11.19** |

સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો.

નોંધ: ઉપર દર્શાવેલ ખર્ચ એકંદર (gross) આંકડા છે, જેમાં મહેસૂલ સદર (₹ 431.83 કરોડ) અને મૂડી સદર (₹ 644.89 કરોડ) હેઠળ ખર્ચમાં ઘટાડા તરીકે ખાતાઓમાં સમાયોજિત થયેલી વસુલાતોને ધ્યાનમાં લેવામાં આવી નથી.

વિગતો દર્શાવે છે કે 2024-25 દરમિયાન વાસ્તવિક ખર્ચ (₹ 3.02 લાખ કરોડ) કુલ અંદાજપત્રીય જોગવાઈ (₹ 3.41 લાખ કરોડ) કરતાં ₹ 38,093 કરોડ ઓછો રહ્યો હતો, જે લગભગ 89 ટકાનો કુલ

ઉપયોગ દર્શાવે છે. બચતો મુખ્યત્વે મતપાત્ર ખર્ચમાં, ખાસ કરીને મહેસૂલ (₹ 24,336 કરોડ) અને મૂડી (₹ 11,103 કરોડ) સદર હેઠળ કેન્દ્રિત રહી, જે નોંધપાત્ર જોગવાઈઓ હોવા છતાં આયોજિત કાર્યક્રમો અને મૂડી કાર્યોના અપૂર્ણ અમલનો સંકેત આપે છે. તેના વિપરીત, બિન-મતપાત્ર ખર્ચમાં લગભગ પૂર્ણ ઉપયોગ જોવા મળ્યો હતો, જેમાં જાહેર દેવું અંદાજપત્રીય જોગવાઈથી થોડું વધારે થયું હતું, જે પ્રતિબદ્ધ જવાબદારીઓમાં મર્યાદિત નાણાકીય લવચીકતા દર્શાવે છે; જ્યારે મોટી પરતસોંપણી કરેલ રકમો, મોટાભાગે, બચતો સાથે સુસંગત હતી જે ખર્ચના અનુમાન અને વર્ષ દરમ્યાન અંદાજપત્ર વ્યવસ્થાપનમાં સુધારાની શક્યતા દર્શાવે છે.

2020-21 થી 2024-25ના સમયગાળા માટે મૂળ અંદાજપત્ર, સુધારેલા અંદાજો અને વાસ્તવિક ખર્ચના વલણ **કોષ્ટક 2.4** માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક 2.4: 2020-25 દરમિયાન મૂળ અંદાજપત્ર, સુધારેલા અંદાજો અને વાસ્તવિક ખર્ચ**

*(₹ કરોડમાં)*

| | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| મૂળ અંદાજપત્ર | 2,17,287.24 | 2,27,028.79 | 2,43,964.72 | 3,01,021.61 | 3,32,465.05 |
| પૂરક અંદાજપત્ર | 11,489.15 | 12,360.43 | 30,793.29 | 18,357.67 | 8,055.08 |
| કુલ અંદાજપત્ર (મૂળ +પૂરક) (TB) | 2,28,776.39 | 2,39,389.22 | 2,74,758.01 | 3,19,379.28 | 3,40,520.13 |
| સુધારેલા અંદાજો | 2,05,026.26 | 2,20,747.57 | 2,55,512.60 | 2,88,860.61 | 3,14,704.44 |
| વાસ્તવિક ખર્ચ | 2,00,215.82 | 2,17,355.42 | 2,40,117.32 | 2,76,224.70 | 3,02,427.22 |
| ચોખ્ખી બચત (-)/અધિક (+) | (-)28,560.57 | (-)22,033.80 | (-)34,640.69 | (-)43,154.58 | (-)38,092.91 |
| મૂળ જોગવાઈની સામે પૂરક જોગવાઈની ટકાવારી | 5.29 | 5.44 | 12.62 | 6.10 | 2.42 |
| કુલ જોગવાઈની સામે કુલ બચત/અધિક ની ટકાવારી | 12.48 | 9.20 | 12.61 | 13.51 | 11.19 |
| કુલ અંદાજપત્ર- સુધારેલા અંદાજો | 23,750.13 | 18,641.65 | 19,245.41 | 30,518.67 | 25,815.69 |
| સુધારેલા અંદાજો -વાસ્તવિક ખર્ચ | 4,810.44 | 3,392.15 | 15,395.28 | 12,635.91 | 12,277.82 |
| કુલ અંદાજપત્રના ટકા રૂપે (કુલ અંદાજપત્ર-સુધારેલા અંદાજો) | 10.38 | 7.79 | 7.00 | 9.56 | 7.58 |
| કુલ અંદાજપત્રના ટકા રૂપે (સુધારેલા અંદાજો-વાસ્તવિક ખર્ચ ) | 2.10 | 1.42 | 5.60 | 3.96 | 3.61 |

સ્રોત: સંબંધિત વર્ષોના વાર્ષિક નાણાકીય પત્રકો અને વિનિયોગ હિસાબો.

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે 2020-21 થી 2024-25 દરમિયાન, વાસ્તવિક ખર્ચ, કુલ અંદાજપત્રીય જોગવાઈ તેમજ સુધારેલા અંદાજ કરતાં સતત ઓછો રહ્યો હતો, જેના પરિણામે દર વર્ષે નોંધપાત્ર ચોખ્ખી બચત થઈ હતી, જે અંદાજે ₹ 22,000 કરોડ થી ₹ 43,000 કરોડ સુધી હતી. પૂરક

જોગવાઈઓનો સક્રિય રીતે ઉપયોગ થયો હતો, જે 2022-23માં સર્વોચ્ચ રહ્યો હતો, તેમ છતાં કુલ અંદાજપત્ર સામે કુલ બચતની ટકાવારીનું પ્રમાણ સતત ઊંચું (9–14 ટકા) રહ્યું હતું, જે અંદાજપત્રના ઘડતર અને અમલીકરણ વચ્ચેનું માળખાકીય અંતર દર્શાવે છે. કુલ અંદાજપત્ર અને સુધારેલા અંદાજ વચ્ચે, તેમજ સુધારેલા અંદાજ અને વાસ્તવિક ખર્ચ વચ્ચેના વધતા તફાવતો, ખાસ કરીને બાદના વર્ષોમાં, સૂચવે છે કે પ્રારંભિક અંદાજપત્ર માટેની વાસ્તવિકતા, વચગાળાના સુધારાઓ, અને ખર્ચની દેખરેખમાં સુધારાની તક છે જેથી નાણાકીય આયોજનને વાસ્તવિક ખર્ચના પરિણામો સાથે વધુ સારી રીતે સુસંગત બનાવી શકાય.

વિનિયોગ હિસાબોમાં ફેરફારનો સારાંશ **આલેખ 2.4** માં દર્શાવવામાં આવ્યો છે.

**આલેખ 2.4: અંદાજપત્રીય અંદાજો, સુધારેલા અંદાજો અને વાસ્તવિક ખર્ચ દર્શાવતા વલણ**




સ્રોત: સંબંધિત વર્ષોના વાર્ષિક નાણાકીય હિસાબો અને વિનિયોગ હિસાબો.

ઉપરોક્ત આલેખ પરથી જોઈ શકાય છે કે 2020-21 થી 2024-25 સુધીના વર્ષોમાં, સુધારેલો અંદાજ હંમેશા રાજ્યના કુલ અંદાજપત્ર કરતા ઓછો હતો. 2020-25ના સમયગાળા દરમિયાન સુધારેલા અંદાજ અને કુલ અંદાજપત્ર વચ્ચેનો તફાવત 10 ટકાથી ઓછો હતો, સિવાય કે 2020-21 ના વર્ષ દરમિયાન જ્યારે તે 10.38 ટકા હતો. વધુમાં, 2020-25 ના સમયગાળા દરમિયાન વાસ્તવિક ખર્ચ હંમેશા સુધારેલા અંદાજ કરતા ઓછો હતો.

ઉપરોક્ત આલેખ 2020-21 થી 2024-25 દરમિયાન અંદાજપત્રીય જોગવાઈઓના અપર્યાપ્ત ઉપયોગનું સતત વલણ દર્શાવે છે, જેમાં વાસ્તવિક ખર્ચ દર વર્ષે કુલ અંદાજપત્ર અને સુધારેલા અંદાજ બંને કરતાં સતત ઓછો રહ્યો હતો. સુધારેલા અંદાજોએ મૂળ અંદાજપત્ર ની તુલનામાં વાસ્તવિક ખર્ચ સાથેનું અંતર ઘટાડ્યું હતું, તેમ છતાં સુધારા પછી પણ બચતનો એક મહત્વપૂર્ણ ભાગ ચાલુ રહ્યો હતો, જે દર્શાવે છે કે વર્ષ દરમિયાનના સુધારાઓએ ખર્ચના અનુમાનને અમલીકરણ ક્ષમતા સાથે સંપૂર્ણ રીતે સુસંગત બનાવ્યા નથી.

### 2.2.1 અંદાજપત્રીય જોગવાઇઓ અને ખર્ચનું ઘટક/સેવા પ્રમાણે વિશ્લેષણ

નાણાકીય વર્ષ 2024-25 માટેના અંદાજપત્ર અને ખર્ચનું ઘટક મુજબ વિશ્લેષણ **કોષ્ટક 2.5** માં સારાંશરૂપે આપ્યું છે.

**કોષ્ટક 2.5: 2024-25 વર્ષ માટેનું અંદાજપત્ર અને ખર્ચનું ઘટક મુજબ વિશ્લેષણ**

*(₹ કરોડમાં)*

| ઘટક | કુલ અંદાજપત્ર | કુલ ખર્ચ | કુલ અંદાજપત્ર ના ટકા | કુલ ખર્ચના ટકા | કુલ અંદાજપત્રની સામે કુલ ખર્ચની ટકા |
|---|---|---|---|---|---|
| (1) | (2) | (3) | (4) | (5) | (6=3/2*100) |
| પ્રતિબધ્ધ ખર્ચાઓ | 1,42,707.08 | 1,41,759.18 | 41.92 | 46.87 | 99.34 |
| રાજ્યની યોજનાઓ | 1,78,269.89 | 1,41,356.03 | 52.35 | 46.74 | 79.29 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં (CSS) કેન્દ્રનો ફાળો | 10,467.12 | 10,202.23 | 3.07 | 3.37 | 97.47 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં (CSS) રાજ્યનો ફાળો | 8,350.27 | 8,361.34 | 2.45 | 2.77 | 100.13 |
| EAP - બાહ્ય સહાયિત પ્રોજેક્ટ્સ | 725.77 | 748.43 | 0.21 | 0.25 | 103.12 |
| **કુલ** | **3,40,520.13** | **3,02,427.21** | **100.00** | **100.00** | |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ગુજરાતની કચેરી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી.

વિશ્લેષણ દર્શાવે છે કે 2024-25માં, પ્રતિબદ્ધ ખર્ચ અને કેન્દ્ર પુરસ્કૃત યોજના સંબંધિત ઘટકો મોટા ભાગે સુરક્ષિત રહ્યા, અંદાજપત્ર જેમાં જોગવાઈઓની નજીક અથવા તેને વટાવીને ઉપયોગ થયો, જે દર્શાવે છે કે આ વિભાગોમાં મર્યાદિત લવચીકતા હતી. તેની સામે, રાજ્ય યોજનાઓ જેઓ કુલ અંદાજપત્રના અડધાથી વધુ ભાગ ધરાવતી હતી પરંતુ તેનો તુલનાત્મક રીતે ઓછો વપરાશ (લગભગ 79 ટકા) નોંધાયો હતો, જેના કારણે તે કુલ બચતમાં મુખ્ય યોગદાનકર્તા બની. પરિણામે, ખર્ચ પ્રોફાઇલ પ્રતિબદ્ધ જવાબદારીઓ તરફ ઝૂકેલી હતી, જે વાસ્તવિક ખર્ચમાં અંદાજપત્ર કરતાં વધુ હિસ્સો ધરાવતી હતી, અને તે સૂચવે છે કે વર્ષ દરમિયાન નાણાકીય સમાયોજન મુખ્યત્વે વૈકલ્પિક રાજ્ય યોજના ખર્ચને નિયંત્રિત કરીને હાંસલ કરવામાં આવ્યો હતો.

### 2.2.2 અંદાજપત્રીય જોગવાઈઓથી વિચલન માટે ખૂટતી/અધૂરી સ્પષ્ટતાઓ

મંજૂર થયેલા અંદાજપત્રની સામે ખર્ચ દર્શાવવા ઉપરાંત, વિનિયોગ હિસાબોમાં અંદાજપત્રીય જોગવાઈઓથી (મૂળ વત્તા પૂરક) નોંધપાત્ર રીતે જુદી પડે છે એવા કેસોમાં સંબંધિત વિભાગો દ્વારા આપવામાં આવેલા સ્પષ્ટીકરણો પણ સામેલ હોય છે. પેટા-સદરના સ્તરે (વિનિયોગનો એકમ) આવા વિચલનો માટે કેટલી મર્યાદા વટાવતાં સંબંધિત વિભાગો દ્વારા સ્પષ્ટીકરણ જરૂરી છે તે રાજ્યની જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવે છે.

પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક), વિભાગોના નિયંત્રણ અધિકારીઓને વિનિયોગ હિસાબોનો મુસદ્દો પુરો પાડે છે અને જાહેર હિસાબ સમિતિ દ્વારા નિયત મર્યાદાઓ મુજબ મંજૂર થયેલી અંદાજપત્રીય ફાળવણીઓના સંદર્ભમાં ખર્ચમાં વિચલનો માટેના કારણો/સ્પષ્ટીકરણોની માંગે છે. ઓક્ટોબર 1994 માં જાહેર હિસાબ સમિતિ દ્વારા નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ ***પરિશિષ્ટ 2.2*** માં દર્શાવી છે. ત્યારબાદ મર્યાદાઓમાં કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. પેટા-સદરોની કુલ સંખ્યા, વિચલનો માટે સ્પષ્ટીકરણ જરૂરી હોય એવા પેટા-સદરોની સંખ્યા અને જ્યાં સ્પષ્ટીકરણો પ્રાપ્ત થયા હતા એવા પેટા-સદરોની સંખ્યા **આલેખ 2.5** માં દર્શાવવામાં આવી છે.

**આલેખ 2.5: અંદાજપત્રીય ફાળવણીની સામે સ્પષ્ટીકરણ ન થયેલા ફેરફારોનો સારાંશ**




સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો અને પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ગુજરાતની કચેરી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી.

નાણાં (6 પેટા-સદરો), ગુજરાત વિધાનસભા સચિવાલય (1 પેટા-સદર), આરોગ્ય અને પરિવાર કલ્યાણ (1 પેટા-સદર), મહેસૂલ (2 પેટા-સદરો), માર્ગ અને મકાન (4 પેટા-સદરો), સામાજિક ન્યાય અને અધિકારિતા (3 પેટા-સદરો) અને આદિજાતિ વિકાસ (2 પેટા-સદરો) વિભાગોએ વિચલનો માટે સ્પષ્ટીકરણો પૂરા પાડ્યાં ન હતાં.

## 2.3 અંદાજપત્રીય લક્ષ્યવેધ

અંદાજપત્રીય લક્ષ્યવેધ એટલે વાસ્તવિક આવક અને ખર્ચ સામે મહેસૂલ અને ખર્ચના અંદાજપત્રીય અનુમાનો વચ્ચેના સંબંધોની તપાસ કરવી. વિશ્વ બેંકનું જાહેર ખર્ચ અને નાણાકીય જવાબદારી (PEFA) એકંદર ખર્ચનું પરિણામ અને ખર્ચની રચનાના પરિણામની દ્રષ્ટિએ અંદાજપત્રની વિશ્વસનિયતાને માપે છે.

### ખર્ચની રચનાનું પરિણામ

ખર્ચની રચનાનું પરિણામ અમલીકરણ દરમિયાન મુખ્ય અંદાજપત્રીય શ્રેણીઓ વચ્ચે પુનઃ ફાળવણીઓએ ખર્ચની રચનામાં વિસંગતિમાં કેટલા પ્રમાણમાં ફાળો આપ્યો છે તે માપે છે.

અનુદાન/વિનિયોગ, વધારા, અને બચતનું વર્ષવાર વિશ્લેષણ રાજ્ય દ્વારા અંદાજપત્રના અમલીકરણ અને નાણાકીય વ્યવસ્થાપનની કાર્યક્ષમતા મૂલવવામાં ઉપયોગી આંતરસૂઝ આપે છે. તે **આલેખ 2.6 માં** દર્શાવાયું છે.

**આલેખ 2.6: વર્ષવાર અનુદાનો, વધારા અને બચતો**




સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો

છેલ્લા પાંચ વર્ષ દરમિયાન 2024-25માં નિયમિતીકરણ જરૂરી એવા અનુદાનો/વિનિયોગોની સંખ્યા સૌથી ઓછી હતી. નિયમિતીકરણ જરૂરી હોય એવી રકમો અંગે આ પ્રકરણના આગળના ફકરાઓમાં ચર્ચા કરવામાં આવી છે.

**કોષ્ટક 2.6: 2024-25 દરમિયાન ખર્ચ રચનામાં કુલ વિચલન**

*(₹ કરોડમાં)*

| અનુભાગ | અંદાજપત્ર અંદાજો અને વાસ્તવિક ખર્ચ (*ટકાવારી*)માં કુલ વિચલન | વિચલનનો પરિસર (*ટકાવારી*) | અનુદાનની સંખ્યા |
|---|---|---|---|
| આવક (મતપાત્ર) | (-)8.39 | 0 to ± 25 | 71 |
| | | ± 25 to ± 50 | 17 |
| | | ± 50 to ± 100 | 7 |
| | | ≥ 100 | 1 |
| મૂડી (મતપાત્ર) | (-)11.69 | 0 to ± 25 | 29 |
| | | ± 25 to ± 50 | 10 |
| | | ± 50 to ± 100 | 27 |
| | | ≥ 100 | 3 |
| આવક (બિન-મતપાત્ર) | (-)6.58 | 0 to ± 25 | 17 |
| | | ± 25 to ± 50 | 1 |
| | | ± 50 to ± 100 | 13 |
| | | ≥ 100 | 3 |

| અનુભાગ | અંદાજપત્ર અંદાજો અને વાસ્તવિક ખર્ચ (*ટકાવારી*)માં કુલ વિચલન | વિચલનનો પરિસર (*ટકાવારી*) | અનુદાનની સંખ્યા |
|---|---|---|---|
| મૂડી (બિન-મતપાત્ર) | (+)0.12 | 0 to ± 25 | 4 |
| | | ± 25 to ± 50 | 0 |
| | | ± 50 to ± 100 | 6 |
| | | ≥ 100 | 0 |
| **કુલ** | | | **209** |

સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો

* સુધારેલી જોગવાઈ કરતાં વાસ્તવિક ખર્ચ વધ્યો હોય તે વધારાને (+) આંક તરીકે દર્શાવવામાં આવે છે અને સુધારેલી જોગવાઈ કરતાં વાસ્તવિક ખર્ચ ઓછો હોય તે ઘટને (-) આંક તરીકે દર્શાવવામાં આવે છે.

ઉપરોક્ત કોષ્ટક સૂચવે છે કે 2024-25 દરમિયાન, ઘણા અનુદાનોમાં વાસ્તવિક ખર્ચ અંદાજપત્ર અંદાજોથી વિચલિત રહ્યા હતા, જેમાં આવક (મતપાત્ર), મૂડી (મતપાત્ર), અને આવક (બિન-મતપાત્ર) વિભાગોમાં કુલ ઘટાડો નોંધાયો હતો, જ્યારે મૂડી (બિન-મતપાત્ર) વિભાગનો વાસ્તવિક ખર્ચ મોટા ભાગે અંદાજ સાથે સુસંગત રહ્યો હતો. જો કે ઘણા અનુદાનો મધ્યમ વિચલન પટ્ટીમાં, એટલે કે ±25 ટકા સુધી, આવ્યા હતા, તેમ છતાં નોંધપાત્ર સંખ્યાના અનુદાનોમાં, ખાસ કરીને મૂડી (મતપાત્ર) અને આવક (બિન-મતપાત્ર) હેઠળ, ±50 ટકા થી ઊંચા વિચલનો જોવા મળ્યા હતા, જે ક્ષેત્રો વચ્ચે ખર્ચ કરવાની કામગીરીમાં અસમાનતા દર્શાવે છે અને અનુદાન-સ્તરના અંદાજપત્ર બનાવવામાં ચોકસાઈ તથા વર્ષ દરમ્યાનના ખર્ચ નિયંત્રણ પદ્ધતિમાં સુધારાની શક્યતા સૂચવે છે.

## 2.4 વિનિયોગ હિસાબો

વિનિયોગ હિસાબો ભારતના બંધારણ ની કલમ 204 હેઠળ પસાર કરવામાં આવેલા વિનિયોગ અધિનિયમને સંલગ્ન અનુસૂચિઓમાં નિર્દિષ્ટ જુદા જુદા હેતુઓ માટે મતપાત્ર અનુદાનો અને બિન-મતપાત્ર વિનિયોગોની તુલનાએ નાણાકીય વર્ષ માટે સરકારના ખર્ચની વિગતો પુરી પાડે છે. આ હિસાબો મૂળ અંદાજપત્રીય જોગવાઈઓની સામે વાસ્તવિક ખર્ચ, પૂરક અનુદાનો, પરતસોંપણીઓ અને પુનર્વિનિયોગ એકંદર ધોરણે સ્પષ્ટરૂપે દર્શાવે છે.

નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા વિનિયોગનુ ઑડિટ એ સુનિશ્ચિત કરવા માગે છે કે જુદા જુદા અનુદાનોમાંથી ખરેખર કરવામાં આવેલો ખર્ચ વિનિયોગ અધિનિયમ હેઠળ આપવામાં આવેલી અધિકૃતતા મુજબ હતા અને એ પણ કે બંધારણની જોગવાઈઓ (કલમ 202) હેઠળ જે ખર્ચ બિન-મતપાત્ર હતો તે એ જ રીતે કરવામાં આવ્યો છે. તે એવી પણ ખાતરી કરે છે કે આ રીતે કરવામાં આવેલો ખર્ચ કાયદા, સંબંધિત નિયમો, નિયમનો અને સૂચનાઓ સાથે સુસંગત છે.

## 2.5 અંદાજપત્રીય અને હિસાબી પ્રક્રિયા

### 2.5.1 અધિક ખર્ચ અને તેનું નિયમિતકરણ

ભારતના બંધારણની કલમ 204 અનુસાર, રાજ્ય સરકાર દ્વારા આ કલમની જોગવાઈ અનુસાર કાયદા દ્વારા વિનિયોગ કરવામાં આવ્યો હોય એ સિવાય એકત્રિત નિધિમાંથી કોઇ નાણા ઉપાડી શકાય નહીં. વધુમાં, ભારતના બંધારણની કલમ 205 મુજબ, રાજ્ય સરકાર માટે રાજ્ય વિધાનસભા દ્વારા અનુદાનો/વિનિયોગો કરતાં અધિક ખર્ચનું નિયમિતિકરણ કરાવવું ફરજિયાત છે. જો કે, આ કલમ હેઠળ ખર્ચના નિયમિતિકરણ માટે કોઈ સમય મર્યાદા નિર્ધારિત કરવામાં આવી નથી, છતાં, જાહેર હિસાબ સમિતિ દ્વારા વિનિયોગ હિસાબોની ચર્ચા પૂર્ણ થયા પછી અધિક ખર્ચનું નિયમિતિકરણ કરવામાં આવે છે.

### ક) ચાલુ વર્ષ દરમિયાનનો અધિક ખર્ચ

2024-25 દરમિયાન, ત્રણ અનુદાનો/વિનિયોગોમાં ₹ 584.74 કરોડનો અધિક ખર્ચ થયો હતો જેને નિયમિત કરવા માટે રાજ્ય વિધાનસભાની મંજૂરી જરૂરી હતી **(કોષ્ટક 2.7).**

**કોષ્ટક 2.7: 2024-25 દરમિયાન જોગવાઈ કરતાં અધિક ખર્ચ જેના માટે નિયમિતકરણ જરૂર છે**

*(₹ કરોડમાં)*

| અનુદાન નં. | અનુદાનનું નામ | કુલ અનુદાન | ખરેખર ખર્ચ | વધારાનો ખર્ચ |
|---|---|---|---|---|
| **મહેસૂલ મતપાત્ર** | | | | |
| 85 | રહેણાંક મકાનો | 286.81 | 380.75 | 93.94 |
| 86 | માર્ગો અને પુલો | 2,939.42 | 3,390.83 | 451.41 |
| **મૂડી બિન-મતપાત્ર** | | | | |
| 20 | નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ | 29,086.38 | 29,125.77 | 39.39 |
| **કુલ** | | | | **584.74** |

સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો.

જોગવાઈ કરતાં ₹ 584.74 કરોડનો અધિક ખર્ચનું નિયમિતકરણ વિધાનસભા દ્વારા કરવાની જરૂર છે.

### ખ) અગાઉના નાણાકીય વર્ષોના ખર્ચનું નિયમિતકરણ

નાણાકીય વર્ષ 2011-12 અને નાણાકીય વર્ષ 2014-15 થી 2022-23 ના સમયગાળા દરમિયાન કરવામાં આવેલો ₹ 11,065.30 કરોડનો અધિક ખર્ચ રાજ્ય વિધાનસભા દ્વારા નિયમિત કરવાનો હજી બાકી છે. નિયમિત કરવા જરૂરી છે એવા અગાઉના નાણાકીય વર્ષોના અધિક ખર્ચની વિગતો ***પરિશિષ્ટ 2.3*** માં દર્શાવી છે.

અધિક ખર્ચના હાલના તમામ કેસોને નિયમિત કરાવવાની જરૂર છે.

### 2.5.2 કેટલાક અનુદાનોમાં સતત અધિક ખર્ચ

જાહેર હિસાબ સમિતિની અધિક ખર્ચના કેસો ઓછા કરવા માટે ભલામણ હોવા છતાં એક અનુદાનમાં સતત અધિક ખર્ચ ધ્યાન પર આવ્યો હતો. આ અધિક ખર્ચ અંદાજપત્ર તૈયાર કરતી વખતે અયોગ્ય અંદાજોના કારણે હોઇ શકે, જે વધુ અસરકારક અંદાજપત્ર નિયંત્રણ અને અંદાજપત્ર અંદાજ વાસ્તવિક આધાર પર તૈયાર કરવાની જરૂરિયાત દર્શાવે છે.

ઑડિટે અનુદાન નં. 85 (મહેસૂલ મતપાત્ર) માં 2023-24 અને 2024-25 દરમિયાન સતત અધિક ખર્ચ જોયો હતો. છેલ્લા બે વર્ષ (2019-24) દરમિયાન અંદાજપત્ર તૈયાર કરતી વખતે અયોગ્ય અંદાજોના કારણે અધિક ખર્ચની વિગતો **કોષ્ટક 2.8** માં આપી છે.

**કોષ્ટક 2.8: 2023-25 દરમિયાન સતત અધિક ખર્ચ**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | અનુદાન/વિનિયોગનું વર્ણન | | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|
| 1 | અનુદાન નં. 85 – રહેણાંક મકાનો (મહેસૂલ મતપાત્ર) | અનુદાન | 311.75 | 286.81 |
| | | ખર્ચ | 312.53 | 380.75 |
| | | અધિક | 0.78 | 93.94 |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો.

2023-25 દરમિયાન, પેટા-સદર 'બાંધકામ' અને 'પ્રમાણસર તબદીલ થયેલ ખર્ચ' હેઠળ અધિક ખર્ચ ધ્યાન પર આવ્યો હતો.

### 2.5.3 અનાવશ્યક પૂરક અનુદાન

સંવિધાનની કલમ 205 મૂળ જોગવાઈઓ કરતાં વધુ જરૂરીયાતો પૂરી કરવા માટે પૂરક અથવા વધારાનું અનુદાન અથવા વિનિયોગની જરૂરીયાત નક્કી કરે છે.

વર્ષ 2024-25 દરમ્યાન 10 અનુદાન/ વિનિયોગ માં કુલ ₹ 1,834.97 કરોડની પૂરક જોગવાઈ (દરેક કેસમાં ₹ 10 કરોડ અથવા વધુ) કરવામાં આવી હતી, જે અનાવશ્યક સાબિત થઈ હતી. આ 10 કેસમાં થયેલો ખર્ચ **કોષ્ટક 2.9** માં દર્શાવ્યા મુજબ મૂળ જોગવાઈના સ્તર સુધી પણ પહોંચ્યો ન હતો:

**કોષ્ટક 2.9: 2024-25 દરમિયાન પૂરક જોગવાઈ (દરેક કેસમાં ₹ 10 કરોડ અથવા વધુ) બિનજરૂરી સાબિત થઇ**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | અનુદાનનું નામ અને નંબર | મૂળ જોગવાઈ | ખરેખર ખર્ચ | મૂળ જોગવાઈમાંથી ખર્ચ | બિનજરૂરી પૂરક જોગવાઈ |
|---|---|---|---|---|---|
| **મહેસૂલ-મતપાત્ર** | | | | | |
| 1 | 40-પરિવાર કલ્યાણ | 4,819.37 | 4,758.97 | 60.40 | 44.27 |
| 2 | 79-કુદરતી આફતના હિસાબે રાહત | 2,709.63 | 2,544.16 | 165.47 | 1,249.30 |

| ક્રમાંક | અનુદાનનું નામ અને નંબર | મૂળ જોગવાઈ | ખરેખર ખર્ચ | મૂળ જોગવાઈમાંથી ખર્ચ | બિનજરૂરી પૂરક જોગવાઈ |
|---|---|---|---|---|---|
| 3 | 90-વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગને લગતું અન્ય ખર્ચ | 1,555.64 | 1,511.87 | 43.77 | 21.52 |
| 4 | 95-અનુસૂચિત જાતિ પેટા યોજના | 3,793.47 | 3,609.42 | 184.05 | 117.10 |
| 5 | 102-શહેરી વિકાસ | 8,042.26 | 7,290.05 | 752.21 | 130.97 |
| 6 | 106-મહિલા અને બાળ વિકાસ વિભાગને લગતુ અન્ય ખર્ચ | 5,417.11 | 5,224.41 | 192.70 | 182.33 |
| **મહેસૂલ બિન-મતપાત્ર** | | | | | |
| 7 | 9-શિક્ષણ | 208.13 | 193.54 | 14.59 | 10.52 |
| 8 | 60-ન્યાયતંત્રનો વહીવટ | 252.85 | 197.65 | 55.20 | 21.02 |
| **મૂડી-મતપાત્ર** | | | | | |
| 9 | 39-તબીબી અને જાહેર આરોગ્ય | 3,924.91 | 3,914.96 | 9.95 | 42.81 |
| 10 | 60-ન્યાયતંત્રનો વહીવટ | 40.97 | 13.17 | 27.80 | 15.13 |
| | **કુલ** | **30,764.34** | **29,258.20** | **1,506.14** | **1,834.97** |

સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો.

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે 2024-25 દરમિયાન, 10 અનુદાનોમાં ₹ 1,834.97 કરોડની પુરક જોગવાઈઓ કરવામાં આવી હતી, છતાં આ કેસોમાંમાં મૂળ જોગવાઈઓ જેટલો વાસ્તવિક ખર્ચ કરી શકાયો ના હતો, પરિણામે મૂળ અંદાજપત્ર સામે ₹ 1,506.14 કરોડની બચત થઈ હતી.

આ ઉદાહરણો મહેસૂલ (મતપાત્ર), આવક (મતાધિકૃત), મહેસૂલ (બિન-મતપાત્ર), અને મૂડી (મતપાત્ર) વિભાગોમાં જોવા મળ્યા હતા, જેમાં કુદરતી આફત અંગે રાહત, શહેરી વિકાસ, અને મહિલા અને બાળ વિકાસ સંબંધિત અનુદાનોમાં પ્રમાણમાં વધારે રકમ નોંધાઈ હતી. આ ભાત દર્શાવે છે કે વર્ષ દરમિયાન વણવપરાયેલ મૂળ ભંડોળ ઉપલબ્ધ હોવા છતાં વધારાની જોગવાઈઓ કરવામાં આવી હતી.

### 2.5.4 ભંડોળનો અનુચિત પુનર્વિનિયોગ

પુનર્વિનિયોગ એ વિનિયોગના એક એકમ જેમાં બચતની ધારણા હોય તેમાંથી અનુદાનની અંદર અન્ય એકમ જેમાં અધિક ભંડોળની જરૂર લાગતી હોય તેમાં ભંડોળની તબદીલી છે. 2024-25 દરમ્યાન, 63 અનુદાન હેઠળ ₹ 13,403.17 કરોડની રકમના પુનર્વિનિયોગના હુકમો કરવામાં આવ્યા હતા. તમામ પુનર્વિનિયોગના હુકમો 31 માર્ચ 2025 ના રોજ જારી કરવામાં આવ્યા હતા.

ત્રણ પેટા સદરોમાં, મૂળ જોગવાઈઓમાંથી ₹ 20.32 કરોડની (દરેક કેસમાં ₹ બે કરોડથી વધુ) બચત થઇ હતી. જો કે, આ ત્રણ પેટા-સદરોમાં ₹ 25.90 કરોડનો પુનર્વિનિયોગ દ્વારા કરવામાં આવેલો વધારો બિનજરૂરી પુરવાર થયો હતો, કારણ કે **કોષ્ટક 2.10** માં આપેલી વિગતો મુજબ ખર્ચ મૂળ અંદાજપત્રની જોગવાઈના સ્તર સુધી પહોંચ્યો ન હતો. બીજી બાજુ, બે પેટા-સદરોમાં (**કોષ્ટક 2.10** ના ક્રમાંક 4 અને

5), મૂળ જોગવાઈ કરતાં ₹ 4.85 કરોડનો વધારો હતો. આમ છતાં, આ બે પેટા-સદરોમાં પુનર્વિનિયોગ દ્વારા ₹ 10.26 કરોડની જોગવાઈનો ઘટાડો અનુચિત સાબિત થયો હતો.

**કોષ્ટક 2.10: 2024-25 દરમિયાન ભંડોળનો બિનજરૂરી પુનર્વિનિયોગ**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | અનુદાન નંબર | નામકરણ અને વર્ગીકરણ | મૂળ + પૂરક જોગવાઈ | પુનર્વિનિયોગ | વાસ્તવિક ખર્ચ | બચત (-) / અધિક (+) |
|---|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 (6-4) |
| **જોગવાઈમાં વધારો અનુચિત સાબિત થયો** | | | | | | |
| 1 | 0095 | 2702.02.789.01 ટપક સિંચાઈ ગુજરાત હરિત ક્રાંતિ કંપની લી ને હિસ્સો-રાટીય કૃષિ વિકાસ યોજના – દરેક ટીંપે વધુ પાક (કેન્દ્રીય હિસ્સો 60 ટકા ) | 32.96 | (+)6.39 | 15.29 | (-)24.06 |
| 2 | 0095 | 2702.02.789.02 ટપક સિંચાઈ ગુજરાત હરિત ક્રાંતિ કંપની લી ને હિસ્સો-રાટીય કૃષિ વિકાસ યોજના - દરેક ટીંપે વધુ પાક (રાજ્યનો હિસ્સો 40 ટકા ) | 12.31 | (+)4.26 | 10.19 | (-)6.38 |
| 3 | 0095 | 3456.00.789.04 અન્ન સલામતી (50 ટકા કેન્દ્ર) | 28.33 | (+)15.25 | 27.79 | (-)15.79 |
| **પુનર્વિનિયોગ હુકમો દ્વારા જોગવાઈનો ઘટાડો કર્યા, પછી ત્યાં વધુ પડતો ખર્ચ થયો** | | | | | | |
| 4 | 0084 | 2059 80 001 01 નિર્દેશન | 33.27 | (-)7.78 | 35.31 | (+)9.82 |
| 5 | 0096 | 2501 05 789 01 પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના – વોટરશેડ ઘટક (રાજ્યનો હિસ્સો 100 ટકા ) | 8.48 | (-)2.48 | 11.29 | (+)5.29 |

સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો.

આ કેસોમાં પુનર્વિનિયોગનો આશરો લેવામાં આવ્યો હતો તે રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રીય ફાળવણી અને તેના વપરાશ પર અપૂરતું આયોજન અને દેખરેખ દર્શાવે છે.

## 2.5.5 વણવપરાયેલી રકમો અને પરતસોંપણી કરેલા વિનિયોગો અને/અથવા મોટી બચતો/ પરતસોંપણી

### 2.5.5.1 અંદાજપત્રીય જોગવાઈઓના ઓછા ઉપયોગના કારણે નોંધપાત્ર બચત

અંદાજપત્ર દરખાસ્તોમાં ખર્ચની ગુણવત્તાને સંતુલિત કરવા અને અંદાજપત્ર ભંડોળનો ઓછો ઉપયોગ ઘટાડવા માટે, બધા જ અંદાજિત ખર્ચને યોગ્ય ખર્ચ સ્તર સુધી શ્રેષ્ઠ બનાવવા માટે પ્રયાસ કરવો જોઈએ. ખર્ચ એકમો દ્વારા સમયસર પરતસોંપણી એ મંજૂર અંદાજપત્રમાં શ્રેષ્ઠ પુનઃવિતરણ માટે એક મહત્વપૂર્ણ પદ્ધતિ છે.

ગુજરાત સરકારના 27 વિભાગો દ્વારા સંચાલિત અનુદાન માટે 108 માંગણીઓ હતી, જે 2024-25 દરમિયાન 209 અનુદાનો/વિનિયોગોમાં[4] પરિણમી હતી.

#### (ક) પરતસોંપણી બાદ બચત

વર્ષ 2024-25 દરમિયાન અનુદાનો અને વિનિયોગોના વિશ્લેષણે દર્શાવ્યું હતું કે એક અનુદાન અને એક વિનિયોગના તેમ બે કેસોમાં **કોષ્ટક 2.11** માં દર્શાવ્યા પ્રમાણે બંને કેસમાં ₹ 100 કરોડથી વધારેની બચત (પરતસોંપણી બાદ) થઇ હતી.

**કોષ્ટક 2.11: 2024-25 દરમિયાન પરતસોંપણી બાદ મોટી બચતો (₹ 100 કરોડથી વધારે) દર્શાવતા અનુદાનો/ વિનિયોગોના પત્રકો**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | અનુદાન નં. | અનુદાન નું નામ | વર્ગીકરણ | કુલ અંદાજપત્ર | વાસ્તવિક ખર્ચ | બચત | પરતસોંપણી | પરતસોંપણી પછી બચત |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 20 | નાણાં વિભાગને લગતું દેવું ભરપાઈ કરવું અને તે અંગે ખર્ચ | મહેસૂલ મતપાત્ર | 28,552.70 | 26,412.68 | 2,140.02 | 1,825.70 | 314.32 |
| 2 | 39 | તબીબી અને જાહેર આરોગ્ય | મહેસૂલ મતપાત્ર | 9,157.91 | 8,942.11 | 215.80 | 0.00 | 215.80 |

સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો.

[4] **અનુદાનઃ** મહેસૂલ મતપાત્ર અને મૂડી મતપાત્ર;
**વિનિયોગ:** મહેસૂલ બિન-મતપાત્ર અને મૂડી બિન-મતપાત્ર.

પરતસોંપણી પછી પણ ₹ 100 કરોડથી વધુની મોટી બચતની ઘટના સૂચવે છે આ અનુદાનમાં, વર્ષ દરમિયાનની ગોઠવણ છતાં પણ, ખર્ચની જરૂરિયાતોનું અંતિમ મૂલ્યાંકન વાસ્તવિક ખર્ચ ક્ષમતા કરતા વધારે હતું. આ સૂચવે છે કે પરતસોંપણી, ખાસ કરીને પ્રતિબદ્ધ જવાબદારીઓ અને મુખ્ય સેવા-વિતરણ ક્ષેત્રોને સંડોવતા ક્ષેત્રોમાં, વર્ષના અંતના વાસ્તવિક ખર્ચ અંદાજો સાથે સંપૂર્ણપણે સુસંગત ન હતા. આ નાણાકીય વર્ષના ઉત્તરાર્ધમાં ખર્ચના વલણોનું નજીકથી નિરીક્ષણ કરવાની માંગ કરે છે.

વધુમાં એવું ધ્યાનમાં આવ્યું હતું કે **કોષ્ટક 2.12** માં આપેલ એક અનુદાનમાં, વર્ષ 2024-25 દરમિયાન કુલ અનુદાન (₹ 10 કરોડથી વધુ) ની સરખામણીમાં કોઈ ખર્ચ થયો ન હતો.

**કોષ્ટક 2.12: નાણાંકીય વર્ષ 2024-25 દરમિયાન પૂરેપૂરું વણવપરાયેલ અનુદાન**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | અનુદાનનું નામ અને નંબર | રકમ |
|---|---|---|
| 1 | 75-બંદરો અને વાહન વ્યવહાર વિભાગને લગતું અન્ય ખર્ચ (મૂડી-મતપાત્ર) | 15.43 |

સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો.

### (ખ) સતત બચતો

વધુમાં એવું જોવામાં આવ્યું હતું કે 18 અનુદાન હેઠળના 19 કેસોમાં, 2022-23 થી 2024-25 દરમિયાન, દરેક કેસમાં (***પરિશિષ્ટ 2.4***) સતત ₹ 100 કરોડ રૂપિયાથી વધુની બચત થઈ હતી.

સામાન્ય વહીવટ વિભાગ અને નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના અનુદાનોની સમીક્ષા દરમિયાન, ***પરિશિષ્ટ 2.5*** માં બતાવ્યા પ્રમાણે પેટા-સદરોમાં સતત બચત જોવા મળી હતી. ઑડિટે અવલોકન કર્યું કે વિભાગોએ નીચેની બાબતોનું યથોચિત ધ્યાન રાખીને તેમના અંદાજપત્રનું આયોજન કરવાની જરૂર છે:

- *ખાલી જગ્યાઓ*: ગુજરાત અંદાજપત્ર નિયમાવલીના ફકરા 38 મુજબ, વિભાગે ખાલી જગ્યાઓને કારણે અંદાજિત ખર્ચના 50 ટકા માટે જ અંદાજપત્ર જોગવાઈ કરવી જોઈએ. આ સૂચનાનું પાલન કરવાની જરૂર છે.
- *ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ/ બેંકોમાં વણવપરાયેલ ભંડોળનું રોકાણ*: અનુગામી અનુદાન યોગ્ય સ્વરૂપમાં વપરાશી પ્રમાણપત્રો અને સહાયક દસ્તાવેજો પ્રાપ્ત થયા પછી જ આપવું જોઈએ.
- *જમીન સંપાદનમાં વિલંબ*: જ્યાં પણ જમીન સંપાદન પ્રગતિમાં હોય, ત્યાં અંદાજપત્ર અંદાજમાં ટોકન જોગવાઈ કરી શકાય છે જેને જમીન સંપાદનને અંતિમ સ્વરૂપ આપવામાં આવે ત્યારે પૂરક જોગવાઈ કરીને વધારી શકાય છે.

### (ગ) અંદાજપત્રીય ફાળવણીના વપરાશની ટકાવારી

2024-25 દરમિયાન કુલ બચતની સાથે અંદાજપત્રીય ફાળવણીના વપરાશની ટકાવારી મુજબ સમૂહિત અનુદાનો/વિનિયોગોની વિગતો **આલેખ 2.7** માં દર્શાવી છે.

**આલેખ 2.7: 2024-25 દરમિયાન કુલ બચતની સાથે અંદાજપત્ર ફાળવણીના વપરાશના ટકા મુજબ સમુહિત અનુદાનો/વિનિયોગો**




સ્રોત: 2024-25 ના વિનિયોગ હિસાબો.

નકારાત્મક (-) આંકડા અંદાજપત્રીય જોગવાઈ કરતાં અધિક ખર્ચ દર્શાવે છે.

ઉપરોક્ત **આલેખ 2.7** પરથી જોઈ શકાય છે એ મુજબ, 2024-25 દરમિયાન, 47 અનુદાનો/ વિનિયોગોમાં અંદાજપત્રીય ફાળવણીના 50 ટકા કરતાં ઓછો વપરાશ દર્શાવ્યો હતો, જેણે 209 અનુદાનો/વિનિયોગો પૈકી 206 માં એકંદર ₹ 38,677.65 કરોડની બચતમાં ₹ 10,616.51 કરોડનું યોગદાન આપ્યું હતું. આમ, આંકડાઓ દર્શાવે છે કે 2024-25 દરમિયાન પરતસોંપણી કરવામાં આવી હતી; તેમ છતાં, કેટલાક અનુદાનોમાં વાસ્તવિક ખર્ચ વર્ષ અંતે ઉપલબ્ધ જોગવાઈ કરતાં ઓછો રહ્યો હતો, જેના પરિણામે બચત થઈ હતી.

### (ઘ) પરતસોંપણી ન કરાયેલી બચત

જે બચતની આદર્શ રીતે સમયસર પરતસોંપણી કરવી જોઈએ, તેને રાખી મૂકવાથી કોઈ હેતુ સિદ્ધ થતો નથી. આ કારણસર, જે વિનિયોગો વણવપરાયેલા રહેવાની શક્યતા હોય, તે શક્ય તેટલી વહેલી તકે પરતસોંપણી માટે જણાવવા જોઈએ. જો આમ કરવામાં ન આવે તો, અન્ય ખર્ચ કરનાર વિભાગો આવા ભંડોળથી વંચિત રહે છે જેનો તેઓ ઉપયોગ કરી શક્યા હોત અને તેથી પૂરક અનુદાન માટે ટાળી શકાય એવી માંગણીઓ રજૂ થાય છે. પરતસોંપણીઓ સામાન્ય રીતે માર્ચ મહિનામાં કરવામાં આવે છે, અને કરવામાં આવેલા ખર્ચના આંકડાઓનો કાળજીપૂર્વક અભ્યાસ અને છેલ્લા મહિનાના ખર્ચની પ્રગતિ પર નજર રાખવાથી નિયંત્રણ અધિકારી તેની અંતિમ જરૂરિયાતો યોગ્ય ચોકસાઈ સાથે નક્કી કરી શકે છે.

જ્યારે પરતસોંપણી કરવાની આવશ્યકતા દેખાય, ત્યારે નિયંત્રણ અધિકારીઓએ વર્તમાન ખર્ચ પ્રવૃત્તિઓ અને બાકી પ્રતિબદ્ધતાઓને ધ્યાનમાં રાખીને કાળજીપૂર્વક અંદાજ બાંધવો જોઈએ કે તેઓ કેટલી રકમની પરતસોંપણી કરી શકે છે. ઉદ્દેશ્ય એ હોવો જોઈએ કે ખર્ચને અનુદાનની અંદર જ રાખી શકાય તેટલી જ પરતસોંપણી કરવી જોઈએ.

એવું ધ્યાન પર આવ્યુ હતું કે પાંચ અનુદાનો અને ચાર વિનિયોગો હેઠળ ₹ 283.79 કરોડ જેટલી રકમની બચતોની પરતસોંપણી કરવામાં આવી જ ન હતી (***પરિશિષ્ટ 2.6***).

### 2.5.6 મૂડી ખર્ચ અને મહેસૂલી ખર્ચ વચ્ચે ખોટું વર્ગીકરણ

સરકારી હિસાબી નિયમો, 1990 ના નિયમ 30 મુજબ માત્ર જે ખર્ચ મૂર્ત, ભૌતિક અને કાયમી સંપત્તિઓની રચનામાં પરિણમે છે, તેને જ મૂડી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવો જોઈએ. ત્યારબાદના જાળવણી, સમારકામ પરના ખર્ચ અને કાર્યકારી ખર્ચ, જે અસ્ક્યામતોને ચાલુ હાલતમાં રાખવા માટે જરૂરી હોય, તેમજ સંસ્થાના રોજિંદા સંચાલન માટે થતા અન્ય તમામ ખર્ચ, જેમાં સ્થાપના અને વહીવટી ખર્ચનો સમાવેશ થાય છે, તેને મહેસૂલ ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે. મૂડી અને મહેસૂલ ખર્ચ હિસાબોમાં અલગ દર્શાવવામાં આવે છે.

વધુમાં, દર વર્ષે નાણા વિભાગ દ્વારા જારી કરવામાં આવતા અંદાજપત્ર તૈયાર કરવા બાબતના પરિપત્રો સ્પષ્ટપણે જણાવે છે કે હેતુ સદરો 0100-પગાર, 0400-પેન્શન અંગેનું ખર્ચ, 1100-સ્થાનિક પ્રવાસ ખર્ચ, 1300-કચેરી ખર્ચ, 1400-ભાડા, દર અને કર, 2100-પુરવઠો અને માલસામાન, 2200- હથિયાર અને શસ્ત્રો, 2800-વ્યવસાયિક સેવાઓ અને 5000-અન્ય ખર્ચ મહેસૂલ ખર્ચ માટે છે, અને જરૂરી જોગવાઈ મહેસૂલ મુખ્ય સદરો હેઠળ કરવાની હોય છે.

2024-25 ના અંદાજપત્રીય દસ્તાવેજો અને નોંધવામાં આવેલા ખર્ચની ચકાસણીમાં એવું જોવામાં આવ્યુ હતું કે ₹ 595.76 કરોડની મૂળ જોગવાઈ અને ₹ 454.13 કરોડના ખર્ચની નોંધ મૂડી ખર્ચ હેઠળ આ હેતુ સદરોમાં કરવામાં આવ્યો હતો. આ ખોટા વર્ગીકરણથી વર્ષ 2024-25 માટેના નાણાકીય હિસાબોના પત્રકો 4, 5, 7, 15, 16 ને અસર થઇ હતી, કારણ કે મૂડી ખર્ચ વધારે દર્શાવવામાં આવ્યો હતો અને એટલા પ્રમાણમાં મહેસૂલી ખર્ચ ઓછો દર્શાવવામાં આવ્યો હતો. 2024-25 દરમિયાન, વન અને પર્યાવરણ; તથા નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગોએ અનુદાન 26, 65, 66 અને 96 માં પગાર ખર્ચ મૂડી ખર્ચ હેઠળ બુક કર્યો હતો. આ વિભાગોના કેસમાં મૂડી ખર્ચ હેઠળ પગારની ચાલુ જોગવાઈની સમીક્ષા કરવાની જરૂર છે.

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગે જણાવ્યું હતું (સપ્ટેમ્બર 2025) કે જળ સંપત્તિ વિભાગે 2025-26 દરમિયાન પગારને યોગ્ય મહેસૂલ મુખ્ય સદર હેઠળ અંદાજપત્રિત કરેલ છે, જ્યારે નર્મદા વિભાગ 2026-27 ના અંદાજપત્ર અંદાજમાં સુધારો કરશે.

### 2.5.7 અંદાજપત્રમાં મુખ્ય નીતિગત જાહેરાતો અને તેનું અમલીકરણ સુનિશ્ચિત કરવા માટે વાસ્તવિક ભંડોળ

સરકાર દ્વારા પ્રજા માટે ઘણી નીતિગત પહેલ હાથ ધરવામાં આવે છે. આ નીતિગત પહેલો વહીવટી મંજૂરી, અંદાજપત્ર વિમોચન કરવું વગેરેના અભાવે યોજનાની માર્ગદર્શિકા/કાર્યપધ્ધતિની મંજૂરી બાદ જ હાથ ધરી શકાય છે.

વર્ષ 2024-25 માટે નાણાકીય હિસાબોના ભાગ-2 ના ***પરિશિષ્ટ XI*** માં વર્ષ દરમિયાન લેવામાં આવેલા મુખ્ય નીતિગત નિર્ણયો અથવા બજેટમાં પ્રસ્તાવિત નવી યોજનાઓની વિગતો આપવામાં આવી છે. 2024-25 દરમિયાન, રાજ્ય સરકાર દ્વારા વિવિધ વિભોગો હેઠળ 48 નવી યોજનાઓ/મુખ્ય નીતિગત જાહેરાતો કરવામાં આવી હતી (**આલેખ 2.8**), જેમાંથી 39 યોજનાઓ વર્ષ દરમિયાન અમલમાં મૂકવામાં આવી હતી.

**આલેખ 2.8: 2024-25 દરમિયાન અંદાજપત્રમાં પ્રસ્તાવિત નીતિવિષયક ફેરફારો**




સ્રોત: 2024-25 ના નાણાંકીય હિસાબોનું *પરિશિષ્ટ XI.*

એવું નોંધવામાં આવ્યું હતું કે નવ યોજનાઓમાં કોઈ ખર્ચ થયો ન હતો જેમાં ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ, આદિજાતિ વિકાસ, શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગોના દરેકના કેસમાં બે-બે યોજનાઓ અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર, નાણાં અને વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગોના દરેકના કેસમાં એક-એક યોજના સામેલ હતી. અમલમાં મૂકાયેલી 39 યોજનાઓમાંથી 10 યોજનાઓમાં 50 ટકા કરતાં વધુ બચત જોવા મળી હતી.

### 2.5.7.1 અંદાજપત્રમાં નવી બાબતોનો અમલ

ગુજરાત બજેટ મેન્યુઅલ, ૧૯૮૩ ના ફકરા ૭૮ માં જણાવે છે કે દરેક પ્રગતિશીલ વહીવટીતંત્રમાં, સરકારી પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવાની જરૂર હોય છે અને તેથી દર વર્ષે સરકાર સ્થાયી ખર્ચ ઉપરાંત કરવાના નવા ખર્ચનો પ્રસ્તાવ મૂકે છે, જેને નવા ખર્ચ અથવા નવી સેવા પર ખર્ચ તરીકે દર્શાવવામાં આવે છે. આમ, કોઈ સેવાને નવી બાબત તરીકે જાહેર કરવા માટે તેનું મુખ્ય માપદંડ ખર્ચનું કદ અને મહત્વ હશે.

સામાન્ય વહીવટ અને નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગોના અનુદાન ઑડિટ દરમિયાન નોંધવામાં આવ્યું હતું કે નિર્દિષ્ટ કાર્ય માટે નોંધપાત્ર રકમ આયોજન કરીને અલગ રાખવામાં આવી હોવા છતાં ***પરિશિષ્ટ 2.7*** માં સૂચિબદ્ધ નવી બાબતો 2022-25 દરમિયાન અમલમાં મૂકાઈ ન

હતી. વિભાગે અંદાજપત્રમાં આયોજન કરેલી તમામ નવી બાબતોનું અમલીકરણ સુનિશ્ચિત કરવાની જરૂર છે જેથી ઇચ્છિત લાભ પ્રાપ્ત થઈ શકે.

### 2.5.8 ત્રિમાસિક ખર્ચ મર્યાદાનું પાલન ન કરવું

સામાન્ય નાણાકીય નિયમોના નિયમ 62(3) મુજબ, ખર્ચનો ધસારો, ખાસ કરીને નાણાકીય વર્ષના અંતિમ મહિનાઓમાં, નાણાકીય યોગ્યતાના ભંગ તરીકે ગણાય છે અને તેને ટાળવો જોઈએ.

**કોષ્ટક 2.13: 2024-25 દરમિયાન ખર્ચનો ધસારો**

| | રકમ *(₹ કરોડમાં)* | વર્ષના કુલ ખર્ચની ટકાવારી |
|---|---|---|
| વર્ષનો છેલ્લો ત્રિમાસિક ગાળો (જાન્યુઆરી થી માર્ચ-2025) | 1,15,516.35 | 38.20 |
| વર્ષનો છેલ્લો મહિનો (માર્ચ-2025) | 61,306.42 | 20.27 |
| વર્ષનો છેલ્લો દિવસ (31st માર્ચ 2025) | 1,111.26 | 0.36 |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

વિત્ત વર્ષ 2024-25 દરમિયાન કુલ માસિક આવક (મહેસૂલ આવક, મૂડી આવક અને રોકડ સિલક) અને ખર્ચનું વલણ **આલેખ 2.9** અને **આલેખ 2.10** માં દર્શાવ્યો છે.

2024-25 દરમિયાન રાજ્યની તિજોરીમાં માસિક આવકનો પ્રવાહ અને ચુકવણીઓ **આલેખ 2.9** માં દર્શાવ્યા છે.

**આલેખ 2.9: 2024-25 દરમિયાન આવકોનું (મહિનાવાર) વિશ્લેષણ**

*(₹ કરોડમાં)*




*(આવકના આંકડા રિફંડ બાદના છે)*

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાત દ્વારા આપવામાં આવેલી માહિતી.

ઉપરોક્ત આલેખ દર્શાવે છે કે 2024-25 દરમિયાન રાજ્યની તિજોરીમાં થયેલી આવક મહિના-વાર ભિન્નતા દર્શાવે છે, જે વર્ષ દરમિયાન એકસમાન પ્રવાહને બદલે વધ-ઘટને પ્રતિબિંબિત કરે છે. વધુ આવક કેટલાક મહિનાઓમાં કેન્દ્રિત દેખાય છે, જ્યારે અન્ય મહિનાઓમાં સરખામણીએ આવકનો ઓછો પ્રવાહ જોવા મળ્યો હતો, જે રિફંડ બાદ ચોખ્ખી કર વસૂલાત, તબદીલીઓ અને સમાયોજનોના સમય સાથે સુસંગત છે. એકંદરે, આ વલણ આવકમાં ઋતુગત ભાત સૂચવે છે, જેનો વર્ષ દરમિયાન રોકડ પ્રવાહ વ્યવસ્થાપન અને વિતરણોના સમયનિર્ધારણ પર અસર પડે છે.

**આલેખ 2.10: 2024-25 દરમિયાન ખર્ચાઓનું (મહિનાવાર) વિશ્લેષણ**

*(₹ કરોડમાં)*




*(ખર્ચના આંકડા વસૂલાત બાદના છે)*

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાત દ્વારા આપવામાં આવેલી માહિતી.

**આલેખ 2.10** માં દર્શાવેલ માસિક ખર્ચનું વલણ દર્શાવે છે કે આશરે 60 ટકા ખર્ચ નાણાકીય વર્ષના પહેલા અને છેલ્લા ત્રિમાસિકમાં કરવામાં આવ્યો હતો. આંકડા દર્શાવે છે કે 2024-25 દરમિયાન ખર્ચમાં મહિનાવાર સ્પષ્ટ ફેરફાર જોવા મળ્યો હતો, જેમાં શરૂઆતના મહિનાઓમાં ખર્ચનું સ્તર પ્રમાણમાં ઓછું હતું અને નાણાકીય વર્ષના ઉત્તરાર્ધમાં ક્રમશઃ વધારો થયો હતો. અંતિમ મહિનાઓમાં ખર્ચનું નોંધપાત્ર કેન્દ્રિકરણ જોવા મળે છે, જે સામાન્ય રીતે ઉપલબ્ધ જોગવાઈઓના ઉપયોગ સાથે સંકળાયેલા વર્ષના અંતમાં ખર્ચની ભાતને પ્રતિબિંબિત કરે છે. એકંદરે, આ વર્ષના અંતિમ મહિનાઓમાં મોટા ભાગનો ખર્ચ થતો હોવાનું વલણ પ્રતિબિંબિત કરે છે, જે રોકડ વ્યવસ્થાપન અને વર્ષ દરમિયાન કાર્યક્રમ અમલીકરણના સમયનિર્ધારણ પર અસર કરે છે.

એવા મુખ્ય સદરો જ્યાં કુલ ખર્ચના 75 ટકાથી વધુ ખર્ચ માર્ચ 2025 મહિનામાં કરવામાં આવ્યો હોય, તે ***પરિશિષ્ટ 2.8*** માં દર્શાવ્યા છે.

ઓડિટે વધુમાં નિરીક્ષણ કર્યું કે 172 પેટા-સદરમાં (3121 પેટા-સદરના 6.89 ટકા) ₹ 4,716.48 કરોડનો સમગ્ર ખર્ચ માત્ર માર્ચ 2025 મહિનામાં જ કરવામાં આવ્યો હતો. જેમાં ₹ 10 કરોડ કરતાં વધુ ખર્ચ થયો તેવા 42 પેટા-સદરોની વિગતો ***પરિશિષ્ટ 2.9*** માં દર્શાવેલી છે.

ખર્ચની સ્થિર ગતિ જાળવવી સારા જાહેર નાણાંકીય વ્યવસ્થાપનનો મહત્વપૂર્ણ ઘટક છે કારણ કે તે રાજકોષીય અસંતુલન અને રોકડની તાત્કાલિક અછતને અટકાવે છે. રાજ્ય સરકારે વર્ષ દરમિયાન તબક્કાવાર રીતે ખર્ચને નિયમિત કરવાની દ્રષ્ટિએ ખર્ચ કરવા માટે ત્રિમાસિક ટકાવારીઓ નિર્ધારિત કરી નથી. તમામ અનુદાનોમાં થયેલા ખર્ચની ત્રિમાસિક વિગતો ***પરિશિષ્ટ 2.10*** માં દર્શાવવામાં આવી છે.

## 2.6 પસંદ કરેલ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓનું અમલીકરણ

કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ ભારત સરકારના કાર્યક્રમો છે, જે મુખ્યત્વે કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળિત હોય છે અને રાજ્યો નિર્ધારિત હિસ્સાનું યોગદાન આપે છે તથા અમલીકરણ કરે છે. આ યોજનાઓ આરોગ્ય, શિક્ષણ અને ગ્રામિણ વિકાસ જેવા રાજ્ય યાદીના ક્ષેત્રો પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જેથી સહ-ભંડોળ અને જવાબદારી દ્વારા રાષ્ટ્રીય પ્રાથમિકતાઓને પ્રોત્સાહન મળી શકે.

**કોષ્ટક 2.14: 2024-25 દરમિયાન કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ પર કરેલ ખર્ચ (મૂડી ખર્ચ પણ સામેલ છે)**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | યોજનાનું નામ | કેન્દ્રનો હિસ્સો | | રાજ્યનો હિસ્સો | | એકલ નોડલ એજન્સીના બેંક ખાતામાં સિલક |
|---|---|---|---|---|---|---|
| | | અંદાજપત્ર | વાસ્તવિક | અંદાજપત્ર | વાસ્તવિક | |
| 1 | પ્રધાન મંત્રી આવાસ યોજના – ગ્રામ્ય | 488.07 | 1,302.49 | 323.19 | 885.28 | 1,136.38 |
| 2 | સમગ્ર શિક્ષા | 1,577.13 | 1,245.54 | 1,049.25 | 871.31 | 456.98 |
| 3 | પ્રજનન અને બાળ આરોગ્ય અને આરોગ્ય પ્રણાલી સશક્તિકરણ, રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમ અનેરાષ્ટ્રીય શહેરી આરોગ્ય મિશન માટે લવચીક પૂલ | 930.35 | 1,002.09 | 620.25 | 692.97 | 161.36 |
| 4 | શહેરી કાયાકલ્પ મિશન - 500 શહેરો | 841.40 | 503.25 | 1,158.54 | 290.99 | 43.12 |
| 5 | સ્વચ્છ ભારત મિશન - શહેરી | 183 | 68.92 | 122 | 45.95 | 414.50 |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક), ગુજરાતની કચેરી દ્વારા આપવામાં આવેલી માહિતી.

ઉપરોક્ત કોષ્ટક દર્શાવે છે કે 2024-25 દરમિયાન મુખ્ય કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળના ખર્ચમાં, કાર્યક્રમો વચ્ચે અને કેન્દ્ર તથા રાજ્યના હિસ્સાઓ વચ્ચે, ફેરફાર રહ્યો હતો, જેમાં કેટલીક યોજનાઓમાં

વાસ્તવિક ખર્ચ અંદાજપત્રીય જોગવાઈ કરતાં વધુ રહ્યો હતો અને અન્યમાં ઓછો વપરાશ નોંધાયો હતો. ઉપરોક્ત યોજનાઓમાં, રાજ્ય નોડલ એજન્સીઓના બેન્ક ખાતાઓમાં નોંધપાત્ર સિલક બાકી રહી હતી, જે દર્શાવે છે કે છુટા કરાયેલા ભંડોળનો વર્ષ દરમિયાન સંપૂર્ણપણે ઉપાડ કરવામાં અથવા ખર્ચ કરવામાં આવ્યો નહોતો.

### 2.6.1 એકલ નોડલ એજન્સી

ભારત સરકારના નાણાં મંત્રાલયે દરેક કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળના ભંડોળને દરેક કેન્દ્ર પુરસ્કૃત યોજના દીઠ એકલ નોડલ એજન્સી થકી છુટા કરવા અને તેના વપરાશની દેખરેખ ફરજિયાત કરવા માટે અધ્યાદેશ કર્યો હતો (માર્ચ 2021). દરેક એકલ નોડલ એજન્સી પાસે અધિકૃત અનુસૂચિત વાણિજ્યિક બેંકમાં સમર્પિત બેંક ખાતું હોવું આવશ્યક છે. રાજ્ય સરકારે તેના ખાતામાં આવેલો કેન્દ્રીય હિસ્સો અનુરૂપ રાજ્યના હિસ્સા સહિત સંબંધિત એકલ નોડલ એજન્સીના ખાતામાં તબદીલ કરવાનો રહે છે.

ભારત સરકારના નાણાં મંત્રાલયના પત્ર (16 ફેબ્રુઆરી 2023) મુજબ, રાજ્ય સરકારે તેના ખાતામાં આવેલો કેન્દ્રીય હિસ્સો અનુરૂપ રાજ્યના હિસ્સા સહિત સંબંધિત એકલ નોડલ એજન્સીના ખાતામાં કેન્દ્રીય હિસ્સો મળ્યાના 30 દિવસની અંદર તબદીલ કરવાનો હોય છે. એકલ નોડલ એજન્સીને કેન્દ્રીય હિસ્સો તબદીલ કરવામાં 30 દિવસ કરતાં વધુ વિલંબના કેસમાં, 01 એપ્રિલ 2023 ના અસરથી વિલંબનાં દિવસોની સંખ્યા પર રાજ્ય સરકાર દ્વારા 7 ટકાના દરે વ્યાજ ચૂકવવાનું રહે છે.

જાહેર નાણાકીય વ્યવસ્થાપન પ્રણાલીના એકલ નોડલ એજન્સી 01 અહેવાલ મુજબ, રાજ્ય સરકારે તેની તિજોરી ખાતામાં કેન્દ્રીય હિસ્સા તરીકે ₹ 7,893.84 કરોડ પ્રાપ્ત કર્યા હતા (ભારતીય રિઝર્વ બેંકની મંજૂરી યાદી પ્રમાણે રાજ્ય સરકારને કેન્દ્રીય હિસ્સા તરીકે ₹ 8,575.13 કરોડ પ્રાપ્ત થયા હતા). 31 માર્ચ 2025 સુધી, રાજ્ય સરકારે એકલ નોડલ એજન્સીઓને કેન્દ્રીય હિસ્સાના ₹ 7,655.97 કરોડ (પાછલા વર્ષની રકમ સહિત) અને રાજ્યના હિસ્સાના ₹ 8,487.99 કરોડ તબદીલ કર્યા હતા. વાસ્તવિક ખર્ચના વિગતવાર વાઉચરો અને સહાયક દસ્તાવેજો એકલ નોડલ એજન્સીઓ તરફથી પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરીને મળ્યા ન હતા.

એકલ નોડલ એજન્સીના અહેવાલ પ્રમાણે, 31 માર્ચ 2025 ના રોજ ₹ 5,246.98 કરોડ એકલ નોડલ એજન્સીઓના ખાતામાં વણવપરાયેલા પડયા છે.

વિશ્લેષણ દર્શાવે છે કે રાજ્ય સરકારે 2024-25 દરમ્યાન એકલ નોડલ એજન્સીઓના ખાતાઓમાં નોંધપાત્ર કેન્દ્રિય અને રાજ્યના હિસ્સા તબદીલ કર્યા હોવા છતાં, વર્ષના અંતે ભંડોળનો મોટો હિસ્સો એકલ નોડલ એજન્સીઓના બેંક ખાતાઓમાં વણવપરાયેલો રહ્યો હતો. મોટા પ્રમાણમાં વણવપરાયેલા ભંડોળની હાજરી સાથે, એકલ નોડલ એજન્સીઓ પાસેથી વાસ્તવિક ખર્ચના વિગતવાર વાઉચરો અને સહાયક દસ્તાવેજો પ્રાપ્ત ન થવાને કારણે, કેન્દ્ર પુરસ્કૃત યોજનાના ભંડોળનો ઉપયોગ કેવી રીતે અને ક્યારે થયો તે આંકવું મુશ્કેલ બને છે.

આ ઉપરાંત, એકલ નોડલ એજન્સીઓને ભંડોળ તબદીલ કરવા માટે નક્કી કરેલી સમયમર્યાદાને ધ્યાનમાં લેતા, સિલકનો સંગ્રહ, સમયસર ભંડોળ પ્રવાહ, અસરકારક રોકડ વ્યવસ્થાપન, અને એકલ નોડલ એજન્સીઓ દ્વારા અહેવાલ આપવાની મજબૂત પદ્ધતિનું મહત્વ દર્શાવે છે, જેથી છુટા કરાયેલા ભંડોળો વાસ્તવિક કાર્યક્રમ ખર્ચમાં રૂપાંતરિત થાય છે તેની ખાતરી થઈ શકે.

### 2.6.2 એકલ નોડલ એજન્સી – SPARSH

કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ હેઠળ છુટા થયેલા ભંડોળની ઉપલબ્ધતા અને વપરાશ પર દેખરેખ વધારવા માટે, ભારત સરકારના વ્યય વિભાગે ભંડોળ પ્રવાહ પ્રક્રિયાઓ માટે સુધારેલી માર્ગદર્શિકાઓ રજૂ કરી હતી. આ માર્ગદર્શિકાઓ ચુકવણીઓ માટે 'just-in-time છુટા કરવા' ના સિદ્ધાંતો અમલમાં મૂકવાનો હેતુ ધરાવે છે, જેથી, કેન્દ્ર અને રાજ્ય, બંને સ્તરે વધુ કાર્યક્ષમ રોકડ વ્યવસ્થાપન સુનિશ્ચિત થાય. આ પ્રયાસના ભાગરૂપે, વૈકલ્પિક ભંડોળ પ્રવાહ વ્યવસ્થા, SNA-SPARSH – કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓના ભંડોળની સંકલિત અને ઝડપી તબદીલી માટેની વાસ્તવિક સમય પ્રણાલી — રજૂ કરવામાં આવી હતી. આ પ્રણાલી જાહેર નાણાં વ્યવસ્થાપન પ્રણાલી, રાજ્ય સંકલિત નાણાં વ્યવસ્થાપન માહિતી પ્રણાલી, અને ભારતીય રિઝર્વ બેંક (RBI) ની e-Kuber ને એકીકૃત કરતી અવિરત રૂપરેખા મારફતે કાર્ય કરે છે, જે કાર્યક્ષમ અને પારદર્શક ભંડોળ વિતરણને સુગમ બનાવે છે.

ભારત સરકારના નાણાં મંત્રાલય દ્વારા સૂચિત સુધારેલી પ્રક્રિયા મુજબ, SNA-SPARSH મોડેલ હેઠળ, રાજ્ય સરકારે એકલ નોડલ એજન્સીના ખાતામાં, ભંડોળના કેન્દ્રિય તેમજ રાજ્ય હિસ્સા, બંને તબદીલ કરવાના છે. SNA-SPARSH મોડેલ હેઠળ, કેન્દ્ર પુરસ્કૃત યોજનાસાથે દરેક રાજ્ય-સંલગ્ન યોજના માટે રાજ્ય સરકારે એક એકલ નોડલ એજન્સી નિયુક્ત કરવાની છે, અને ભંડોળની દરેક છૂટ માત્ર જાહેર નાણાં વ્યવસ્થાપન પ્રણાલી મારફતે જ કરવાની રહેશે. SNA-SPARSH પ્રણાલીમાં આવ્યા પછી, હાલના એકલ નોડલ એજન્સીના ખાતાઓ બંધ કરવાના રહેશે, અને વણવપરાયેલી સિલકની પરતસોંપણી — કેન્દ્રિય હિસ્સો ભારતની સંચિત નિધિમાં અને રાજ્ય હિસ્સો સંબંધિત રાજ્યની સંચિત નિધિમાં કરવાની રહેશે. વધુમાં, તમામ એકલ નોડલ એજન્સીઓ અને અમલીકરણ એજન્સીઓએ રાજ્ય સંકલિત નાણાં વ્યવસ્થાપન માહિતી પ્રણાલીમાં નોંધણી કરવાની રહેશે, અને ભંડોળ 'just-in-time' આધાર પર સીધા લાભાર્થીઓ અથવા વિક્રેતાઓને, વ્યક્તિગત થાપણ ખાતા અથવા અન્ય મધ્યવર્તી ખાતાઓ થકી કર્યા વિના, આપવાનું રહેશે, જેથી સુધારેલી રોકડ વ્યવસ્થાપન અને પારદર્શિતાને પ્રોત્સાહન મળી શકે. ભારત સરકાર દ્વારા કુલ 66 કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

ભારત સરકારના નિર્દેશ મુજબ, 31 માર્ચ 2025 સુધીમાં 66 માંથી 29 કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓને SNA-SPARSH મોડેલ હેઠળ અમલમાં મૂકવાની હતી. બાકીની 37 કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓને 01 જુલાઈ 2025 સુધી અમલમાં મૂકવાની હતી અને 01 નવેમ્બર 2025 પછી તમામ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓને SNA-SPARSH મારફતે અમલમાં મૂકવાની છે. રાજ્ય સરકારે 31 માર્ચ 2025 સુધી 12 કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં SNA-SPARSH ખાતાઓ ખોલ્યા હતા.

ઉપરોક્ત હકીકતો દર્શાવે છે કે SNA-SPARSH માળખું just-in-time છૂટ, વધુ કડક રોકડ વ્યવસ્થાપન, અને કેન્દ્ર પુરસ્કૃત યોજના ભંડોળના પ્રવાહમાં વધુ પારદર્શિતા સુનિશ્ચિત કરવા માટે રજૂ કરવામાં આવ્યું હોવા છતાં, 31 માર્ચ 2025 સુધી રાજ્ય સ્તરે તેનો અમલ અંશતઃ જ રહ્યો હતો. તે તારીખ સુધી 29 કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ માટે SNA-SPARSH મોડેલ કાર્યરત કરવાની આવશ્યકતા સામે, રાજ્ય સરકારે માત્ર 12 યોજનાઓમાં SNA-SPARSH ખાતાઓ ખોલ્યા હતા, જે દર્શાવે છે કે નોંધપાત્ર સંખ્યાની યોજનાઓ અગાઉની ભંડોળ-પ્રવાહ વ્યવસ્થાઓ હેઠળ ચાલુ રહી હતી.

આ અંશતઃ પરિવર્તન સૂચવે છે કે વાસ્તવિક-સમય પર ભંડોળ તબદીલી, મધ્યવર્તી ખાતાઓને બંધ કરવા, અને એકલ નોડલ એજન્સી ખાતાઓમાં વણવપરાયેલી સિલકમાં ઘટાડાના ઇચ્છિત લાભો, વર્ષ દરમ્યાન હજી સંપૂર્ણ રીતે સિદ્ધ થયા ન હતા, જેના કારણે રોકડ વ્યવસ્થાપનની અસરકારકતા અને કેન્દ્ર પુરસ્કૃત યોજનાના ભંડોળના વપરાશની દેખરેખ પર અસર પડે છે.

## 2.7 આકસ્મિક નિધિ

ગુજરાત આકસ્મિક નિધિ અધિનિયમ, 1960 (1960 ના ગુજરાત અધિનિયમ ક્રમાંક IV) હેઠળ ગુજરાત સરકારની આકસ્મિક નિધિ સ્થાપિત કરવામાં આવી હતી અને બંધારણની કલમ 267(2) અનુસાર સમયાંતરે તેમાં સુધારા કરવામાં આવ્યા છે. "ગુજરાત રાજ્ય આકસ્મિક નિધિ" બંધારણની કલમ 267(2) ની જોગવાઈઓ હેઠળ રાજ્યની વિધાનસભા દ્વારા સ્થાપિત નિધિ છે અને તેનો ઉદ્દેશ બંધારણની કલમો 205 અથવા 206 હેઠળ વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતી ના મળે ત્યાં સુધી અણધાર્યા ખર્ચની પૂર્તિ માટે પેશગીઓ આપવાનો છે.

ગુજરાત રાજ્યની આકસ્મિક નિધિમાં નાણાં જમા કરાવવાની અને અણધારા ખર્ચની પૂર્તિ માટે આકસ્મિક નિધિમાંથી નાણાં ઉપાડવાની તેમજ તેની કસ્ટડી સાથે સંબંધિત અથવા આનુષંગિક તમામ બાબતોનું નિયમન કરવા માટે આકસ્મિક નિધિ નિયમો બનાવવામાં આવ્યા હતા. રાજ્ય વિધાનસભા વધારાના ખર્ચને અધિકૃતી આપે ત્યારે નિધિની ભરપાઈ કરવામાં આવે છે. નિધિનો કોષ ₹ 200 કરોડ છે.

### 2.7.1 આકસ્મિક નિધિમાંથી પેશગી

ફક્ત એવા અણધાર્યા અને તાત્કાલિક સ્વરૂપના ખર્ચ, જે ખર્ચને વિધાનસભા દ્વારા અધિકૃતી ના મળે ત્યાં સુધી મુલતવી રાખવા અનિચ્છનીય હોય, તેની પૂર્તિ માટે આકસ્મિક નિધિમાંથી પેશગી આપવાની રહેશે.

***પરિશિષ્ટ 2.11*** માં દર્શાવ્યા પ્રમાણે, નાણાકીય વર્ષ 2024-25 દરમ્યાન 10 વિભાગો દ્વારા 26 યોજના/કાર્યક્રમો સંબંધિત ₹ 35.15 કરોડની રકમ આકસ્મિક નિધિમાંથી પેશગી રૂપે ઉપાડવામાં આવી હતી. આ રકમોની ભરપાઈ 31 માર્ચ 2025 સુધીમાં કરવામાં આવી હતી.

## 2.8 ઉપસંહાર

- 2024-25 દરમિયાન, ₹ 3,40,520.13 કરોડના કુલ અનુદાન અને વિનિયોગોની સામે ₹ 3,02,427.22 કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો જેના પરિણામે ₹ 38,092.91 કરોડની એકંદર બચત થઇ હતી. ₹ 38,092.91 કરોડની એકંદર બચત ₹ 38,677.65 કરોડની બચત, ₹ 584.74 કરોડના અધિક દ્વારા સરભર થવાના પરિણામે થઇ હતી.

- 18 અનુદાનો હેઠળ 19 કેસોમાં, મુખ્યત્વે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ; નાણા વિભાગ; ગૃહ વિભાગ; શ્રમ અને રોજગાર વિભાગ; નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠો અને કલ્પસર વિભાગ; પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગ; માર્ગ અને મકાન વિભાગ; આદિજાતિ વિકાસ વિભાગ; વગેરેને લગતા અનુદાનની બાબતમાં છેલ્લા ત્રણ વર્ષો (2022-25) દરમિયાન દરેક કેસમાં ₹ 100 કરોડથી અધિકની સતત બચત થઇ હતી.

## 2.9 સારી પ્રથાઓ

- રાજ્ય સરકારે આવક અને મૂડી ખર્ચના વર્ગીકરણ માટે અલગ હેતુ સદર નિર્ધારિત કર્યા છે. રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના છેલ્લા ત્રણ ઑડિટ અહેવાલોમાં દર્શાવવામાં આવ્યું હતું કે મૂડી ખર્ચ માટે નિર્ધારિત હેતુ સદરનો ઉપયોગ મહેસૂલ ખર્ચ મુખ્ય સદર વર્ગીકરણ માટે થઈ રહ્યો હતો. આ વર્ષે મૂડી ખર્ચ માટે નિર્ધારિત કોઈ હેતુ સદરનો ઉપયોગ મહેસૂલ ખર્ચના વર્ગીકરણ માટે થયો નહોતો.

- અનુદાન સં. 73 મહેસૂલ મતપત્રમાં 2012-23 થી સતત અધિક હતો. પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ વિકાસ વિભાગે આ વર્ષે વધારાનો ખર્ચ ટાળવા જરૂરી પગલાં લીધાં હતા.

- આકસ્મિક નિધિની 100 ટકા ભરપાઈ કરવામાં આવી હતી.

## 2.10 ભલામણો

- રાજ્ય સરકાર સતત બચતના કેસોમાંથી અંતર્દૃષ્ટિ મેળવી વિભાગોને જરૂરિયાતો અને ફાળવેલા સંસાધનોનો ઉપયોગ કરવાની તેમની ક્ષમતા આધારે વાસ્તવિક અંદાજપત્ર ઘડવા માટે નિર્દેશ આપી શકે છે.

- અંદાજપત્રના યોગ્ય અમલીકરણ અને દેખરેખ લાગુ કરવા માટે સરકાર દ્વારા યોગ્ય નિયંત્રણ પદ્ધતિ સ્થાપિત કરવી જોઇએ જેથી અનુદાન/વિનિયોગની અંદર મોટી બચત નિયંત્રિત કરી શકાય અને અપેક્ષિત બચત ઓળખી કાઢીને નિયત સમયમર્યાદામાં પરતસોંપણી કરી શકાય.

# પ્રકરણ III

## નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

# પ્રકરણ III

# નાણાકીય અહેવાલની પધ્ધતિઓ

આ અધ્યાય નાણાકીય અહેવાલીકરણના નિયમો, કાર્યપધ્ધતિ અને નિર્દેશો સાથેના અનુપાલન તેમજ આવા અહેવાલીકરણની પૂર્ણતા, સમયપાલન અને ગુણવત્તાનું વિશ્લેષણ કરે છે. ઉદ્દેશ્ય નાણાકીય હિસાબોમાં રજૂ થયેલી માહિતીની પ્રાસંગિકતા, વિશ્વસનીયતા અને ઉપયોગિતામાં વધારો કરવાનો છે.

## 3.1 રાજ્ય માલિકીની PSU / સત્તાધિકારીઓ દ્વારા અંદાજપત્ર બહારના ઋણ

ભારતના બંધારણની કલમ 293(3) મુજબ, જો રાજ્ય સરકાર પર ભારત સરકાર તરફથી કોઈ બાકી લોન અથવા ગેરંટી હોય, તો રાજ્ય સરકારના ઋણ માટે ભારત સરકારની સંમતિ ફરજિયાત છે. આગળ, XV નાણાં પંચે ભલામણ કરી હતી કે 2023-24 થી 2025-26 માટે રાજ્ય સરકારો માટે ચોખ્ખી ઉધાર મર્યાદા [Net Borrowing Ceiling (NBC)] GSDP ના ત્રણ ટકા પર નક્કી કરી શકાય.

રાજ્ય સરકાર આવા લોનની ચુકવણી માટે જવાબદાર હોવા છતાં, વિવિધ રાજ્ય સરકારી જાહેર ક્ષેત્રના ઉપક્રમો [(State Public Sector Undertakings (SPSUs)]/ નિગમો/અન્ય સંસ્થાઓ દ્વારા બજેટની બહાર લોન આપીને ઉપરોક્ત નિર્ધારિત ચોખ્ખી ઉધાર મર્યાદાને અવગણીને  નાણાકીય સ્વાસ્થ્ય અને સરકારી નાણાકીય બાબતોમાં પારદર્શિતા માટે નોંધપાત્ર જોખમ ઊભું થાય છે. રાજ્ય સરકારોની નાણાકીય વર્ષ માટે ઉધાર લેવાની મર્યાદા હવે ભારત સરકાર દ્વારા બજેટ બહારના ઉધાર સુધી ઘટાડવામાં આવી રહી છે.

રાજ્ય સરકારે તેના બજેટ દસ્તાવેજો/વાર્ષિક નાણાકીય હિસાબોમાં કોઈપણ બજેટ બહારની જવાબદારીઓ જાહેર કરી નથી. રાજ્ય સરકારે નાણાં મંત્રાલયને આપેલી રજૂઆતમાં જણાવ્યું હતું કે 2024-25 દરમિયાન તેની કોઈ બજેટ બહારની જવાબદારીઓ નથી.

## 3.2 સરકારની વણચૂકવાયેલ જવાબદારીઓ

વણચૂકવાયેલ જવાબદારીઓ એટલે એવી નાણાકીય જવાબદારીઓ અને પ્રતિબદ્ધતાઓ કે જે ઉદ્ભવી ચૂકી છે પરંતુ અહેવાલ તારીખે ચૂકવણી અથવા સમાધાન કરવાનું બાકી રહે છે. તેમાં એકત્રિત ઉપકરને નિર્ધારિત સંસ્થાઓને હસ્તાંતર ન કરવું, National Pension System (NPS) માં ઓછી રકમ જમા કરાવવી, વગેરેનો સમાવેશ થાય છે.

તેની લાંબા ગાળાની રાજકોષીય અને શાસન સંબંધિત મહત્વપૂર્ણ અસરો થઈ શકે છે, જેમ કે:

- આ બાકી રહેલી જવાબદારીઓ, છુપાયેલી જવાબદારીઓ ઊભી કરે છે, જે રાજ્યની સાચી નાણાકીય સ્થિતિને વિકૃત કરે છે કારણ કે મહેસૂલી ખર્ચ જેટલું હોવું જોઈએ

એના કરતાં ઓછું દર્શાવે છે, જે પૂર્ણ અને ચોક્કસ નાણાકીય અહેવાલીકરણના સિદ્ધાંતોને અસર કરે છે;

- તે સમય સાથે સંગ્રહિત થાય છે, જે ભવિષ્યની કોઈ તારીખે મહેસૂલી ખર્ચ અને રાજકોષીય અવકાશ પર ભાર વધારશે; અને
- ઉપકર હસ્તાંતરમાં વિલંબથી ઈચ્છિત વિકાસ અથવા કલ્યાણના પરિણામોમાં અડચણ આવે છે, જેના હેતુ માટે આવા કરવેરા લગાવવામાં આવ્યા હતા તે નિષ્ફળ જાય છે. તેવી જ રીતે, NPS માં ઓછી જમા રકમ મોકલવી માત્ર વૈધાનિક પ્રતિબદ્ધતાઓનું ઉલ્લંઘન જ નથી, પરંતુ કર્મચારીઓની નાણાકીય સુરક્ષાને પણ ખતરો પહોંચાડી શકે છે.

આવી પ્રથાઓ પારદર્શિતા ઘટાડે છે, કાનૂની જવાબદારીઓ ઊભી કરે છે, ભવિષ્યના રાજકોષીય અવકાશને સીમિત કરે છે અને રાજકોષીય ટકાઉપણું નબળું પાડે છે. અવલોકન કરેલ બાબતોની ચર્ચા આગળના ફકરાઓ કરવામાં આવી છે.

### 3.2.1 વ્યાજ સહિતની થાપણો પ્રત્યેની વ્યાજની જવાબદારી અદા ન કરવી

રાજ્ય સરકાર પર વ્યાજ ધરાવતી થાપણો માં રહેલી રકમો પર વ્યાજ પૂરું પાડવાની અને ચૂકવવાની જવાબદારી છે.

ઑડિટ દરમિયાન  ચાર જમા થાપણો ઉપર ₹ 70.76 કરોડ જેટલી વ્યાજની બિનચુકવણી/ ઓછી ચુકવણી જોવા મળી. પરિણામે મહેસૂલી ખર્ચ ₹ 70.76 કરોડ જેટલું ઓછું રહ્યું છે. સરકાર પાસે આ જવાબદારીઓ નિભાવવા માટે કોઈ અંદાજપત્રીય જોગવાઈઓ નથી.

ભંડોળમાં જમા રાશિની અપૂરતી દેખરેખના કારણે, 01 એપ્રિલ 2024 ના રોજ આ થાપણોની સિલકો હતી છતાં મુખ્ય સદર 2049 (મહેસૂલી ખર્ચ) હેઠળ વ્યાજ ચુકવણી માટે અંદાજપત્રીય જોગવાઇઓ કરી ન  હતી. **કોષ્ટક 3.1** માં દર્શાવ્યા મુજબ બે જમા થાપણો પર કોઈ વ્યાજ ચૂકવવામાં આવ્યું નહોતું.

**કોષ્ટક 3.1: વ્યાજપાત્ર થાપણો સામે વ્યાજ જવાબદારી અદા ન કરવી**

*(₹ કરોડમાં)*

| ભંડોળ/જમા રકમો | 1 એપ્રિલ, 2024ના રોજ પ્રારંભિક સિલક | વ્યાજની ગણતરીનો આધાર | બાકી વ્યાજ | ચૂકવાયેલ વ્યાજ | ઓછું ચૂકવાયેલ વ્યાજ |
|---|---|---|---|---|---|
| **રાજ્ય વળતર વનીકરણ ભંડોળ** | 1,136.23 | નાણાં મંત્રાલય, આર્થિક બાબતો વિભાગ (બજેટ વિભાગ) દ્વારા જારી 03.10.2024 તારીખના પરિપત્ર નં. F. No. 1 (9) – B (AC)/2017 મુજબ 3.35 ટકા | 43.75 | - | 43.75 |

| ભંડોળ/જમા રકમો | 1 એપ્રિલ, 2024ના રોજ પ્રારંભિક સિલક | વ્યાજની ગણતરીનો આધાર | બાકી વ્યાજ | ચૂકવાયેલ વ્યાજ | ઓછું ચૂકવાયેલ વ્યાજ |
|---|---|---|---|---|---|
| રાજ્ય આપત્તિ પ્રતિભાવ ભંડોળ (SDRF) | 1,275.04 | SDRFના માર્ગદર્શિકા મુજબ @ 8.46 ટકા વ્યાજ ગણતરી (અર્થાત્ સરેરાશ WMAs કરતાં 2 ટકા વધુ). | 135.34 | 121.53 | 13.81 |
| રાજ્ય આપત્તિ નિવારણ ભંડોળ (SDMF) | 1,076.60 | SDMFના માર્ગદર્શિકા મુજબ @ 8.46 ટકા વ્યાજ ગણતરી (અર્થાત્ સરેરાશ WMAs કરતાં 2 ટકા વધુ). | 91.08 | 78.27 | 12.81 |
| વ્યાજપાત્ર જમા રકમો (અંશદાયી પેન્શન યોજના (CPS) સિવાય) | 16.80 | વ્યાજની ગણતરી 14-દિવસની ટ્રેઝરી બિલ રોકાણ માટે લાગુ દર ઉપર કરી, એટલે કે Reverse Repo Rate @ 3.35 ટકા માંથી 1 ટકા ઘટાડીને, વર્ષ 2024-25 માટે 2.35 ટકા ) | 0.39 | - | 0.39 |
| | | | **270.56** | **199.80** | **70.76** |

સ્રોત: વર્ષ 2024-25 માટેના નાણાંકીય હિસાબો.

આ ભંડોળો માં નોંધપાત્ર સિલક હોવા છતાં વ્યાજપાત્ર થાપણો પર ₹ 70.76 કરોડ વ્યાજની બિન -ચૂકવણી અને ઓછું ચૂકવાણાથી રાજ્યના મહેસૂલી ખર્ચને તે હદે ઓછું દર્શાવાયું અને તેટલી હદે અસ્તિત્વમાં રહેલી રાજકોષીય જવાબદારી છુપાઈ ગઈ. મુખ્ય શીર્ષ 2049 હેઠળ અંદાજપત્રીય જોગવાઈનો અભાવ અને જમા સિલકનું અપૂરતી દેખરેખ, નાણાંકીય આયોજન અને નકદી વ્યવસ્થાપનમાં ખામીઓ તરફ સંકેત આપે છે, જે સમયસર ભંડોળ ઉપલબ્ધતા અને રાજકોષીય અહેવાલની વિશ્વસનીયતાને અસર કરી શકે છે.

## 3.2.2 રાષ્ટ્રીય પેન્શન પ્રણાલી હેઠળ બિનમુક્ત જવાબદારીઓ

રાજ્ય સરકારે 01 એપ્રિલ 2005 થી 'નિર્ધારિત યોગદાન પેન્શન યોજના (Defined Contribution Pension Scheme) રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ (National Pension System)' અમલમાં મૂકી. યોજના માર્ગદર્શિકા મુજબ:

- કર્મચારી દર મહિને તેના મૂળ પગાર અને મોંઘવારી ભથ્થાનો 10 *ટકા* ફાળો આપે છે,
- ઉપરોક્ત રકમનો રાજ્ય સરકાર દ્વારા મેળાપ કરવામાં આવે છે, અને
- સમગ્ર રકમ નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ [National Securities Depository Limited (NSDL)]/ ટ્રસ્ટી બૅંક (Trustee Bank) મારફતે નિયુક્ત ફંડ મેનેજરને સ્થાનાંતરિત કરવામાં આવે છે.

યોજનામાં રાજ્ય સરકારે 01 નવેમ્બર 2022 થી અસરકારક રીતે ફેરફાર કર્યો હતો, જેમાં રાજ્ય સરકાર સમાન ફાળો[1] આપતી હતી. આમાં વધુ ફેરફાર 01 માર્ચ 2024 થી કરવામાં આવ્યો, જેમાં કર્મચારીઓ 10 ટકા અને રાજ્ય સરકાર 14 ટકા ફાળો આપે છે.

કર્મચારીઓનો ફાળો અને રાજ્ય નો ફાળો જાહેર ખાતા[2] માં જમા કરવામાં આવે છે અને ત્યારબાદ NSDLને સ્થાનાંતરિત થાય છે. વર્ષ 2024-25 દરમિયાન, ઓડિટે નોંધ્યું કે:

- NPS માટે કુલ ફાળો ₹ 4,293.06 કરોડ[3] હતો.
- સરકારનો NPSમાં ફાળો ₹ 100.96 કરોડ ઓછો હતો, જેના કારણે મહેસૂલી ખર્ચ તે હદે ઓછો દર્શાવાયો
- જાહેર ખાતામાં સ્થાનાંતરિત કુલ રકમમાંથી, ₹ 72.46 કરોડ 31 માર્ચ 2025ના રોજ જાહેર ખાતામાં જ બાકી રહી અને NSDLને સ્થાનાંતરિત થઈ ન હતી. ₹ 63.07 કરોડ એપ્રિલ 2025 દરમિયાન સ્થાનાંતરિત કરવામાં આવ્યા, અને બાકી સિલક મેળવણા હેઠળ હતી. આમ, સરકારનું રોકડ સિલક આ રકમ જેટલું વધારે દર્શાવાયું હતું.

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ ડિરેક્ટોરેટે જણાવ્યું હતું કે રાજ્ય સરકારના સંકલિત ભંડોળમાંથી જાહેર ખાતામાં ₹ 100.96 કરોડનો હિસ્સો એ સમયગાળાના યોગદાનના એકત્રીકરણને કારણે સ્પષ્ટ વિસંગતતા છે જ્યાં મેચિંગ દર 10 ટકા હતો અને કોઈ ખામીને કારણે નહોતો. જાહેર ખાતામાંથી NSDLને ₹ 9.39 કરોડ સ્થાનાંતરિત ન કરવાના કારણો વિભાગ દ્વારા પૂરા પાડવામાં આવ્યા નથી (નવેમ્બર 2025).

### 3.2.3 શ્રમિક કલ્યાણ બોર્ડને શ્રમ ઉપકર સ્થાનાંતરિત ન કરવું

સરકાર દ્વારા સૂચિત કરેલ, મકાન અને અન્ય બાંધકામ કામદારો કલ્યાણ ઉપકર અધિનિયમ, 1996 ની કલમ 3 મુજબ, નિયોક્તા દ્વારા થયેલા બાંધકામ ખર્ચના બે ટકા કરતાં વધુ નહીં પરંતુ એક ટકા કરતાં ઓછા નહીં એવા દરે ઉપકરનો આકલન અને વસૂલાત ફરજિયાત છે. મકાન અને અન્ય બાંધકામ કામદારો કલ્યાણ ઉપકર નિયમો, 1998 ના નિયમ 5(3) મુજબ, વસૂલ કરાયેલ ઉપકર તેની વસૂલાતના 30 દિવસની અંદર મકાન અને અન્ય બાંધકામ કામદારો કલ્યાણ બોર્ડ ને સ્થાનાંતરિત કરવાનું છે.

ઓડિટે નોંધ્યું કે:

- રાજ્ય સરકારે 2024-25 દરમિયાન ₹ 1,058.33 કરોડનો ઉપકર લગાવી અને વસૂલ્યો, પરંતુ માત્ર ₹ 362.59 કરોડ બોર્ડને હસ્તાંતરિત કરવામાં આવ્યા, તે પૈકી બાકી રહેલ ₹ 695.74 કરોડ, 31 માર્ચ 2025 સુધી બોર્ડને હસ્તાંતરિત કરવામાં આવ્યા નહોતા. આના

[1] કર્મચારી દ્વારા 10, 12 અથવા 14 *ટકા* હિસ્સો યોગદાન આપવા માટે અપનાવવામાં આવેલ વિકલ્પના આધારે 10, 12 અથવા 14 *ટકા*.

[2] મેજર હેડ 8342-117 (Other Deposits- Defined Contribution Pension Scheme for Government Employees).

[3] રાજ્ય સરકારના કર્મચારીઓનો યોગદાન - ₹ 1,816.19 કરોડ, વિદેશી ડેપ્યુટેશન પર કર્મચારીઓનો યોગદાન - ₹ 18.28 કરોડ, સરકારનો યોગદાન - ₹ 2,441.71 કરોડ, અગાઉના વર્ષોના ખોટા વર્ગીકરણનું સુધારણ - ₹ 0.03 કરોડ, અને કુટુંબ પેન્શન/ અપંગતા પેન્શન તરીકે પરત કરાયેલ કર્મચારી યોગદાન - ₹ 16.85 કરોડ.

પરિણામે મહેસૂલ ખર્ચ ઓછો દર્શાવવામાં આવ્યો અને રોકડ બેલેન્સ વધુ પડતું દર્શાવવામાં આવ્યું.

- 2006-07 થી 2024-25 દરમિયાન ₹ 6,737.49 કરોડ વસૂલાયા, પરંતુ આ સમયગાળા દરમિયાન હસ્તાંતરિત રકમ ₹ 3,218.52 કરોડ હતી, જે પૈકી ₹ 3,518.97 કરોડ બાકી રહ્યા, જેમાં ઉપરોક્ત ₹ 695.74 કરોડનો પણ સમાવેશ થાય છે, જે 31 માર્ચ 2025 સુધી હસ્તાંતરિત કરવામાં આવ્યા નહોતા.

વસૂલાયેલ ઉપકરનો હેતુ રાજ્યમાં નિર્માણ શ્રમિકો માટે સામાજિક સુરક્ષા અને કલ્યાણ યોજનાઓ માટે ઉપયોગ કરવાનો છે. વસૂલાયેલ ઉપકર હસ્તાંતરિત ન થવાથી બિલ્ડિંગ અને નિર્માણ શ્રમિકોના ઉદ્દેશિત કલ્યાણ અને સામાજિક સુરક્ષા પર પ્રતિકૂળ અસર પડે છે.

### 3.2.4 સ્થાનિક સંસ્થાઓને ઉપકરનું અહસ્તાંતરણ

સ્થાનિક સંસ્થાઓને ઉપકરના હસ્તાંતરણ બાબતે, ઓડિટે નીચે મુજબ નોંધ્યું:

- રાજ્ય સરકારે રાજ્યમાં મોટર સ્પિરિટના વેચાણના ટર્નઓવર પર ઉપકર લગાવવા માટે ગુજરાત મોટર સ્પિરિટ સેસ અધિનિયમ, 2001 અમલમાં મૂક્યો. આ જકાત રદ કરવા બદલ સ્થાનિક સત્તાઓને વળતર આપવા માટે જાહેર ખાતાના[4] લોકલ ઓથોરિટી ફંડમાં હસ્તાંતરિત થવાનું હતું.
    - જોકે, રાજ્ય સરકારે એવો કોઈ ફંડ રચ્યો નહોતો.
    - વર્ષ 2024-25 દરમિયાન, સરકારે મોટર સ્પિરિટ સેસના વેચાણના ટર્નઓવર પર ઉપકર તરીકે ₹ 4,169.29 કરોડ વસૂલ્યા. જે રકમ આવા કોઈ ફંડમાં હસ્તાંતરિત કરવામાં આવી નથી.
    - ફંડની ન રચના ના થયેથી સ્થાનિક સંસ્થાઓ માટે નાણાકીય અવકાશ ઘટે છે, અને ભંડોળ ને સ્થાનાંતરીત ના કરવા થી સોંપાયેલ કાર્યોના અમલીકરણને પ્રતિકૂળ રીતે અસર કરી શકે છે.
- ગુજરાત રાજ્ય સરકારે ગુજરાત ગ્રામીણ વિકાસ ઉપકર અધિનિયમ, 1984 ઘડ્યો હતો, જે મુજબ  ખનિજ તેલ મેળવવા, ખોદકામ કરવા માટે રાખવામાં આવેલી બધી જમીન પર ઉપકર[5] વસૂલવામાં આવે છે. આ કાયદાનો હેતુ ગુજરાત રાજ્યમાં ગ્રામીણ વિસ્તારોના વિકાસના ખર્ચની જોગવાઈ કરવાનો હતો.

    આ અધિનિયમ મુજબ, આ અધિનિયમ હેઠળ વસૂલાયેલ ગ્રામીણ વિકાસ ઉપકર અને દંડ (fines  સિવાય) ની આવક પહેલાં રાજ્યના સંયુક્ત નિધિ (Consolidated Fund)માં જમા કરાવવાની હતી. જેમાંથી વસૂલાત ખર્ચ કપાત કર્યા પછી, બાકી રકમ 'રાજ્ય ગ્રામ વિકાસ

---

4 Section 'J' હેઠળ

5 વાર્ષિક મૂલ્યના 20 *ટકા* કરતાં વધારે ન હોય તેવા દરે, જેમ કે રાજ્ય સરકાર અધિકૃત ગેઝેટમાં જાહેરનામા દ્વારા નક્કી કરે

નિધિ' (State Rural Development Fund) નામના અલગ ફંડમાં અનામત (appropriated) કરી હસ્તાંતરિત કરવાની હતી.

- જોકે, રાજ્ય સરકારે આ ભંડોળની રચના કરી નહોતી.
- વર્ષ 2024-25 દરમિયાન, સરકારે જમીન પર ઉપકર તરીકે ₹ 66.50 કરોડ વસૂલ્યા.

ઓડિટે સરકારના ત્રીજા સ્તર દ્વારા ઉપયોગ માટે નિશ્ચિત અલગ ફંડોમાં હસ્તાંતરિત કરવા માટે નિર્ધારિત ઉપકર લગાવી અને વસૂલ્યા છતાં હસ્તાંતર ન કરવાના બે કિસ્સાઓ નોંધ્યા છે. આ કારણે નોંધાયેલ મહેસૂલી ખર્ચ ઘટ્યો છે, પરંતુ રાજ્યની જવાબદારીઓ યથાવત રહે છે, જેથી હિસાબોની ગુણવત્તા પ્રભાવિત થાય છે.

વધુમાં, સરકારના ત્રીજા સ્તરની, ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં, પોતાની આવક ઉત્પન્ન કરવાની મર્યાદિત ક્ષમતાને કારણે, ભંડોળનું હસ્તાંતરણ ન થવાથી સ્થાનિક સંસ્થાઓને તેમના બંધારણીય રીતે સોંપાયેલ કાર્યો કરવા માટે જરૂરી સંસાધનોની ઉપલબ્ધતા મર્યાદિત બને છે

### 3.2.5 વ્યક્તિગત થાપણ ખાતામાં દંડનું હસ્તાંતરણ ન કરવું

ગુજરાત સરકારે 01 જુલાઈ 2000 ના રોજના ઠરાવ દ્વારા નિર્ણય લીધો હતો કે મોટર વાહન અધિનિયમની કલમ 200 (1) હેઠળ દંડ દ્વારા રાજ્યના શહેરી વિસ્તારોમાંથી વર્ષ દરમિયાન પ્રાપ્ત થતી આવકનો ચોક્કસ ટકાવારી બજેટ હેડ, એટલે કે ગુજરાત રાજ્ય માર્ગ સુરક્ષા નિધિ (GSMSN) માં જમા કરવામાં આવશે. GSMSN હેઠળ ઉપલબ્ધ ભંડોળનો ઉપયોગ ટ્રાફિક વ્યવસ્થાપન હેતુઓ માટે થવાનો હતો.

GSMSNના સુચારુ સંચાલન માટે, માર્ચ 2004 માં 'ડિરેક્ટર જનરલ અને ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ (DG & IGP), ગાંધીનગર'ના નામે વ્યક્તિગત થાપણ ખાતું (PLA) ખોલવામાં આવ્યું. DG & IGP એ વિવિધ અમલકર્તા સત્તાઓ પાસેથી ટ્રાફિક મેનેજમેન્ટ માટેના વિવિધ પ્રસ્તાવો એકત્ર કરવા અને ટ્રાફિક મેનેજમેન્ટ કમિટીની મંજૂરી લીધા બાદ PLAમાંથી ખર્ચ કરવાનું હતું. જુલાઈ 2006માં, રાજ્ય સરકારે GSMSNના ઉત્તમ વહીવટ માટે PLAમાં 100 ટકા દંડ હસ્તાંતરિત કરવાનો નિર્ણય લીધો.

પરંતુ વર્ષો 2006-07 થી 2024-25 માટેના બજેટ અંદાજો અને વિનિયોગ હિસાબોની તપાસમાં વાસ્તવમાં વસૂલાયેલા ટ્રાફિક દંડ અને PLA માં હસ્તાંતરિત રકમ વચ્ચે 16 ટકા ની ઘટ નોંધાઈ, જે **કોષ્ટક 3.2**માં દર્શાવ્યા મુજબ છે.

**કોષ્ટક 3.2: PLAમાં ટ્રાફિક દંડ હસ્તાંતરિત કરવામાં થયેલી ઘટ**

| વર્ષ | ટ્રાફિક દંડમાંથી આવક (₹ કરોડમાં) | | PLA માટે જોગવાઈ (₹ કરોડમાં) | | |
|---|---|---|---|---|---|
| | અંદાજપત્રીય અંદાજો | વાસ્તવિક વસુલાત | અંદાજપત્રીય અંદાજો | વાસ્તવિક વસુલાત | વાસ્તવિક વસુલાતના ટકા તરીકે |
| 1 | 2 | 3 | 4 | 5 | 6= (5÷3) × 100 |
| 2006-07 | 6.00 | 4.23 | 10.00 | 10.00 | 236.41 |

| વર્ષ | ટ્રાફિક દંડમાંથી આવક (₹ કરોડમાં) | | PLA માટે જોગવાઈ (₹ કરોડમાં) | | |
|---|---|---|---|---|---|
| | અંદાજપત્રીય અંદાજો | વાસ્તવિક વસુલાત | અંદાજપત્રીય અંદાજો | વાસ્તવિક વસુલાત | વાસ્તવિક વસુલાતના ટકા તરીકે |
| 1 | 2 | 3 | 4 | 5 | 6= (5÷3) × 100 |
| 2007-08 | 8.00 | 0.02 | 7.00 | 7.00 | 35,000.00 |
| 2008-09 | 4.00 | 0.04 | 10.00 | 10.00 | 25,000.00 |
| 2009-10 | 18.00 | 19.12 | 10.00 | 10.00 | 52.30 |
| 2010-11 | 19.44 | 39.15 | 30.75 | 10.25 | 26.18 |
| 2011-12 | 4.67 | 47.66 | 20.50 | 10.25 | 21.51 |
| 2012-13 | 45.00 | 52.82 | 20.50 | 17.88 | 33.85 |
| 2013-14 | 62.22 | 48.40 | 20.00 | 20.00 | 41.32 |
| 2014-15 | 56.40 | 75.71 | 25.00 | 25.00 | 33.02 |
| 2015-16 | 72.95 | 73.20 | 35.00 | 35.00 | 47.81 |
| 2016-17 | 85.65 | 84.17 | 40.00 | 25.00 | 29.70 |
| 2017-18 | 77.35 | 63.06 | 35.00 | 48.57 | 77.02 |
| 2018-19 | 113.78 | 109.62 | 200.00 | 98.00 | 89.40 |
| 2019-20 | 75.60 | 173.33 | 63.06 | 260.00 | 150.00 |
| 2020-21 | 183.84 | 145.97 | 78.62 | 78.62 | 53.86 |
| 2021-22 | 211.42 | 138.15 | 173.32 | 173.32 | 125.46 |
| 2022-23 | 250.00 | 123.27 | 145.95 | 108.00 | 87.61 |
| 2023-24 | 125.00 | 136.20 | 138.14 | 176.08 | 129.28 |
| 2024-25 | 194.70 | 140.86 | 123.24 | 123.24 | 87.49 |
| **Total** | **1,614.02** | **1,474.98** | **1,186.08** | **1,246.21** | **84.49** |

સ્રોત: સંબંધિત વર્ષોની રાજ્ય સરકારની બજેટ અંદાજો અને અનુદાન હિસાબો.

ગૃહ વિભાગે જણાવ્યું (માર્ચ 2025) કે વર્તમાન વર્ષ દરમિયાન વસૂલ થયેલી રકમો અનુગામી નાણાકીય વર્ષમાં PLA માં હસ્તાંતરિત કરવામાં આવે છે.

₹ 87.91 કરોડની રકમ હસ્તાંતરણ[6] માટે બાકી છે. પરિણામે આટલી હદ સુધી આવક ખર્ચનું ઓછું દર્શાવવું અને રોકડ બેલેન્સનું વધુ દર્શાવવું થાય છે.

### 3.2.6 રિફંડના પડતર કેસો

રિફંડ ના કેસોના નિકલમાં ત્વરિતતા એ વિભાગોની  કામગીરી નો મહત્વનો સૂચક છે, તેમજ તે સરકારની જવાબદારીઓનું નિર્વાહન પણ છે.

**કોષ્ટક 3.3** માં દર્શાવ્યા મુજબ, વર્ષ 2024-25 દરમિયાનના રિફંડ કેસોની કોઈ વિગતો સંબંધિત વિભાગોએ પૂરી પાડી નથી. આ કારણે ઑડિટને આવા કેસોનું વિશ્લેષણ કરી શક્યું નથી.

---

[6] 2024-25 સુધી હસ્તાંતરિત રકમ (₹ 1,246.21 કરોડ) ને 2023-24 સુધી વસૂલ થયેલી રકમ (₹ 1,334.12 કરોડ) માંથી બાદ કરતાં

**કોષ્ટક 3.3: રિફંડ કેસોની વિગતો**

*(₹ કરોડમાં)*

| ક્રમ નં | વિગતો | સ્ટેમ્પ ડ્યુટી અને નોંધણી ફી | | વાહનો પરના કર અને માલ તથા મુસાફરો પરના કર | | વેચાણ વેરો (VAT) | | જી. એસ. ટી. (GST) | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | કેસોની સંખ્યા | રકમ | કેસોની સંખ્યા | રકમ | કેસો ની સંખ્યા | રકમ | કેસોની સંખ્યા | રકમ |
| 1. | વર્ષ ણી શુરૂઆત માં બાકી દાવા | 814 | 21.87 | 133 | 1.30 | 44 | 1.08 | 0 | 0 |
| 2. | વર્ષ દરમિયાન મળેલા દાવા | 11,424 | 204.26 | 652 | 5.40 | 1,787 | 812.37 | 57,518 | 11,563 |
| 3. | વર્ષ દરમિયાન આપેલું રિફંડ | 12,238 | 226.13 | 645 | 5.97 | 1,790 | 809.89 | 51,109 | 58,916 |
| 4. | વર્ષ દરમિયાન નામંજૂર રિફંડ | 0 | 0.00 | 0 | 0.00 | 10 | 0.64 | 6,409 | 2,647 |
| 5. | વર્ષ ના અંતે બાકી સિલક | 0 | 0.00 | 140 | 0.73 | 31 | 2.92 | 0 | 0 |

સ્રોત: વિભાગો દ્વારા આપવા માં આવેલ માહિતી.

નશાબંધી અને આબકારી નિર્દેશક; ભૂસ્તરશાસ્ત્ર અને ખનીજ કમિશનર; પેટ્રોલિયમ નિર્દેશાલય; વીજળી શુલ્ક કલેક્ટર; સ્ટેમ્પ અધિક્ષક અને નોંધણી મહાનિરીક્ષક; અને પરિવહન કમિશનરે જાણ કરી છે કે કોઈ રિફંડ કેસ નથી (નવેમ્બર 2025).

## 3.3 સરકારના ખાતાઓની બહારના ભંડોળ

### 3.3.1 જાહેર ખાતા બદલે બેંક ખાતાઓમાં ગુજરાત વિદ્યુત નિયમન આયોગના ભંડોળનું સંચાલન

ભારતના બંધારણની કલમ 266(2) મુજબ 'રાજ્ય સરકાર દ્વારા અથવા તેની તરફથી પ્રાપ્ત થતા અન્ય તમામ જાહેર નાણાં રાજ્યના જાહેર ખાતામાં જમા કરવાના રહેશે'. ભારત સરકારની સૂચનાઓ (07 જાન્યુઆરી 2005) મુજબ, નિયામક સંસ્થાઓના ફંડ જાહેર ખાતાઓમાં જાળવવાના હોય છે પરંતુ તેમનું સંચાલન એવી રીતે કરવાનું હોય છે કે તેમની સ્વતંત્ર સ્થિતિનું રક્ષણ થાય.

ગુજરાત વિદ્યુત નિયમન આયોગની રચના વિદ્યુત અધિનિયમ, 2003 હેઠળ કરવામાં આવી હતી. અધિનિયમની કલમ 103 'રાજ્ય વિદ્યુત નિયમન આયોગ ફંડ' નામનું એક ફંડ બનાવવાનું નિર્ધારિત કરે છે, જેમાં આયોગની આવકો જમા કરવી અને ત્યાંથી ખર્ચ કરવો.

પરંતુ, રાજ્ય સરકારે (2 ઑગસ્ટ 2005) ગુજરાત વિદ્યુત નિયમન આયોગ (GERC) ફંડ નિયમો જાહેર કર્યા, જેના અનુસાર આયોગ વધારાની રકમ રાષ્ટ્રીયકૃત બેંકો/ ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ લિમિટેડ[7] માં રાખવા માં આવી રહ્યા છે. 31 માર્ચ 2025 મુજબ, GERC ફંડનું (જાહેર ખાતાઓની બહાર રાખેલું) બેલેન્સ ₹ 445.19 કરોડ હતું.

[7] ગુજરાત સરકારની એક નોન બેન્કિંગ ફાઈનાન્સિયલ કોર્પોરેશન [Non-Banking Financial Corporation (NBFC)].

ઑડિટે નિરીક્ષણ કર્યું કે GERC ફંડ નિયમોમાં રોકાણ અંગે સમાવેશ કરેલી કલમ ભારત સરકાર (GoI) ની સૂચનાઓ (જે ફરજિયાત સ્વરૂપની છે) સાથે અસંગત છે, ભંડોળોને જાહેર ખાતાઓમાં રાખવા અને GERC ફંડ નિયમોમાં સુધારા માટે રાજ્ય સરકાર સાથે મુદ્દો ઉઠાવવા માટે GERC (નવેમ્બર 2007 અને જાન્યુઆરી 2022) ને જાણ કરવામાં આવી

રાજ્યના નાણાકીય ખર્ચ ઉપર નીચે મુજબ અસરો છે

- બંધારણીય જોગવાઇઓનું ઉલ્લંઘન તો થયું જ, ઉપરાંત જાહેર ખાતાનું બેલેન્સ ₹ 445.19 કરોડ જેટલું ઓછું દર્શાવાયું.
- રાજ્ય સરકાર રાજ્ય વિકાસ લોન (SDL) ની ઉપજ પર બજારમાંથી ઉધાર લે છે, જે બેંકો/GSFS દ્વારા પૂરા પાડવામાં આવતા વ્યાજ દર કરતા વધુ વ્યાજ દરે હોય છે. આ તફાવત જાહેર તિજોરીને નકારાત્મક કેરી (Negative Carry) અથવા ભાવફેર નિર્મૂલન (Arbitrage) નુકસાન દર્શાવે છે. જો આ ભંડોળ જાહેર ખાતામાં હોત, તો તે રાજ્યની કુલ ઉધાર જરૂરિયાત ઘટાડી શકત.

GERC ફંડ નિયમો નિયામકની સ્વતંત્ર સ્થિતિના આધારે આ વ્યવસ્થાને યોગ્ય ઠેરવે છે. એ નોંધનીય છે કે નિયમનકારી સ્વતંત્રતા એ ભાવદર નિર્ધારણ અને નિર્ણયમાં કાર્યાત્મક સ્વાયત્તતાનો ઉલ્લેખ કરે છે અને બંધારણીય જોગવાઈઓ અને ભારત સરકારની સૂચનાઓનું ઉલ્લંઘન કરતી નાણાકીય સ્વાયત્તતા સૂચિત કરતી નથી. આ સંદર્ભમાં, એ ઉલ્લેખ કરી શકાય છે કે કેન્દ્રીય વીજળી નિયામક આયોગના ભંડોળ ભારત સરકારના જાહેર ખાતામાં રાખવામાં આવે છે.

આ મુદ્દો અગાઉ પણ 31 માર્ચ 2022 સમાપ્ત થયેલ વર્ષ માટેના રાજ્ય નાણાં ઑડિટ અહેવાલમાં રાજ્ય સરકારના ધ્યાન પર લાવવામાં આવ્યો હતો.

## ખાતાઓની પારદર્શકતા સંબંધિત મુદ્દાઓ

### 3.4 વપરાશી પ્રમાણપત્રો

ગુજરાત નાણાકીય નિયમો[8], 1971 ને સામાન્ય નાણાકીય નિયમો[9], 2017 સાથે વાંચતાં જોગવાઈ કરે છે કે નિર્દિષ્ટ હેતુ માટે આપવામાં આવતી દરેક સહાયક અનુદાન [Grants-in-aid( (GIA)] નીચેની શરતોને આધીન છે:

- સહાયક અનુદાન નો ખર્ચ નિર્ધારિત હેતુ માટે જ કરવો અને, જો મંજૂરી આપનાર સત્તાએ સમયમર્યાદા નક્કી ન કરી હોય તો, યોગ્ય સમયગાળામાં કરવો, અને
- સહાયક અનુદાન નો કોઈ પણ હિસ્સો જે અંતે હેતુ માટેના ખર્ચ માટે જરૂરી ન રહે, તેની સરકારને પરત સોંપણી કરવાની રહેશે.

આગળ, ગુજરાત નાણાકીય નિયમો, 1971ના, નિયમ 154 અને 155 મુજબ નિર્ધારિત હેતુ માટે આપવામાં આવેલી અનુદાન રકમોના વપરાશી પ્રમાણપત્રો (વપરાશી પ્રમાણપત્રો) લાભાર્થી

[8] નિયમ 154 અને 155.

[9] નિયમ 238 (1).

પાસેથી વિભાગીય અધિકારીઓ દ્વારા મેળવવા જોઈએ અને ચકાસણી બાદ, અન્યથા નિર્દિષ્ટ કરવામાં આવ્યું ન હોય તો, તે મંજૂરીની તારીખથી એક વર્ષની અંદર પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક )ને મોકલવા જોઈએ.

અનુદાન રકમો નિર્ધારિત હેતુઓ માટે જ વપરાઈ છે તે અંગેની ખાતરી મેળવવામાં વપરાશી પ્રમાણપત્રો આવશ્યક છે. વપરાશી પ્રમાણપત્ર રજૂ કરવામાં વિલંબ અને વપરાશી પ્રમાણપત્રમાં ખોટી માહિતીના કારણે ગેરવપરાશ, ભંડોળના માર્ગાન્તરના, સહાયક અનુદાનના હેતુની અપૂર્તિ, તથા બચત અને બાકી ભંડોળ અંગેની માહિતીના અભાવ ના કારણે ભંડોળ સ્થગિત રહેવાના જોખમો ઊભા થાય છે.

### 3.4.1 વપરાશ પ્રમાણપત્રો રજૂ કરવામાં વિલંબ

ઑડિટ તપાસમાં ખુલ્યું કે રાજ્ય સરકારના 18 વિભાગોને 2001-02 થી 2023-24 દરમ્યાન આપવામાં આવેલી કુલ ₹ 7,431.84 કરોડની સહાયક અનુદાન સંબંધી 4,258 વપરાશી પ્રમાણપત્રો 31 માર્ચ 2025 સુધી રજૂ કરવામાં આવ્યા નહોતા. વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં થયેલા વિલંબની સ્થિતિ અને ઉંમરવાર વિગતો અનુક્રમે **કોષ્ટક 3.4 અને 3.5** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 3.4: 31 માર્ચ 2025ના રોજ વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવાની સ્થિતિ**

| નિયત વર્ષ[10] | બાકી રહેલ વપરાશી પ્રમાણપત્ર | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 2023-24 સુધી | 2,884 | 3,147.28 |
| 2024-25 | 1,374 | 4,284.56 |
| **કુલ** | **4,258** | **7,431.84** |

સ્ત્રોત: 2024-25ના નાણાં હિસાબો.

**કોષ્ટક 3.5: વપરાશી પ્રમાણપત્ર રજૂ કરવામાં ઉંમરવાર બાકી**

| ક્રમ નં | વિલંબ (વર્ષોમાં) | બાકી વપરાશી પ્રમાણપત્રો | |
|---|---|---|---|
| | | સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
| 1. | 0-1 (2023-24) | 1,374 | 4,284.56 |
| 2. | 2-3 (2021-23) | 1,145 | 2,398.58 |
| 3. | 4-5 (2019-21) | 116 | 264.48 |
| 4. | 6-7 (2017-19) | 96 | 268.30 |
| 5. | 8-9 (2015-17) | 34 | 76.06 |
| 6. | 10 અને વધુ (2001-15) | 1,493 | 139.86 |
| | **કુલ** | **4,258** | **7,431.84** |

સ્ત્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક )ના કચેરી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી.

[10] ઉપર દર્શાવેલ વર્ષ 'Due Year' સાથે સંબંધિત છે *i.e.* વાસ્તવિક ઉપાડ કર્યા પછી 12 મહિના બાદ.

**કોષ્ટક 3.6: 31 માર્ચ 2025 સુધી બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રોનું વર્ષ-વાર વિભાજન (₹ કરોડમાં)**

| વર્ષ | બાકી વપરાશી પ્રમાણપત્રો | રકમ |
|---|---|---|
| 2001-02 | 420 | 37.14 |
| 2002-03 | 673 | 33.52 |
| 2003-04 | 189 | 4.67 |
| 2004-05 | 65 | 3.39 |
| 2005-06 | 35 | 2.20 |
| 2006-07 | 12 | 3.03 |
| 2007-08 | 22 | 27.18 |
| 2008-09 | 6 | 1.22 |
| 2009-10 | 6 | 4.34 |
| 2010-11 | 33 | 12.21 |
| 2011-12 | 4 | 0.09 |
| 2012-13 | 1 | 0.02 |
| 2013-14 | 15 | 3.40 |
| 2014-15 | 12 | 7.45 |
| 2015-16 | 15 | 8.96 |
| 2016-17 | 19 | 67.10 |
| 2017-18 | 19 | 171.11 |
| 2018-19 | 77 | 97.19 |
| 2019-20 | 42 | 115.41 |
| 2020-21 | 74 | 149.07 |
| 2021-22 | 271 | 701.14 |
| 2022-23 | 874 | 1,697.44 |
| 2023-24 | 1,374 | 4,284.56 |
| **કુલ** | **4,258** | **7,431.84** |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ના કચેરી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી

રકમ સાથે બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રોનું વર્ષ-વાર વિભાજન **કોષ્ટક 3.6**માં બાજુમાં દર્શાવવામાં આવ્યું છે.

ઓડિટે અવલોકન કર્યું કે:

- બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રો પૈકી આશરે 30 ટકા વપરાશી પ્રમાણપત્રો (₹ 75.33 કરોડ) વર્ષ 2001-02, 2002-03 અને 2003-04ને સંબંધિત હતા.
- બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રો પૈકી 72 ટકા વપરાશી પ્રમાણપત્રો (₹ 5,350.73 કરોડ) ચાર વિભાગોને સંબંધિત હતા, એટલે કે આદિવાસી વિકાસ (₹ 1,652.22 કરોડ), શહેરી વિકાસ અને શહેરી આવાસ (₹ 1,567.78 કરોડ), શિક્ષણ (₹ 1,086.42 કરોડ), અને કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર (₹ 1,044.32 કરોડ).

નાણાં વિભાગ સાથેની ત્રૈમાસિક બેઠકો દરમિયાન બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રોની અનુસરણ કાર્યવાહી પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા નિયમિત રીતે કરવામાં આવે છે.

2023-24 સુધી વિતરણ કરાયેલ સહાયક અનુદાન માટે બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રોનું વિભાગ-વાર વિભાજન ***પરિશિષ્ટ 3.1*** માં દર્શાવવામાં આવ્યું છે, જ્યારે 10 મુખ્ય વિભાગોમાં બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રોની સ્થિતિ **આલેખ 3.1**માં દર્શાવવામાં આવી છે.

**આલેખ 3.1 : 31 માર્ચ 2024 સુધી ચૂકવાયેલસહાયક અનુદાન માટે 10 મુખ્ય વિભાગોમાં બાકી રહેલા વપરાશી પ્રમાણપત્રો**




સ્રોત: પ્રધાન મુખ્ય મહાલેખાકાર (હિસાબ અને હક) ની કચેરી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી.
કૌંસમાં આપેલા આંકડા વપરાશી પ્રમાણપત્રોની સંખ્યા દર્શાવે છે.

વપરાશી પ્રમાણપત્રો રજૂ ન કરવાથી દુરુપયોગના જોખમની સંભાવના હોવાથી, રાજ્ય સરકારે આ બાબતનું નજીકથી દેખરેખ કરવું અને વપરાશી પ્રમાણપત્રો સમયસર રજૂ કરાવવા માટે સંબંધિત વ્યક્તિઓને જવાબદાર ઠેરવવું અત્યંત આવશ્યક છે.

### કેસ સ્ટડી 1: વપરાશી પ્રમાણપત્રો (ગ્રાન્ટ 35) ની ખોટી રજૂઆત

સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન (SPIPA) ને તેની નિયમિત કામગીરી કરવા માટે દર વર્ષે પ્રશાસકીય અનુદાન તથા મૂડી સંપત્તિઓના સર્જન માટેની અનુદાન પ્રાપ્ત થતા હતા.

ઓડિટે નોંધ્યું કે SPIPA એ અનુદાન ઉપાડી, સમગ્ર રકમ તેમના બેંક ખાતામાં જમા કરાવી, અને વપરાશી પ્રમાણપત્રો રજૂ કર્યા કે અનુદાન તે હેતુ માટે વપરાઈ છે જેના માટે તેને મંજૂરી આપવામાં આવી હતી, જ્યારે સમગ્ર રકમ અનુદાન ના હેતુઓ માટે ઉપયોગમાં લેવામાં આવી નથી.

હકીકતમાં, 2022-25 ના સમયગાળા દરમિયાન, સામાન્ય વહીવટી વિભાગ (GAD) એ ગુજરાત સ્ટેટ ફાઇનાન્સિયલ સર્વિસિસ (GSFS) માં બાકી રકમ હોવાના કારણે SPIPA માટેની જોગવાઈઓનું પુનર્વિનિયોગ કર્યું છે અને GSFS માં પાર્ક થયેલા નાણાંનો ઉપયોગ થયા પછી જ અનુદાન ફાળવવાનો નિર્ણય કર્યો છે. આ દર્શાવે છે કે બેલેન્સ બેંક ખાતામાં અને GSFS માં પાર્ક થયેલા રહે છે, જેથી સ્પષ્ટ થાય છે કે અનુદાન મંજૂરીના હેતુ માટે ખર્ચ કરવામાં આવ્યો નથી. સરકારના હિસાબો બહારના ખાતાઓમાં નાણાં ઉપાડવા અને પાર્ક કરવાને વપરાશી પ્રમાણપત્રો ની રજૂઆત માટે હેતુ અનુસાર ઉપયોગ તરીકે વર્ગીકૃત કરી શકાતું નથી.

SPIPA ને આપવામાં આવેલા અનુદાન અંગે GAD દ્વારા બજેટ કરવામાં આવેલા અનુદાન અને કરેલા ખર્ચની વિગતો **કોષ્ટક 3.7** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 3.7: આપવામાં આવેલ અનુદાન**

| વર્ષ | | | કુલ અનુદાન | ખરેખર કરેલ ખર્ચ (₹ લાખમાં )) | વપરાશી પ્રમાણપત્ર આપ્યા |
|---|---|---|---|---|---|
| 2022-23 | O<br>R | 2,596.16<br>(-) 1,298.08 | 1,298.08 | 1,298.08 | જુલાઇ 2022 અને જાન્યુઆરી 2023 |
| 2023-24 | O<br>S<br>R | 1,968.14<br>85.19<br>(-) 1,847.88 | 205.45 | 205.45 | સપ્ટેમ્બર 2025 |
| 2024-25 | O<br>S<br>R | 2,311.00<br>926.00<br>(-)3,237.00 | 0.00 | 0.00 | લાગુ પડતું નથી |

સ્રોત : વિનિયોગ હિસાબો અને SPIPA દ્વારા આપવામાં આવેલી વિગતો.

SPIPA એ યોગ્ય વપરાશી પ્રમાણપત્રો પૂરાં પાડ્યા નથી, જેમાં વપરાશી પ્રમાણપત્રમાં પ્રારંભિક સિલક, વર્ષ દરમિયાન પ્રાપ્ત અને ઉપયોગમાં લેવાયેલા નાણાં અને અંતિમ સિલક દર્શાવ્યા હોય.

જ્યારે અનુદાન આપવામાં આવે છે, ત્યારે અનુદાન મેળવનાર તરત જ સહાયક અનુદાન ખર્ચી શકતો નથી, તેથી તે જ રકમ પાર્ક કરે છે. જોકે, નાણાંની આગામી હપ્તો મેળવવા માટે વપરાશી પ્રમાણપત્રો રજૂ કરવામાં આવે છે.

અહીં અનુદાન મેળવનાર દ્વારા રજૂ કરાયેલા વપરાશી પ્રમાણપત્રો માં તથ્યોનું ખોટું પ્રદર્શન (falsification of facts) થયાનું કેસ છે, કારણ કે નાણાં પાર્ક કરવું એક નાણાકીય પ્રવાહિતાની ઘટના છે, અને માત્ર અનુદાન ના હેતુ માટેનો વાસ્તવિક ખર્ચ એક વપરાશી ઘટના છે.

**કેસ સ્ટડી 2: અમલકર્તા એજન્સી દ્વારા વપરાશી પ્રમાણપત્રો રજૂ ન કરવું (અનુદાન 33)**

સ્થાનિક મહત્વના સમુદાયિક કામો વિધાનસભા સભ્ય સ્થાનિક વિસ્તાર વિકાસ ફંડ (MLALAD) યોજના હેઠળ કરવામાં આવે છે. યોજનાનાં અંતર્ગત, ધારાસભ્ય પોતાના મતવિસ્તારમાં સમુદાય વિકાસ સંબંધિત કાર્યોની ભલામણ કરી શકે છે, જેના માટે અનુદાન જિલ્લા આયોજન અધિકારીને (કલેક્ટર મારફતે) ફાળવવામાં આવે છે.

સામાન્ય વહીવટ વિભાગ (GAD) એ 27 માર્ચ 2017ના ઠરાવ દ્વારા શહેર વિસ્તારોમાં આવેલ મતવિસ્તારો સંબંધિત અનુદાન ફાળવણીના નિયમોમાં ફેરફાર કર્યો. હવે, અનુદાન GAD દ્વારા પગાર અને હિસાબી અધિકારી દ્વારા (પે એન્ડ અકાઉન્ટ્સ ઓફિસર)/ ટ્રેઝરી, ગાંધીનગર મારફતે સંબંધિત મહાનગરપાલિકાને આપવામાં આવે છે. ઉપરોક્ત ઠરાવ મુજબ, સંપૂર્ણપણે મહાનગરપાલિકામાં આવેલ મતવિસ્તાર સંબંધિત અનુદાન જિલ્લા આયોજન અધિકારીને નહીં પરંતુ મહાનગરપાલિકાને આપવામાં આવશે.

ઓડિટે અવલોકન કર્યું કે:

- વિભાગે 2022-25 દરમિયાન પાંચ મહાનગરપાલિકાઓ[11] ને ₹ 139.50 કરોડના અનુદાન આપ્યા.
- અમદાવાદ મહાનગરપાલિકા (AMC)ને ફાળવાયેલા ₹ 63.00 કરોડના અનુદાનમાંથી, નવેમ્બર 2025 સુધીમાં ₹ 45.25 કરોડના કામો પૂર્ણ થયા હતા, અને ₹ 12.20 કરોડના કામો પ્રગતિમાં હતા, પરંતુ ₹ 5.55 કરોડની બચત પરત સોંપવામાં આવી નથી.
- વધુમાં, AMCએ 2023-25 સમયગાળા દરમિયાન ફાળવાયેલા ₹ 63.00 કરોડના અનુદાન અંગે GADને વપરાશી પ્રમાણપત્રો  રજૂ કર્યા નથી.

આ દર્શાવે છે કે લાગુ નિયમો અને માર્ગદર્શિકાઓના ભંગ ઉપરાંત, ભંડોળના ઉપયોગ સંબંધે અમલકર્તા એજન્સીઓની દેખરેખ અંગે વિભાગની આંતરિક નિયંત્રણ વ્યવસ્થા નબળી છે.

વિભાગનો જવાબ હજી બાકી છે (જાન્યુઆરી  2026 ).

### કેસ સ્ટડી 3: ભંડોળ વપરાશની  ખોટી રજૂઆત (ગ્રાન્ટ 33)

ગુજરાત સરકારના વર્ષ 2024-25 ના વાર્ષિક નાણાકીય અંદાજપત્રો (અંદાજપત્ર 2024-25) મુજબ, ગ્રામ વિકાસ કાર્યક્રમ હેઠળ બ્લોક લેવલની એજન્સીઓને મજબૂત બનાવવા માટે ગ્રાન્ટ નં. 33 માં ₹ 5 કરોડના અંદાજ જોગવાઈ કરવામાં આવી હતી. યોજનાની નોડલ એજન્સી ગુજરાત સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સોસાયટી[12] (GSIDS) ને ₹ 3.75 કરોડનું અનુદાન વિતરિત કરવામાં આવ્યું. GSIDS એ આ અનુદાન જિલ્લા આયોજન કચેરી (DPO) ને ફાળવ્યું, જેણે આગળ પાંચ મહત્વકાંક્ષી તાલુકાઓ[13] નું સંચાલિત કરતી જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ (DRDAs)ને રકમો ફાળવી.

ઓડિટે અવલોકન કર્યું કે:

- ₹ 3.75 કરોડ DPOને વિતરિત કર્યા બાદ, GSIDS એ GAD ને વપરાશી પ્રમાણપત્રો રજૂ કર્યા અને પ્રમાણિત કર્યું કે અનુદાન જે હેતુ માટે આપવામાં આવ્યું હતું તે હેતુ માટે ઉપયોગમાં લેવાયું છે, જ્યારે અનુદાન માત્ર અમલકર્તા એજન્સીઓને આગળ ફાળવવામાં આવ્યું હતું.
- ત્રણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ[14] (DRDAs) એ કોઈ ભંડોળ વાપર્યું ન હતું અને સમગ્ર રકમ પરત સોંપી હતી.
- બાકી બે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીઓ (DRDAs) માંથી, સાયલા તાલુકાએ ઉપયોગ ન થયેલી રકમ ₹ 53.73 લાખ પરત કરી હતી જ્યારે થરાદ તાલુકાએ ઉપયોગ ન થયેલ બેલેન્સ

---

11 (i) અમદાવાદ (₹ 63 કરોડ), (ii) જામનગર (₹ 9 કરોડ), (iii) રાજકોટ (₹ 13.50 કરોડ), (iv) સુરત (₹ 40.50 કરોડ) અને (v) વડોદરા (₹ 13.50 કરોડ).

12 ગુજરાત સરકાર હેઠળ નોંધાયેલ સોસાયટી.

13 (i) લખપત (₹ 75 લાખ), (ii) રાપર (₹ 75 લાખ), (iii) સાંતલપુર (₹ 75 લાખ), (iv) સાયલા (₹ 75 લાખ) અને (v) થરાદ (₹ 75 લાખ).

14 (i) લખપત, (ii) રાપર અને (iii) સાંતલપુર

₹ 25.50 લાખ પરત કરી ન હતી અને જણાવ્યું હતું કે આ રકમ આગળના નાણાકીય વર્ષના અનુદાનમાં સમાયોજિત કરવામાં આવશે.

આ દર્શાવે છે કે માત્ર અનુદાન ફાળવી ને વપરાશી પ્રમાણપત્ર રજૂ કરવું અને અમલકર્તા એજન્સીઓ દ્વારા થયેલ ખર્ચ તથા પરત સોંપાયેલી બચતની વિગતો સામેલ ન કરવાથી અનુદાનના ઉપયોગ અંગે ખોટી નાણાકીય અહેવાલ રજૂ કરાય છે.

વિભાગનો જવાબ હજુ બાકી છે (જાન્યુઆરી 2026).

## 3.5 ઉચ્ચક આકસ્મિક બિલ

જ્યારે અગાઉથી નાણાંની જરૂર હોય અથવા ચોક્કસ જરૂરી રકમની ગણતરી કરવા સક્ષમ ન હોય, ત્યારે ઉપાડ અને ચુકવણી અધિકારી(DDOs)ને આધાર દસ્તાવેજો વગર, સેવા સદર હેઠળ ઉચ્ચક આકસ્મિક (AC) બિલો દ્વારા નાણાં ઉપાડવાની પરવાનગી આપવામાં આવે છે અને ખર્ચ સેવા સદર હેઠળ કરેલ ખર્ચ તરીકે દર્શાવવામાં આવે છે.

ગુજરાત ટ્રેઝરી નિયમો, 2000 ના નિયમ 211 મુજબ ઉપાડ અને ચુકવણી અધિકારી (DDOs) એ આવી પેશગીની તારીખથી ત્રણ મહિનાની અંદર નાણાકીય ખર્ચના આધારરૂપ વાઉચરો ધરાવતા વિગતવાર આકસ્મિક (DC) બિલો પ્રધાન મહાલેખાકાર (હિસાબી અને હક)ને રજૂ કરવાના હોય છે. વિગતવાર આકસ્મિક (DC) બિલો રજૂ કરવામાં વિલંબ અથવા લાંબા સમય સુધી રજૂ ન કરવાથી ખાતાઓની સંપૂર્ણતા અને શુધ્ધતા પર અસર થઈ શકે છે.

31 માર્ચ 2025 સુધીમાં, ગુજરાત સરકારના 19 વિભાગોએ **કોષ્ટક 3.8** માં દર્શાવ્યા મુજબ કુલ ₹ 554.73 કરોડનાં 5,378 AC બિલો સંબંધે વિગતવાર આકસ્મિક (DC) બિલો રજૂ કર્યા નથી.

**કોષ્ટક 3.8: 31 માર્ચ 2025 મુજબ AC બિલો સામે બાકી DC બિલોની સ્થિતિ**

| વર્ષ | બાકી AC બિલો | |
|---|---|---|
| | સંખ્યા | રકમ |
| 2023-24 સુધી | 1,753 | 89.73 |
| 2024-25 | 3,625 | 465.00 |
| **કુલ** | **5,378** | **554.73** |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર(હિસાબી & હક) કચેરી દ્વારા સંકલિત માહિતી.

એવું જોવાયું કે 2024-25માં 9,156 AC બિલો થી ₹ 1,006.82 કરોડ ઉપાડવામાં આવ્યા હતા, જેમાંથી માર્ચ 2025માં 1,097 AC બિલો (11.98 ટકા) થી ₹ 229.29 કરોડ (22.77 ટકા) ઉપાડવામાં આવ્યા હતા. માર્ચ 2025માં ઉપાડાયેલા 1,097 AC બિલોમાંથી નાણાકીય વર્ષના છેલ્લે દિવસે કોઈ AC બિલ ઉપાડવામાં આવ્યા નહોતા.

2024-25 સુધી બાકી DC બિલોની વિભાગવાર અને વર્ષવાર વિગતો અનુક્રમે ***પરિશિષ્ટ 3.2*** અને ***પરિશિષ્ટ 3.3*** માં દર્શાવવામાં આવી છે. 10 મુખ્ય વિભાગોમાં બાકી DC બિલોની સ્થિતિ **આલેખ 3.2** માં દર્શાવવામાં આવી છે.

**આલેખ 3.2: 10 મુખ્ય વિભાગોમાં બાકી DC બિલો**




સ્રોત: પ્રધાન મહાલેખાકાર(હિસાબી & હક) કચેરી દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી.

બાકી DC બિલોમાંથી છોતેર ટકા ત્રણ વિભાગો સંબંધિત હતા અર્થાત્ શિક્ષણ (2,638 બિલો), ગૃહ (784 બિલો) અને પંચાયત, ગ્રામ્ય આવાસન અને ગ્રામ્ય વિકાસ (684 બિલો).

અગ્રિમ રકમોનું લાંબા સમય સુધી સમાયોજન ન થવું ગેર ઉપયોગનું જોખમ ધરાવે છે અને તેથી, DC બિલો રજૂ થાય તેની ખાતરી કરવા માટે સંબંધિત DDOઓ દ્વારા નજીકથી દેખરેખ આવશ્યક છે. વધુમાં, DC બિલો ન મળવાના પ્રમાણમાં, નાણાં હિસાબોમાં દર્શાવાયેલ ખર્ચને સાચો અને છેવટનો માની શકાય નહીં .

## 3.6 વ્યક્તિગત થાપણ ખાતાં

કેન્દ્ર અને રાજ્યના મુખ્ય અને ગૌણ સદરોની યાદી હેઠળ, 8443-સિવિલ જમા-106-વ્યક્તિગત જમા હેઠળ વ્યાજ ન આપતા વ્યક્તિગત જમાના સ્વરૂપના જમા છે.

એક વ્યક્તિગત થાપણ ખાતું તેના વહીવટકર્તાને ચોક્કસ હેતુ માટે વ્યક્તિગત થાપણ ખાતામાં આવક સિધેસીધી જમા કરવા અથવા ઉપાડ કરવાની સુગમતા માટેના ઉદ્દેશથી ઊભી કરેલી વ્યવસ્થા છે. વ્યક્તિગત થાપણ ખાતું માત્ર સંબંધિત સરકારના વિભાગની પૂર્વ મંજૂરીથી જ ખોલવાની પરવાનગી આપી શકાય. વ્યક્તિગત થાપણ ખાતાંમાં નાણાંનું સ્થાનાંતરણ સંબંધિત સેવા મુખ્ય સદર હેઠળ રાજ્યના સંકલિત નિધિમાંથી અંતિમ ખર્ચ તરીકે નોંધાય છે.

2024-25 દરમિયાન, છ નવા વ્યક્તિગત થાપણ ખાતાં ખોલવામાં આવ્યા અને 14 વ્યક્તિગત થાપણ ખાતાં બંધ કરવામાં આવ્યા. 2020-25 દરમિયાન નાણાકીય વર્ષના છેલ્લે દિવસે વ્યક્તિગત થાપણ ખાતાંમાં રહેલા નાણાંની સ્થિતિ નીચે **કોષ્ટક 3.9** માં આપવામાં આવી છે:

**કોષ્ટક 3.9: 2020-25 દરમિયાન વ્યક્તિગત થાપણ ખાતાંમાં આવેલા ભંડોળો**

*(₹ કરોડમાં)*

| વર્ષ | વર્ષના અંતે PD ખાતાંની સંખ્યા | વર્ષના અંતે સિલક |
|---|---|---|
| 2020-21 | 470 | 1,003.78 |
| 2021-22 | 471 | 989.57 |
| 2022-23 | 471 | 817.82 |
| 2023-24 | 476 | 5,040.49 |
| 2024-25 | 468 | 10,273.99 |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો.

વ્યક્તિગત થાપણ ખાતાં હેઠળના બંધ સિલક 2020-21માં ₹ 1,003.78 કરોડથી ઘટીને 2022-23માં ₹ 817.82 કરોડ થયા હતા.

છતાં, 2023-24 દરમિયાન તે વધીને ₹ 5,040.49 કરોડ થયા અને 2024-25 દરમિયાન વધુ વધીને ₹ 10,273.99 કરોડ થયા. 2024-25 દરમિયાન થયેલો વધારો 2024-25 દરમિયાન ખોલાયેલા છ નવા વ્યક્તિગત થાપણ ખાતાંમાં ₹ 3,488.99 કરોડના વર્ષ ના અંતે બંધ સિલક ના કારણે હતો. આ દર્શાવે છે કે છેલ્લા બે વર્ષમાં PD ખાતાંમાં વધુ રકમો સ્થાનાંતરિત કરવામાં આવી છે, પરંતુ નોંધપાત્ર સિલકો વણવપરાયેલ  નાણાં દર્શાવે છે.

31 માર્ચ 2025ની સ્થિતિ મુજબ, છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન 14 નિષ્ક્રિય વ્યક્તિગત થાપણ ખાતાં હતાં, જેમાં ₹ 0.43 કરોડનું બેલેન્સ હતું. 468 વ્યક્તિગત થાપણ ખાતાંના તમામ વહીવટકર્તાઓ એ ટ્રેજરી ના આંકડાઓ સાથે તેમના સિલક મેળવણું અને ચકાસણી કરી.

વ્યક્તિગત થાપણ ખાતાંમાં જમા થયેલા મોટા અને વધતી સિલકો દર્શાવે છે કે અંતિમ ખર્ચ તરીકે નોંધાયા છતાં નોંધપાત્ર રકમો નો વપરાશ થયો નથી, જે વાસ્તવિક ખર્ચને વધારે દર્શાવે છે અને રાજ્યની નાણાકીય સ્થિતિને, જેમાં નાણાકીય ખાધ પણ સામેલ છે, વિકૃત કરે છે. વ્યક્તિગત થાપણ ખાતાંમાં રહેલા વણવપરાયેલ સિલક ને રાજ્યના સંકલિત નિધિમાં સ્થાનાંતરિત ન કરવું જાહેર નાણાં પર વિધાનમંડળીય નિયંત્રણને નબળું પાડે છે અને જાહેર નિધિના દુરુપયોગનો જોખમ ઊભો કરે છે. ઉપરાંત, ખર્ચની ગુણવત્તા શંકાસ્પદ બને છે કારણ કે વ્યક્તિગત થાપણ ખાતાંમાં સ્થાનાંતરણ સમયે રકમો ખર્ચ તરીકે નોંધાય છે પરંતુ સિલકો દર્શાવે છે કે વાસ્તવમાં થયેલો ખર્ચ ઓછો છે. આથી નાણાકીય ખાધ પણ વિકૃત થાય છે અને ખોટી ખર્ચ પ્રોફાઇલ રજૂ થાય છે.

### કેસ સ્ટડી : જિલ્લા વિકાસ અધિકારી PLA મારફતે અમલમાં મૂકાયેલી વિકેન્દ્રિત વિકાસ યોજનાઓ સંબંધિત કામોની સ્થિતિ

વિકેન્દ્રિત વિકાસ યોજનાઓ ગ્રાન્ટ નં. 35 હેઠળ આવરી લેવાય છે અને આ યોજનાઓ માટેનું ફંડ જિલ્લા આયોજન અધિકારી (કલેક્ટર મારફતે) દ્વારા અમલીકરણ એજન્સીઓને મોકલવામાં આવે છે. જિલ્લા આયોજન અધિકારી પાસે વ્યક્તિગત થાપણ ખાતું હોય છે. આ યોજનાઓ હેઠળ આવરી લેવાતા કામોના પ્રકાર નીચે મુજબ છે: -

1. ***DDP-1 જિલ્લાના સંતુલિત વિકાસ માટે વિકેન્દ્રિત આયોજન (વિવેકાધિન):***

આ યોજના હેઠળ જિલ્લાસ્તરીય અનુદાન, જિલ્લા વહીવટીતંત્રની અનુદાન (કલેક્ટરની અને જિલ્લા વિકાસ અધિકારી ના અનુદાન ), તાલુકા કેન્દ્રિત અભિગમ અને નગરપાલિકાઓ માટેની અનુદાન  એમ ચાર પ્રકારના આઉટલેય છે. જિલ્લા આયોજન બોર્ડ જિલ્લા વહીવટી અનુદાન  (કલેક્ટરની ગ્રાન્ટ) સિવાય આ તમામ ઉપ-ઘટકોના આઉટલેયમાંથી 100ટકા આધાર પર યોજનાઓને મંજૂરી આપી શકે છે.

2. ***DDP-2 સ્થાનિક મહત્વના સમુદાયિક કામો (ધારાસભ્ય ફંડ): -***

આ જોગવાઈ હેઠળ દરેક વિધાનસભા મતવિસ્તારના ચૂંટાયેલા પ્રતિનિધિઓની ભલામણ પર સ્થાનિક મહત્વના સમુદાયિક કામો હાથ ધરવામાં આવી શકે છે.

3. ***DDP-3 વિકાસશીલ તાલુકા યોજના:***

41 તાલુકાના વિકાસ માટે તૈયાર કરાયેલ પરિપ્રેક્ષ્ય યોજના અનુસાર રાજ્ય સરકાર આ તાલુકાઓને વિશેષ ફંડ આપે છે.

4. ***DDP-4 રાષ્ટ્રીય તહેવારોની ઉજવણી (અર્થાત સ્વતંત્રતા દિવસ, ગણતંત્ર દિવસ અને ગુજરાત સ્થાપના દિવસ):***

રાજ્ય સરકારે માનવ વિકાસ સૂચકાંક (HDI) ઉન્નત કરવા અને સ્વતંત્રતા દિવસ, ગણતંત્ર દિવસ અને ગુજરાત સ્થાપના દિવસની ઉજવણી પ્રસ્તાવિત હોય તેવા જિલ્લાઓ હેઠળના ગામો, તાલુકાઓ, મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને સ્થાનિક વિસ્તારોમાં વિકાસાત્મક પ્રવૃત્તિઓ કરવા અનુદાન  આપવાનો નિર્ણય કર્યો હતો.

5. ***DDP-5 આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (ATVT): -***

"આપનો તાલુકો વાયબ્રન્ટ તાલુકો - (ATVT)" તાલુકા સ્તરે અમલમાં મૂકાય છે, અને ગામ સ્તરે મૂળભૂત સુવિધાઓ જેમ કે આંતરિક ગામ માર્ગો, ગટર નિકાલ પ્રણાલી, પીવાનું પાણી અને ઘન કચરા નિકાલ પ્રણાલી વગેરે પૂરી પાડે છે.

ઑડિટે નોંધ્યું કે ઉપરોક્ત પાંચ યોજનાઓ હેઠળ 2022-23 થી 2024-25 સંબંધિત ₹ 232.16 કરોડની અનુદાન  સામે આર્થિક વર્ષ દરમિયાન કોઈ કામ મંજૂર કરાયેલ નથી તેવી રકમ કોષ્ટક 3.10 મુજબ જિલ્લા વિકાસ અધિકારી ના PLA માં રાખવામાં આવી છે.

**કોષ્ટક 3.10 : જિલ્લા વિકાસ અધિકારી-PLA માં રાખવા માં આવેલા ભંડોળો**

| ક્રમ નં | યોજના | 2022-23 નું અનુદાન | 2023-24 નું અનુદાન | 2024-25 નું અનુદાન | કુલ (લાખ માં ) |
|---|---|---|---|---|---|
| | | 31.03.2025 ની સ્થિતિ એ DDO PLA માં જમા સિલક (લાખ માં ) | 31.03.2025 ની સ્થિતિ એ DDO PLA માં જમા સિલક (લાખ માં ) | 31.03.2025 ની સ્થિતિ એ DDO PLA માં જમા સિલક (લાખ માં ) | |
| 1 | વિવેકાધીન (DDP-1) | 215.10 | 722.50 | 3,474.53 | 4,412.13 |
| 2 | ધારાસભ્ય ભંડોળ (DDP-2) | 96.92 | 1,178.6 | 9,319.79 | 10,595.31 |
| 3 | વિકાસશીલ તાલુકા (DDP-3) | 13.25 | 138.49 | 1,665.63 | 1,817.37 |
| 4 | રાષ્ટ્રીય પર્વ (DDP-4) | 158.81 | 1,122.89 | 3,285.83 | 4,567.53 |
| 5 | આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (DDP-5) | 104.59 | 213.86 | 1,506.01 | 1,824.46 |
| | **કુલ** | **588.67** | **3,376.34** | **19,251.79** | **23,216.80** |

સ્રોત: સંબંધિત DDO દ્વારા પૂરી પાડેલ વિગતો.

ઑડિટે એ પણ અવલોકન કર્યું કે 2019-20 પછીના સમયગાળા ના સંબંધિત મંજૂર કરાયેલા કામો બાકી છે. પાંચ યોજનાઓ હેઠળ 2022-23 થી 2024-25 દરમિયાન મંજૂર થયેલા કામોની વર્ષવાર સ્થિતિ કોષ્ટક 3.11 માં આપવામાં આવી છે.

**કોષ્ટક 3.11: DDP યોજનાઓ હેઠળ મંજૂર કામોની વર્ષવાર સ્થિતિ**

| વર્ષ | યોજના | કામો ણી વહીવટી મંજૂરી | પૂરા થયેલ કામોણી સંખ્યા | પ્રગતિ હેઠળ ના કામો | શરૂ ના કરાયેલા કામો |
|---|---|---|---|---|---|
| 2022-23 | વિવેકાધીન (DDP-1) | 17,896 | 16,454 | 990 | 232 |
| | ધારાસભ્ય ભંડોળ (DDP-2) | 13,001 | 12,199 | 582 | 191 |
| | વિકાસશીલ તાલુકા (DDP-3) | 1,247 | 1,125 | 73 | 32 |
| | રાષ્ટ્રીય પર્વ (DDP-4) | 1,168 | 992 | 110 | 58 |
| | આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (DDP-5) | 18,689 | 17,262 | 1,005 | 308 |
| 2023-24 | વિવેકાધીન (DDP-1) | 16,302 | 13,654 | 1,910 | 528 |
| | ધારાસભ્ય ભંડોળ (DDP-2) | 12,294 | 9,915 | 1,691 | 658 |
| | વિકાસશીલ તાલુકા (DDP-3) | 1,353 | 997 | 301 | 40 |
| | રાષ્ટ્રીય પર્વ (DDP-4) | 1,112 | 699 | 269 | 141 |
| | આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (DDP-5) | 17,393 | 14,730 | 2,092 | 425 |
| 2024-25 | વિવેકાધીન (DDP-1) | 15,207 | 10,028 | 3,374 | 1,768 |
| | ધારાસભ્ય ભંડોળ (DDP-2) | 9,736 | 4,727 | 2,741 | 2,264 |
| | વિકાસશીલ તાલુકા (DDP-3) | 965 | 349 | 369 | 245 |
| | રાષ્ટ્રીય પર્વ (DDP-4) | 826 | 239 | 241 | 346 |
| | આપણો તાલુકો વાયબ્રન્ટ તાલુકો (DDP-5) | 16,981 | 11,227 | 4,158 | 1,594 |
| **કુલ** | | **1,44,170** | **1,14,597** | **19,906** | **8,830** |

સ્રોત: વિભાગ અને સંબંધિત DDO દ્વારા પૂરી પાડેલ વિગતો

વહીવટી મંજૂરી બાદ કુલ 837 કામો રદ કરવામાં આવ્યા.

GAD એ જુલાઈ 2025 સુધી 2019-20 સુધીના સમયગાળા સંબંધિત કામો પૂરા કરવા અને વણવપરાયેલ રકમ રાજ્યના સંયુક્ત ભંડોળ (Consolidated Fund of the State) માં જમા કરાવવા સૂચનાઓ આપી છે. જે રકમ માટે વહીવટી મંજૂરી બાકી છે તેવી રકમ PLA માં જમા કરવી અને પાંચ વર્ષ વીતી ગયા બાદ પણ અપૂર્ણ રહેલા મંજૂર કામોની સમીક્ષા કરવાની જરૂર છે.

વિભાગનો જવાબ હજુ સુધી પ્રાપ્ત થયેલ નથી (જાન્યુઆરી 2026).

## 3.7 ગૌણ સદર 800 નો ઉપયોગ

અન્ય આવકો અને અન્ય ખર્ચ સંબંધિત ગૌણ સદર-800 નો ઉપયોગ માત્ર ત્યારે જ કરવાનું ઉદ્દેશિત છે જ્યારે ખાતાઓમાં યોગ્ય સંબંધિત ગૌણ સદર ઉપલબ્ધ ન હોય. ગૌણ સદર -800 નો નિયમિત ઉપયોગ ટાળવું જોઈએ, કારણ કે તે ખાતાઓને અસ્પષ્ટ/અપારદર્શક બનાવે છે. સર્વસંગ્રાહક ગૌણ સદર 800 હેઠળ મોટા રકમોના નોંધણીથી નાણાકીય અહેવાલમાં પારદર્શિતાને અસર પડે છે અને સંસાધન વિતરણની પ્રાથમિકતાઓ તથા ખર્ચની ગુણવત્તાના યોગ્ય વિશ્લેષણને વિકૃત કરે છે.

અન્ય આવકો/અન્ય ખર્ચ સંબંધિત સર્વસંગ્રાહક ગૌણ સદર 800 નો ઉપયોગ માત્ર તેવા કેસોમાં કરવો જ્યાં ખાતાઓમાં મુખ્ય સદર હેઠળ યોગ્ય ગૌણ સદર ઉપલબ્ધ ન હોય. ગૌણ સદર 800 હેઠળ આવકો અને ખર્ચની નોંધણી પારદર્શિતા અને વ્યવહારોના સ્વરૂપ પર અસર પડે છે.

2024-25 દરમિયાન, રાજ્ય સરકારએ 58 મુખ્ય હિસાબી સદર હેઠળના ગૌણ સદર 800 હેઠળ ₹ 8,431.39 કરોડનો ખર્ચ નોંધણી કરી, જે કુલ આવક અને મૂડી ખર્ચ[15] ₹ 2,65,039.76 કરોડના 3.18 ટકા બરાબર છે. 2020-25 દરમ્યાન કુલ ખર્ચના ટકા તરીકે ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' ના ઉપયોગનું પ્રમાણ **આલેખ 3.3** માં દર્શાવ્યા મુજબ હતું.

**આલેખ 3.3: 2020-25 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ'નો ઉપયોગ**




સ્રોત: સંબંધિત વર્ષોના નાણાં હિસાબો.

[15] અહીં દર્શાવેલ ₹ 2,65,039.76 કરોડનો ખર્ચ આંકડો **કોષ્ટક 1.3** માં દર્શાવેલ કુલ ખર્ચના આંકડા ₹ 2,68,591.47 કરોડ સાથે મેળ નહીં ખાય, કારણ કે ₹ 3,551.71 કરોડની લોન અને પેશગીઓ (Loans and Advances) ને બહાર રાખવામાં આવ્યા છે.

**આલેખ 3.3** દર્શાવે છે કે કુલ ખર્ચના ટકા તરીકે ગૌણ સદર 800 - 'અન્ય ખર્ચ'નો ઉપયોગ 2020-23 દરમિયાન સતત ઘટતું ગયું, પરંતુ 2023-25 દરમિયાન ક્રમશઃ વધ્યું છે.

2024-25 દરમિયાન આપેલ મુખ્ય સદરની અંદર ગૌણ સદર 800 – 'અન્ય ખર્ચ' હેઠળ નોંધાયેલા ખર્ચના નોંધપાત્ર પ્રમાણ (75 ટકા અથવા વધુ) ના ઉદાહરણો **કોષ્ટક 3.12** માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક: 3.12: 2024-25 દરમિયાન ગૌણ સદર 800 –'અન્ય ખર્ચ' હેઠળ નોંધાયેલ મહત્વપૂર્ણ ખર્ચ**

*(₹ કરોડમાં)*

| ક્ર. નં. | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળ ખર્ચ | ગૌણ સદર800 હેઠળ નોંધાયેલ ખર્ચ | ટકા |
|---|---|---|---|---|
| 1 | 3475-અન્ય સામાન્ય આર્થિક સેવાઓ | 56.20 | 64.36 | 114.52[16] |
| 2 | 4075-વિવિધ સામાન્ય સેવાઓ પર મૂડી ખર્ચ | 136.52 | 136.52 | 100.00 |
| 3 | 4236-પોષણ પર મૂડી ખર્ચ | 219.10 | 219.10 | 100.00 |
| 4 | 2075-વિવિધ સામાન્ય સેવાઓ | 182.77 | 181.51 | 99.31 |
| 5 | 4070-અન્ય વહીવટી સેવાઓ પર મૂડી ખર્ચ | 48.56 | 46.40 | 95.55 |
| 6 | 4408-ખાદ્ય, સંગ્રહ અને વેરહાઉસિંગ પર મૂડી ખર્ચ | 91.80 | 85.00 | 92.59 |
| 7 | 4851-ગામ અને નાના ઉદ્યોગો પર મૂડી ખર્ચ | 50.02 | 46.00 | 91.96 |
| 8 | 4875-અન્ય ઉદ્યોગો પર મૂડી ખર્ચ | 1271.01 | 1163.38 | 91.53 |
| 9 | 2701-મધ્યમ સિંચાઈ | 612.94 | 521.99 | 85.16 |
| 10 | 2852-ઉદ્યોગો | 6047.40 | 4628.40 | 76.54 |

સ્રોત: 2024-25 ના નાણાંકીય હિસાબો.

2020-25 દરમિયાન કુલ આવકના ટકા તરીકે ગૌણ સદર 800 – 'અન્ય આવક'ના ઉપયોગની વ્યાપકતા **આલેખ 3.4** માં દર્શાવ્યા મુજબ હતી.

[16] મુખ્ય સદર 3475 માં કુલ ખર્ચ ₹ 120.56 કરોડ છે (વિવિધ ગૌણ સદર). મુખ્ય સદર 3475 માં કપાત, કે જે જનરલ ઇન્શ્યોરન્સ ભંડોળ માંથી પૂરી થયેલી રકમ ₹ 64.36 કરોડ હતી. તેથી, મુખ્ય સદર 3475 હેઠળનો ચોખ્ખો ખર્ચ ₹ 56.20 કરોડ હતો (₹ 64.36 કરોડ ને ₹ 120.56 કરોડ માંથી બાદ કરતાં). તેથી, ગૌણ સદર 800 માં ખર્ચ મુખ્ય સદર હેઠળ દર્શાવેલ રકમ કરતાં વધુ હતી.

**આલેખ 3.4: 2020-25 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય આવક'નો ઉપયોગ**




સ્ત્રોત: સંબંધિત વર્ષોના નાણાંકીય હિસાબો.

આવકોની બાબતોમાં, ગૌણ સદર 800 નો ઉપયોગ 2024-25માં કુલ આવકોના 1.63 ટકા થી લઈને 2020-21 માં કુલ આવકોના 6.49 ટકા સુધી હતું. 2024-25 દરમિયાન, રાજ્ય સરકારે 53 મુખ્ય સદર સંબંધિત ₹ 3,555.63 કરોડની આવકોને ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધણી કરી, જે ₹ 2,18,554.38 કરોડની કુલ આવક આવકોના 1.63 ટકા બરાબર હતી. 2024-25 દરમિયાન આપેલ મુખ્ય સદરની અંદર ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધાયેલા આવકોના નોંધપાત્ર પ્રમાણ (75 *ટકા* અથવા વધુ) ના ઉદાહરણો **કોષ્ટક 3.13** માં આપવામાં આવ્યા છે.

**કોષ્ટક: 3.13: 2024-25 દરમિયાન ગૌણ સદર 800 – 'અન્ય આવક' હેઠળ નોંધાયેલ મહત્વપૂર્ણ આવકો.**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળની આવક | ગૌણ સદર 800 હેઠળ નોંધાયેલ આવક | ટકાવારી |
|---|---|---|---|---|
| 1. | 0575-અન્ય વિશેષ વિસ્તાર કાર્યક્રમો | 12.23 | 12.53 | 102.45[17] |
| 2. | 0047-અન્ય રાજકોષીય સેવાઓ | 0.03 | 0.03 | 100.00 |
| 3. | 0211-કુટુંબ કલ્યાણ | 1.53 | 1.53 | 100.00 |
| 4. | 0404-દૂધ વિકાસ | 0.18 | 0.18 | 100.00 |
| 5. | 0408-ખાદ્ય સંગ્રહ અને ગોદામવ્યવસ્થા | 30.54 | 30.54 | 100.00 |
| 6. | 0801-વિદ્યુત શક્તિ | 0.37 | 0.37 | 100.00 |

[17] મુખ્ય સદર 0575 માં કુલ આવક ₹ 12.53 કરોડ છે (માત્ર ગૌણ સદર 800 હેઠળ). મુખ્ય સદર 0575 માં, ગૌણ સદર 900 હેઠળ ₹ 0.30 કરોડના રિફન્ડ આપવામાં આવ્યા. તેથી, મુખ્ય સદર 0575 હેઠળની ચોખ્ખી આવક ₹ 12.23 કરોડ છે (₹ 0.30 કરોડ ને ₹ 12.53 કરોડ માંથી બાદ કરતાં). તેથી, ગૌણ સદર 800 હેઠળની આવક મુખ્ય સદર હેઠળ દર્શાવેલ રકમ કરતાં વધુ હતી.

| ક્રમાંક | મુખ્ય સદર | મુખ્ય સદર હેઠળની આવક | ગૌણ સદર 800 હેઠળ નોંધાયેલ આવક | ટકાવારી |
|---|---|---|---|---|
| 7. | 0802-પેટ્રોલિયમ | 0.02 | 0.02 | 100.00 |
| 8. | 1425-અન્ય વૈજ્ઞાનિક સંશોધન | 23.04 | 23.04 | 100.00 |
| 9. | 1452-પર્યટન | 29.78 | 29.78 | 100.00 |
| 10 | 1456-નાગરિક પુરવઠો | 54.78 | 54.78 | 100.00 |
| 11. | 0401-પાક પાલન | 489.16 | 486.63 | 99.48 |
| 12 | 0235-સામાજિક સુરક્ષા અને કલ્યાણ | 15.02 | 14.86 | 98.93 |
| 13 | 1054-રસ્તાઓ અને પુલો | 71.96 | 71.07 | 98.76 |
| 14 | 0702-લઘુ સિંચાઈ | 41.76 | 40.89 | 97.92 |
| 15 | 0215-જળ પુરવઠો અને સ્વચ્છતા | 24.21 | 22.87 | 94.47 |
| 16 | 0515-અન્ય ગ્રામ વિકાસ કાર્યક્રમો | 45.89 | 42.47 | 92.55 |
| 17 | 0059-જાહેર કામકાજ | 118.27 | 103.29 | 87.33 |
| 18 | 0216-આવાસ | 74.48 | 61.22 | 82.20 |
| 19 | 0405-મત્સ્યોદ્યોગ | 25.35 | 20.41 | 80.51 |
| 2C | 0406-વન અને વન્યજીવન | 41.12 | 32.31 | 78.57 |

સ્રોત: 2024-25 ના નાણાંકીય હિસાબ.

2024-25 દરમિયાન ગૌણ સદર 800 નો ઉપયોગ થયાના કેટલીક ઘટનાઓ, જ્યાં યોગ્ય સંબંધિત ગૌણ સદર ઉપલબ્ધ હતા, તે ***પરિશિષ્ટ 3.4.*** માં દર્શાવવામાં આવી છે.

અનુદાનના ઑડિટ દરમિયાન, જળ પુરવઠા વિભાગે જવાબ આપ્યો (નવેમ્બર 2025) કે સામાન્ય રીતે, ગૌણ સદર 800 હેઠળનો ખર્ચ આપત્તિ, પૂરો અથવા અકસ્માત, પુરસ્કારો, પાણી ચોરીથી રક્ષણ સમયે કરવામાં આવતો હતો. વિભાગે વધુમાં જણાવ્યું કે ગૌણ સદર 800 હેઠળની જોગવાઈ વિભાગના કુલ અંદાજપત્રીય કદની સરખામણીએ નોંધપાત્ર રકમ નથી.

વિભાગે ખાતરી આપી કે નાણાં વિભાગ સાથે પરામર્શ કરીને વર્ષ 2026-27 માટેના અંદાજપત્રમાં અંદાજોની વખતે યોગ્ય ગૌણ સદર માં જરૂરી જોગવાઈ કરવામાં આવશે.

સર્વસંગ્રાહક ગૌણ સદર 800 હેઠળ મોટી રકમોની નોંધણી નાણાકીય અહેવાલમાં પારદર્શકતાને અસર કરે છે.

## 3.8 ઉપલક અને ઋણ, થાપણ અને ભરણાના મુખ્ય સદરો હેઠળ બાકી સિલકો

એક અથવા બીજા કારણસર હિસાબના નિર્ણાયક સદરમાં નોંધી શકાય એમ ન હોય એવા વ્યવહારો દર્શાવવા માટે સરકારના હિસાબોમાં ઉપલક સદર ખોલવામાં આવે છે. આવા હિસાબી સદરોમાં રહેલી રકમોને જ્યારે તેમના સંબંધિત નિર્ણાયક સદરે નોંધવામાં આવે ત્યારે, બાદ ઉધાર અથવા

બાદ જમા દ્વારા છેવટે ઉપલક સદરોને દૂર કરવામાં આવે છે. જો ઉપલક સદર હેઠળની રકમો પતાવટ થયા વગર રહે તો આ સદરો હેઠળની સિલકો જમા થયા કરશે જે પરિણામે સરકારની આવક અને ચૂકવણીઓ ઓછી દર્શાવશે.

ભરણાં એવા તમામ વ્યવહારોને આવરી લે છે જે હિસાબોના સમાયોજનના સદરો હોય છે અને આ સદરોમાં ઉધાર અથવા જમા નોંધો છેવટે એજ અથવા અન્ય હિસાબી વર્તુળની અંદર અનુરૂપ જમા અથવા ઉધાર દ્વારા દૂર કરવામાં આવે છે.

નાણાકીય હિસાબો ઉપલક અને ભરણાંના સદરો હેઠળની ચોખ્ખી સિલકો દર્શાવે છે. આ સદરો હેઠળની બાકી સિલકોની ગણતરી જુદા જુદા સદરો હેઠળની અલગ અલગ બાકી ઉધાર અને જમા સિલકોનુ એકત્રીકરણ કરીને કરવામાં આવે છે. ઉપલક અને ભરણાંના સદરોની બાબતો દૂર કરવાનો આધાર રાજ્યની તિજોરીઓ/બાંધકામ અને વન વિભાગો, વગેરે દ્વારા રજૂ કરવામાં આવેલી વિગતો પર છે.

ઉપલક અને ભરણાંના મુખ્ય સદરો હેઠળની છેલ્લા ત્રણ વર્ષ માટેની ચોખ્ખી સિલકો **કોષ્ટક 3.14** માં આપી છે.

**કોષ્ટક 3.14 : ઉપલક અને ભરણાંના સદર ની સિલકો**

*(₹ કરોડમાં)*

| ગૌણ સદર | 2022-23 | | 2023-24 | | 2024-25 | |
|---|---|---|---|---|---|---|
| | ઉધાર | જમા | ઉધાર | જમા | ઉધાર | જમા |
| **મુખ્ય સદર 8658 – ઉપલક** | | | | | | |
| 101 – પગાર અને હિસાબ કચેરી ઉપલક | 139.37 | (-)0.93 | 136.89 | 0.86 | 156.54 | (-) 1.52 |
| ચોખ્ખી | **ઉધાર 140.30** | | **ઉધાર 136.03** | | **ઉધાર 158.06** | |
| 102 – ઉપલક હિસાબ – મુલ્કી | (-)9.69 | (-)29.42 | 28.49 | 22.21 | 21.54 | 9.51 |
| ચોખ્ખી | **ઉધાર 19.73** | | **ઉધાર 6.28** | | **ઉધાર 12.03** | |
| 109 - રિઝર્વ બેંક ઉચ્ચક– મુખ્ય કચેરી | 0.33 | 0.00 | 0.43 | 0.04 | 0.31 | (-) 0.02 |
| ચોખ્ખી | **ઉધાર 0.33** | | **ઉધાર 0.39** | | **ઉધાર 0.33** | |
| 110 - રિઝર્વ બેંક ઉપલક – મુખ્ય હિસાબી કચેરી | 201.34 | 4.39 | 300.92 | 201.34 | 4.39 | 300.92 |
| ચોખ્ખી | **ઉધાર 196.95** | | **ઉધાર 305.31** | | **ઉધાર 158.98** | |
| 112 – મૂળ સ્થાને કર કપાત (TDS) ઉપલક | 0.00 | 60.73 | 0.00 | 0.00 | 60.73 | 0.00 |
| ચોખ્ખી | **જમા 60.73** | | **જમા 77.82** | | **જમા 78.57** | |
| 123 – અખિલ ભારતીય સેવાના અધિકારીઓની જૂથ વિમા યોજના | 0.24 | 0.15 | 0.40 | 0.24 | 0.15 | 0.40 |
| ચોખ્ખી | **ઉધાર 0.09** | | **ઉધાર 0.04** | | **જમા 0.05** | |

| ગૌણ સદર | 2022-23 | | 2023-24 | | 2024-25 | |
|---|---|---|---|---|---|---|
| | ઉધાર | જમા | ઉધાર | જમા | ઉધાર | જમા |
| **મુખ્ય સદર 8782- ભરણાં** | | | | | | |
| 102 – જાહેર બાંધકામના ભરણાં | 20,163.07 | 21,106.67 | 25,580.59 | 26,919.27 | 26,768.06 | 28,698.09 |
| ચોખ્ખી | **જમા 943.60** | | **જમા 1,338.69** | | **જમા 1,930.04** | |
| 103 – વન વિભાગના ભરણાં | 1,384.39 | 1,491.49 | 1,653.02 | 1,384.39 | 1,491.49 | 1,653.02 |
| ચોખ્ખી | **જમા 107.10** | | **જમા 66.71** | | **જમા 141.86** | |
| 108 અન્ય ભરણાં | 96.76 | 109.00 | 112.06 | 96.76 | 109.00 | 112.06 |
| ચોખ્ખી | **જમા 12.24** | | **જમા 9.63** | | **જમા 4.29** | |

સ્રોત: સંબંધિત વર્ષોના નાણાંકીય હિસાબો

### કેસ સ્ટડી: ઉપલક વ્યવહારો

ઉપલક હેઠળ હજી પણ રકમો શા કારણે પડેલી છે તે તપાસવા માટે ઓડિટે ઉપલક લેવડદેવડની પરીક્ષણ ચકાસણી કરી.

***પગાર અને હિસાબ કચેરી ઉપલક***

નેશનલ હાઇવે ડિવિઝન ઉચ્ચક: વર્ષ 2024-25 માટે ₹ 30 કરોડનો દાવો (ગુજરાત રાજ્યની વિવિધ નેશનલ હાઇવે ડિવિઝનો હેઠળ બુક કરાયેલ ખર્ચ) નેશનલ હાઇવે ડિવિઝન, મુંબઈ દ્વારા મંજૂર કરવામાં આવ્યો ન હતો. વધુમાં, ઉપલક ખાતામાં 2016-24ના સમયગાળા માટે ₹ 17 કરોડનો અમંજૂર ખર્ચ પણ છે, જેનું સમન્વય (reconciliation) જરૂરી છે.

સેન્ટ્રલ પેન્શન એકાઉન્ટિંગ ઓફિસ, ન્યુ દિલ્હી: નવેમ્બર 2021થી વિવિધ મહિનાઓ માટે ₹ સાત કરોડની રકમ ઉપલક ખાતામાં પડી છે.

***ઉપલક હિસાબ (મુલ્કી)***

સેન્ટ્રલ/વેસ્ટર્ન રેલવે ઉપલકના પેન્શનરોને ચૂકવવામાં આવેલા પેન્શન દાવાઓનુ વળતર: ઓગસ્ટ 2020થી આગળના વિવિધ મહિનાઓ માટે સંબંધિત વાઉચરો PAO, સેન્ટ્રલ રેલવે, મુંબઈ અને PAO, વેસ્ટર્ન રેલવે, મુંબઈને ન સોંપવાના કારણે ₹ 5.77 લાખ અને ₹ 88 લાખની રકમ ઉપલક ખાતાઓમાં પડી છે. વાઉચરો રજૂ ન થાય તો આ રાજ્યના સંયુક્ત નિધિ પર ભાર બનશે.

કન્ટ્રોલર ઑફ ડિફેન્સ (પેન્શન), અલાહાબાદ: નવેમ્બર 2021થી વિવિધ મહિનાઓ માટે ₹ 10.69 કરોડની રકમ ઉપલક ખાતાઓમાં પડી છે.

આ સદર હેઠળ બાકી રહેલ બેલેન્સનું નિવારણ ન થવાથી રાજ્ય સરકારની આવક/ખર્ચના આંકડાઓની ચોકસાઈ અને વિવિધ સદર હેઠળના બેલેન્સ (જે દર વર્ષે આગળ ધપાવવામાં આવે છે) ઉપર અસર પડે છે.

## 3.9 વિભાગીય આંકડાઓનું મેળવણું

ગુજરાત નાણાકીય નિયમો નિયત કરે છે કે મુખ્ય નિયંત્રણ અધિકારીઓ/ નિયંત્રણ અધિકારીઓના હિસાબ-કિતાબમાં નોંધવામાં આવેલા આવક અને ખર્ચનું વર્ષ દરમિયાન દર મહિને મહાલેખાકાર

(હિસાબ અને હક) ના હિસાબ-કિતાબમાં જે નોધવામાં આવેલા હોય તેની સાથે મેળવણું કરવું જોઇએ.

ગુજરાત બજેટ મેન્યુઅલ 1983 નો ફકરો 101 નિયત કરે છે કે નિયંત્રણ અધિકારીઓના હિસાબ-કિતાબમાં નોંધવામાં આવેલા આવક અને ખર્ચનું નાણાકીય વર્ષ દરમિયાન દર મહિને મહાલેખાકાર (હિસાબ અને હક) ના હિસાબ-કિતાબમાં જે નોધવામાં આવેલા હોય તેની સાથે મેળવણું કરવું જોઇએ. આ બાબત નિયંત્રણ અધિકારીઓને (ક) ખર્ચ પર અસરકારક નિયંત્રણ રાખવામાં (ખ) તેમની અંદાજપત્રીય ફાળવણીનો અસરકારક રીતે વહીવટ કરવામાં અને (ગ) તેમના હિસાબોની ચોકસાઇ સુનિશ્ચિત કરવા માટે સક્ષમ કરે છે.

નિયંત્રણ અધિકારીઓ દ્વારા આંકડાકીય મેળવણાની સ્થિતિ **કોષ્ટક 3.15** અને **આલેખ 3.5** માં દર્શાવેલ છે.

**કોષ્ટક 3.15: નિયંત્રણ અધિકારીઓ દ્વારા આવક અને ખર્ચના મેળવણાની સ્થિતિ**

| વર્ષ | નિયંત્રણ અધિકારીઓની કુલ સંખ્યા | જેઓએ તેમની આવક/ખર્ચનું મેળવણું કર્યું એવા નિયંત્રણ અધિકારીઓની સંખ્યા | | |
|---|---|---|---|---|
| | | સંપૂર્ણ મેળવણું | આંશિક મેળવણું | મેળવણું ન કરેલ |
| **આવક** | | | | |
| 2022-23 | 80 | 79 | 01 | 00 |
| 2023-24 | 80 | 77 | 03 | 00 |
| 2024-25 | 80 | 53 | 13 | 14 |
| **ખર્ચ** | | | | |
| 2022-23 | 527 | 511 | 16 | 00 |
| 2023-24 | 527 | 500 | 23 | 04 |
| 2024-25 | 527 | 351 | 64 | 112 |

સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) કચેરી દ્વારા જાળવવામાં આવેલી માહિતી

**આલેખ 3.5: વર્ષ 2022-25 દરમ્યાન આવક અને ખર્ચના મેળવણાની સ્થિતિ**




સ્રોત: પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) કચેરી દ્વારા જાળવવામાં આવેલી માહિતી

બધી આવક અને ખર્ચ સંબંધિત મેળવણા માટે જરૂરી કાર્યવાહી કરવાની રહે છે.

## 3.10 રોકડ સિલકોનું મેળવણું

31 માર્ચ 2025ના રોજ પ્રધાન મહાલેખાકાર (હિસાબ અને હક) ના હિસાબ-કિતાબ મુજબ રોકડ બેલેન્સ ₹ 7.21 કરોડ (ઉધાર) હતું અને RBI દ્વારા અહેવાલ મુજબ ₹ 18.80 કરોડ (ઉધાર) હતું. ₹ 11.59 કરોડનો શુદ્ધ તફાવત મુખ્યત્વે ટ્રેઝરી / RBI /એજન્સી બેંક અને પ્રધાન મહાલેખાકાર કચેરી વચ્ચે બાકી મેળવણાના કારણે હતો. આ તફાવત મેળવણા હેઠળ છે.

ગયા વર્ષની સ્થિતિ, *i.e.*, 31 માર્ચ 2024ના રોજ ₹ 7.04 કરોડ હતી.

રાજ્યમાં ચુકવણીઓ માટે e-Kuber સિસ્ટમ (RBIની) ને સ્ટેટ ઇન્ટિગ્રેટેડ ફાઇનાન્શિયલ મેનેજમેન્ટ સિસ્ટમ (IFMS) સાથે સંકલિત કર્યા પછી, અહેવાલિત વ્યવહારોમાં તફાવત વધ્યો છે કારણ કે રાજ્ય IFMS અહેવાલો વ્યવહાર તારીખના આધાર પર છે જ્યારે e-Kuber સિસ્ટમ વ્યવહારોને સ્ક્રોલ તારીખના આધાર પર અહેવાલિત કરે છે.

## 3.11 વિભાગીય અધિકારીઓ પાસે પડેલી બિનવપરાયેલ રકમ

કોડલ જોગવાઇઓ મુજબ, બિન-સરકારી એજન્સીઓ પાસેથી ડિપોઝિટ વર્ક્સ માટે પબ્લિક વર્ક્સ ડિવિજનને પ્રાપ્ત થયેલા ભંડોળને મુખ્ય સદર '8443 - Civil Deposits' હેઠળના ગૌણ સદર '108 - Public Works Deposits' હેઠળ જમા કરવાનું જરૂરી છે. સંબંધિત ડિપોઝિટ વર્ક્સ માટેનો ખર્ચ પણ એ જ સદર ઓફ અકાઉન્ટમાંથી પૂર્ણ કરવામાં આવે છે. માસિક વિભાગીય ખાતાઓમાં, આવી જમાઓની અનરેમિટેડ રકમને પબ્લિક વર્ક્સ ડિવિજન દ્વારા રાજ્યના જાહેર હિસાબો હેઠળ મુખ્ય સદર '8671 -Departmental Balances, 101 – Civil' હેઠળ વર્ગીકૃત કરવામાં આવે છે અને પછી સરકારી ખાતાઓનો ભાગ બને છે. જોકે, ડિપોઝિટ્સ વર્ક્સ માટે પ્રાપ્ત થયેલા ભંડોળને સરકારી ખાતાઓમાં જમા કરાવવાને બદલે પબ્લિક વર્ક્સ ડિવિજન દ્વારા ચલાવાતા વિભાગીય અધિકારીઓના બેંક ખાતાઓમાં રાખવામાં આવે છે અને તેથી, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા સાથે રાજ્યના રોકડ બેલેન્સનો ભાગ નથી બનતા.

નાણાકીય પ્રમાણ ઓડિટ દરમિયાન આવા કોઈ કેસ ધ્યાનમાં આવ્યા નથી.

## 3.12 ભારત સરકારના હિસાબી ધોરણોનું અનુપાલન

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા 2002માં સ્થાપવામાં આવેલુ સરકારી હિસાબી ધોરણ સલાહકાર બોર્ડ (GASAB), ઉત્તરદાયિત્વ નક્કી કરવાની પધ્ધતિને વધુ સારી બનાવવા માટે સરકારી હિસાબો અને નાણાકીય અહેવાલો માટેના ધોરણો ઘડે છે. માર્ચ 2003 ની સ્થિતિએ, ચાર ભારતીય સરકારી હિસાબી ધોરણો (IGAS) જાહેર કરવામાં આવ્યા છે.

આ ધોરણોની વિગતો અને વર્ષ 2024-25 માટેના નાણાકીય પત્રકોમાં ગુજરાત સરકાર દ્વારા આના અનુપાલનનું પ્રમાણ **કોષ્ટક 3.16** માં આપવામાં આવ્યું છે.

**કોષ્ટક 3.16 : ભારતીય સરકારી હિસાબી ધોરણોનું અનુપાલન**

| હિસાબી ધોરણ | ભારત સરકારના હિસાબી ધોરણોનો સાર | રાજ્ય સરકાર દ્વારા અનુપાલન | ઉણપ |
|---|---|---|---|
| ભારત સરકારના હિસાબી ધોરણો – 1 *સરકાર દ્વારા આપવામાં આવેલી બાયંધરીઓ– જાહેર કરવાની જરૂરિયાત* | આ ધોરણ સરકાર માટે તેના નાણાકીય હિસાબોમાં વર્ષ દરમિયાન આપવામાં આવેલી બાયંધરીઓની મહત્તમ રકમ સાથે ઉમેરા, કાઢી નાખેલી, અમલ કરેલી, મુક્ત કરેલી અને વર્ષના અંતે બાકી જાહેર કરવાનું જરૂરી બનાવે છે. | આંશિક અનુપાલન કરવામાં આવ્યુ | રાજ્ય સરકારે વર્ષ દરમિયાન આપેલી બાંયધરીઓની અધિકતમ રકમ જાહેર કરી હતી પરંતુ મળવાપાત્ર બાંયધરી ફીનું ક્ષેત્ર-વાર વિભાજન રાજ્ય સરકાર દ્વારા પૂરું પાડવામાં આવ્યું ન હતું. વિભાગો દ્વારા બાંયધરીઓનું મેળવણું કરવામાં આવ્યું ન હતું. |
| ભારત સરકારના હિસાબી ધોરણો - 2 *સહાયક અનુદાનનું હિસાબીકરણ અને વર્ગીકરણ* | છેવટના ઉપયોગને ધ્યાને લીધા વિના સહાયક અનુદાનનું વર્ગીકરણ અનુદાન આપનારના હિસાબોમાં મહેસૂલી ખર્ચ તરીકે અને અનુદાન મેળવનારના હિસાબોમાં મહેસૂલી આવક તરીકે કરવાનું હોય છે. | આંશિક અનુપાલન કરવામાં આવ્યુ | 2024-25 દરમિયાન, ગુજરાત સરકારે મહેસૂલી વિભાગ હેઠળ સાચી રીતે સહાયક અનુદાનની અંદાજપત્રીય જોગવાઈ અને હિસાબી નોંધ કરેલ નથી[18]. વસ્તુ રૂપે આપવામાં આવેલા સહાયક અનુદાનની માહિતી સરકાર દ્વારા મહાલેખાકાર (હિસાબ અને હક) ને આપવામાં આવી ન હતી. |
| ભારત સરકારના હિસાબી ધોરણો – 3 *સરકાર દ્વારા આપવામાં આવેલી લોન અને પેશગીઓ* | આ ધોરણ સરકાર દ્વારા આપવામાં આવતી લોન અને પેશગીઓની નાણાકીય હિસાબોમાં માન્યતા, માપણી, મૂલ્યાંકન અને રજૂઆતને લગતું છે. જેથી પૂર્ણ, ચોક્કસ અને એકરૂપ હિસાબી પ્રણાલી સુનિશ્ચિત કરી શકાય. | આંશિક અનુપાલન કરવામાં આવ્યુ | રાજ્ય સરકારે લોનની સિલકો અને બાકી વસૂલાતો અને કાયમી ધોરણે મંજૂર કરવામાં આવેલી લોનની પુષ્ટિ કરવાની હોય છે. જો કે, સરકારે 31 માર્ચ 2025 ના રોજની વસૂલાતને લગતી માહિતી પૂરી પાડી છે છતાં, મહાલેખાકાર (હિસાબ અને હક) દ્વારા સતત અનુસરણ કરતાં રહેવા છતાં બાકી લોનની સિલકો અને 'કાયમી ધોરણે આપવામાં આવેલી લોન'અંગેનીમાહિતીની પુષ્ટિ કરી નથી. |
| ભારત સરકારના હિસાબી ધોરણો– 4 *પહેલાના સમયગાળાની ગોઠવણો* | આ ધોરણનો ઉદ્દેશ્ય અગાઉના સમયગાળાની ગોઠવણો, જેમાં એકવાર ધ્યાન પર આવેલી ભૂલો સમાવિષ્ટછે, તે વર્તમાન સમયગાળા (નાણાકીય વર્ષ) માં હિસાબીકરણના રોકડ આધાર હેઠળ રજૂ અને જાહેર કરવાની રીત નક્કી કરવાનો છે. | અનુપાલન | **વર્ષ દરમિયાન અગાઉના સમયગાળાની ગોઠવણો કરવામાં આવી નહતી.** |

[18] મૂડી સંપત્તિ સર્જન માટે સહાયક અનુદાન (GIA) પર ₹ 3.96 કરોડનો ખર્ચ મહેસૂલ ખર્ચ ના બદલે મૂડી ખર્ચ તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યો છે

## 3.13 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબોની રજૂઆત

રાજ્ય સરકાર દ્વારા વિકાસ, ગૃહનિર્માણ વગેરે ક્ષેત્રોમાં ઘણી સ્વાયત્ત સંસ્થાઓની સ્થાપના કરવામાં આવી છે. આ સ્વાયત્ત સંસ્થાઓ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક (ફરજો, સત્તાઓ અને સેવાની શરતો) અધિનિયમ, 1971 ની કલમ 19(2), 19(3) અને 20(1) હેઠળ ઑડિટને પાત્ર છે. રાજ્યમાં આવી 70 સ્વાયત્ત સંસ્થાઓના હિસાબનું ઑડિટ ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા કરવામાં આવે છે. 70 સ્વાયત્ત સંસ્થાઓ પૈકી પ્રત્યેકની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય સરકારને રજૂ કરવાના હોય છે જ્યારે 70 સ્વાયત્ત સંસ્થાઓ પૈકી 42 ની બાબતમાં અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભામાં મુકવાના હોય છે.

***પરિશિષ્ટ 3.5***માં આપેલી વિગતો મુજબ 70 માંથી માત્ર બે[19] સ્વાયત્ત સંસ્થાઓએ વર્ષ 2024-25 માટેના હિસાબો રજૂ[20] કર્યા હતાં જ્યારે 68 સ્વાયત્ત સંસ્થાઓની બાબતમાં 31 જૂલાઇ 2025ની સ્થિતિએ 277 હિસાબો બાકી હતાં.

68 સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા હિસાબોની રજૂઆતમાં વિલંબનું વિભાજન **કોષ્ટક 3.17** માં દર્શાવ્યુ છે.

**કોષ્ટક 3.17 : હિસાબોની રજુઆતમાં વિલંબ**

| ઓડિટ માટે ખાતાં રજૂ કરવામાં વિલંબ | |
|---|---|
| **વિલંબનો સમયગાળો (31 જુલાઈ 2025 સુધી)** | **સ્વાયત સંસ્થાઓની સંખ્યા** |
| 1 વર્ષ સુધી | 27 |
| 2 વર્ષ | 6 |
| 2 વર્ષ કરતાં વધુ | 35 |
| **કુલ** | **68** |

સ્રોતઃ મહાલેખાકાર (ઓડિટ– I) અને પ્રધાન મહાલેખાકાર (ઓડિટ– II) ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

હિસાબો રજૂ કરવામાં અને અલગ ઑડિટ અહેવાલો રાજ્ય વિધાનસભાના મેજ પર મુકવામાં વિલંબ જોખમકારક હતો કારણ કે સરકારનું મૂડીરોકાણ કરવામાં આવેલું છે એવી આ સંસ્થાઓની કામગીરીની ચકાસણીમાં વિલંબ થયો હતો.

## 3.14 અનુદાન અથવા ધીરાણ દ્વારા નોંધપાત્ર રીતે નાણાંપોષિત સંસ્થાઓ અને સત્તાધિકારીઓ દ્વારા હિસાબો રજૂ કરવું

31 માર્ચ 2025 સુધીમાં, રાજ્યના સંયુક્ત ભંડોળમાંથી અનુદાન અથવા ધીરાણ દ્વારા નોંધપાત્ર રીતે નાણાંપોષિત 290 સ્વાયત્ત સંસ્થઓ હતા. તમામ 290 સ્વાયત્ત સંસ્થઓ પર C&AG (DPC) અધિનિયમ, 1971 ની કલમ 14 હેઠળ ઓડિટ કરવામાં આવ્યું હતું.

---

[19] ગુજરાત વીજ નિયમન પંચ (Gujarat Electricity Regulatory Commission); અને (ii) ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી ( Gujarat Real Estate Regularity Authority),ગાંધીનગર

[20] સ્વાયત સંસ્થાઓ દ્વારા નાણાકીય વર્ષની સમાપ્તિ પછી ત્રણ મહિનામાં (દર વર્ષે 30 જૂન સુધી) હિસાબો રજૂ કરવાના હતા.

2024-25 દરમિયાન 92 સ્વાયત્ત સંસ્થઓના કુલ 147 ખાતાં (પાછલા વર્ષોના ખાતાં સહિત)નું ઑડિટ કરવામાં આવ્યું. ચાર[21] સ્વાયત્ત સંસ્થઓ એ 2024-25 માટેના તેમના ખાતાં રજૂ કર્યા. જોકે, C&AG's (DPC) Act, 1971 ની Section 14 મુજબ 2024-25 સુધી બાકી રહેલા 286 સ્વાયત્ત સંસ્થઓના 872 વાર્ષિક ખાતાં, 31 જુલાઈ 2025 સુધી મહાલેખાકાર (ઑડિટ – I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ – II)ની કચેરીઓને પ્રાપ્ત થયા ન હતા.

જે 286 સ્વાયત્ત સંસ્થઓ એ ખાતાં રજૂ કર્યા નથી તેની વિગતો ***પરિશિષ્ટ 3.6*** માં દર્શાવવામાં આવી છે જ્યારે તેમની વયવાર બાકીદારી **કોષ્ટક 3.18** માં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક 3.18: સ્વાયત્ત સંસ્થાઓ પાસેથી મળવા પાત્ર વાર્ષિક ખાતાંની વયવાર બાકીદારી**

| ક્રમ સં. | બાકીદારી (વર્ષમાં) | સંસ્થાઓ/સત્તાધિકારીઓની સંખ્યા |
|---|---|---|
| 1. | એક વર્ષથી ઓછી (2024-25) | 119 |
| 2. | 2-3 (2022-24) | 97 |
| 3. | 4-5 (2020-22) | 35 |
| 4. | 6-10 (2015-20) | 22 |
| 5. | 10થી વધુ | 13 |
| | **કુલ** | **286** |

સ્રોત: મહાલેખાકાર (ઑડિટ – I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ – II)ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી

ઉપરોક્ત **કોષ્ટક 3.16** દર્શાવે છે કે 35 AB ના ખાતાઓ પાંચ વર્ષથી વધુ સમયથી બાકી હતા. નોંધપાત્ર રીતે નાણાંપોષિત મોટી સંખ્યામાં સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા વાર્ષિક ખાતાં ન રજૂ કરવાથી નાણાકીય જવાબદારી અને પારદર્શિતા નબળી પડે છે, કારણ કે ઑડિટ એકીકૃત ભંડોળમાંથી અપાયેલ અનુદાન અને ધીરાણના ઉપયોગની ચકાસણી કરી શકતું નથી. સતત બાકીદારી, જે કેટલાક કિસ્સાઓમાં દસ વર્ષથી પણ વધુ સુધી વિસ્તરે છે, અસરકારક દેખરેખને નબળી પાડે છે, સામાન્ય નાણાકીય નિયમોનું પાલન નબળું પાડે છે, અને જાહેર ભંડોળના અનિયમિત અથવા બિનકાર્યક્ષમ ઉપયોગનું જોખમ વધારે છે, જ્યારે ખાતાંની ચકાસણી વિના રકમની સતત રિલીઝ નાણાકીય અનુશાસન અને વિધાનમંડળને મળતી ખાતરીને ધક્કો પહોંચાડે છે.

સામાન્ય નાણાકીય નિયમો, 2017 ના Rule 238 (2) હેઠળની જોગવાઈઓને ધ્યાનમાં રાખીને, પ્રશાસકીય વિભાગોએ આગામી વર્ષોમાં અનુદાન મુક્ત (રિલીઝ) કરતા પહેલાં, હિસાબો ની બાકીદારીની સમીક્ષા કરવાની જરૂર છે. નાણાં વિભાગે આવા હસ્તાંતરણો પર નજર રાખવાની જરૂર છે.

**કેસ સ્ટડી: સ્વાયત્ત સંસ્થાઓના ખાતાઓમાં જોવા મળેલ ખામીઓ**

ગુજરાત સરકાર, નાણાં વિભાગના પરિપત્ર ક્રમાંક MIS -10-2013-471874-GOC (ઓગસ્ટ 2013) મુજબ, નાણાકીય વર્ષ 2013-14 થી વિવિધ સરકારી વિભાગો હેઠળની સંસ્થાઓ/ટ્રસ્ટ/મિશન્સ વગેરે દ્વારા ખાતાઓના સામાન્ય ફોર્મેટ અપનાવવા માટે વિવિધ

[21] (i) વન વિકાસ સંસ્થા (Forest Development Agency), ગીર પશ્ચિમ; (ii) ગુજરાત રાજ્ય બાયોટેકનોલોજી મિશન (Gujarat State Biotechnology Mission); (iii) ગુજરાત રાજ્ય ઇલેક્ટ્રોનિક મિશન (Gujarat State Electronic Mission); (iv) રાજ્ય વન વિકાસ સંસ્થા (State Forest Development Agency)

સૂચનાઓ અને ફોર્મેટ નક્કી કરવામાં આવ્યા. રાજ્યની તમામ સ્વાયત્ત સંસ્થાઓને સૂચના આપવામાં આવી હતી કે સંલગ્ન કરેલા ખાતાઓના એકરૂપ ફોર્મેટમાં ખાતાઓ તૈયાર કરવામાં આવે, અંતિમ સ્વરૂપ આપવામાં આવે, તેનું ઑડિટ કરાવી, સરકારને રજૂ કરવામાં આવે અને ખાતાઓ "હિસાબી સંચય પદ્ધતિ" ના સિદ્ધાંત પર આધારિત હશે તથા "ચાલુ એકમ સિદ્ધાંત" ની સંકલ્પનાને જાળવવી પડશે.

અનુદાન ઑડિટ દરમિયાન GAD દ્વારા મોટાભાગે નાણાંપોષિત સ્વાયત્ત સંસ્થઓ અંગે હિસાબી પદ્ધતિ અને ઑડિટ અહેવાલો ની સ્થિતિ તપાસવામાં આવી. વિગતો **કોષ્ટક 3.19** મુજબ છે:

**કોષ્ટક 3.19: GAD દ્વારા મોટાભાગે નાણાંપોષિત સ્વાયત્ત સંસ્થઓ દ્વારા અનુસરવામાં આવેલી હિસાબી પદ્ધતિ**

| ક્રમ સં. | સ્વાયત્ત સંસ્થાનું નામ | વર્ષ | અનુસરવામાં આવેલી હિસાબી પદ્ધતિ | વિભાગને ઓડિટ અહેવાલ સુપરત કરવામાં આવ્યો | ઓડિટ ઓફિસમાં સબમિટ કરવામાં આવ્યો |
|---|---|---|---|---|---|
| 1 | ગુજરાત સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સોસાયટી | 22-23 | રોકડ આધાર | હા | હા |
| 1 | ગુજરાત સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સોસાયટી | 23-24 | રોકડ આધાર | હા | ના |
| 1 | ગુજરાત સોશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ સોસાયટી | 24-25 | રોકડ આધાર | હા | ના |
| 2 | ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતીઓ ફાઉન્ડેશન | 22-23 | રોકડ આધાર | હા | ના |
| 2 | ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતીઓ ફાઉન્ડેશન | 23-24 | રોકડ આધાર | હા | ના |
| 2 | ગુજરાત રાજ્ય બિન-નિવાસી ગુજરાતીઓ ફાઉન્ડેશન | 24-25 | રોકડ આધાર | હા | ના |
| 3 | ગુજરાત માહિતી આયોગ | 22-23 | રોકડ આધાર | હા | હા |
| 3 | ગુજરાત માહિતી આયોગ | 23-24 | રોકડ આધાર | હા | હા |
| 3 | ગુજરાત માહિતી આયોગ | 24-25 | રોકડ આધાર | હા | ના |
| 4 | ગાંધીનગર જીમખાના | 22-23 | હિસાબી સંચયનો આધાર | હા | હા |
| 4 | ગાંધીનગર જીમખાના | 23-24 | હિસાબી સંચયનો આધાર | હા | ના |
| 4 | ગાંધીનગર જીમખાના | 24-25 | હિસાબી સંચયનો આધાર | ના | ના |
| 5 | સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન | 22-23 | હિસાબી સંચયનો આધાર | હા | હા |
| 5 | સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન | 23-24 | હિસાબી સંચયનો આધાર | હા | હા |
| 5 | સરદાર પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન | 24-25 | હિસાબી સંચયનો આધાર | ના | ના |
| 6 | ગુજરાત રાજ્ય ઇન્સ્ટિટ્યૂશન ફોર ટ્રાન્સફોર્મેશન | | આ સ્વાયત્ત સંસ્થા 03 ડિસેમ્બર 2024 થી કાર્યરત થઈ ગઈ છે. | | |

સ્રોત: વિભાગ અને સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા પૂરી પાડવામાં આવેલી માહિતી

વિભાગ દ્વારા નોંધપાત્ર ધિરાણ/ભંડોળ મેળવનારા પાંચમાંથી ત્રણ સ્વાયત્ત સંસ્થાઓ દ્વારા નાણાં વિભાગના સૂચનોનું પાલન કરવામાં આવ્યું ન હતું.

વિભાગને જાણ (સપ્ટેમ્બર 2025) કરવામાં આવી હતીઅને તેમનો પ્રતિસાદ વારંવાર રિમાઇન્ડર્સ (ઓક્ટોબર અને નવેમ્બર 2025) જારી કરવા છતાં (જાન્યુઆરી 2026) સુધી બાકી છે.

## 3.15 ખાતાઓની સમયબદ્ધતા અને ગુણવત્તા

રાજ્ય સરકારના ખાતાઓ પ્રધાન મહાકેખાકાર (હિસાબ અને હક્ક) દ્વારા 33 જિલ્લા ખજાનાઓ, 155 જાહેર બાંધકામ વિભાગો અને 73 વન વિભાગો દ્વારા રજૂ કરાયેલા પ્રારંભિક ખાતાઓમાંથી, ગાંધીનગર અને અમદાવાદ ખાતેની પગાર અને હિસાબ કચેરીઓ [Pay and Accounts Offices (PAOs)] ના સંકલિત ખાતાઓમાંથી, અને RBI ની સલાહ પરથી સંકલિત કરવામાં આવે છે. ખજાનાઓ અને અન્ય પાછલો હિસાબ રજુ કરનાર એકમો દ્વારા રજૂ કરાયેલા વાઉચર્સ, પ્રારંભિક અને ઉપખાતાઓ પરથી ખાતાઓ સંકલિત થાય છે. ખાતાઓ પ્રાપ્ત કરવામાં કોઈ બાકીદારી/પડતર ન હતી.

## 3.16 દુર્વિનિયોગ, નુકસાન અને ચોરી

સામાન્ય નાણાકીય નિયમો, 2017 નો નિયમ 33 જોગવાઈ કરે છે કે જાહેર નાણાં, આવક અથવા રસીદોમાં કોઈપણ નુકસાન અથવા ઘટતાની જાણ સંબંધિત અધીનસ્ત અધિકારીએ તરત જ આગલા ઉચ્ચ અધિકારીને તેમજ વૈધાનિક ઓડિટ અધિકારી અને સંબંધિત મુખ્ય હિસાબી અધિકારીને કરવાની રહેશે.

રાજ્ય સરકારે ₹ 74.09 કરોડ ના સરકારી નાણાંના ગેરરીતિ, નુકસાન, ઉચાપત વગેરેના 178 કેસ નોંધ્યા (માર્ચ 2025 સુધી) હતા, જેના પર અંતિમ કાર્યવાહી બાકી હતી. માર્ચ 2025 ના અંતમાં બાકી રહેલી ચોરી, ગેરરીતિ/સરકારી સામગ્રીના નુકસાન અને આગ/અકસ્માતોને કારણે થયેલા નુકસાનની વિભાગવાર/શ્રેણીવાર વિગતો ***પરિશિષ્ટ 3.7*** માં આપવામાં આવી છે. આનો સારાંશ **કોષ્ટક 3.20** માં આપવામાં આવ્યો છે.

**કોષ્ટક 3.20 : ચોરી, દુર્વિનિયોગ અને આગના કેસોની વિગતો**

| શ્રેણી/પ્રકારો | કેસોની સંખ્યા | સંકળાયેલી રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| ચોરી | 48 | 0.52 |
| સરકારી સામગ્રીનો દુર્વિનિયોગ/ નુકસાન | 113 | 72.88 |
| આગ/અકસ્માત કેસો | 17 | 0.69 |
| કુલ | **178** | **74.09** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટાના આધારે મહાલેખાકાર (ઑડિટ – I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ – II)ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

178 પડતર કેસોની વિભાગવાર/શ્રેણીવાર વિગતોનું સારાંશ **કોષ્ટક 3.21** માં આપવામાં આવ્યો છે.

**કોષ્ટક 3.21 : દુર્વિનિયોગ, નુકસાન અને ગબન કેસોની વયવાર વિગત**

| વર્ષોમાં શ્રેણી | કેસોની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 5 સુધી | 17 | 48.75 |
| 5 – 10 | 38 | 16.22 |
| 10 – 15 | 22 | 2.62 |
| 15 – 20 | 19 | 0.55 |

| વર્ષોમાં શ્રેણી | કેસોની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|
| 20 – 25 | 10 | 5.03 |
| 25 અને તેથી વધુ | 72 | 0.92 |
| કુલ | **178** | **74.09** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટાના આધારે મહાલેખાકાર (ઑડિટ – I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ – II)ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

178 બાકી કેસોમાંથી, 95 કેસ (53 *ટકા*) ત્રણ વિભાગોને સંબંધિત હતા એટલે કે વન અને પર્યાવરણ વિભાગ (42 કેસ); નર્મદા, જળસ્રોત, જળપુરવઠા અને કાલ્પસર વિભાગ (26 કેસ); અને મહેસૂલ વિભાગ (27 કેસ) સંબંધિત હતા.

178માંથી 140 કેસોમાં પ્રથમદર્શી માહિતી અહેવાલ [ફર્સ્ટ ઇન્ફોર્મેશન રિપોર્ટ્સ (FIRs)] નોંધવામાં આવ્યા હતા. બાકીના 38 કેસોમાં વિભાગીય કાર્યવાહી પ્રગતિ હેઠળ હતી (ઓક્ટોબર 2025).

વિલંબ/બાકી પેન્ડન્સી કેસોના કારણો (કેસવાર અને રકમવાર) **કોષ્ટક 3.22** માં દર્શાવ્યા છે.

**કોષ્ટક 3.22 : દુર્વિનિયોગ, નુકસાન અને ગબનના પેન્ડન્સી માટેના કારણો**

| અનુ. ક. | વિલંબ/બાકી પેન્ડિંગ કેસોના કારણો | કેસોની સંખ્યા | રકમ (₹ કરોડમાં) |
|---|---|---|---|
| 1. | વિભાગીય અને ફોજદારી તપાસ માટે રાહ જોવાઈ રહી છે | 24 | 57.99 |
| 2. | વિભાગીય કાર્યવાહી શરૂ કરાઈ છે પરંતુ અંતિમરૂપ આપવામાં આવ્યું નથી | 25 | 1.89 |
| 3. | ફોજદારી કાર્યવાહી અંતિમ થઈ છે પરંતુ રકમ વસૂલાત માટેના પ્રમાણપત્રનું અમલીકરણ બાકી છે | 5 | 0.66 |
| 4. | વસૂલાત અથવા માંડવાળ (write off) માટેના આદેશોની રાહ જોવાઈ રહી છે | 56 | 3.88 |
| 5. | કાનૂની અદાલતોમાં પેન્ડિંગ છે | 63 | 9.63 |
| 6. | અન્ય | 5 | 0.04 |
| | કુલ | **178** | **74.09** |

સ્રોત: સંબંધિત વિભાગો દ્વારા પૂરા પાડવામાં આવેલા ડેટાના આધારે મહાલેખાકાર (ઑડિટ – I) અને પ્રધાન મહાલેખાકાર (ઑડિટ – II)ની કચેરીઓ દ્વારા સંકલિત માહિતી.

**કેસ સ્ટડી : આગને કારણે થયેલ નુકસાન**

ઓડિટે (નવેમ્બર 2025) જિલ્લા આંકડાકીય અધિકારી, ગાંધીનગરના રેકોર્ડનું પરીક્ષણ-ચકાસણી કરી અને 09 નવેમ્બર 2021ની સવારે આગને કારણે સરકારી મિલકતને થયેલા નુકસાન સંબંધિત એક ઘટના નિરીક્ષી. કચેરીએ અધિકારીક રેકોર્ડ્સના નુકસાન અને ચલ સંપત્તિને થયેલા નુકસાનનું મૂલ્યાંકન ₹ 33.14 લાખ કર્યું. નુકસાનના વિશ્લેષણ અંગે કોઈ સ્વતંત્ર અહેવાલ રેકોર્ડ પર મળ્યો નથી. જિલ્લા આંકડાકીય અધિકારીએ આ ઘટનાની જાણ વિકાસ કમિશનર, ગાંધીનગર અને નિર્દેશક, આર્થીક અને આંકડાશાસ્ત્ર, ગાંધીનગરને કરી હતી પરંતુ વૈધાનિક ઓડિટ અધિકારીને નથી કરી. પોલીસ સ્ટેશનમાં પ્રથમદર્શી માહિતી અહેવાલ પણ નોંધવામાં આવ્યો નહોતો.

## 3.17 રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ પર અનુસરણ કાર્યવાહી

દરેક રાજ્યમાં, જાહેર હિસાબ સમિતિ (PAC)/નાણા વિભાગ, લાઇન વિભાગોને વિધાનસભામાં અહેવાલો રજૂ કર્યાના ત્રણ મહિનાની અંદર ઓડિટ અહેવાલોમાં દર્શાવવામાં આવેલા ફકરાઓ પર લીધેલ સ્વપ્રેરિત કાર્યવાહી ની સ્પષ્ટીકરણ નોંધ (EN) પ્રદાન કરવાની જરૂર છે. લાઇન વિભાગોએ PAC અહેવાલો રજૂ કર્યાના ત્રણ મહિનાની અંદર મહાલેખાકાર ને (ચકાસણી અને PAC ને આગળ મોકલવા માટે) કાર્યવાહી નોંધ (ATN) પ્રદાન કરવાની પણ જરૂર છે.

જોકે C&AGના રાજ્યની નાણાકીય પરિસ્થિતિ પરના અહેવાલો વર્ષ 2008-09થી સતત તૈયાર કરીને રાજ્ય વિધાનસભામાં રજૂ કરવામાં આવી રહ્યા છે, તેમ છતાં જાહેર હિસાબ સમિતિ દ્વારા ચર્ચા માટે તેમને લેવામાં આવ્યા નથી.

## 3.18 ઉપસંહાર

- ગૌણ સદર 800 નું ટાળી શકાય તેવું સાવત્રિક ઉપયોગ- અન્ય રસીદો/અન્ય ખર્ચે નાણાકીય અહેવાલમાં પારદર્શિતાને અસર કરી છે.
- નિર્દિષ્ટ સમયગાળામાં ₹ 7,431.84 કરોડના 4,258 વપરાશી પ્રમાણપત્રો રજું ન થવાથી નાણાકીય જવાબદારી પદ્ધતિ નબળી પડી.
- લાંબા સમય સુધી ઉચ્ચક આકસ્મિક બિલનું સમાયોજન ન કરવાથી ગેરરીતિનું જોખમ રહેલું હતું અને તેથી, વિગતવાર આકસ્મિક (DC) બિલ રજૂ કરવા માટે સંબંધિત ડીડીઓ દ્વારા નજીકથી દેખરેખ રાખવાની જરૂર છે.
- સ્વાયત્ત સંસ્થાઓ અને સત્તાવાળાઓ દ્વારા હિસાબો રજૂ કરવામાં વિલંબ થયો હતો, જે દર્શાવે છે કે આવી ઘટનાઓને ઘટાડવા માટે સરકારી સ્તરે આંતરિક નિયંત્રણો અને દેખરેખ વ્યવસ્થાને યોગ્ય રીતે મજબૂત બનાવવાની જરૂર છે.

## 3.19 સારી પ્રથાઓ

- વર્ષ 2024-25 દરમિયાન, રાજ્ય સરકારને નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટ (NMET) ની થાપણ (ડિપોઝિટ્સ) હેઠળ ₹ 8.17 કરોડની રકમ પ્રાપ્ત થઇ હતી, જે ખાણ ધારકો તરફથી NMET યોગદાન તરીકે રોયલ્ટીના 2 *ટકા* બરાબર હતી. રાજ્ય સરકારે કાયદા મુજબ ફરજિયાત રીતે ₹ 8.17 કરોડની સમગ્ર રકમ નેશનલ મિનરલ એક્સપ્લોરેશન ટ્રસ્ટને હસ્તાંતરિત કરી.
- ભારત સરકારની સૂચનાઓના આધારે, રાજ્ય સરકારે (ઓગસ્ટ 2025) રાજ્ય ખનિજ સંશોધન ટ્રસ્ટ (SMET) ની સ્થાપના કરી છે જે ગૌણ ખનિજો સંબંધિત સંશોધન પ્રવૃત્તિઓને ભંડોળ પૂરું પાડવા માટે બેંક ખાતા દ્વારા સંચાલિત થશે.

## 3.20 ભલામણો

- રાજ્ય સરકારે કડક દેખરેખની વ્યવસ્થા સ્થાપિત કરવાની જરૂર છે જેથી વિભાગો વપરાશી પ્રમાણપત્રો અને વિગતવાર આકસ્મિક (DC) બિલ રજૂ કરવા નિર્ધારિત નિયમો અને પ્રક્રિયાઓનું પાલન કરે તે સુનિશ્ચિત થાય.
- રાજ્ય સરકાર ગૌણ સદર 800 હેઠળ હાલમાં દર્શાવાતી તમામ નોધોની સર્વગ્રાહી સમીક્ષા કરવી જોઈએ અને તમામ આવક અને ખર્ચ હિસાબો ના યોગ્ય સદર હેઠળ નોંધાયેલા છે તે સુનિશ્ચિત કરવું જોઈએ.

બિ. કુ. મુખર્જી

(બિજિત કુમાર મુખર્જી)

અમદાવાદ

પ્રધાન મહાલેખાકાર (ઓડિટ-II), ગુજરાત

તા: **17 FEB 2026**

પ્રતિ સહી

(કે. સંજય મૂર્તિ)

નવી દિલ્હી

ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક

તા: **24 FEB 2026**

# પરિશિષ્ટો

# પરિશિષ્ટ 1.1

## રાજ્યની નાણાકીય પરિસ્થિતિની સમય-શ્રેણી વાર વિગતો

(સંદર્ભ: ફકરો 1.1.3)

*(₹ કરોડમાં)*

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| *ભાગ ક- આવક* | | | | | | | | | | |
| **1. મહેસૂલી આવક** | **97,483** | **1,09,842** | **1,23,291** | **1,36,002** | **1,42,844** | **1,28,156** | **1,66,830** | **1,99,408** | **2,22,763** | **2,18,555** |
| **(i) પોતાની કર આવક** | **62,649** | **64,443** | **71,549** | **80,103** | **79,008** | **70,266** | **97,678** | **1,24,809** | **1,34,214** | **1,40,706** |
| રાજ્ય માલ અને સેવા વેરો (SGST) | - | - | 21,251 | 34,889 | 34,107 | 29,459 | 43,487 | 52,154 | 58,010 | 65,840 |
| વેચાણ, વ્યાપાર વગેરે પર કરવેરા.(મૂલ્યવર્ધિત વેરો/વેચાણ વેરો) | 44,091 | 46,314 | 29,639 | 22,414 | 21,072 | 18,800 | 29,044 | 36,984 | 33,127 | 33,112 |
| રાજ્ય આબકારી | 123 | 152 | 85 | 131 | 138 | 134 | 155 | 188 | 200 | 201 |
| વાહનો પર વેરો | 3,008 | 3,213 | 3,885 | 4,119 | 3,847 | 2,981 | 3,889 | 5,002 | 5,568 | 5,908 |
| સ્ટેમ્પ અને નોંધણી ફી | 5,549 | 5,783 | 7,255 | 7,781 | 7,701 | 7,390 | 10,433 | 14,207 | 15,334 | 17,445 |
| જમીન મહેસૂલ | 2,529 | 1,999 | 1,859 | 2,408 | 2,359 | 2,134 | 2,782 | 4,480 | 8,558 | 4,801 |
| માલ અને યાત્રિઓ પર કર | 265 | 66 | 131 | 117 | 48 | 104 | 11 | 55 | 242 | 259 |
| વીજળી ડ્યુટી પર કર | 6,000 | 5,833 | 6,484 | 7,348 | 8,774 | 8,319 | 7,013 | 10,593 | 11,514 | 11,736 |
| અન્ય કરવેરા | 1,084 | 1,083 | 960 | 896 | 962 | 945 | 864 | 1,146 | 1,661 | 1,404 |
| **(ii) બિન-કર આવક** | **10,194** | **13,346** | **15,074** | **13,417** | **18,104** | **10,493** | **14,018** | **18,434** | **23,708** | **18,964** |

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| (iii) કેન્દ્રીય કરવેરા અને જકાતમાં રાજ્યનો હિસ્સો | 15,691 | 18,835 | 20,782 | 23,489 | 20,232 | 20,219 | 31,106 | 33,034 | 39,284 | 44,758 |
| (iv) ભારત સરકાર તરફથી સહાયક અનુદાન[1] | 8,949 | 13,218 | 15,886 | 18,993 | 25,500 | 27,178 | 24,028 | 23,131 | 25,557 | 14,127 |
| 2. પ્રકીર્ણ મૂડી આવક | 0 | 240 | 0 | 65 | 106 | 9,968 | 0 | 0 | 0 | 0 |
| 3. લોન અને પેશગીઓની વસૂલાત | 125 | 166 | 346 | 151 | 330 | 155 | 155 | 254 | 1.376 | 1,072 |
| સામાન્ય સેવાઓ | - | - | - | - | - | - | - | - | - | - |
| સામાજીક સેવાઓ | 7 | 7 | 7 | 12 | 16 | 17 | 37 | 28 | 205 | 173 |
| આર્થિક સેવાઓ | 54 | 101 | 291 | 89 | 271 | 83 | 148 | 173 | 1,116 | 844 |
| સરકારી કર્મચારીઓને લોન અને પ્રકીર્ણ લોન | 64 | 58 | 48 | 50 | 43 | 56 | (-) 30 | 53 | 55 | 55 |
| 4. કુલ આવક અને બિન-ઋણ મૂડી આવક (1+2+3) | 97,608 | 1,10,248 | 1,23,637 | 1,36,218 | 1,43,280 | 1,38,280 | 1,66,985 | 1,99,662 | 2,24,139 | 2,19,627 |
| 5. જાહેર ઋણની આવક | 23,486 | 27,668 | 26,953 | 43,146 | 43,491 | 58,857 | 46,969[2] | 52,333 | 40,392 | 51,253 |
| આંતરિક ઋણ (સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાય) | 23,234 | 27,477 | 26,863 | 40,950 | 42,694 | 47,508 | 33,293 | 46,463 | 34,902 | 42,054 |
| સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળ ચોખ્ખા વ્યવહારો | - | - | - | - | - | - | - | - | - | - |

1 રાજ્યમાં બિન-સરકારી સંસ્થાઓ/સ્વૈચ્છિક સંસ્થાઓને બારોબાર તબદીલ કરેલા ભંડોળ સામેલ નથી.

2 અહીં 'જાહેર દેવાની આવક' ના આંકડાનો કોષ્ટક 1.32 માં દર્શાવેલ આંકડા સાથે મેળ ખાતો નથી કારણ કે તેમાં ₹ 1.00 કરોડનો પૂર્ણાંકિત કરવાનો તફાવત છે.

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ભારત સરકાર પાસેથી લોન અને પેશગીઓ | 253 | 191 | 90 | 2196 | 797 | 11,349 | 13,676[1] | 5,870 | 5,490 | 9,199 |
| **6. એકત્રિત નિધિમાં કુલ આવક (4+5)** | **1,21,094** | **1,37,916** | **1,50,590** | **1,79,364** | **1,86,771** | **1,97,137** | **2,13,954** | **2,51,995** | **2,64,531** | **2,70,880** |
| **7. એકત્રિત નિધિની આવક** | **14** | **4** | **0** | **0** | **0** | **0** | **0** | **0** | **20** | **0** |
| **8. જાહેર હિસાબની આવક (એકંદર)** | **65,132** | **58,959** | **89,133** | **1,05,720** | **1,04,862** | **1,00,214** | **1,18,597** | **1,22,483** | **1,46,818** | **1,90,149** |
| **9. રાજ્યની કુલ આવક (6+7+8)** | **1,86,240** | **1,96,879** | **2,39,723** | **2,85,084** | **2,91,633** | **2,97,351** | **3,32,551** | **3,74,478** | **4,11,369** | **4,61,029** |
| *ભાગ ખ- ખર્ચ/ચુકવણીઓ* | | | | | | | | | | |
| **10. મહેસૂલી ખર્ચ** | **95,779** | **1,03,895** | **1,18,060** | **1,32,790** | **1,40,899** | **1,50,704** | **1,60,421** | **1,79,543** | **1,89,286** | **1,99,612** |
| કાર્યક્રમ | | | | | | | | | | |
| વહીવટી | | | | | | | | | | |
| રાજ્ય ભંડોળનો ખર્ચ | - | - | 1,03,047 | 1,17,424 | 1,21,874 | 1,30,334 | 1,42,028 | 1,65,455 | 1,74,094 | 1,85,861 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજના/કેન્દ્રીય યોજના સહિત કેન્દ્રીય સહાય | - | - | 15,013 | 15,366 | 19,025 | 20,370 | 18,393 | 14,088 | 15,192 | 13,751 |
| સામાન્ય સેવાઓ (વ્યાજની ચુકવણીઓ સહિત) | 32,876 | 35,804 | 41,402 | 47,564 | 49,172 | 52,074 | 56,423 | 61,269 | 66,705 | 71,192 |
| સામાજિક સેવાઓ | 42,120 | 44,926 | 49,039 | 53,285 | 59,197 | 60,816 | 68,254 | 75,125 | 78,686 | 83,640 |
| આર્થિક સેવાઓ | 20,224 | 22,749 | 27,145 | 31,576 | 32,115 | 37,424 | 35,332 | 42,672 | 43,340 | 43,995 |
| સહાયક અનુદાન અને ફાળો | 559 | 416 | 474 | 365 | 415 | 390 | 412 | 477 | 555 | 785 |

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 11. મૂડી ખર્ચ | 24,169 | 22,355 | 26,313 | 28062 | 25650 | 26,781 | 28,185 | 35,499 | 55,679 | 65,428 |
| કાર્યક્રમ | | | | | | | | | | |
| વહીવટી | | | | | | | | | | |
| રાજ્ય ભંડોળનો ખર્ચ | - | - | 20,305 | 23,087 | 20,539 | 22,322 | 22,391 | 33,970 | 54,180 | 63,432 |
| કેન્દ્ર પુરસ્કૃત યોજના/કેન્દ્રીય યોજના સહિત કેન્દ્રીય સહાય | - | - | 6,008 | 4,975 | 5,111 | 4,459 | 5,794 | 1,529 | 1,499 | 1,996 |
| સામાન્ય સેવાઓ | 808 | 623 | 871 | 875 | 691 | 485 | 550 | 820 | 1,152 | 1,029 |
| સામાજીક સેવાઓ | 6,417 | 6,215 | 6,813 | 7,696 | 6,175 | 7,040 | 8,373 | 12,804 | 22,269 | 25,725 |
| આર્થિક સેવાઓ | 16,944 | 15,517 | 18,630 | 19491 | 18784 | 19,256 | 19,262 | 21,875 | 32,258 | 38,674 |
| 12. લોન અને પેશગીઓની ચુકવણી | 675 | 478 | 631 | 1,731 | 1,312 | 1,233 | 1,071 | 1,466 | 2,667 | 3,552 |
| સામાન્ય સેવાઓ | - | - | - | - | - | - | - | - | - | - |
| સામાજીક સેવાઓ | 146 | 217 | 265 | 924 | 884 | 708 | 924 | 1,139 | 2,362 | 3,139 |
| આર્થિક સેવાઓ | 473 | 198 | 311 | 756 | 379 | 477 | 114 | 272 | 238 | 296 |
| સરકારી કર્મચારીઓને લોન અને પ્રકીર્ણ લોન | 56 | 63 | 55 | 51 | 49 | 48 | 33 | 55 | 67 | 117 |
| 13. કુલ ખર્ચ (10+11+12) | 1,20,623 | 1,26,728 | 1,45,004 | 1,62,583 | 1,67,861 | 1,78,718 | 1,89,677 | 2,16,508 | 2,47,632 | 2,68,592* |

* ઉચ્ચ રાઉન્ડિંગને કારણે અહીં આપેલો આંકડો આલેખ 1.6 અને કોષ્ટક 1.3 માં આપેલા આંકડો સાથે મેળ ખાતો નથી

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 14. જાહેર ઋણની પરત ચુકવણી | 6,194 | 9,073 | 13,700 | 15,432 | 16,702 | 17,922 | 24,436 | 22,159 | 26,136 | 29,126 |
| આંતરિક ઋણ (સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ સિવાય) | 5,534 | 8,386 | 12,991 | 14,719 | 15,908 | 17,139 | 23,518 | 20,991 | 24,959 | 28,260 |
| સાધનોપાય પેશગીઓ અને ઓવરડ્રાફ્ટ હેઠળ ચોખ્ખા વ્યવહારો | - | - | - | - | - | - | - | - | - | - |
| ભારત સરકાર તરફથી લોન અને પેશગીઓ | 660 | 687 | 709 | 713 | 794 | 783 | 918 | 1,168 | 1,177 | 866 |
| 15. આકસ્મિક ભંડોળ માટે વિનિયોગ | - | - | - | - | - | - | - | - | - | - |
| 16. એકત્રિત નિધિમાંથી કુલ ચુકવણી (13+14+15) | 1,26,817 | 1,35,801 | 1,58,704 | 1,78,015 | 1,84,563 | 1,96,640 | 2,14,113 | 2,38,667 | 2,73,768 | 2,97,718 |
| 17. આકસ્મિક નીધિની ચુકવણીઓ | 4 | - | - | - | - | - | - | 20 | - | - |
| 18. જાહેર હિસાબની ચુકવણીઓ | 61,936 | 56,388 | 87,738 | 1,03,998 | 1,02,635 | 1,07,893 | 1,13,609 | 1,20,935 | 1,35,160 | 1,69,751 |
| 19.રાજ્ય સરકાર દ્વારા કુલ ચુકવણીઓ (16+17+18) | 1,88,757 | 1,92,189 | 2,46,442 | 2,82,013 | 2,87,198 | 3,04,533 | 3,27,722 | 3,59,622 | 4,08,928 | 4,67,469 |
| *ભાગ ગ- ખાધ* | | | | | | | | | | |
| 20. મહેસૂલી ખાધ (-) / મહેસૂલી પુરાંત (+) (1-10) | (+)1,704 | (+)5,947 | (+)5,232 | (+)3,212 | (+)1,945 | (-)22,548 | (+)6,409 | (+)19,865 | (+)33,477 | (+)18,943 |
| 21. રાજકોષીય ખાધ (-) / રાજકોષીય પુરાત (+) (4-13) | (-)23,015 | (-)16,480 | (-)21,366 | (-)26,365 | (-)24,581 | (-)40,438 | (-)22,692 | (-)16,846 | (-)23,493 | (-)48,965 |
| 22. પ્રાથમિક ખાધ (-)/પ્રાથમિક પુરાંત (+) (21+23) | (-)6,715 | (+)1,317 | (-)2,412 | (-)6,182 | (-)2,133 | (-)16,235 | (+)2,496 | (+)8,508 | (+)3,683 | (-)20,940 |

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| *ભાગ ઘ- અન્ય ડેટા* | | | | | | | | | | |
| 23. વ્યાજની ચુકવણીઓ (મહેસૂલી ખર્ચમાં સામેલ) | 16,300 | 17,797 | 18,954 | 20,183 | 22,449 | 24,203 | 25,188 | 25,354 | 27,176 | 28,025 |
| 24. સ્વાયત્ત સંસ્થાઓ વગેરેને નાણાકીય સહાય. | 44,048 | 48,055 | 54,807 | 59,611 | 64,262 | 64,637 | 69,808 | 80,753 | 82,181 | 85,337 |
| 25. મેળવેલી સાધનોપાય પેશગીઓ/ઓવરડ્રાફ્ટ (દિવસો) | - | - | - | - | - | - | - | - | - | - |
| મેળવેલી સાધનોપાય પેશગીઓ (દિવસો) | - | - | - | - | - | - | - | - | - | - |
| મેળવેલો ઓવરડ્રાફ્ટ (દિવસો) | - | - | - | - | - | - | - | - | - | - |
| 26. સાધનોપાય પેશગીઓ/ ઓવરડ્રાફ્ટ પર વ્યાજ | - | - | - | - | - | - | - | - | - | - |
| 27. રાજ્યનું એકંદર ઘરેલુ ઉત્પાદન (GSDP)$^{\Phi}$ | 10,29,010 | 11,67,156 | 13,29,095 | 14,92,156 | 16,17,143 | 16,16,106 | 19,20,927 | 2,203,419 (P) | 24,25,804 (Q) | 26,72,025 (A) |
| 28. બાકી રાજકોષીય જવાબદારીઓ (વર્ષાંતે) | 2,21,090 | 2,43,146 | 2,56,366 | 2,85,844 | 3,15,456 | 3,57,892 | 3,80,798[3] | 4,12,372[4] | 4,20,180[5] | 4,59,460 |
| 29. બાકી બાંયધરી (વર્ષાંતે) | 5,236 | 4,804 | 4,834 | 4,699 | 4,462 | 3,656 | 3,089[6] | 1,473 | 1,463 | 1,421 |
| 30. બાંયધરીની મહત્તમ રકમ (વર્ષાંતે) | 11,333 | 11,333 | 11,796 | 11,796 | 11,747 | 11,751 | 10,757 | 9,951 | 9,541 | 9,534 |
| 31. અધૂરી પરિયોજનાઓની સંખ્યા | 70 | 65 | 96 | 118 | 123 | 158 | 176 | 213 | 204 | 200 |

3 પ્રોફોર્મા સુધારાના કારણે પાછલા વર્ષના અહેવાલના આંકડામાં ₹ 4 કરોડ જેટલો ઘટાડો થયો.
4 પ્રોફોર્મા સુધારાના કારણે પાછલા વર્ષના અહેવાલના આંકડામાં ₹ 6 કરોડ જેટલો ઘટાડો થયો.
5 પ્રોફોર્મા સુધારાના કારણે પાછલા વર્ષના અહેવાલના આંકડામાં ₹ 16,727 કરોડ જેટલો ઘટાડો થયો.
6 પ્રોફોર્મા સુધારાના કારણે પાછલા વર્ષના અહેવાલના આંકડામાં ₹ 45 કરોડ જેટલો વધારો થયો.

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 32. અધૂરી યોજનાઓમાં રોકાયેલી મૂડી | 4,910 | 6,060 | 4,278 | 2,207 | 5,811 | 6,929 | 7,478 | 12,244 | 16,403 | 18,145 |
| *ભાગ ચ- રાજકોષીય સ્વાસ્થ્યના સૂચકાંકો (ટકામાં)* | | | | | | | | | | |
| **I. સંસાધનની ગતિશીલતા** | | | | | | | | | | |
| પોતાની કર આવક/GSDP | 6.09 | 5.52 | 5.38 | 5.37 | 4.89 | 4.35 | 5.08 | 5.66 | 5.53 | 5.27 |
| પોતાની બિન-કર આવક/GSDP | 0.99 | 1.14 | 1.13 | 0.90 | 1.12 | 0.65 | 0.73 | 0.84 | 0.98 | 0.71 |
| પોતાની આવક/GSDP | 7.08 | 6.66 | 6.52 | 6.27 | 6.01 | 5.00 | 5.81 | 6.50 | 6.51 | 5.98 |
| કેન્દ્રીય તબદીલીઓ/GSDP | 2.39 | 2.75 | 2.76 | 2.85 | 2.83 | 2.93 | 2.87 | 2.55 | 2.67 | 2.20 |
| પોતાની આવક/કુલ ખર્ચ | 60.39 | 61.38 | 59.74 | 57.52 | 57.85 | 45.19 | 58.89 | 66.16 | 63.77 | 59.45 |
| **II. ખર્ચનું વ્યવસ્થાપન** | | | | | | | | | | |
| કુલ ખર્ચ/GSDP | 11.72 | 10.86 | 10.91 | 10.90 | 10.38 | 11.06 | 9.87 | 9.83 | 10.21 | 10.05 |
| કુલ ખર્ચ/મહેસૂલી આવક | 123.74 | 115.37 | 117.61 | 119.54 | 117.51 | 139.45 | 113.69 | 108.58 | 111.16 | 122.89 |
| મહેસૂલી ખર્ચ/કુલ ખર્ચ | 79.40 | 81.98 | 81.42 | 81.68 | 83.94 | 84.33 | 84.58 | 82.93 | 76.44 | 74.32 |
| સામાજીક સેવાઓ પરનો ખર્ચ/કુલ ખર્ચ | 40.24 | 40.35 | 38.52 | 37.51 | 38.94 | 37.97 | 40.40 | 40.61 | 40.77 | 40.72 |
| આર્થિક સેવાઓ પરનો ખર્ચ/કુલ ખર્ચ | 30.81 | 30.20 | 31.57 | 31.41 | 30.32 | 31.71 | 28.78 | 29.81 | 30.53 | 30.78 |
| મૂડી ખર્ચ/કુલ ખર્ચ | 20.04 | 17.64 | 18.15 | 17.26 | 15.28 | 14.99 | 14.86 | 16.40 | 22.48 | 24.36 |
| સામાજીક સેવાઓ અને આર્થિક સેવાઓ પર મૂડી ખર્ચ/કુલ ખર્ચ | 19.37 | 17.15 | 17.55 | 16.72 | 14.87 | 14.71 | 14.57 | 16.02 | 22.02 | 23.98 |
| **III. રાજકોષીય અસમતુલનોનું વ્યવસ્થાપન** | | | | | | | | | | |
| મહેસૂલી ખાધ અથવા પુરાંત/GSDP | 0.17 | 0.51 | 0.39 | 0.22 | 0.12 | (-)1.40 | 0.33 | 0.90 | 1.38 | 0.71 |

| | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| રાજકોષીય ખાધ/GSDP | (-)2.24 | (-)1.41 | (-)1.61 | (-)1.77 | (-)1.52 | (-)2.50 | (-)1.18 | (-)0.76 | (-)0.97 | (-)1.83 |
| પ્રાથમિક ખાધ (-) અથવા પુરાંત (+)/GSDP | (-)0.65 | 0.11 | (-)0.18 | (-)0.41 | (-)0.13 | (-)1.00 | 0.13 | 0.39 | 0.15 | (-)0.78 |
| મહેસૂલી ખાધ/રાજકોષીય ખાધ | (-)7.40 | (-)36.09 | (-)24.49 | (-)12.18 | (-)7.91 | 55.76 | (-)28.24 | (-)117.92 | (-)142.50 | (-)38.69 |
| **IV. ઋણનું ટકાઉપણું** | | | | | | | | | | |
| બાકી જવાબદારીઓ/ GSDP[7] | 21.49 | 20.83 | 19.29 | 19.16 | 19.51 | 21.57 | 18.66 | 17.70 | 16.67 | 16.99 |
| બાકી જવાબદારીઓ/મહેસૂલી આવક[7] | 226.80 | 221.36 | 207.94 | 210.18 | 220.84 | 272.07 | 214.91 | 195.63 | 181.54 | 207.69 |
| વ્યાજની ચુકવણીઓ/મહેસૂલી આવક | 16.72 | 16.20 | 15.37 | 14.84 | 15.72 | 18.89 | 15.10 | 12.71 | 12.20 | 12.82 |
| ક્વોન્ટમ સ્પ્રેડની સામે પ્રાથમિક ખાધ (ટકા) | (-)84.36 | 6.21 | (-)15.79 | (-)49.99 | (-)82.01 | 69.99 | 6.10 | 29.91 | 29.03 | (-)142.96 |
| **V. અન્ય રાજકોષીય સ્વાસ્થ્યના સૂચકાંકો** | | | | | | | | | | |
| મૂડીરોકાણ પર વળતર | 0.14 | 0.14 | 0.11 | 0.13 | 0.09 | 0.12 | 0.12 | 0.08 | 0.56 | 1.67 |
| નાણાકીય અસ્ક્યામતો/જવાબદારીઓ | 89.46 | 91.11 | 94.18 | 96.44 | 98.64 | 92.47 | 94.41 | 99.56 | 111.24 | 114.24 |

સ્રોત: રાજ્ય સરકારના સંબંધિત વર્ષોના નાણાકીય હિસાબો, ગુજરાત રાજકોષીય અધિનિયમ, 2005 હેઠળનું પત્રક (2024-25 નું અંદાજપત્રીય પ્રકાશન નં. 30) અને ગુજરાત સરકારની અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી

Φ P= કામચલાઉ અંદાજો, Q= ત્વરિત અંદાજો, A= અગ્રિમ અંદાજો

7 ભારત સરકારના ખર્ચ વિભાગ મુજબ, વિશેષ વ્યવસ્થા હેઠળના ઉધારને નાણા પંચ વગેરે દ્વારા નિર્ધારિત કોઈપણ ધોરણો માટે રાજ્યના દેવા તરીકે ગણવામાં આવશે નહીં. તેથી, 2020-21 દરમિયાન ₹ 9,222 કરોડ અને 2021-22 દરમિયાન ₹ 13,040 કરોડના માલ અને સેવા વેરાના વળતરમાં ખાધ અને 2023-24 દરમિયાન ₹ 6,497 કરોડ અને 2024-25 દરમિયાન ₹ 10,229.00 કરોડની ચુકવણીના બદલામાં પ્રાપ્ત થયેલી એક પછી એક લોનને અહીં જાહેર દેવા તરીકે ગણવામાં આવી નથી.

## પરિશિષ્ટ 1.2

### વર્ષ 2023-24 અને 2024-25 માટે આવક અને ચુકવણી નો સારાંશ

(સંદર્ભ: ફકરા 1.1.4, 1.2.4.1 A, 1.2.4.2 A)

*(₹ કરોડમાં)*

| 2023-24 | આવક | 2024-25 | 2023-24 | ચુકવણી | 2024-25 | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | વહીવટી | કાર્યક્રમ | કુલ |
| વિભાગ ક: આવક | | | | | | | |
| 2,22,763 | I. મહેસૂલી આવક | 2,18,555 | 1,89,286 | I. મહેસૂલી ખર્ચ - | | | 1,99,612 |
| 1,34,214 | કર આવક | 1,40,706 | 66,705 | સામાન્ય સેવાઓ | | | 71,192 |
| | -- | | 78,686 | સામાજીક સેવાઓ- | | | 83,640 |
| 23,708 | બિન-કર આવક | 18,964 | 34,406 | શિક્ષણ, રમતગમત, કલા અને સંસ્કૃતિ | | | 36,803 |
| | -- | | 13,878 | આરોગ્ય અને પરિવાર કલ્યાણ | | | 16,212 |
| 39,284 | કેન્દ્રીય કરવેરામાં રાજ્યનો હિસ્સો | 44,758 | 11,340 | પાણી પુરવઠો, સ્વચ્છતા, આવાસન અને શહેરી વિકાસ | | | 11,853 |
| | -- | | 247 | માહિતી અને પ્રસારણ | | | 319 |
| 0 | બિન-આયોજન અનુદાન | 0 | 5,711 | અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ | | | 6,072 |
| 0 | રાજ્ય આયોજન પરિયોજનાઓ માટે અનુદાન | 0 | 1,322 | શ્રમ અને શ્રમિક કલ્યાણ | | | 1,437 |
| 0 | કેન્દ્રીય અને કેન્દ્ર પુરસ્કૃત આયોજન પરિયોજનાઓ માટે અનુદાન | 0 | 9,943 | સમાજ કલ્યાણ અને પોષણ | | | 9,899 |
| 9,468 | કેન્દ્ર પુરસ્કૃત આયોજન પરિયોજનાઓ માટે અનુદાન | 8,625 | 1,839 | અન્ય | | | 1,045 |

| 2023-24 | આવક | 2024-25 | 2023-24 | ચુકવણી | 2024-25 | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | વહીવટી | કાર્યક્રમ | કુલ |
| | -- | | 43,340 | આર્થિક સેવાઓ - | | | 43,995 |
| | | | 8,892 | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | | | 8,560 |
| | -- | | 4,657 | ગ્રામ વિકાસ | | | 5,512 |
| 5,258 | નાણાપંચનું અનુદાન | 4,160 | 111 | ખાસ વિસ્તાર કાર્યક્રમો | | | 32 |
| | -- | | 2,313 | સિંચાઇ અને પુર નિયંત્રણ | | | 2,929 |
| 10,831 | રાજ્યને અન્ય તબદીલી/ અનુદાન | 1,342 | 10,854 | ઊર્જા | | | 11,318 |
| | -- | | 7,530 | ઉદ્યોગ અને ખનીજ | | | 8,437 |
| | -- | | 5,835 | પરિવહન | | | 4,008 |
| | -- | | 871 | વિજ્ઞાન, પ્રૌદ્યાગિકી અને પર્યાવરણ | | | 463 |
| | -- | | 2,277 | સામાન્ય આર્થિક સેવાઓ | | | 2,736 |
| | -- | | 555 | **સહાયક અનુદાન અને ફાળો -** | | | 785 |
| 0 | II. મહેસૂલી ખાધ આગળ લઇ ગયા | 0 | 33,477 | II. મહેસૂલી પુરાંત આગળ લઇ ગયા | | | 18,943 |
| વિભાગ ખ : મૂડી | | | | | | | |
| 35,531 | III. કાયમી પેશગી અને રોકડ સિલક મૂડી રોકાણ સહિત ખૂલતી રોકડ સિલક | 37,972 | 0 | **III. રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાના ઓવરડ્રાફ્ટની ખૂલતી સિલક** | | | 0 |
| 0 | IV. પરચૂરણ મૂડી આવક | 0 | 55,679 | **IV. મૂડી જોગવાઇ-** | | | 65,428 |
| | -- | | 1,152 | **સામાન્ય સેવાઓ -** | | | 1,029 |
| | -- | | 22,269 | **સામાજીક સેવાઓ-** | | | 25,725 |
| | -- | | 3,495 | શિક્ષણ, રમતગમત, કળા અને | | | 4,094 |

| 2023-24 | આવક | 2024-25 | 2023-24 | ચુકવણી | 2024-25 | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | વહીવટી | કાર્યક્રમ | કુલ |
| | | | | સંસ્કૃતિ | | | |
| | -- | | 2,333 | આરોગ્ય અને કુટુંબ કલ્યાણ | | | 3,820 |
| | -- | | 15,847 | પાણી પુરવઠો, સ્વચ્છતા, આવાસન અને શહેરી વિકાસ | | | 16,723 |
| | -- | | 1 | માહિતી અને પ્રસારણ | | | 2 |
| | -- | | 170 | અનુસૂચિત જાતિ, અનુસૂચ્ત જનજાતિ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ | | | 220 |
| | -- | | 0 | શ્રમ અને શ્રમિક કલ્યાણ | | | 0 |
| | -- | | 211 | સામાજીક કલ્યાણ અને પોષણ | | | 388 |
| | -- | | 212 | અન્ય | | | 478 |
| | -- | | **32,258** | **આર્થિક સેવાઓ-** | | | **38,674** |
| | -- | | 1,058 | કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ | | | 1,382 |
| | -- | | 1,481 | ગ્રામ વિકાસ | | | 1,485 |
| | -- | | 5 | ખાસ વિસ્તાર કાર્યક્રમો | | | 18 |
| | -- | | 9,791 | સિંચાઇ અને પુર નિયંત્રણ | | | 8,447 |
| | -- | | 4,434 | ઊર્જા | | | 4,246 |
| | -- | | 474 | ઉદ્યોગ અને ખાણ | | | 2,332 |
| | -- | | 13,513 | પરિવહન | | | 18,894 |
| | | | 591 | સંચાર | | | 437 |
| | | | 911 | સામાન્ય આર્થિક સેવાઓ | | | 1,433 |
| | | | 0 | અન્ય | | | 0 |
| **1,376** | V. લોન અને પેશગીઓની વસૂલાત- | **1,072** | **2,667** | V. લોન અને પેશગીઓની ચુકવણી - | | | **3,552** |
| 246 | ઊર્જા યોજનાઓમાંથી | 115 | 0 | ઊર્જા યોજનાઓ માટે | | | 42 |

| 2023-24 | આવક | 2024-25 | 2023-24 | ચુકવણી | 2024-25 | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | વહીવટી | કાર્યક્રમ | કુલ |
| 12 | સરકારી કર્મચારીઓ પાસેથી | 14 | 15 | સરકારી કર્મચારીઓને | | | 15 |
| 1,118 | અન્ય પાસેથી | 943 | 2,652 | અન્યને | | | 3,495 |
| **33,477** | **VI. મહેસૂલી આવક આગળ લાવ્યા** | **18,943** | **0** | **VI. મહેસૂલી ખાધ આગળ લાવ્યા** | | | **0** |
| **40,392** | **VII. જાહેર ઋણની આવક -** | **51,253** | **26,136** | **VII. જાહેર ઋણની પરત ચુકવણી -** | | | **29,126** |
| 0 | બાહ્ય ઋણ | | 0 | બાહ્ય ઋણ | | | 0 |
| 34,902 | સાધનોપાય પેશગી અને ઓવરડ્રાફ્ટ સિવાયનું આંતરિક ઋણ | | 24959 | સાધનોપાય પેશગી અને ઓવરડ્રાફ્ટ સિવાયનું આંતરિક ઋણ | | | 28,260 |
| 0 | સાધનોપાય પેશગીઓ હેઠળ ચોખ્ખા વ્યવહારો | | 0 | સાધનોપાય પેશગીઓ હેઠળ ચોખ્ખા વ્યવહારો | | | 0 |
| 0 | ઓવરડ્રાફ્ટ હેઠળના ચોખ્ખા વ્યવહારો | | 0 | ઓવરડ્રાફ્ટ હેઠળના ચોખ્ખા વ્યવહારો | | | 0 |
| 5,490 | કેન્દ્ર સરકાર પાસેથી લૉન અને પેશગીઓ | | 1177 | કેન્દ્ર સરકારને લોન અને પેશગીઓની પરતચુકવણી | | | 866 |
| 20 | VIII. આકસ્મિક નિધિમાં વિનિયોગ | | 0 | **VIII. આકસ્મિક નિધિમાં વિનિયોગ** | | | 0 |
| 0 | IX. આક્સમિક નિધિમાં તબદીલ રકમ | | 0 | IX. આકસ્મિક નિધિમાંથી ખર્ચ | | | 0 |
| **1,46,818** | **X. જાહેર ઋણની આવક** | **1,90,149** | **1,35,160** | **X. જાહેર હિસાબની ચુકવણીઓ -** | | | **1,69,751** |
| 1,979 | નાની બચત અને ભવિષ્ય નિધિ | 1,933 | 1,953 | નાની બચત અને ભવિષ્ય નિધિ | | | 1,831 |
| 5,150 | અનામત ભંડોળ | 4,919 | 1,425 | અનામત ભંડોળ | | | 2,061 |
| 41,391 | ઉચ્ચક અને પરચૂરણ | 45,699 | 43,166 | ઉચ્ચક અને પરચુરણ | | | 46,108 |
| 27,698 | ભરણાં | 30,764 | 27,346 | ભરણાં | | | 30,103 |
| 70,600 | થાપણો અને પેશગીઓ | 1,06,834 | 61,270 | થાપણો અને પેશગીઓ | | | 89,648 |

| 2023-24 | આવક | 2024-25 | 2023-24 | ચુકવણી | 2024-25 | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | વહીવટી | કાર્યક્રમ | કુલ |
| **0** | **XI. ભારતીય રિઝર્વ બેંક તરફથી બંધ ઓવરડ્રાફ્ટ** | **0** | **37,972** | **XI. અંતમાં રોકડ સિલક -** | | | **31,532** |
| | -- | | 0 | તિજોરીમાં રોકડ અને સ્થાનિક ભરણાં | | | 0 |
| | -- | | 264 | રિઝર્વ બેંકમાં થાપણો | | | -7 |
| | -- | | 2 | કાયમી પેશગીઓ સહિત વિભાગીય રોકડ સિલક | | | 0 |
| | -- | | 37,706 | રોકડ પુરાંત મૂડીરોકાણ | | | 31,539 |
| **4,80,377** | **કુલ** | **5,17,944** | **4,80,377** | **કુલ** | | | **5,17,944** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

## પરિશિષ્ટ 1.3

## 31 માર્ચ 2025 ના રોજ ગુજરાત સરકારની નાણાકીય પરિસ્થિતિનો સારાંશ

**(સંદર્ભ: ફકરો 1.1.5)**

*(₹ કરોડમાં)*

| 31 માર્ચ 2024 ના રોજ | | | 31 માર્ચ 2025 ના રોજ |
|---|---|---|---|
| | **જવાબદારીઓ** | | |
| **3,35,208.25** | **આંતરિક ઋણ -** | **13,793.80** | **3,49,002.04** |
| 2,95,006.34 | બજારની લોન | 16,279.53 | 3,11,285.87 |
| 0.56 | બોન્ડ | 0.00 | 0.56 |
| 21,238.21 | કેન્દ્ર સરકાર માટે રાષ્ટ્રીય નાની બચત ભંડોળને આપેલી વિશેષ બાંયધરીઓ | (-)3,629.35 | 17,608.86 |
| 18,963.14 | નાણાકીય સંસ્થાઓ પાસેથી લોન | 1,143.61 | 20,106.75 |
| **23,045.24** | **કેન્દ્ર સરકાર પાસેથી લોન અને પેશગીઓ-** | **8,333.45** | **31,378.69** |
| 9.49 | બિન-આયોજન લોન | (-)3.30 | 6.19 |
| 2,039.57 | રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશની આયોજન યોજનાઓ માટે લોન | (-)476.67 | 1,562.90 |
| 20,996.18 | વિધાનસભા યોજનાઓ સાથે રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ માટે અન્ય લોન | 8,813.42 | 29,809.60 |
| **200.00** | **આકસ્મિક નિધિ** | 0.00 | **200.00** |
| **10,019.83** | **નાની બચત, ભવિષ્ય નિધિ વગેરે.** | 101.29 | **10,121.12** |
| **46,634.85** | **થાપણો અને પેશગીઓ** | 17,185.96 | **63,820.81** |
| **18,452.74** | **અનામત ભંડોળ** | 2,858.54 | **21,311.28** |
| **1,327.97** | **ભરણાંની સિલકો** | 661.03 | **1,989.00** |
| | **ખર્ચ કરતાં આવકનો સંચિત વધારો** | | **0.00** |
| **4,34,888.88** | **કુલ** | | **4,77,822.94** |
| | **અસ્ક્યામતો** | | |
| **4,24,580.68** | **સ્થિર અસ્ક્યામતો પર એકંદર મૂડી જોગવાઇ-** | **65,428.31** | **4,90,008.99** |
| 1,34,686.54 | કંપનીઓ, નિગમો વગેરેના શેરોમાં રોકાણ. | 8,547.92 | 1,43,234.46 |
| 2,89,894.14 | અન્ય મૂડી જોગવાઇ | 56,880.39 | 3,46,774.53 |
| **15,653.86** | **લોન અને પેશગીઓ -** | 2,479.51 | **18,133.37** |
| **0.00** | **આકસ્મિક નિધિ** | 0.00 | **0.00** |
| **0.70** | **પેશગીઓ** | 0 | **0.7** |
| **5,017.27** | **ઉચ્ચક અને પ્રકિર્ણ સિલકો** | 408.21 | **5,425.48** |
| **37,971.69** | **રોકડ સિલક (અંકિત ભંડોળમાં રોકાણ સહિત)** | (-)6,439.03 | **31,532.66** |
| **-48,335.32** | **આવક કરતાં ખર્ચનો સંચિત વધારો [1]** | **(-)67,278.26** | |
| **4,34,888.88** | **કુલ** | | **4,77,822.94** |

સ્રોત: સંબંધિત વર્ષોના રાજ્ય સરકારના નાણાકીય હિસાબો.

## પરિશિષ્ટ 1.4

### 2015-2025 માટે રાજકોષીય જવાબદારી અને અંદાજપત્રીય વ્યવસ્થાપન અધિનિયમના (FRBM) લક્ષ્યાંકો સાથે રાજકોષીય પરિમાણોનું અનુપાલન

(સંદર્ભ: ફકરો 1.5.3)

| રાજકોષીય પરિમાણો | | 2015-16 | 2016-17 | 2017-18 | 2018-19 | 2019-20 | 2020-21 | 2021-22 | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| મહેસૂલી પુરાંત (₹ કરોડમાં) | ખરેખર | 1,704 | 5,947 | 5,232 | 3,212 | 1,945 | (-)22,548 | 6,409 | 19,865 | 33,477 | 18,943 |
| | FRBM લક્ષ્યાંક | મહેસૂલી પુરાંત | | | | | | | | | |
| GSDP સામે રાજકોષીય ખાધ (ટકા) | ખરેખર | (-)2.24 | (-)1.41 | (-)1.61 | (-)1.77 | (-)1.52 | (-)2.50 | (-)1.18 | (-)0.76 | (-)0.97 | (-)1.83 |
| | FRBM લક્ષ્યાંક | (-)3 | (-)3 | (-)3 | (-)3 | (-)3 | (-)5 | (-)3 | (-)3 | (-)3 | (-)3 |
| GSDP સામે પ્રાથમિક ખાધ (ટકા) | | (-)0.65 | 0.11 | (-)0.18 | (-)0.41 | (-)0.13 | (-)1.00 | 0.13 | 0.39 | 0.15 | (-)0.78 |
| GSDP સામે ઋણ (ટકા) | ખરેખર | 17.56 | 17.08 | 16.00 | 16.10 | 16.52 | 19.06 | 17.21 | 16.37 | 14.77 | 14.24 |
| | ખરેખર* | 17.56 | 17.08 | 16.00 | 16.10 | 16.52 | 18.49* | 16.05* | 15.36* | 14.12* | 14.03* |
| | FRBM લક્ષ્યાંક | 27.10 | 27.10 | 27.10 | 27.10 | 27.10 | 27.10 | 27.10 | 27.10 | 27.10 | 27.10 |
| બાકી બાંયધરીઓ (₹ કરોડમાં) | ખરેખર | 5,236 | 4,804 | 4,834 | 4,699 | 4,462 | 3,656 | 3,089 | 1,473 | 1,463 | 1,421 |
| | FRBM લક્ષ્યાંક | 20,000 | | | | | | | | | |

* એક પછી એક લોન સિવાય

## પરિશિષ્ટ 2.1
## અંદાજપત્ર સંબંધિત મહત્વના શબ્દોની શબ્દસૂચિ
**(સંદર્ભ: ફકરો 2.1)**

1. ***વર્ષના 'હિસાબો' અથવા 'ખરેખર મૂલ્યો'*** – 1 એપ્રિલ ના રોજ શરૂ થતા અને પછીના 31 માર્ચ ના રોજ પુરા થતા નાણાકીય વર્ષ માટેની પ્રાપ્તિ અને ચૂકવણીની હિસાબી સત્તાધિકારીના ચોપડે (ભારતના નિયંત્રક અને મહાલેખાપરીક્ષક દ્વારા ઑડિટ થયેલી) નોંધાયેલ રકમો છે. કામચલાઉ હિસાબો ઑડિટ ન થયા હોય એવા હિસાબોના સંદર્ભમાં છે.

2. ***યોજના, દરખાસ્ત અથવા કામની 'વહીવટી મંજૂરી'*** – એ ખર્ચ કરવાના હેતુ માટે સક્ષમ સત્તાધિકારી દ્વારા તેની ઔપચારિક મંજૂરી છે. અંદાજપત્રમાંની ભંડોળની જોગવાઈઓ સાથે, જે વર્ષમાં વહીવટી મંજૂરી જારી કરવામાં આવી હોય તે ચોક્કસ નાણાકીય વર્ષ દરમિયાન તે નાણાકીય મંજૂરી તરીકે કામ કરે છે.

3. ***'વાર્ષિક નાણાકીય પત્રક'*** – અંદાજપત્ર તરીકે પણ ઓળખાય છે અને તેનો અર્થ દરેક નાણાકીય વર્ષ માટે, લોકસભા/રાજ્ય વિધાનસભા સમક્ષ મૂકવામાં આવતું કેન્દ્ર/રાજ્ય સરકારની અંદાજિત આવક અને ખર્ચનું પત્રક છે.

4. ***'વિનિયોગ'*** – એટલે ચૂકવણી અધિકારીના હવાલે મૂકવામાં આવેલ વિનિયોગના જુદા જુદા પ્રાથમિક એકમો હેઠળ ખર્ચ માટે લોકસભા/રાજ્ય વિધાનસભા દ્વારા અધિકૃત રકમ અથવા તેનો ભાગ.

5. ***'બિન-મતપાત્ર ખર્ચ'*** – એટલે એવો ખર્ચ જે બંધારણની જોગવાઈઓ હેઠળ વિધાનસભાના મત માટે રજૂ કરવામાં આવતો નથી.

6. ***'ભારત/રાજ્યની સંચિત નિધિ*** – કેન્દ્ર/રાજ્ય સરકારની તમામ આવક, તેના દ્વારા લેવામાં આવેલી લોન અને લોનની પરતચૂકવણીના મળેલા તમામ નાણાથી ભારત/રાજ્યની સંચિત નિધિ બને છે. કાયદા અનુસાર હોય અને બંધારણમાં કરેલી જોગવાઈ મુજબ કર્યો હોય એ સિવાય આ નિધિમાંથી કોઇ પણ નાણાનો વિનિયોગ કરી શકાય નહીં.

7. ***'આકસ્મિક નિધિ'*** – આકસ્મિક નિધિ એક અગ્રદાયના રૂપમાં હોય છે જેનો હેતુ વર્ષ દરમિયાન અણધાર્યા ખર્ચને પહોંચી વળવા લોકસભા/વિધાનસભા દ્વારા આવા ખર્ચને અધિકૃતિ મળે ત્યાં સુધી કાર્યપાલિકા/સરકારને પેશગીઓ આપવાનો હોય છે. આકસ્મિક નિધિમાંથી કરવામાં આવેલી ઉપાડની રકમોની ભરપાઇ, લોકસભા/વિધાનસભા તેને પૂરક માંગણી મારફત તેને મંજૂર કરે ત્યારબાદ કરવામાં આવે છે.

8. ***'નિયંત્રણ અધિકારી (અંદાજપત્ર)'*** – એટલે કરવામાં આવતા ખર્ચ અને/અથવા મહેસૂલની વસૂલાત પર નિયંત્રણની જવાબદારી વિભાગ દ્વારા સોંપવામાં આવી હોય એવો અધિકારી. આ પદમાં વિભાગના વડાઓ અને વહીવટદારોનો પણ સમાવેશ થાય છે.

9. ***'ઉપાડ અને ચૂકવણી અધિકારી' (DDO)*** – એટલે રાજ્ય સરકાર વતી ઉપાડ કરવા અને ચૂકવણીઓ કરવા માટે કચેરીના વડા અને રાજ્ય સરકારના નાણા વિભાગ દ્વારા આ માટે

નિયુક્ત થયેલા અન્ય કોઇ પણ અધિકારી. આ પદ માં વિભાગના વડા જ્યાં તે પોતે આવી કામગીરી કરતા હોય તેનો પણ સમાવેશ થાય છે.

**10.** ***'અધિક અનુદાન'*** – અધિક અનુદાન એટલે મૂળ/પૂરક અનુદાન મારફત મંજૂર થયેલી જોગવાઈ ઉપરાંતની ખર્ચની રકમ, જેને બંધારણની કલમ 115/205 હેઠળ લોકસભા/રાજ્ય વિધાનસભામાંથી અધિક અનુદાન મેળવીને નિયમિત કરવું જરૂરી હોય છે.

**11.** ***'નવી સેવા'*** – બંધારણની કલમ 115(1)(a)/205(1)(a) માં જોવામાં આવતી, નવી સેવા એટલે નવી પ્રવૃત્તિ અથવા નવી રીતે મૂડીરોકાણ સહિત અગાઉ લોકસભા/રાજ્ય વિધાનસભાના ધ્યાન પર લાવવામાં આવ્યા ન હોય એવા નવા નીતિ વિષયક નિર્ણયમાંથી ઉભો થતો ખર્ચ.

**12.** ***'સેવાનું નવું સાધન'*** – એટલે કોઇ ચાલુ પ્રવૃત્તિના મહત્વના વિસ્તરણમાંથી ઉદ્ભવતો પ્રમાણમાં મોટો ખર્ચ.

**13.** ***'જાહેર હિસાબ'*** – એટલે બંધારણની કલમ 266 (2) માં સંદર્ભિત જાહેર હિસાબ. થાપણો, અનામત ભંડોળ, ભરણાં, વગેરે જેવી આવક અને ચૂકવણીઓ જે સંચિત નિધિનો ભાગ નથી બનતા તેનો જાહેર હિસાબમાં સમાવેશ થાય છે. જાહેર હિસાબમાંથી થતી ચૂકવણીઓ લોકસભા/રાજ્ય વિધાનસભા દ્વારા મતપાત્ર નથી કારણ કે ભારત/રાજ્યના સંચિત નિધિમાંથી આપવામાં આવેલા નાણા નથી.

**14.** ***'પુનર્વિનિયોગ'*** – એટલે, સક્ષમ સત્તાધારી દ્વારા, વિનિયોગના એક એકમમાં થયેલી બચતની એ જ અનુદાન અથવા બિન-મતપાત્ર વિનિયોગની અંદર અન્ય એકમ હેઠળના અધિક ખર્ચને પહોંચી વળવા કરવામાં આવેલી તબદીલી છે.

**15.** ***'સુધારેલા અંદાજ'*** – કોઇ નાણાકીય વર્ષ માટે સંભવિત આવક અથવા ખર્ચનો, પહેલાથી નોંધાયેલા વ્યવહારોના સંદર્ભમાં અને પહેલાથી જારી થયેલા હુકમોના સંદર્ભમાં વર્ષના બાકીના ભાગ માટેની અપેક્ષાએ તે વર્ષના સમયગાળામાં બંધાયેલો અંદાજ છે.

**16.** ***'અનુદાનો માટે પૂરક માંગણીઓ'*** – એટલે વિધાનસભા સમક્ષ રજૂ કરવામાં આવતુ પૂરક માંગણીઓનું પત્રક, જે નાણાકીય વર્ષની બાબતમાં તે વર્ષના વાર્ષિક નાણાકીય નિવેદન/પત્રકમાં અધિકૃત કરેલા ખર્ચ ઉપરાંત વધારાના જરૂરી ખર્ચની અંદાજીત રકમ દર્શાવે છે. પૂરક માટેની માંગણી ટોકન, તકનીકી અથવા નોંધપાત્ર/રોકડ હોઇ શકે.

a) **રોકડ પૂરક** અંદાજપત્રની મૂળ જોગવાઈઓ ઉપરાંત હોય છે અને માંગણી/અનુદાન માટેની ફાળવણીમાં વધારામાં પરિણમે છે. તે છેવટના ઉપાય તરીકે યોગ્ય જરૂરી ચકાસણી બાદ મેળવવી જોઇએ. હાલમાં, રાજ્ય દ્વારા આ પધ્ધતિ અપનાવવામાં આવે છે.

b) દરેક માંગણીમાં ચાર અનુભાગ હોય છે એટલે કે, મહેસૂલ મતપાત્ર, મહેસૂલ બિન-મતપાત્ર, મૂડી મતપાત્ર અને મૂડી બિન-મતપાત્ર. તકનિકી પૂરક, રાજ્ય વિધાનસભા દ્વારા મંજૂરી મળ્યા બાદ, કોઇ એક અનુભાગની બચતનો અન્ય કોઇ પણ અનુભાગ માટે ઉપયોગની છૂટ આપે છે.

c) **ટોકન પૂરક** બચત અનુદાનના સમાન અનુભાગની અંદર બચતના ઉપયોગની છૂટ આપે છે.

***17.*** ‘***મુખ્ય સદર’*** – એટલે રાજ્યની આવક અને ચૂકવણીઓની નોંધ અને વર્ગીકરણના હેતુ માટેનું હિસાબી મુખ્ય સદર. કોઇ મુખ્ય સદર, વિશેષ રૂપે જે સંચિત નિધિની અંદર પડતુ હોય, તે સામાન્ય રીતે સરકારના ‘કામ’ જેવા કે કૃષિ, શિક્ષણ, આરોગ્ય, વગેરેને અનુરૂપ હોય છે.

***18.*** ***‘પેટા-મુખ્ય સદર’*** – એટલે મુખ્ય સદર અને તેની નીચેના ગૌણ સદરો વચ્ચે દાખલ કરવામાં આવેલું વચગાળાનું હિસાબી સદર, જ્યારે ગૌણ સદરો અનેક હોય અને આવા તરતના સદર હેઠળ સરળતાથી એકજૂથ કરી શકાય.

***19.*** ***‘ગૌણ સદર’*** – એટલે મુખ્ય સદર અથવા પેટા-મુખ્ય સદરના તાબાનું સદર. મુખ્ય સદરના તાબાનુ કોઇ ગૌણ સદર એ મુખ્ય સદર દ્વારા રજૂ થતા કાર્યના ઉદ્દેશ હાંસલ કરવા માટે હાથ ધરવામાં આવતા “કાર્યક્રમ”ની ઓળખ છે.

***20.*** ***‘પેટા-સદર’*** – એટલે ગૌણ સદરના પછીના તાબાનું હિસાબી એકમ જે સામાન્ય રીતે ગૌણ સદર અથવા કાર્યક્રમ હેઠળની પરિયોજના અથવા તંત્ર દર્શાવે છે.

***21.*** ***‘મુખ્ય કામ’*** – એટલે કોઇ મૂળ કામ, જેનો વિભાગીય ખર્ચ સિવાયનો અંદાજીત ખર્ચ વખતોવખત સરકાર દ્વારા સૂચિત રકમ કરતાં વધે છે.

***22.*** ***‘ગૌણ કામ’*** – એટલે કોઇ મૂળ કામ, જેનો વિભાગીય ખર્ચ સિવાયનો અંદાજીત ખર્ચ વખતોવખત સરકાર દ્વારા સૂચિત રકમ કરતાં વધતો નથી.

***23.*** ‘***સંશોધિત અનુદાન અથવા વિનિયોગ’*** – એટલે પુનર્વિનિયોગ અથવા સક્ષમ સત્તાધિકારી દ્વારા અધિક અથવા પૂરક અનુદાનની મંજૂરી બાદ રહેતી વિનિયોગના કોઇ પણ પેટા-સદરમાં ફાળવેલી રકમ.

***24.*** ***‘પૂરક અથવા વધારાનું અનુદાન અથવા વિનિયોગ’*** – એટલે, નાણાકીય વર્ષના સમયગાળા દરમિયાન, વિનિયોગ અધિનિયમમાં તે વર્ષ માટે અગાઉ સામેલ કરેલી રકમ કરતાં અધિક ખર્ચને પહોંચી વળવા વિનિયોગ અધિનિયમમાં સમાવિષ્ટ જોગવાઈ.

***25.*** ***‘નવા ખર્ચની અનુસૂચિ’*** – નો અર્થ આગામી વર્ષ માટે અંદાજપત્રમાં સમાવેશ માટે સૂચિત નવા ખર્ચની બાબતોની અનુસૂચિ એવો થાય છે.

***26.*** ***‘ટોકન માંગણી’*** – એટલે નાની અથવા ટોકન રકમ માટે વિધાનસભા સમક્ષ માંગણી કરવામાં આવે છે, દાખલા તરીકે, મંજૂર થયેલા અંદાજપત્રીય અનુદાનમાંથી થયેલી બચતમાંથી નવી સેવા પરના પૂરેપૂરા ખર્ચને પહોંચી વળવાની દરખાસ્ત કરવામાં આવે છે.

## પરિશિષ્ટ 2.2

### જાહેર હિસાબ સમિતિ દ્વારા ઓક્ટોબર 1994 માં નક્કી કરવામાં આવેલી મર્યાદાઓ

**(સંદર્ભ: ફકરો 2.2.2)**

| | |
|---|---|
| *બચત* | *1. જો કોઇ અનુદાન/વિનિયોગમાં તેમાં કરવામાં આવેલી કુલ જોગવાઈના 5 ટકાથી ઓછી એકંદર બચત થઇ હોય તો બચત/અધિક માટે કોઇ નોંધ અથવા ટિપ્પણી વ્યક્તિગત પેટા-સદર હેઠળ જરૂરી નથી. આ હેતુ માટે, મહેસૂલ (મતપાત્ર), મહેસૂલ (બિન-મતપાત્ર), મૂડી (મતપાત્ર) અને મૂડી (બિન-મતપાત્ર) ને અલગ અનુદાન/વિનિયોગ ગણવા જોઇએ.*<br>*2. એવો કેસ જેમાં અનુદાન/વિનિયોગ હેઠળ 5 ટકા અથવા અધિક બચત થઇ હોય તેમાં પણ*<br>*ક.પેટા-સદરની બાબતમાં જ્યાં બચત/અધિક તે હેઠળ કરવામાં આવેલી જોગવાઈના 10 ટકા અથવા ઓછી હોય તેમાં કોઇ સ્પષ્ટીકરણ જરૂરી નથી;*<br>*ખ. પેટા-સદર હેઠળ બચત/અધિક તે હેઠળ કરવામાં આવેલી કુલ જોગવાઈના 10 ટકા કરતાં અધિક હોય તો પણ, કોઇ સ્પષ્ટીકરણ વિનિયોગ હિસાબોમાં આપવું જરૂરી નથી:-*<br>*i. જો અનુદાનની નીચે 'મહેસૂલ મતપાત્ર' હેઠળ કુલ જોગવાઈ:*<br>*1. ₹ 30 કરોડ કરતાં અધિક હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 30 લાખ કરતાં ઓછી હોય;*<br>*2. ₹ 10 કરોડ અને 30 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક 20 લાખ કરતાં ઓછી હોય;*<br>*3. ₹ 10 કરોડ કરતાં ઓછી હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 10 લાખ કરતાં ઓછી હોય.*<br>*ii. જો અનુદાનની નીચે 'મૂડી મતપાત્ર' હેઠળ કુલ જોગવાઈ:*<br>*1. ₹ 20 કરોડ કરતાં અધિક હોય અને પેટા-સદર હેઠળની બચત/અધિક ₹ 25 લાખ કરતાં ઓછી હોય;*<br>*2. ₹ 10 કરોડ અને ₹ 20 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક 20 લાખ કરતાં ઓછી હોય;*<br>*3. ₹ 10 કરોડ કરતાં ઓછી હોય અને પેટા-સદર હેઠળ બચત/અધિક 10 લાખથી ઓછી હોય.*<br>*iii. 'મહેસૂલ બિન-મતપાત્ર' અને 'મૂડી બિન-મતપાત્ર' ની બાબતમાં જો પેટા-સદર હેઠળ બચત/અધિક ₹ 5 લાખથી ઓછી હોય.* |
| *અધિક* | *જો કોઇ અનુદાન/વિનિયોગ હેઠળ કરવામાં આવેલો ખર્ચ તેની હેઠળ કરવામાં આવેલી જોગવાઈ કરતાં અધિક હોય, તો અધિકનુ નિયમિતીકરણ કરવુ જરૂરી છે. જો કે, વિનિયોગ હિસાબોમાં પેટા-સદરો હેઠળ અધિક/બચતો માટે સ્પષ્ટીકરણ માત્ર નીચે જણાવ્યા મુજબ આપવું જરૂરી હોય છે;*<br>*1. સ્પષ્ટીકરણ આપવુ જરૂરી છે જો પેટા-સદર હેઠળ અધિક તે હેઠળ કરવામાં આવેલી જોગવાઈના 10 ટકાથી વધુ હોય અને અધિક ₹ 5 લાખથી વધુ હોય.*<br>*નીચેના કેસોમાં, જો અધિક જોગવાઈના 10 ટકા કરતાં ઓછું હોય તો પણ વિનિયોગ હિસાબોમાં સ્પષ્ટીકરણ આપવુ જાઇએ:-*<br>*ક. કોઇ અનુદાનની નીચે મહેસૂલ મતપાત્ર હેઠળ કુલ જોગવાઈ જો:-*<br>*i. ₹ 30 કરોડથી અધિક હોય અને કોઇ પેટા-સદર હેઠળ અધિક ₹ 30 લાખ કરતાં વધુ હોય;*<br>*ii. ₹ 10 કરોડ અને ₹ 30 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 20 લાખ કરતાં વધુ હોય;* |

iii. ₹ 10 કરોડ કરતાં ઓછી હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 5 લાખ કરતાં વધુ હોય;

ખ કોઇ અનુદાનની નીચે મૂડી મતપાત્ર હેઠળ કુલ જોગવાઈ જો:-

i. ₹ 20 કરોડથી અધિક હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 25 લાખથી વધુ હોય;

ii.₹ 10 કરોડ અને ₹ 20 કરોડની વચ્ચે હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 15 લાખથી વધુ હોય;

iii. ₹ 10 કરોડથી ઓછી હોય અને પેટા-સદર હેઠળ અધિક ₹ 5 લાખથી વધુ હોય;

ગ. 'મહેસૂલ બિન-મતપાત્ર' અને 'મૂડી બિન-મતપાત્ર'ની બાબતમાં, જો પેટા-સદર હેઠળ અધિક ₹ 5 લાખથી વધુ હોય;

2. જ્યારે અનુદાન/વિનિયોગ હેઠળના પેટા-સદર હેઠળ એકંદર બચત થઇ હોય તો બચતો માટે સ્પષ્ટીકરણ આપવા માટે પૂર્વોક્ત જોગવાઈ મુજબ પેટા-સદર હેઠળની બચતો માટે સ્પષ્ટીકરણો આપી શકાય.

## પરિશિષ્ટ 2.3
## નિયમિત કરવો જરૂરી અગાઉના વર્ષોનો અધિક ખર્ચ
### (સંદર્ભ: ફકરો 2.5.1 (ખ))

*(₹ કરોડમાં)*

| વર્ષ | અનુદાનો/વિનિયોગોની સંખ્યા | અનુદાન નં./વિનિયોગ નં. | અધિકની રકમ |
|---|---|---|---|
| 2011-12 | 06 અનુદાનો<br>04 વિનિયોગો | મહેસૂલ મતપાત્ર – 10, 18, 51, 82, 86<br>મૂડી મતપાત્ર – 87<br>મહેસૂલ બિન-મતપાત્ર – 26, 96<br>મૂડી બિન-મતપાત્ર – 20, 81, 96 | 660.62 |
| 2014-15 | 04 અનુદાનો<br>03 વિનિયોગો | મહેસૂલ મતપાત્ર – 73, 85, 88<br>મૂડી મતપાત્ર – 26<br>મહેસૂલ બિન-મતપાત્ર – 19, 43, 81 | 144.45 |
| 2015-16 | 01 અનુદાનો<br>03 વિનિયોગો | મહેસૂલ મતપાત્ર – 73<br>મહેસૂલ બિન-મતપાત્ર – 26, 39<br>મૂડી બિન-મતપાત્ર – 20 | 299.09 |
| 2016-17 | 06 અનુદાનો<br>04 વિનિયોગો | મહેસૂલ મતપાત્ર – 9, 67, 73, 83<br>મૂડી મતપાત્ર – 10, 41<br>મહેસૂલ બિન-મતપાત્ર – 74, 96, 106<br>મૂડી બિન-મતપાત્ર – 96 | 278.11 |
| 2017-18 | 02 અનુદાનો<br>01 વિનિયોગ | મહેસૂલ મતપાત્ર – 73<br>મૂડી મતપાત્ર – 3<br>મહેસૂલ બિન-મતપાત્ર – 18 | 333.99 |
| 2018-19 | 04 અનુદાનો<br>01 વિનિયોગ | મહેસૂલ મતપાત્ર – 9, 13, 73, 86<br>મહેસૂલ બિન-મતપાત્ર – 18 | 2,394.24 |
| 2019-20 | 03 અનુદાનો<br>01 વિનિયોગ | મહેસૂલ મતપાત્ર – 9, 73, 86<br>મૂડી-બિન મતપાત્ર – 20 | 1,466.84 |
| 2020-21 | 03 અનુદાનો<br>03 વિનિયોગો | મહેસૂલ મતપાત્ર – 9, 73<br>મૂડી મતપાત્ર – 88<br>મૂડી બિન-મતપાત્ર – 20, 66, 96 | 1,718.52 |
| 2021-22 | 03 અનુદાનો<br>01 વિનિયોગ | મહેસૂલ મતપાત્ર – 9, 73, 79<br>મહેસૂલ બિન-મતપાત્ર – 26 | 3,511.09 |
| 2022-23 | 04 અનુદાનો<br>01 વિનિયોગ | મહેસૂલ મતપાત્ર – 73, 90<br>મૂડી મતપાત્ર – 68, 98<br>મહેસૂલ બિન-મતપાત્ર – 18 | 64.48 |
| 2023-24 | 05 અનુદાનો<br>02 વિનિયોગો | મહેસૂલ મતપાત્ર – 71, 73, 85, 101;<br>મૂડી મતપાત્ર – 10;<br>મહેસૂલ મતપાત્ર – 86;<br>મૂડી બિન-મતપાત્ર – 86. | 193.87 |
| **કુલ** | | | **11,065.30** |

સ્રોત: સંબંધિત વર્ષોના વિનિયોગ હિસાબો.

## પરિશિષ્ટ 2.4

## 2022-25 દરમિયાન સતત બચત દર્શાવતા અનુદાનો/વિનિયોગોનું પત્રક

**(સંદર્ભ: ફકરો 2.5.5.1 (ખ))**

*(₹ કરોડમાં)*

| ક્રમાંક | અનુદાનનું નામ અને નામકરણ | વર્ગીકરણ | 2022-23 | 2023-24 | 2024-25 |
|---|---|---|---|---|---|
| 1. | 2 – કૃષિ | મહેસૂલ-મતપાત્ર | 1,184.76 | 2,985.04 | 4,454.21 |
| 2. | 6 – મત્સ્યોદ્યોગ | મૂડી-મતપાત્ર | 185.51 | 148.59 | 138.64 |
| 3. | 13 – ઉર્જા યોજનાઓ | મૂડી-મતપાત્ર | 131.75 | 3,721.97 | 2,107.44 |
| 4. | 18 – પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભો | મહેસૂલ-મતપાત્ર | 944.12 | 1,703.93 | 147.78 |
| 5. | 19 – નાણા વિભાગને લગતો અન્ય ખર્ચ | મહેસૂલ-મતપાત્ર | 13,661.08 | 10,921.05 | 6,217.33 |
| 6. | 20 – નાણા વિભાગને લગતા ઋણની પરત ચુકવણી અને તેની સર્વિસીંગ | મહેસૂલ-બિન-મતપાત્ર | 1,622.05 | 1,394.80 | 2,140.02 |
| 7. | 43 – પોલીસ | મહેસૂલ-મતપાત્ર | 212.63 | 187.19 | 202.60 |
| 8. | 57 – શ્રમ અને રોજગાર | મહેસૂલ-મતપાત્ર | 245.14 | 258.70 | 349.18 |
| 9. | 65 – નર્મદા વિકાસ યોજના | મૂડી-મતપાત્ર | 645.72 | 1,043.96 | 1,958.57 |
| 10. | 66 – સિંચાઇ અને જમીન સંરક્ષણ | મૂડી-મતપાત્ર | 730.87 | 2,134.19 | 2,583.45 |
| 11. | 70 – સામૂહિક વિકાસ | મહેસૂલ-મતપાત્ર | 123.36 | 1,052.34 | 647.33 |
| 12. | 85 – રહેણાક મકાનો | મૂડી-મતપાત્ર | 159.45 | 148.18 | 133.50 |
| 13. | 87 – ગુજરાત પાટનગર બાંધકામ યોજના | મૂડી-મતપાત્ર | 183.03 | 111.25 | 182.76 |
| 14. | 95 – અનુસૂચિત જાતિ પેટા યોજના | મહેસૂલ-મતપાત્ર | 527.33 | 359.98 | 301.15 |
| 15. | 96 – આદિજાતિ વિસ્તાર પેટા-યોજના | મૂડી-મતપાત્ર | 148.47 | 1,182.61 | 736.15 |
| 16. | 96 – આદિજાતિ વિસ્તાર પેટા-યોજના | મહેસૂલ-મતપાત્ર | 1,454.06 | 1,384.10 | 751.76 |
| 17. | 102 – શહેરી વિકાસ | મહેસૂલ-મતપાત્ર | 942.51 | 930.29 | 883.18 |
| 18. | 106 – મહિલા અને બાળ કલ્યાણ વિભાગને લગતો અન્ય ખર્ચ | મહેસૂલ-મતપાત્ર | 822.44 | 107.57 | 375.03 |
| 19. | 108 – જળવાયુ પરિવર્તન વિભાગને લગતો અન્ય ખર્ચ | મહેસૂલ-મતપાત્ર | 405.40 | 593.88 | 950.63 |
| | **કુલ** | | **24,329.68** | **30,369.62** | **25,260.71** |

સ્રોત: 2022-25 ના વિનિયોગ હિસાબો.

## પરિશિષ્ટ 2.5
## 2022-23 થી 2024-25 દરમિયાન સતત બચત દર્શાવતા અનુદાનો/વિનિયોગોનું પત્રક
### (સંદર્ભ: ફકરો 2.5.5.1 (ખ))

*(₹ કરોડમાં)*

| સદરનું વર્ણન | વર્ષ | મૂળ<br>પૂરક<br>કુલ | કુલ અંદાજપત્ર (મૂળ + પૂરક) | વાસ્તવિક ખર્ચ | પુનર્વિનિયોગ/ પરતસોંપણી બચત (-) / (ટકા માં) | વિભાગે આપેલ જવાબ |
|---|---|---|---|---|---|---|
| **સામાન્ય વહીવટ વિભાગ** | | | | | | |
| યુનિક આઇડેન્ટિફિકેશન પ્રોજેક્ટ 3454.02.206.01 (મતપાત્ર) અનુદાન 34 | 2022-23 | મૂળ<br>પૂરક<br>કુલ | 0.30<br>0.00<br>0.30 | 0.22 | (-)0.08<br>(25.26) | ખાલી જગ્યાઓને કારણે કચેરીના ખર્ચા અને મુસાફરીના ખર્ચા ઓછા થયા |
